ॐ

परोपकाराय सतां विभूतय.

३०

શ્રીમદ્દેવેંદ્રસૂરિવિરચિત

કર્મગ્રંથઃ સાર્થઃ

પ્રથમ વિભાગ.

શબ્દાર્થ, ગાથાર્થ, મુનિજીવવિજયજીકૃત બાલાવબોધ (વિવેચન) અને ઉપયોગી ફુટનોટ સાથે.

સ્વધર્મી ભાઈઓ બ્હેનોને ભણવા નિમિત્તે
મુનિશ્રી કર્પૂરવિજયજીના સદુપદેશથી
શ્રી સાણંદના વિજય અણસુર ગચ્છ તરફથી ભેટ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૦૦૦.

છપાવી પ્રસિદ્ધ કર્તા
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ તરફથી
વેણીચંદ સુરચંદ શાહ—મ્હેસાણા.

અમદાવાદ. કિંમત ૭ આના.

શ્રી સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા સાકળચંદ હરિલાલે છાપ્યું.

વીર સંવત્ ૨૪૪૧. સને ૧૯૧૫. વિક્રમ સંવત્ ૧૯૭૧.

પુસ્તકને જેમ તેમ જ્યાં ત્યાં રખડતું મુકવું નહિ,
અશુદ્ધ હાથે પુસ્તકને અડકવું નહિ તેમજ
ઉઘાડે મુખે પુસ્તક વાંચવું નહિ.

यावद्देहमिदं गदैर्न मृदितं नो वा जराजर्जरं,
यावत्त्वक्षकदम्बकं स्वविषयज्ञानावगाहक्षमम्;
यावच्चायुरभङ्गुरं निजहिते तावद् बुधैर्यत्यतां,
कासारे स्फुटिते जले प्रचलिते पालिः कथं बध्यते ॥ १ ॥

જ્યાં સુધી આ શરીર રાગથી મર્દિત થયુ નથી અથવા વૃદ્ધાવસ્થાથી જર્જરિત થયુ નથી, જ્યા સુધી પાચે ઇંદ્રિયો પોતાના વિષય સમજવાને સમર્થ છે અને જ્યાં સુધી આયુષ્ય ક્ષય થઇ ગયુ નથી ત્યા સુધીમા હે જીવ! તુ તારા કલ્યાણુ માટે યત્ન કર, કારણુ જ્યારે તળાવ તૂટી જઇ પાણી બહાર નીકળવા માંડશે ત્યારે તુ પાળ કેવી રીતે બાંધીશ ? ૧

ઉપોદ્ઘાત.

અનાદિ કાળથી આત્માને થયેલ કર્મસંયોગનો હરકોઇ શુદ્ધ યોગે વિયોગ કરવો અને પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવું એજ દરેક ભવ્યાત્માનો અંતિમ ઉદ્દેશ હોય છે. આત્મસ્વરૂપ પ્રગટ કરવાના અનેક સાધનો પૈકી હેયોપાદેયનું ભાન કરાવી, આત્મિક દ્રષ્ટિ તરફ વળણ કરાવનારા પુસ્તકો પણ એક સાધન હોવાથી પૂર્વકાળના મહાન્ આચાર્યોએ રચેલા ગ્રંથો, મૂળ અગર ચાલુ જમાનાની કસાયેલી કલમથી લખાયેલા તેના ભાષાંતર—વિવેચન સાથે અથવા નવીન શૈલીથી વિદ્વાન્ મુનિ મહારાજ તથા શ્રાવકવર્યના લખેલા કે સંશોધન કરી સંગ્રહ કરેલા ગ્રંથો, દાના ગૃહસ્થોની સહાયથી છપાવી, વિના મૂલ્યે કે અલ્પ મૂલ્યે આપી ગામોગામ અને ઘરોઘર તેનો લાભ આપવાનો અમારો આ પ્રયાસ વર્ષો થયાં ચાલુ છે.

શુદ્ધાત્મસ્વરૂપ પ્રગટ કરવા માટે કર્મસંયોગ અને કર્મવિયોગ કેવા કેવા હેતુએ થાય છે, એ જાણવું ખાસ જરૂરનું હોવાથી સરળતાથી તે સ્વરૂપનું મુદ્દાસર ભાન કરાવનાર આ "કર્મગ્રંથ" નામનો ઉત્તમ ગ્રંથ તેના વિવેચન સાથે અમારી ગ્રંથમાળાના ૩૦ મા મણકા તરિકે અમોએ પ્રગટ કરેલ છે.

દરેક અભ્યાસકોને આ ગ્રંથનો સહેલાઇથી બોધ થાય એટલા માટે મૂળ ગાથા, છુટા શબ્દના અર્થ, ગાથાર્થ

અને વિવેચનને ઠેકાણે પંડિતવર્ય મુનિ જીવવિજયજી કૃત બાળાવબોધ આપવામાં આવેલ છે. શ્રીયશ સોમસૂરિકૃત કર્મ-ગ્રંથનો બાળાવબોધ શેઠ ભીમસિંહ માણેક તરફથી છપાયેલ છે પરંતુ તે પુસ્તકની કિંમત વધારે હોવાથી તેમજ વધારે વિસ્તૃત અને જુની ભાષામાં લખાયેલ હોવાથી પ્રાથમિક અભ્યાસકોને તેમાં કેટલીક મુશ્કેલીઓ પડતી,તેથી મુનિ જીવ-વિજયજીકૃત બાળાવબોધ કે જે મૂળ ગ્રંથના પ્રણેતા શ્રીમદ્દેવેંદ્ર સૂરિની સ્વોપજ્ઞવૃત્તિના આધારે પ્રાયઃ તેના ભાષાંતર રૂપે લખાયેલ છે, તે પ્રસિદ્ધ કરવાથી સારો લાભ થશે એવી સૂચના મુનિ શ્રી કર્પૂરવિજયજી તરફથી થવાથી અમોએ શ્રી વિ-જાપુરના જ્ઞાન ભંડારની જુની પ્રત ઉપરથી સદરહુ બાળા-વબોધ લખાવીને મુનિ મહારાજ શ્રી કપૂરવિજયજી પાસે તપાસાવીને છપાવવા વિચાર કર્યો; પરંતુ ચાલુ જમાનાની પદ્ધત્તિ પ્રમાણે શીખનારાઓને છુટા શબ્દાર્થ અને ગાથાના અર્થ વિના લાભ થઈ શકે તેમ નહિં હોવાથી અમોએ ટીકા વગેરેના આધારે શબ્દાર્થ અને ગાથાર્થ તૈયાર કરી દાખલ કરેલ છે અને ઉપરોક્ત બાળાવબોધને તેની જુની શૈલીની ભાષામાં યોગ્ય સુધારો કરી-સરળ કરીને ગાથાના વિવેચનને ઠકાણે ગોઠવેલ છે, તે સાથે કેટલાક વધારાના કોષ્ટકો પણ તેની સમજ સાથે દાખલ કર્યા છે અને સ્પષ્ટતાને ખાતર કેટલીક ફુટનોટ પણ આપવામાં આવી છે, જેથી આ ગ્રંથ દરેક અભ્યાસકોને વિશેષ આવકારદાયક થઈ શકશે એમ અમારૂં અંતઃકરણ સાક્ષી આપે છે

કર્મનું સ્વરૂપ, કર્મબંધના ચાર પ્રકાર, કર્મની આઠ-મૂળ પ્રકૃતિ અને ૧૫૮ ઉત્તર પ્રકૃતિનાં નામ, મૂળ અને ઉત્તર પ્રકૃતિનું અનુક્રમે સ્વરૂપ, બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાનું સ્વરૂપ, દરેક કર્મ કયા કયા હેતુએ બંધાય છે, તેનું

સ્વરૂપ વિગેરે બાબતોથી પહેલો કર્મવિપાક નામનો કર્મ ગ્રંથ પૂરો થાય છે પછી બીજા કર્મસ્તવ નામા કર્મગ્રંથમા શ્રી વીર પ્રભુએ જે જે ગુણઠાણે બંધ ઉદય ઉદીરણા અને સત્તાને પ્રાપ્ત થયેલા કર્મોને ખપાવ્યાં છે તેનું સ્વરૂપ ગુણઠાણાની શ્રેણીએ આપીને ચૌદ ગુણસ્થાનકે કર્મસ્વરૂપ વર્ણવવાદ્વારા શ્રી મહાવીર પરમાત્માની સ્તુતિ કરેલ છે. તેમાં પ્રથમ ચૌદ ગુણઠાણાનું સ્વરૂપ. દરેક ગુણસ્થાને બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાએ કેટલી કેટલી કર્મ પ્રકૃતિ હાય છે તેનું વર્ણન, કર્મ પ્રકૃતિની સંખ્યા બતાવનારા યંત્રો તેમજ દરેક ગુણસ્થાને કઈ કઈ કર્મ પ્રકૃતિનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાએ વિચ્છેદ કરે છે તેનું સ્વરૂપ વર્ણવેલ છે. તે પછી બંધસ્વામિત્વ નામા ત્રીજા કર્મગ્રથમાં કર્મની ૧૨૦ પ્રકૃતિ માંહેથી કેટલી પ્રકૃતિનો સ્વામી કયા કયા પ્રકારનો જીવ છે તેનું વર્ણન આપવામાં આવ્યું છે અને તે સમજાવવા ખાતર ૬૨ માર્ગણાએ જીવોની વહેંચણ કરીને દરેક માર્ગણાના જીવને પોતાને યોગ્ય દરેક ગુણઠાણે કેટકેટલી કર્મ પ્રકૃતિ બંધાય છે, તે બતાવ્યું છે. તે પછી ષડશીતિ નામા ચોથા કર્મગ્રથને વિષે ચૌદ જીવસ્થાનને વિષે ગુણસ્થાન, યોગ, ઉપયોગ, લેશ્યા, બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાના સ્થાનનુ સ્વરૂપ તથા માર્ગણાસ્થાનને વિષે જીવભેદ, ગુણસ્થાન, યોગ, ઉપયોગ, લેશ્યા અને અલ્પ બહુત્વનું સ્વરૂપ, કર્મબંધના હેતુનું સ્વરૂપ અને તેના ભાંગા અને સંખ્યાતા અસંખ્યાતા આદિ ગણિતનો વિસ્તાર વર્ણવેલ છે.

કર્મગ્રંથ ૬ છે તે માંહેથી ઉપરોક્ત ચાર કર્મગ્રંથનો આ પ્રથમ ભાગ અમોએ બહાર પાડેલ છે અને બીજો વિભાગ હવે પછી બહાર પાડવા ઇરાદો છે જેમાં શતક તથા સિત્તરિ નામા કર્મગ્રંથો બહાર પાડવામાં આવશે. આ ગ્રં-

થનું સાદ્યંત ગુરૂગમ પૂર્વક પઠન, વાંચન, મનન અને નિદિધ્યાસન કરવાથી કર્મની ઘટના સમજાશે અને તેથી પરંપરાએ આત્મસ્વરૂપ પ્રગટશે એ નિ:સંશય છે.

કર્મગ્રંથાદિ ઉત્તમ આધ્યાત્મિક ગ્રંથોનો અભ્યાસ કરવાનો હેતુ શો હોવો જોઇએ? એ વિષય ઉપર શાંતમૂર્તિ મુનિ શ્રી કર્પૂરવિજયજીએ એક લેખ લખી આપ્યો છે, જે આ સાથેજ અમે પ્રગટ કર્યો છે; તે વાંચવાની દરેક સુજ્ઞમહાશયને અમે ભલામણ કરીએ છીએ

આ ગ્રંથના પ્રણેતા આશ્રયી થોડુક વર્ણન અત્ર આપવુ યોગ્ય ગણાશે. તપગચ્છરૂપી ગંગાપ્રવાહને હિમાચળ તુલ્ય શ્રીમદ્ જગચ્ચંદ્રસૂરિ કે જેમને આયંબિલ તપના પ્રભાવે ચિત્તોડના રાણાએ ભક્તિવશ થઈને 'તપા' એવુ બિરૂદ આપ્યું (જ્યારથી તપગચ્છ નામ પડયું) અને દિગંબરાચાર્યો સાથે વાદ કરતાં જેઓ હીરાની પેઠે અભેદ્ય-અજેય રહ્યા તેથી 'હીરલા જગચ્ચંદ્રસૂરિ' એવું બિરૂદ પણ ઉક્ત રાણાશ્રીએ આપ્યું, તેમના શિષ્ય શ્રીમદ્ દેવેંદ્રસૂરિએ આ ગ્રંથ રચ્યો છે. આ મહાત્માએ આ શિવાય બીજા પણ અનેક ગ્રંથ રચ્યા છે, જેનું વર્ણન અમારા તરફથી બહાર પડેલ 'ભાષ્યત્રયમ' ની પ્રસ્તાવનાથી જોઇ શકાશે. શ્રીમદ્દેવેંદ્રસૂરિ સુધર્માસ્વામીથી ૪૫ મી પાટે થયા છે.

ટબાકાર પંડિતવર્ય મુનિ શ્રીજીવવિજયજી સંબંધી પણ અત્ર થોડુંક વર્ણન આપવું ઉચિત ગણાશે. શ્રીમન્ મહાવીર દેવની ૬૧ મી પાટે વિજયસિંહસૂરિ થયા, તેમના મુખ્ય શિષ્ય પંડિત ગજવિજયજી, તેમના શિષ્ય પંડિત ગુણવિજયજી, તેમના સતીર્થભાજ (ગુરૂભાઇ) પંડિત શ્રી હિતવિજયજી, તેમના શિષ્ય જ્ઞાનવિજયજી, તેમના શિષ્ય

બુધ જીવવિજયજીએ વિક્રમ સંવત્ ૧૮૦૩ વર્ષે વિજય દશમીના દિવસે આ ટબો રચ્યો છે. મુનિ જીવવિજયજીની આ શિવાય "આપ સ્વભાવમાંરે અવધુ સદા મગનમે રહેના" એ સજ્ઝાય તથા "સકલતીર્થ વંદુ કરજોડ" એ તીર્થવંદના વિગેરે કેટલીક કૃતિ હાલ વિદ્યમાન છે.

આ ગ્રંથની પ્રેસકોપી તપાસવામાં અને પ્રુફશીટ તપાસવામાં જે જે મહાશયોએ મદદ આપી છે તેમનો અંતઃકરણથી આભાર માનવામાં આવે છે.

આ ગ્રંથ છપાવવામાં મતિમાન્દ્યાદિ દોષથી જે કાંઈ ભૂલચૂક કે અશુદ્ધિ રહી હોય તે માટે મિથ્યા દુષ્કૃત આપીને પ્રાંતે મદદ કર્તાઓનો આભાર માની વિરમીએ છીએ. સંવત્ ૧૯૬૧ અક્ષય તૃતિયા.

લી૦ પ્રસિદ્ધ કર્તા.

કર્મગ્રંથાદિક ઉત્તમ આધ્યાત્મિક ગ્રંથોનો અભ્યાસ કરવાનો હેતુ શો હોવો જોઇએ ? એ મુદ્દા તરફ રાખવું જોઇતું લક્ષ્ય.

દરેક આત્મા રાગદ્વેષાદિ વિભાવ સ્વભાવને પ્રવાહ અપેક્ષાએ અનાદિ કાળથી ધારતો છતો મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ (મન, વચન કાયાની પ્રવૃત્તિ) સેવન કરી અનેક પ્રકારનાં જ્ઞાનાવરણીય પ્રમુખ કર્મનો સંચય કરે છે. જેમ ચીકાશવડે વસ્ત્રાદિકને રજ ચોટે છે તેમ રાગાદિ દોષની ચીકાશવડે આત્માને કર્મ ચોટે છે, ક્ષીરનીરની પેરે એકમેક થઈ રહે છે; અને જ્યાં સુધી સર્વજ્ઞ સર્વદર્શી વીતરાગ પરમાત્માના એકાન્ત હિતકારી વચન અનુસારે તપ જપ સંયમ રૂપ સદ્ ઉપાયોનું સારી રીતે સેવન કરવામાં આવતું નથી ત્યાં સુધી આત્મા પોતાના સ્વાભાવિક ગુણના આસ્વાદથી વંચિત રહે છે અને વિભાવિક રાગદ્વેષ અને મોહને વશ થઈ વારંવાર જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિ, સંયોગ અને વિયોગ જનિત અનેક કડવાં દુખોને જ અનુભવતો રહે છે. આવી કફોડી અવસ્થામાથી આત્માનો ઉદ્ધાર (છુટકારો) કરી લેવો એ દરેક આત્મહિતચિન્તકનું અવશ્ય કર્તવ્ય છે અને તેને માટેજ આપ્ત પુરૂષોએ આગમ-સિદ્ધાન્તોની રચના કરેલી છે. તે અતિ અગત્યની વાત નિજ લક્ષ્યમાં રાખીને જ ભવ્યાત્માઓના ભલા માટે સમયજ્ઞ પુરૂષોએ કર્મગ્રંથ, કમ્મપયડી અને પંચસંગ્રહ પ્રમુખ ઉત્તમ ગ્રંથોની ગુંફના પુષ્કળ પરિશ્રમ ઉઠાવીને કરેલી છે તેમાં કર્મની ઉત્પત્તિનાં કારણ, કર્મનો આત્મા સાથે થતો સંબંધ, તેથી તેને અનુભવવા પડતાં અનેક પ્રકારનાં દુખો, તે તે દુખનાં

કારણુરૂપ કર્મોથી મુક્ત થવાના ઉપાય એ વિગેરે બાબતોનું સ્ફુટતર વિસ્તારથી વર્ણન કરવામાં આવેલું છે. એ ઉપરાન્ત અનેક ગ્રંથો દ્રવ્યાનુયોગ અને ચરણ કરણાનુયોગને લગતા પ્રકાશી ભવ્ય આત્માઓ ઉપર તેમણે અતુલ અનુગ્રહ કરેલો છે; તે તે ઉત્તમ ગ્રંથો-શાસ્ત્રો સદ્ગુરૂ સમીપે વિનય, બહુમાનપૂર્વક સુવિનીત શિષ્યો અભ્યસી ઉત્તરોત્તર આત્મહિત કરવા શક્તિવાન થઇ શકે છે. સદ્ગુરૂ સમીપે શાસ્ત્ર વાચના લઇને સુવિનીત શિષ્યોએ તેનું મનન-અર્થ આલોચન એવી રીતે કરવું જોઇએ કે તે તે શાસ્ત્રનું શુભ પરિણમન આત્મામાં થવા પામે, મેળવેલું જ્ઞાન આત્મામાં એકરસ થાય અને તેનું રસાસ્વાદન કરવા ચેતન શક્તિવાન્ થઈ શકે. પરિણામે રાગાદિ વિભાવદશાજનિત અનેક કર્મ-દોષોની નિવૃત્તિ થાય અને આત્માના અનંત જ્ઞાનાદિ સ્વાભાવિક ગુણો ઝળહળતા પ્રગટ થવા પામે. એજ આવા ઉત્તમ ગ્રંથો-શાસ્ત્રોનો અભ્યાસ કરવાનું ઉત્તમ ફળ સમજવા યોગ્ય છે. એ વગર મેળવેલું જ્ઞાન મિથ્યા બોજારૂપ કહ્યું છે, માટે જ્ઞાનની સાર્થકતા થાય તેમ કરવું જોઇએ. શ્રીમાન્ પદ્મવિજયજી મહારાજ આવાજ હેતુથી ઉપદિશે છે કે—

“ નરભવ નગર સોહામણું વણઝારા રે,
પામીને કરજે વ્યાપાર અહો મોરા નાયક રે;
સત્તાવન સંવર તણા વણઝારારે,
પોઠી ભરેરે ઉદ્ધાર અહો મોરા નાયક રે. ૧
શુભ પરિણામ વિચિત્રતા વણઝારા રે,
કિરીયાણાં બહુ મૂલ અહો મોરા નાયક રે;
મોક્ષ નગર જાવા ભણી વણઝારા રે,
કરજે ચિત્ત અનુકૂળ અહો મોરા નાયક રે. ૨

ક્રોધ દાવાનળ ઓલવે વણઝારારે,
માન વિષમ ગિરિરાજ અહો મોરા નાયક રે;
ઓળંગજે હળવે કરી વણઝારારે,
સાવધાન કરે કાજ અહો મોરા નાયક રે. ૩
વંશજાળ માયા તણી વણઝારા રે,
નવિ કરજે વિશરામ અહો મોરા નાયક રે;
ખાડી મનોરથ ભટ તણી વણઝારારે,
પૂરણનું નવિ કામ અહો મોરા નાયક રે. ૪
રાગદ્વેષ દોય ચોરટા વણઝારા રે,
વાટમાં કરશે હેરાન અહો મોરા નાયક રે;
વિવિધ વીરજ ઉલ્લાસથી વણઝારા રે,
તે હણજે શિરઠાણ અહો મોરા નાયક રે.
એમ સવિ વિઘન વિદારીને વણઝારા રે,
પહોચજે શિવપુર વાસ અહો મોરા નાયક રે;
ક્ષય ઉપશમ જે ભાવના વણઝારા રે,
પોઠી ભયા ગુણરાશ અહો મોરા નાયક રે. ૬
ક્ષાયક ભાવે તે થાશે વણઝારા રે,
લાભ હોશે તે અપાર અહો મોરા નાયક રે;
ઉત્તમ વણજ જે એમ કરે વણઝારા રે,
પદ્મ નમે વારંવાર અહો મોરા નાયક રે. ૭

પદ્મદ્રહથી પ્રાપ્ત થતા આ સ્વાધ્યાયનો ભાવાર્થ ઉદાર, ગંભીર અને અત્યંત ઉપયોગી હોવાથી બાળ જીવોના હિત માટે આપણે સંક્ષેપમાં સ્પષ્ટ કરીએ તો ઉપર જણાવેલો હેતુ સિદ્ધ કરવા એ કેટલેક અંશે કામ આવશે. સ્વામી-ચેતનને વણઝારાના નામે સંબોધી શિખામણ આપે છે કે હે મ્હારા સ્વામિન્! અતિ સુંદર મનુષ્ય ભવરૂપી નગર પામીને, આત્મ કલ્યાણ થાય એવો સદ્વ્યાપાર કરજો. ચઢતા શુભ પરિણામ રૂપ બડુમૂલાં કરી-

યાણું વડે ૫ સમિતિ, ૩ ગુપ્તિ, ૨૨ પરિસહ, ૧૦ યતિ-ધર્મ, ૧૨ ભાવના અને ૫ ચારિત્રરૂપ સત્તાવન પ્રકારના સંવરરૂપ પોઠો ભરીને, મોક્ષનગર જાવા માટે હે મહા-શય ! આપના ચિત્તને સાવધાન-સાનુકૂળ કરી રાખજો. ૧-૨

હે સ્વામિન્ ! મોક્ષનગરે જતાં ભવઅટવી મધ્યે બળતા ક્રોધરૂપી દાવાનળને ઉપશમ જળવડે આપ ઓલવી નાંખ-જો અને અભિમાન રૂપી અતિ આકરા ડુંગરને આપ ધીમે ધીમે મહાવૃત્તિથી સાવધાનપણે ઓળંગી જજો. વળી માયા રૂપી વંશજાળમાં આપ વિશ્વાસ રાખી વિ-શ્રાન્તિ કરશો મા, પણ ત્યાંથી સીધાદોર છેતરાયા વગર ચાલ્યા જજો. વળી ત્યાં માર્ગમાં મનોરથ ભટની એક મ્હોટી ખાડી આવે છે તેને પૂર્ણ કરી દેવા તમને કંઈક લલચામણીઓ આપશે, તેથી લલચાઈને તમારે તેને પૂરવા લગારે થોભવું નહિ. કેમકે તે ખાડને કોઈ પૂરી શકતું નથી અને જેમ જેમ કોઈ તેને પૂરવા જાય તેમ તેમ તે ખાડ ઊંડી થતી જાય છે, જેથી જીવને વ્યર્થ શ્રમ ક-રવો પડે છે. ૩-૪

વળી વાટમાં હે સ્વામિન્ ! રાગ અને દ્વેષરૂપ ચોરટાઓ આવી આપને હેરાન કરશે, તેનાથી ડરીને તેને તાબે થશો નહિ, પણ આપનુ બળ-પરાક્રમ ફોરવો તેમને બરાબર ઠાર કરી દેજો. ૫

એ રીતે સંસાર અટવી ઉલ્લંઘી પેલે પાર જતાં માર્ગમાં નડતાં સઘળાં વિઘ્ન વેગળા કરી નાખી આપ અનુક્રમે મોક્ષનગરે પધારજો. જેમ જેમ આપ સા-વધાનપણું રાખી આગળ પ્રયાણ કરશો તેમ તેમ આપ અધિકાધિક લાભ મેળવી શકશો. રાગદ્વેષ અને ક્રોધાદિ કષાય દૂર થતાંજ સમતા, ક્ષમા, મૃદુતા, સર-લતા અને સંતોષાદિ સદ્ગુણી સન્મિત્રોની ઉત્તમ સહાય

મળતી જશે, જેથી મૈત્રી, મુદિતા, કરૂણા અને મધ્યસ્થતા-રૂપ ઉત્તમ ભાવના આપની સેવામાં હાજર થાશે અને આપ ઊંચા પ્રકારના સુખનો સ્વાદ મેળવી શકશો. આ રીતે આપ અનુક્રમે રાગાદિ કષાય માત્રને નિર્મૂળ કરી, વીતરાગ દશાને પામો અનંત જ્ઞાન, દર્શન, ચારિત્રાદિક સમૃદ્ધિને પ્રાપ્ત કરી શકશો. યાવત્ આપ સકળ કર્મથી સર્વથા મુક્ત થઈ સિદ્ધ બુદ્ધ થઇ શાશ્વત પરમાનંદ પદને પ્રાપ્ત થશો. શ્રીમાન્ પદ્મવિજયજી મહારાજ કહે છે કે આવો ઉત્તમ વાસ્તવિક વ્યાપાર જે મુમુક્ષુ જનો કરે છે તેમને વારંવાર નમસ્કાર હો! આ અમૂલ્ય સ્વાધ્યાયનો બાળજીવોના હિત માટે કહેલો અલ્પ માત્ર અધિકાર જે ભવભીરૂ જનો વાંચીને કે સાંભળીને તેનું મનન અનેપરિશીલન કરશે તે ભવ્યાત્માઓ મંગલિકમાળા પામશે. વળી શ્રીમાન્ જીવવિજયજી મહારાજ મુમુક્ષુજનોના હિત માટે, પ્રાપ્ત થયેલું જ્ઞાન સફળ કરવા, અમૂલ્ય બોધ આપતા કહે છે કે-

" આપ સ્વભાવમાંરે અવધૂ સદા મગનમાં રહેના,
જગત જીવ હૈ કર્માધીના, અચરિજ કચ્છુઅ ન લીના.
આપ સ્વભાવમારે અવધૂ સદા મગનમાં રહેના. ૧.
તુ નહિ કેરા કો નહિ તેરા, કયા કરે મેરા મેરા;
તેરા હૈ સો તેરી પાસે, અવર સબે અનેરા. આપ સ્વ. ૨
વપુ વિનાશી તું અવિનાશી, અબ હૈ ઈનકા વિલાસી;
વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી. આપ ૩
રાગ ને રીસા દોય ખવીસા, એ તુમ દુખકા દીસા;
જબ તુમ ઉનકોં દુર કરીસા, તબ તુમ જગકા ઈસા. આપ. ૪
પરકી આશા સદા નિરાશા, એ હૈ જગ જનપાસા;
એ કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખવાસા આપ ૫
કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુવા અપભ્રાજી;

કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્દગલકી બાજી.આપ. ૬
શુદ્ધ ઉપયોગ ને સમતાધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મકલંકકું દૂર નિવારી, જીવ વરે શિવનારી. આપસ્વ. ૭

આ અમૂલ્ય અર્થગંભીર સ્વાધ્યાયનો ભાવાર્થ બાળ જીવોને લક્ષગત થવા માટે અત્ર સંક્ષેપમાં કહેવામાં આવે છે.—સદ્દગુરૂશ્રી મુમુક્ષુ શિષ્યને સંબોધીને કહે છે કે, હે મુમુક્ષુ મુને! પર–પૌદ્દગલિક ભાવ (વિભાવ) ને તજી સદા-સર્વદા નિજ આત્મસ્વભાવમાંજ મગ્ન રહેવું ત્હારે ઉચિત છે. તમામ ઇન્દ્રિયોને નિયમમાં રાખીને અને નિજ મનને સારી રીતે દમી-સ્વસ્થ બનાવીને, નિજ જ્ઞાન-સ્વભાવમાંજ વિશ્રાન્તિ ધારનાર મહાશય 'મગ્ન' થયેલો કહેવાય છે. સ્વભાવમગ્નનું સુખ એજ જાણે છે, કે જે પરવસ્તુમાં કર્તૃત્વ અભિમાન તજીને કેવળ સાક્ષી ભાવેજ રહે છે. હે મુમુક્ષુ ! સઘળા સંસારી જીવો કર્મને વશવર્તી હોવાથી કર્મ તેમને જેમ નાચ નચાવે તેમ તે સહુ નાચે છે, તેમાં કંઇ આશ્ચર્ય પામવા જેવું નથી. કર્મનાં આવરણથી ચેતનની શક્તિ-સમૃદ્ધિ અવરાઈ જાય છે. હે મુને ! તું કોઇનો નથી અને કોઈ ત્હારૂં નથી, ફોકટ મારૂં મારૂં શા માટે કરે છે? જે ત્હારૂંજ હોય તે સદાકાળ ત્હારી સાથેજ રહે, ત્હારાથી કદાપિ તે અલગું ન જ થાય, જે ત્હારાથી અળગું થાય છે–રહે છે તે ત્હારૂં નથીજ, ત્હારાથી જે કંઈ અળગું છે તે પરાયુંજ જાણ. હે મહાશય ! જે શરીર ઉપર તું મમતા ધારે છે તે શરીર વિનાશશીલ–વિણસી જાય એવું છે અને ચેતન અવિનાશી–કદાપિ નાશ ન પામે એવો છે. જ્યારે કર્મજનિત શરીરનો સંગ ચેતનને સર્વથા છૂટી જશે ત્યારે ચેતન શાશ્વત શિવપદ (મોક્ષ) નો વાસી થશે. ૩

રાગ અને દ્વેષ એ બે મ્હોટા ખવીસોજ તને દુખ-દાયક છે એમ સમજ. જ્યારે તું એ બંનેને સંપૂર્ણ વીર્ય-ઉત્થાન વડે જીતી લઇ વીતરાગ દશાને પ્રાપ્ત થઈશ ત્યારેજ તું પરમાત્મ પદ પ્રાપ્ત કરીશ. ૪

પરવસ્તુની આશા-તૃષ્ણાજ સદાય ખોટી નિરાશા-જનક છે. એ આશા-તૃષ્ણાજ કર્મબંધન થવામાં કેવળ પાશ રૂપ છે, એમ સમજી પરઆશા-તૃષ્ણાને છેદી હે મુમુક્ષુઓ! તમે શાશ્વત સુખને વરો. ૫

હે ચેતન! તું કર્મવશ ક્વચિત કાજી થયો, ક્વચિત્ કલેશકારી થયો, ક્વચિત્ નિંદાપાત્ર થયો અને ક્વચિત સમસ્ત જગતમાં ત્હારી કીર્તિ ગાજી રહી એવો પણ તું થયો, પણ એ બધી કર્મ-પુદ્ગલનીજ બાજી જાણ. એવા ઈષ્ટ અનિષ્ટ પ્રસંગે અજ્ઞાનપણે શ્વાનવૃત્તિથી હર્ષખેદને ધારણ કરી જીવ કર્મ બાંધે છે; પણ પ્રાજ્ઞજનો તો સિંહવૃત્તિ ધારી તેવે દરેક પ્રસંગે સમભાવ રાખી કર્મક્ષયજ કરે છે. ૬

સદ્જ્ઞાન ધ્યાનના સતત અભ્યાસથી શુદ્ધ આત્મ-ઉપયોગ અને સમતાને ધારી, સહજ વીર્યોલ્લાસવડે કર્મ-કલંકને દૂર કરી ચેતન મોક્ષવધૂને વરે છે. આત્મગુણને આવરનાર (ઢાંકી દેનાર) કર્મ દોષને દૂર કરવા મુમુક્ષુજનોએ રાગાદિ અશુદ્ધ વિભાવ-ઉપયોગ (મલીન લક્ષ) ને તજી,શુદ્ધ સ્વાભાવિક આત્મ લક્ષ સાંધીને નિર્મળ જ્ઞાન ધ્યાનના સતત સેવન વડે સમતા રસમાંજ ઝીલતા રહેવું જોઈએ રાજહંસની પેરે જડને તજી સહજ ચૈતન્ય-ગુણનોજ સ્વીકાર કરવો જોઇએ. કહ્યુ છે કે—

"ભાવનાચંદનથી અતિ શીતળ, નાથ નિરંજન વાણીજી
રૂપચંદ રસ પ્રેમે પીતાં, તિહાંથી પ્રીત બંધાણીજી અવિ."

ઉદાસીનતા મગન હુઈ, અધ્યાતમ રસ કૂપ;
દેખે નહિ જબ ઓર કચ્છુ, તબ દેખે નિજ રૂપ. ૧

આગે કરી નિઃસંગતા, સમતા સેવત જેહુ
રમે પરમ આનંદ રસ, સત્ય યોગમેં તેહુ. ૨

ભાવાર્થ એ છે કે ભાવનાચંદનથી પણ અત્યંત શીતળ વીતરાગ પ્રભુની વાણીનો રસ જ્યારથી શુદ્ધ પ્રેમ ભાવે પીધો ત્યારથીજ આત્મપ્રીત બંધાણી સમજવી. રૂચિ-પ્રીતિ વગર ગમે તેવો ઉત્તમ ઉપદેશ પણ અસર કરતો નથી જ. સદ્ અનુગ્રહવડેજ આત્મલક્ષ સાંધી, રાગદ્વેષ તજી, ચેતન જ્યારે સહજ સ્વભાવમાં મગ્ન થઈ બીજું કશુંજ જોતો નથી ત્યારેજ તે નિજસ્વરૂપને જોવે છે-જોઈ શકે છે. નિઃસંગતા-નિઃસ્પૃહતાધારી જે મહાશય સમતાગુણનું સેવન કરે છે તેજ સત્ય પરમાનંદ રસનું આસ્વાદન કરી શકે છે. ઈતિશમ્.

તા. ક. —

સંક્ષેપમાં તત્વજ્ઞાનગર્ભિત કર્મગ્રંથાદિક ઉત્તમ ગ્રંથોનો અભ્યાસ કરવાનો ઉત્તમ હેતુ કર્મબંધનોનાં કારણરૂપે મિથ્યાત્વ, કષાય, યોગ અને અવિરતિને જ નિર્ધારી જેમ બને તેમ જલદી તે તે દોષોને તજવા અથવા નિર્મૂળ કરવા અથવા તે તે દોષોને દળવા સમર્થ ગુણોને સેવવા—આદરવા રૂપજ હોવો જોઇએ. વળી પૂર્વોક્ત કર્મબંધનનાં કારણરૂપ મિથ્યાત્વાદિક વડે જે સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત અને નિકાચિત એ ચાર પ્રકારે અશુભ કર્મબંધન થયેલાં હોય તેને શુભ શુભતર-શુદ્ધ શુદ્ધતર અધ્યવસાય યોગે અપવર્તનાદિ કરણવડે મંદ રસવાળાં, અલ્પ સ્થિતિવાળા કરવા એ પણ હેતુ હોવા જોઇએ. એવા શુભ કે શુદ્ધ અધ્યવસાય પેદા કરવા માટે પ્રાસબુદ્ધિવડે કર્મગ્રંથાદિક ઉત્તમ ગ્રંથોનો અભ્યાસ કરી સારી રીતે તત્ત્વનો વિચાર કરવો જોઈએ. તત્વનિર્ણય કરી નિર્ણીતમાર્ગે મક્કમપણે ચાલવા માટે અવ્રત તજી

સમકિત મૂળ સારાં વ્રત નિયમ આદરવાં જોઈએ. રાગ દ્વેષ અને ક્રોધાદિ કષાયને જેમ બને તેમ મંદ કરવા પ્રયત્ન સેવવો જોઈએ. તેમજ મન, વચન, કાયાના યોગ વડે પ્રમાદાચરણ નહિ કરતાં તેવડે પ્રમાદ રહિત ઇન્દ્રિય દમનપૂર્વક સારી રીતે ચારિત્રકરણી કરવી જોઈએ. શાસ્ત્રકાર કહે છે તેમ જ્ઞાનનું ફળ વિરતિ અથવા નિવૃત્તિ અથવા સંવર કરણી આત્મલક્ષ પૂર્વક કરવા રૂપ હોવું જોઈએ. સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ રત્નત્રયીનું આરાધન કરવાથીજ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે, એવું શાસ્ત્ર વચન જાણવાનું ફળ એના ઉપર દૃઢ શ્રદ્ધા-પ્રતીતિ રાખીને તદ્રુત વર્તન કરવું એ રૂપજ છે. રાગ દ્વેષમય અતિ આકરી મિથ્યાત્વ-કષાયની ગ્રંથિ (ગાંઠ) અપૂર્વ પરિણામની ધારાવડે તોડવાથીજ સમકિત ગુણ પ્રાપ્ત થાય છે. તત્ત્વજ્ઞાન-જ્ઞાનીના યોગ્ય પરિચયથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ અને વૃદ્ધિ થાય છે અને નિર્મળ ચારિત્રવંતની નમ્ર સેવા-ઉપાસનાવડે સત્ ચારિત્રની પ્રાપ્તિ થઈ શકે છે. સંપૂર્ણ ચારિત્ર આદરી ન શકાય તો શ્રાવકયોગ્ય દેશચારિત્ર યા સંવિજ્ઞપક્ષીપણું શુદ્ધ શ્રદ્ધા સહિત સેવનાર પણ પોતાને પ્રાપ્ત થયેલા જ્ઞાનને તેટલે અંશે સાર્થક કરી શકે છે. છેવટે શાસ્ત્રકાર કહે છે કે 'યથાશક્તિ યતનીયં શુભે' શુભ કાર્યમાં જેટલી શક્તિ હોય તેટલી ફોરવી લેવા પ્રયત્ન કરવો. પૂર્વ પાપકર્મની નિંદા ગર્હા કરવી, વર્તમાન પાપ-દ્વારને બંધ કરવાં અને અનાગત પાપકર્મનાં પચ્ચખ્ખાણ કરવાં એજ ખરેખર તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાનું ઉત્તમ ફળ છે. એ પ્રમાણે વર્તશે તે માંગલિક માળા પામશે. ઇતિશમ્.

લેખક-પવિત્ર શાસનરૂચિ અને સદ્ગુણાનુરાગી
મુનિ કર્પૂરવિજય—પલાંસવા.

કર્મનું પૃથક્કરણ અને કર્મથી બચવા તથા મુક્ત થવા સુગમ માર્ગદર્શન.

અજ્ઞાની જીવો સહસા-વગર વિચાર્યા સ્વેચ્છાથી ચાલતાં અસત્ પ્રવૃત્તિઓ કરતાં, આકરાં કર્મ બાંધે છે અને પાછળથી તેનાં કડવાં ફળ ભોગવતાં ભારે પસ્તાવો કરે છે અથવા એનાં પરિણામે અસહ્ય દુઃખ આવી પડતાં બહુ વિલોપાત કરે છે, જેથી ફરી ફરી ઘણાં ચીકણાં નિકાચિત કર્મ બંધાય છે; આ રીતે વડનાં બીજની પરંપરાની પેરે અજ્ઞાની જીવોનાં દુઃખનો અંત આવતો નથી અને સંસારની ચારે ગતિમાં વારંવાર જન્મ મરણના ચક્રાવામાં તે બાપડા અહીં તહીં અરહા પરહા અટવાયાજ કરે છે. જ્ઞાની પુરૂષો સાવચેતી રાખી તેવાં માઠાં આચરણથી વેગળા રહે છે. તેઓ જે જે વચન વદે છે તે પણ પરિણામનો વિચાર કરી પ્રિય, પથ્ય અને તથ્યજ વદે છે અને તેમના વિચારો પણ સહુને આત્મસમાન લેખવાથી સ્વપરનાં હિત સાધકજ હોય છે. વિચાર, વાણી અને આચારની શુદ્ધિથી તેઓ નકામા-વૃથા કર્મ બાધતાજ નથી પણ ડહાપણ ભરી કરણીથી પૂર્વલાં કર્મનો પણ નાશજ કરે છે-કરવા સમર્થ થઈ શકે છે. એ સંબંધી આપણે કંઈક વિશેષ સ્પષ્ટીકરણ કરી કર્મની ઉત્પત્તિ અને વિનાશના હેતુ તપાસીએ.-જેમ સુવર્ણ અને માટીનો સંબંધ (સોનાની ખાણમાં) આદિ રહિત-અનાદિકાળનો નિશ્ચિત છે તેમ છતાં તથાપ્રકારનાં સાધનો મળવા વડે તેનો વિયોગ થઈ અંત આવી શકે છે, માટી અને સોનું બંને જુદાં પડી શકે છે અને ત્યાર પછી

સુવર્ણ-શુદ્ધ કુંદન થયેલું માટી રૂપ ફરી થવા પામતું
સુત્ર ર્ણસમાન આત્મા પણ અનાદિ કાળથી કર્મ
મળ સાથે લેપાયેલો-ખરડાયેલો અશુદ્ધ સ્થિતિમાં છે તેને
પણ શાસ્ત્રોક્ત સાધનો વડે શુદ્ધ સુવર્ણવત્ નિર્મળ કરી
. આવી વિશુદ્ધ સ્થિતિ પ્રગટપણે સિદ્ધ-બુદ્ધ-
મુક્ત પરમાત્માની હોઇ શકે છે. સ્ફટિકરત્ન જેવો આત્મા
કર્મઉપાધિવડે નાનાવિધ જણાય છે. જો એ કર્મઉપાધિને
વિવેકવડે (રત્નત્રયીની સાધનાવડે) દૂર કરી નાંખવામાં
આવે તો આત્મા શુદ્ધ સ્ફટિકનીપેરે નિર્મળ-પરમાત્મદશાને
પ્રાપ્ત થઈ શકે છે. મિથ્યાત્વ, કષાય, અવિરતિ અને મુત્કળ
યોગ એ કર્મઉપાધિ વૃદ્ધિ કરવાના હેતુરૂપ છે અને સમ્યગ્
દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયી એ ઉક્ત કર્મ ઉપાધિ
ટાળવાના હેતુરૂપ છે. વળી સમતા સહિત શાસ્ત્રોક્ત તપ
પૂર્વનાં સકળ કર્મમળનો ક્ષય કરવા એક અદ્ભુત સાધન
પૂરું પાડે છે.

કર્મબંધ હેતુઓ.

અતત્ત્વ શ્રદ્ધારૂપ મિથ્યાત્વવડે	કર્મબંધ.
ક્રોધાદિક કષાયો વડે	,,
અસદાચાર પ્રવૃત્તિ વડે	,,
મન, વાણી અને કાયાને છૂટાં મૂકવાવડે	,,

કર્મક્ષય હેતુઓ.

તત્ત્વ શ્રદ્ધારૂપ સમ્યગ્ દર્શનવડે	કર્મ શોધન.
તત્ત્વજ્ઞાન-પ્રકાશ થવા વડે	,,
તત્ત્વ આચરણ-ચારિત્ર અને તપદ્વારા યોગશુદ્ધિવડે	,,

ઉક્ત રત્નત્રયીવડેજ અનુક્રમે સકળ કર્મ ક્ષય થાય છે.

(કેમકે એજ મોક્ષનો અમોઘ ઉપાય છે)

ગાઢ મિથ્યાત્વ, કષાયાદિક વડે બહુ ભારે નિકાચિત કર્મ બંધાય છે. કષાય અથવા રાગદ્વેષની ચીકાશવડેજ આત્મા કર્મમળથી ખરડાઈ મહા મલીન થતો કે થયેલો જણાય છે, જેમ ગમે એવું મલીન વસ્ત્ર સાબૂ જળ પ્રમુખ અનુકૂળ સાધનવડે શુદ્ધ થાય છે તેમ ગમે તેવાં કઠણ અને ચીકણાં કર્મવડે મલીન થયેલો આત્મા પૂર્વોક્ત પવિત્ર રત્નત્રયીના સાધનવડે વિશુદ્ધ થવા પામે છે. સંપૂર્ણ જ્ઞાન, દર્શન અને ચારિત્રયોગે આત્મા સકળ કર્મમળથી મુક્ત થઇ સિદ્ધ પરમાત્મા થવા પામે છે.

જીવ જેવાં કારણ સેવે છે તેવું કાર્ય થાય છે. પૂર્વોક્ત મિથ્યાત્વાદિક હેતુ કારણો વડે જીવ ચાર ગતિમાં કર્મના ભારે ભાર્યો છતો જન્મમરણાદિક દુઃખ પામે છે અને સમ્યગ્ રત્નત્રયીનું સેવન કરવાથી દુઃખરહિત-હળવો થઈ સંસારનો-જન્મ મરણનો અંત કરી શકે છે અને રત્નત્રયીના દ્રઢ અભ્યાસવડે અનુક્રમે ઘાતીકર્મનો ક્ષય કરી કેવળ જ્ઞાનાદિક સંપદા પ્રાપ્ત કરીને બાકી રહેલાં અઘાતિ કર્મનો પણ અંત કરી સિદ્ધ પરમાત્મપદ પામે છે. ત્યારે રાગદ્વેષ અથવા કષાયજ ચારગતિરૂપ સંસારપરિભ્રમણનું મૂળ અને રાગદ્વેષ યા કષાય રહિત-વીતરાગ-નિષ્કષાય ચારિત્રજ મોક્ષનું મૂળ સિદ્ધ-નિશ્ચિત થાય છે. એમ સમજી સુજ્ઞ બંધુઓએ તથા બ્હેનોએ જે જે કારણોથી રાગદ્વેષ ઉત્પન્ન થાય અથવા વૃદ્ધિ પામે તે તે કારણો તજવાં અથવા તેથી

વેગળા રહેવું અને જે જે કારણોથી રાગદ્વેષાદિક ઉપશાન્ત થાય તથા વીતરાગદશાની જાગૃતિ, પ્રાપ્તિ અને વૃદ્ધિ થાય તે તે કારણોનું સેવન કરવું. આ બાબત બહુજ કુશળતાથી પ્રવર્તવું ઉચિત છે. જેમ કાંટાવડે કાંટો કાઢી શકાય છે. તથા અગ્નિવડે અગ્નિ અને વિષવડે વિષનું દુ:ખ દૂર કરી શકાય છે તેમ શુભ રાગવડે અશુભ રાગ અને શુદ્ધ નિ:સ્વાર્થ રાગવડે અશુદ્ધ રાગ પણ દૂર કરી શકાય છે. સામાન્યરીતે દેવ, ગુરૂ અને ધર્મ પ્રત્યે જે રાગ તે શુભ રાગ અને નિ:સ્વાર્થપણે શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મપ્રત્યે જે આત્માર્પણ તે શુદ્ધ રાગ છે, તે વડે દુનીયાની ખોટી વસ્તુ ઉપરનો અશુભરાગ અને સ્વાર્થગર્ભિત અશુદ્ધરાગ, ઔષધથી રોગ નાશે છે તેમ નાશ પામે છે. શ્રી ગૌતમ સ્વામી તથા મરૂદેવી માતાની જેવી હદ પ્રાપ્ત થતાં રહેલો શુદ્ધરાગ પણ કંઈ વિશિષ્ટ ભાવનાદિક કારણ મળતાં વિલય પામી જાય છે. તેથી જો ખરેખર કર્મની જડ કાઢવા ઈચ્છાજ હોય તો શરૂઆતમાં અશુભમાંથી શુભમાં અને પછી અશુદ્ધમાંથી શુદ્ધમાં પ્રવેશી રાગાદિકને નિર્મૂળ કરવા લક્ષ્યપૂર્વક પ્રયત્ન કરવો જોઇએ, જેમ જેમ રાગાદિ કષાયની મંદતા થાય છે તેમ તેમ અશુભ કર્મની હાનિ અને શુભ કર્મની વૃદ્ધિ થાય છે. અને જ્યારે રાગદ્વેષ રહિત વીતરાગ દશા પ્રાપ્ત થાય છે ત્યારે શુભાશુભ બંને પ્રકારનાં કર્મની ઉપેક્ષા કરા મેરૂ પર્વત જેવી અડોલ સ્થિતિ પામી સકળ કર્મ રહિત સિદ્ધ દશા પમાય છે.

ઇતિશમ્.

લેખક–પવિત્ર શાસનરૂચી મુનિ કર્પૂરવિજય.

ॐ

શ્રીમદ્દેવેંદ્રસૂરિવિરચિત.

કર્મગ્રંથઃ સાર્થઃ

કર્મ વિપાકનામા પ્રથમ કર્મગ્રંથ.

સિરિવીરજિણંવંદિઅ, કમ્મવિવાગં સમાસઓ વુચ્છં;
કીરઇ જિએણ હેઉહિં, જેણં તો ભન્નએ કમ્મં ॥ ૧ ॥

સિરિ-શ્રી, લક્ષ્મી યુક્ત.
વીરજિણં-મહાવીરસ્વામીને.
વંદિય-વાંદીને.
કમ્મવિવાગં-કર્મવિપાકને.
સમાસઓ-સંક્ષેપથી.
વુચ્છં-કહીશ.
કીરઇ-કરાય.
જિએણ-જીવે.
હેઉહિં-હેતુવડે.
જેણં-જે માટે.
તો-તે માટે.
ભન્નએ-કહેવાય છે.
કમ્મં-કર્મ.

અર્થ—જ્ઞાનાદિ લક્ષ્મીયુક્ત મહાવીર સ્વામીને નમસ્કાર કરીને કર્મવિપાકનામા ગ્રન્થને સંક્ષેપથી કહીશ. જે માટે જીવે હેતુવડે કરાય તે માટે કર્મ કહેવાય. ૧.

શ્રીજિનેભ્યોનમઃ

મંગલાચરણ (આર્યા)

"પ્રણિપત્ય જિનં વીરં, વૃત્ત્યનુસારેણ જીવવિજયાહ્વઃ;
વિતનોમિ સ્તબુકાર્થં, કર્મ્મગ્રંથે સુગમરીત્યા. ૧
ગહનાર્થોઽયં ગ્રંથો, મંદધિયાં વૃત્તયોઽપિ દુર્બોધ્યા ;
તેષામનુગ્રહકૃતે, ન્યાય્યં સ્તબુકાર્થકરણં મે." ૨.

વિવેચન–પ્રશ્ન–કર્મગ્રંથ તે શું કહીએ?ઉ૦–જીવે મિથ્યાત્વાદિક હેતુએ કરીને કરીએ–આત્માસાથે[૧]પુદ્ગળ બાંધિયે તેકર્મ્મ કહીએ,क्रियते इति कर्म्म इति व्युत्पत्ते તે કર્મ્મનું મૂળોત્તર પ્રકૃતિ ભેદ કરી તથા પ્રકૃતિ, સ્થિતિ, રસ, પ્રદેશાદિ બંધભેદ કરી તથા બંધોદયોદીરણાસત્તાદિ ભેદ કરીને, ગ્રંથન–રચવું–પ્રતિપાદન છે જેને વિષે તે કર્મ્મગ્રંથ કહીએ. તિહાં પ્રથમ કર્મ્મ[૨]વિપાક નામે કર્મ્મગ્રંથ કહે છે. (सिरि) શ્રી તે અતિશય પ્રાતિહાર્યાદિક તીર્થંકર લક્ષ્મી તેણે કરી સહીત એવા (वीर) તે પરીસહાદિક સહવા સમર્થ (जिण) તે રાગદ્વેષના જીપણહાર એહવા શ્રીવીર જિન પ્રત્યે વાંદીને કર્મ્મનો જે વિપાક-પ્રકૃતિ પ્રતિપાદનરુપ તે સંક્ષેપથકી કહીશ એટલે કર્મ્મ વિપાક નામા[૨] પહેલો કર્મ્મગ્રંથ કહુંછું. હવે કર્મ્મ તે શું તે કહે છે. અંજન ચૂર્ણના ડાભડાની પેઠે નિરંતર પુદ્ગળે કરીને ભર્યા લોકને વિષે ક્ષીર નીરને ન્યાયે, લોહાગ્નિને ન્યાયે કર્મ પુદ્ગળની વર્ગણા જીવે પોતાના આત્મા સંઘાતે, મિથ્યાત્વ અવિરતિ કષાય યોગરૂપ અભ્યંતર હેતુએ કરી તથા "પડિણીયત્તણનિન્હવ" ઈત્યાદિ બાહ્ય હેતુએ કરીને,સંબન્ધ કરીએ, તે કર્મ્મ કહીએ. તે કર્મ્મ રૂપી છે; અરૂપી નથી. આત્માને કર્મ્મનો કીધો ઉપઘાત થાય છે તે માટે. ઈહાં કોઇ

---

૧. કર્મ વર્ગણાના પુદ્ગલો. ૨ કર્મના અનુભવનુ સ્વરૂપ છે જેને વિષે તે કર્મ વિપાક.

કહેશે કે આત્માને રૂપી કર્મ્મનો કીધો ઉપઘાત, અનુગ્રહ કેમ ઘટે? તેનો ઉત્તર એ છે કે ડાહ્યા મનુષ્યને પણ મદ્યપાનાદિકે મતિનો ઉપઘાત થાય છે અને બ્રાહ્મી પ્રમુખ ઔષધીએ અનુગ્રહ પણ થાતો દીસ છે. એ પુદ્‌ગળયોગે જેમ બાહ્યથકી અરૂપી જીવને ઉપઘાત અનુગ્રહ થાતો દીસે છે, તેમ કર્મ્મ વર્ગણાએ કરીને જીવને ઉપઘાત અનુગ્રહ થાય છે. તથા જીવ સમયે સમયે શુભાશુભ કર્મ્મ બાધે છે, છોડે છે, પણ પ્રવાહથકી કર્મબંધ અનાદિ છે. " अणाइय तं पवाहेण" ઇતિ વચનાત, અન્યથા કર્મ્મની આદિ કહીએ તો તે કર્મ્મબંધ થકી પૂર્વે જીવ કર્મ્મરહિત હોવો જોઇએ અને તે કર્મ્મબંધ રહિતને કર્મ્મબંધ થયો કહિયે તો સિદ્ધને પણ કર્મ્મબંધ થાય; તે માટે કર્મ્મબંધ તે અનાદિ છે. ઈહાં કોઇ કહે કે અનાદિ સયોગને વિયોગ કેમ થાય? तत्रोत्तरं. કંચન અને *ઉપળને સંયોગ અનાદિનો છે તેનો તથાવિધ સામગ્રીવશે વિયોગ થાય છે તેમ જીવ કર્મ્મને પણ તથાવિધ સામગ્રીવશે ભવસ્થિતિ પરિપાકે આત્યંતિક વિયોગ થાય છે. ફરી તેને પાછો સંયોગ ન થાય काञ्चनोपलवत्. ૧

તે કર્મ્મનાં બંધ ચાર પ્રકારે છે તે દૃષ્ટાંતપૂર્વક કહે છે.

પયઇઠિઇરસપએસા, તં ચઉહા મોઅગસ્સ દિઠ્ઠંતા;
મૂલપગઇઠ્ઠુ ઉત્તર–પગઈ અડવન્નસયભેયં ॥ ૨ ॥

પયઇ–પ્રકૃતિ.	મોઅગસ્સ–મોદકના.
ઠિઇ–સ્થિતિ.	દિઠ્ઠંતા–દૃષ્ટાંતે.
રસ–રસ (અને).	મૂલપગઇઠ્ઠુ–મૂલપ્રકૃતિ આઠ.
પએસા–પ્રદેશ થકી–પ્રદેશને	ઉત્તરપગઈ–ઉત્તર પ્રકૃતિ.

* પાષાણ.

આશ્રયીને.	અડવન્નસય–એકસો અઠ્ઠાવન.
તં–તે (કર્મ.)	ભેઅં–ભેદે.
ચઉહા–ચાર પ્રકારે.	

અર્થ—પ્રકૃતિબંધ, સ્થિતિબન્ધ, રસબન્ધ અને પ્રદેશબંધને આશ્રીને તે (કર્મ) ચાર પ્રકારે છે. (એનું સ્વરૂપ) મોદકના દૃષ્ટાન્તવડે ભાવવું. મૂળ પ્રકૃતિ (મુખ્ય ભેદ) આઠ અને ઉત્તર પ્રકૃતિ (વિશેષ ભેદ-પેટાભેદ) એકસો અઠ્ઠાવન પ્રકારે છે. ૨.

વિવેચન--કર્મનો સ્વભાવ તે પ્રકૃતિબંધ ૧, કાળનું માન તે સ્થિતિબધ ૨, કર્મ પુદ્‌ગળના શુભ અશુભ રસનું તિવ્ર મંદપણુ તે અનુભાગબંધ ૩ અને પુદ્‌ગળનાં દળિયાંનુ માન તે પ્રદેશબંધ કહીએ. ૪. એમ ચાર પ્રકારે કર્મ્મનો બંધ છે. તે મોદક (લાડુઆ) ને દૃષ્ટાંતે જાણવો. प्रकृतिस्तु स्वभाव:स्यात्, स्थिति कालावधारण, अनुभागो रसो ज्ञेय , प्रदेशो दलसचय ।१। એ મોદકના દૃષ્ટાંતથકી જાણવો. તે કેમ તે કહે છે. જેમ કોઇ વાતાપહારી સુંઠાદિ દ્રવ્યે નિષ્પન્ન મોદક તે પ્રકૃતિએ (સ્વભાવે) વાયુનેજ ટાળે. વળી પિત્તાપહારી દ્રવ્યે નિષ્પન્ન તે પિત્તનેજ ટાળે, વળી કફાપહારી દ્રવ્યે નિષ્પન્ન તે કફને ટાળે;તેમ કર્મ્મપણ કોઇક જ્ઞાનને આવરે, કોઈ દર્શનને–દેખવાને આવરે ઇત્યાદિએ પ્રકૃતિબંધ કહીએ ૧. તથા કોઇક મોદક એક દિનજ રહે, કોઈક બે દિન રહે, યાવત્ કોઈ માસ લગે રહે, તે ઉપરાંત વિણસે; તેમ કોઈ કર્મ્મની સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ, કોઇકની ત્રીશ કોડાકોડી સાગર પ્રમાણ. કોઇકની૭૦ કોડાકોડી સાગરપ્રમાણ હોય. ઇત્યાદિ એ સ્થિતિબંધ કહિયે. ૨. તથા સ્નિગ્ધ રૂક્ષ મધુર કટુકાદિક રસ કોઈક મોદકનો એક ગુણો હોય કોઈકમાં દ્વિગુણ ત્રિગુણ ચતુર્ગુણપણ હોય, તેમ કર્મ્મનો કોઇવખત એક સ્થાનીય રસ બંધાય,કોઇવખત તીવ્ર-

તીવ્રતર કષાયને યોગે દ્વિસ્થાનીય ત્રિસ્થાનીય ચતુઃસ્થાનીય રસ બંધાય, એ રસબંધ કહીએ ૩. તે મોદકના પ્રદેશ તે કણિયા રૂપ. તે કોઇએક તો પસલી પ્રમાણુ, કોઇએક પાશેર, અધશેર, શેર પ્રમાણુ હોય; તેમ કોઇ કર્મનાં દળિયાં કોઈક થોડાં બાંધે, કોઈક ઘણાં બાંધે, એ પ્રદેશબંધ ૪. એ મોદકનો દૃષ્ટાંત જાણવો. હવે તે કર્મની મૂળપ્રકૃતિ (મૂળભેદ) આઠ છે અને તે મૂળ પ્રકૃતિની ઉત્તરપ્રકૃતિ તે ઉત્તરભેદ એકસો અઠ્ઠાવન હોય. ॥ ૨ ॥

હવે મૂળ પ્રકૃતિ ૮ નાં નામ કહે છે.

ઇહ નાણદંસણાવરણ—વેઅમોહાઉનામગોઆણિ;
વિગ્ઘં ચ પણનવદુઅઠ્ઠવીસ—ચઉતિસયદુપણવિહં ॥૩॥

ઇહ—અહીં (સિદ્ધાંતમાં.)
નાણ—જ્ઞાન અને.
દંસણ—દર્શનનું
આવરણ—આવરણ.
વેઅ—વેદનીય.
મોહ—મોહનીય
આઉ—આયુ
નામ—નામ.
ગોઆણિ—ગોત્ર.
વિગ્ઘં—અંતરાય.
પણ—પાંચ.
નવ—નવ.
દુ—બે
અઠ્ઠવીસ—અઠ્ઠાવીશ.
ચઉ—ચાર
તિસય—એકસો ત્રણ.
દુ પણ—બે તથા પાચ
વિહં—ભેદે

અર્થ—અહીં જ્ઞાન અને દર્શનનું આવરણ (૧ જ્ઞાનાવરણીય ૨ દર્શનાવરણીય), ૩ વેદનીય, ૪ મોહનીય, ૫ આયુ, ૬ નામ, ૭ ગોત્ર અને ૮ અંતરાય કર્મ અનુક્રમે પાંચ, નવ, બે, અઠ્ઠાવીશ, ચાર, એકસો ત્રણ, બે અને પાચ પ્રકારે છે. ૩.

વિવેચન—ઇહાં પ્રવચનને વિષે વિશેષાવબોધરૂપ જ્ઞાનને આવરે (ઢાંકે) તે જ્ઞાનાવરણીયકર્મ કહીએ. ૧. સામાન્યાવબોધરૂપ દર્શનને એટલે ઇંદ્રિયના વિષયને આવરે તે દર્શનાવરણકર્મ. ૨. સાતાઅસાતાપણે વેદવું પડે તે વેદનીયકર્મ ૩. મુઝવે-વિકળ કરે, સમ્યકત્વ ચારિત્રથકી; તે મોહનીય કર્મ ૪. અન્ય ભવાંતરને પમાડે તે આયુ ૫. શુભાશુભપણું પમાડે તે[1]નામકર્મ ૬. ઊંચનીચપણે ગાઇએ-બોલાવીએ તે ગોત્રકર્મ ૭. દાનાદિક લબ્ધીનો અંતરાય કરે તે (વિઘ્ન) અંતરાયકર્મ ૮. એ આઠ કર્મનાં નામ કહ્યાં. હવે એહની ઉત્તર પ્રકૃતિની સંખ્યા કહે છે. જ્ઞાનાવરણીય પાંચ ભેદે છે. ૧. દર્શનાવરણીય નવ ભેદે છે. ૨. વેદનીય બે ભેદે છે. ૩. મોહનીય અઠ્ઠાવીશ ભેદે છે. ૪. આયુ કર્મ ચ્યાર ભેદે છે. ૫. નામકર્મ એકસોત્રણ ભેદે છે. ૬. ગોત્રકર્મ બે ભેદે છે. ૭ અને અંતરાયકર્મ પાંચ ભેદે છે. ૮. એવં આઠ કર્મની એકસોઅઠ્ઠાવન ઉત્તર પ્રકૃતિ જાણવી. એ આઠ કર્મનો ઉપન્યાસક્રમ કહીએ છીએ. ઇહાં જ્ઞાનદર્શન તે જીવનું લક્ષણ છે चेतनालक्षणो जीव इति વચનાત્, તે જ્ઞાનદર્શન વિનાનો જીવ તે અજીવપણું પામે; તે બે માંહે પણ જ્ઞાન મુખ્ય છે, સાકારોપયોગ-વિશેષોપયોગ માટે, સાકારોપયોગવંત જીવને સર્વ લબ્ધિ ઊપજે, મોક્ષ પ્રાપ્તિ સમયે પણ સાકારોપયોગવંત હોય, તે માટે જ્ઞાન મુખ્ય છે; તે જ્ઞાનને આવરે (ઢાંકે) તે જ્ઞાનાવરણીય કર્મ; તે એટલા માટે પ્રથમ કહ્યું ૧. તે પછી બીજે સમયે (કેવળીને)અનાકારોપયોગ-સામાન્યોપયોગ-દર્શનોપયોગ હોય, તેહને આવરે (ઢાંકે) તે દર્શનાવરણીય કર્મ; તે માટે જ્ઞાનાવરણીય પછી દર્શનાવરણીય કહ્યું ૨. એ બે [2]આવરણીય

---

૧ ગતિ જાતિ આદિ પર્યાયોને પમાડે તે નામ કર્મ.

૨ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય

પોતપોતાનો વિપાક દેખાડતાં સુખ દુઃખરૂપ વેદનીય વિપાકનાં હેતુ થાય, તે માટે તે પછી વેદનીય કહ્યું. ૩. સાતા અસાતા વેદનીયને ઉદયે જીવને અવશ્ય રાગ દ્વેષ કષાય ઉપજે તે માટે તે પછી મોહનીય કહ્યું ૪. મોહનીયે મુંઝાણા જીવ બહુ આરંભાદિકે કરીને નરક તિર્યંચાદિકનું આયુ બાંધે, તે માટે તે પછી આયુ કર્મ કહ્યું, ભવથકી ભવાંતરે જાતાં જીવને નિશ્ચે ઉદય આવે તે આયુ કહિયે. યદ્યપિ કર્મ તો સર્વ ઉદયે આવેજ પણ શેષ ૭ કર્મ તે ભવે તથા ભવાંતરે તથા ઘણે ભવે પણ ઉદય આવે અને આયુ કર્મ તો તે ભવે ઉદય આવેજ નહી, ભવાંતરે (અનંતર ભવે) જ ઉદય આવે એ વિશેષ છે. ૫. આયુને ઉદયે અવશ્ય ગતિ જાત્યાદિક નામકર્મનો ઉદય હોય તે માટે તે પછી નામ કર્મ કહ્યું ૬. નામકર્મને ઉદયે અવશ્ય ઊંચ નીચાદિક ગોત્રનો ઉદય હોય, તે માટે તે પછી ગોત્ર કર્મ કહ્યું ૭. ઊંચ નીચ ગોત્રને ઉદયે અનુક્રમે દાન લાભાદિકનો ઉદય વિનાશ થાય, તે માટે તે પછી અંતરાય કર્મ કહ્યું ૮. એ આઠ કર્મનો ઉપન્યાસ ક્રમ કહ્યો. ૩

હવે પ્રથમ જ્ઞાનાવરણીય કર્મ્મની ઉત્તર પ્રકૃતિ પાંચ કહેવાને માટે પ્રથમ જ્ઞાનના ભેદ કહે છે.

મઇસુઅઓહીમણકેવલાણિ, નાણાણિ તત્થ મઇનાણં;
વંજણવગ્ગહ ચઉહા, મણનયણવિણિંદિયચઉક્કા ॥૪॥

મઇ–મતિજ્ઞાન.	મઇનાણં–મતિજ્ઞાન.
સુઅ–શ્રુતજ્ઞાન	વંજણવગ્ગહ–વ્યંજનાવગ્રહ.
ઓહી–અવધિ જ્ઞાન.	ચઉહા–ચાર ભેદે.
મણ–મન પર્યવ જ્ઞાન	મણ–મન.

કેવલાણિ–કેવળજ્ઞાન.
નાણાણિ–જ્ઞાનો.
તથ્થ–ત્યાં.
નયણ–ચક્ષુ.
વિણુ–વિના.
ઇંદિયચઉક્કા–ઇંદ્રિય ચતુષ્કવડે

અર્થ—મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ (એ પાંચ) જ્ઞાન છે તેને વિષે પ્રથમ મતિજ્ઞાન (અઠ્ઠાવીશ ભેદવાળું છે. એ પાંચમી ગાથામાં સંબંધ છે), મન અને ચક્ષુવર્જિને ચાર ઇંદ્રિયો આશ્રયી વ્યંજનાવગ્રહ ચાર પ્રકારે છે. ૪.

વિવેચન—જ્ઞાન પાંચ છે તે કયા ? ઇંદ્રિય અને મને કરીને માનીએ-જાણીએ તે મતિજ્ઞાન, સિદ્ધાંતે આભિનિબોધિક જ્ઞાન કહીએ.*अभि निबुध्यते इति आभिनिबोधिकं १. સાંભળવે કરી જાણીએ તે શ્રુતજ્ઞાન ૨. અવધિ-મર્યાદા પ્રમાણે રૂપી દ્રવ્યનું જાણવું તે અવધિજ્ઞાન ૩ મન ચિંતિત અર્થનું જાણવું તે મનપર્યવજ્ઞાન ૪. કેવળ અખંડપણે લોકાલોકનું તથા રૂપી અરૂપી સર્વ દ્રવ્યનું તથા સર્વ જીવાજીવના સર્વ પર્યાયનું સમકાળે જાણવુ તે કેવળજ્ઞાન કહીએ ૫. એ પાંચ જ્ઞાન કહીએ.તે માંહે પહેલાં બે જ્ઞાન તે પરોક્ષ જ્ઞાનછે અને ૩ પ્રત્યક્ષ જ્ઞાનછે. હવે પ્રથમ મતિજ્ઞાનઅઠ્ઠાવીશ ભેદ છે તે અઠ્ઠાવીશ ભેદ કહે છે. ઇંદ્રિયને વિષયપ્રાપ્ત પદાર્થનું અવ્યક્તપણે જાણવું તે વ્યંજનાવગ્રહ કહિયે, તે ૪ ચાર ભેદ હોય તે કહે છે. મન અને નયન તે ચક્ષુ ઇંદ્રિય એ બે વિના શેષ ચાર ઇંદ્રિયનો વ્યંજનાવગ્રહ હોય, મન અને ચક્ષુનો અપ્રાપ્યકારી વિષય છે-પુદ્ગળ અણફરસ્યે વિષય જાણે તે માટે તે મન-અને ચક્ષુનો વ્યંજનાવગ્રહ ન હોય. ૪

---

* સન્મુખ રહેલ નિયત પદાર્થને જણાવે તે મતિજ્ઞાન.

અથ્થુગ્ગહઈહાવાય–ધારણા કરણુમાણસેહિં છહા;
ઇય અટ્ઠવીસભેઅં, ચઉદસહા વીસહા વ સુયં ॥૫॥

અથ્થુગ્ગહ–અર્થાવગ્રહ.	**ઇઅ**–એમ.
ઈહા–ઇહા, વિચારણા.	**અટ્ઠવીસ**–અઠ્ઠાવીશ.
અવાય–અપાય, નિશ્ચય.	**ભેઅં**–ભેદે.
ધારણા–ધારણા.	**ચઉદસહા**–ચઉદ ભેદે.
કરણ–ઇંદ્રિયો અને.	**વીસહા**–વીશભેદે.
માણસેહિં–મનવડે	**વ**–અથવા.
છહા–છ પ્રકારે.	**સુયં**–શ્રુતજ્ઞાન.

અર્થ—અર્થાવગ્રહ, ઈહા, અપાય અને ધારણા (એ પ્રત્યેક) પાંચ ઇંદ્રિય અને મનવડે કરીને છ પ્રકારે છે, એમ અઠ્ઠાવીશ ભેદવાળું (મતિજ્ઞાન) છે. શ્રુતજ્ઞાન ચૌદ પ્રકારે અથવા વીશ પ્રકારે છે. ૫.

વિવેચન—ઇંદ્રિયને વિષયપ્રાપ્ત પદાર્થનું સામાન્યપણે જાણવું તે અર્થાવગ્રહ કહિયે ૧ એ શું હશે? એહવું વિચારવું તે ઇહા ૨. તેહનું નિર્ધારવું તે અપાય કહીએ ૩ તે ધારી રાખવું તે ધારણા ૪. એ ચારે, કરણ (પાંચ ઈંદ્રિય) અને છઠું મન એમ છ છ ભેદે હોય, એમ છ ચોક ચોવીશ ભેદ થયા, અને ચાર ભેદે વ્યંજનાવગ્રહ, એમ અઠાવીશ ભેદે મતિજ્ઞાન હોય. ઈહાં મતિજ્ઞાન બે ભેદે છે-૧ શ્રુત નિશ્રિત અને ૨ અશ્રુત નિશ્રિત. તિહાં જે પ્રાયે શ્રુતના અભ્યાસ વિના સહેજેજ વિશિષ્ટ ક્ષયોપશમને વશે મતિ ઉપજે તે અશ્રુત નિશ્રિત કહિયે. તે ચાર ભેદે છે-ઔત્પાતિકી ૧,વૈનયિકી ૨, કાર્મ્મિકી ૩, પારિણામિકી ૪. એ ચાર બુદ્ધિ. સહેજે પોતાની મેળેજ ઉપજે તે ઔત્પાત્તિકી બુદ્ધિ. ૧. ગુરૂનો વિનય

સુશ્રૂષા-સેવા કરતાં આવે તે વૈનયિકી બુદ્ધિ. ૨. કર્મ[1] કરતાં ઉપજે તે કાર્મ્મિકી ૩ પરિણામ તે દીર્ઘકાળનું પૂર્વાપર અર્થનું અવલોકન તે પારિણામિકી બુદ્ધિ ૪. એહનું વિશેષ સ્વરૂપ નંદીસૂત્ર આવશ્યક બૃહદ્‌વૃત્તિ પ્રમુખથકી જાણવું. અને જે શ્રુતને અભ્યાસે-શ્રુત સ્મરણ ઇંદ્રિયાર્થથકી વ્યવહાર સંપજે તે શ્રુતનિશ્રિત મતિજ્ઞાન કહિયે. તે પણ ચાર ભેદે અવગ્રહ ૧, ઈહા ૨, અપાય ૩, ધારણા ૪. તિહાં વળી અવગ્રહ બે ભેદે-વ્યંજનાવગ્રહ ૧, અર્થાવગ્રહ ૨. તિહાં વ્યંજીએ-પ્રગટ કરીએ અર્થ જેણે, દીવે કરીને જેમ ઘટ, તે વ્યંજન ઇંદ્રિય તેણે કરીને ઇંદ્રિયને સ્પૃષ્ટ જે શબ્દાદિકવિષયના પુદ્‌ગળ તેહના અર્થનું અત્યંત અવ્યક્તપણે ગ્રહવું તે વ્યંજનાવગ્રહ કહીએ, તે વ્યંજનાવગ્રહ મન અને નયન વિના ચાર ઇંદ્રિયના ચાર ભેદે હોય; મન અને ચક્ષુ અપ્રાપ્યકારી છે, અસ્પૃષ્ટ પુદ્‌ગળનો વિષય જાણે, તે માટે તેહનો વ્યંજનાવગ્રહ ન હોય અને શેષ ૪ ઇંદ્રિય તે પ્રાપ્યકારી છે, સ્પૃષ્ટ[2] પુદ્‌ગળનો વિષય જાણે, તે માટે તેહનો વ્યંજનાવગ્રહ હોય. यत -*पुट्ठ सुणेइ सद्द, रूवं पुण पासए +अपुट्ठ तु ॥ गध्र रसं च फासं,×बद्धपुट्ठ विआगरे॥१॥ વ્યંજનાવગ્રહનો કાળજઘન્યથી આવળીકાના અસંખ્યાતમા ભાગપ્રમાણ, ઉત્કૃષ્ટો આનપ્રાણ[3] પૃથકત્વ[4] હોય હવે શબ્દ રૂપાદિક વસ્તુનું સામાન્ય માત્ર અવ્યક્તપણે જાણવું તે અર્થાવગ્રહ કહીએ. તે અર્થાવગ્રહ પાંચ ઇંદ્રિયનો અને મનનો એમ ૭ ભેદે હોય. અવગ્રહીત વસ્તુ નિર્દ્ધારવાને હેતુએ કરીને વિચારવું તે ઈહા. તે પણ છ ભેદે હોય. ઇહિત વસ્તુનું નિર્દ્ધારવું તે અપાય, તે પણ છ ભેદે હોય. તે

---

૧ વ્યાપાર—અભ્યાસ ૨ સ્પર્શ થયેલ * સ્પૃષ્ટ + અસ્પૃષ્ટ—નહિ સ્પર્શેલ. × બદ્ધ સ્પૃષ્ટ-સ્પર્શીને એક રૂપ થયેલા ૩ શ્વાસોશ્વાસ, ૪ બેથી માંડી નવ સુધી.

નિર્દ્ધારિત અર્થનું અવિચ્યુતિ[1]૧, સ્મૃતિ[2] ૨, વાસના[3]૩, એ ત્રણ પ્રકારે કરીને ધારવું, તે ધારણા; તે પણ છ ભેદે હોય. यत –अथ्थाणं उग्गहणंमि, उग्गहो तह विआरणे ईहा; निच्छइ· अमि अवाओ,धरण पुण धारण बिंति १.એહનું કાળમાન યથા– उग्गह इक्कं समय, ईहावाया मुहूत्तमद्ध च ॥ कालमसख सख च, धारणा होइ नायव्वा १. એ અઠ્ઠાવીશ ભેદ મતિજ્ઞાનના જાણવા. એને વળી પ્રત્યેકે વિવરીને કહે છે.

કોઈ પુરૂષે અવ્યક્ત શબ્દ સાંભળ્યો.તે ભાષાના પુદ્દગળ તે પુરૂષના કર્ણમાંહે પેસીને શ્રોત્રેંદ્રિયને ફરસ્યા, તે વારે અતિ અવ્યક્તપણે થયુંજે જ્ઞાનતેશ્રોત્રેંદ્રિયનો વ્યંજનાવગ્રહ૧.તેપછી કોઇએ મ્હને સાદ દીધો એહવું અવ્યક્ત જ્ઞાન તે શ્રોત્રેંદ્રિયનો અર્થાવગ્રહ ૨.એ અમુક પુરૂષનો કે અમુક સ્ત્રીનો સાદ જણાયછે એવી વિચારણા તે ઈહા ૩.એતો ખરસ્વર માટે અમુકનોજ સાદ છે એવો નિશ્ચય થાય તે અપાય ૪. તે વાર પછી તેને ઘણાકાળ લગી ધારી રાખે તે ધારણા ૫. કોઈક પુરૂષે અવ્યક્તરૂપ દીઠું તે રૂપના પુદ્દગળ અપ્રાપ્યકારી હોવાથી ચક્ષુને ફરસતા નથી, માટે તેનો વ્યંજનાવગ્રહ ન હોય, દેખવાને પ્રથમ સમયેજ અવ્યક્ત જ્ઞાનરૂપ ચક્ષુરિંદ્રિયનો અર્થાવગ્રહ થાય ૧. તે પછી એ સ્થાણુ કે પુરૂષ ? સ્થાણુ તો સ્થિર હોય, પુરૂષ તો હાલે ચાલે, એહવી વિચારણા તે ઈહા. ૨. એ તો નિશ્ચયે સ્થાણુ છે, સ્થિર હોવા માટે. એહવું જ્ઞાન તે અપાય ૩. તે પછી તેને ધારી રાખે તે ધારણા ૪ કોઈક પુરૂષે અવ્યક્ત ગંધ સુંઘ્યો- આઘ્રાયો, તે ગંધના પુદ્દગળ ઘ્રાણેંદ્રિય સાથે બદ્ધ સ્પૃષ્ટ થયા

---

૧ નિર્ધારિત વસ્તુને કાંઈ પણ ફેરફાર વિના તેજ રૂપે ધારી રાખવું તે ૨ નિર્દ્ધારિત વસ્તુને અર્થ માત્રે ધારી રાખવું તે ૩ સ ખ્યાત અસખ્યાતકાળ સુધી ભવાંતરે ધારી રાખે તે વાસના જાતિ- સ્મરણ જ્ઞાન એ વાસનાનો ભેદ છે

ત્યારે અતિ અવ્યક્તપણે થયું જે ગંધ જ્ઞાન તે ઘ્રાણેંદ્રિયનો વ્યંજનાવગ્રહ ૧ તે પછી કાંઈક સુગંધ આવે છે એવું અવ્યક્ત જ્ઞાન તે ઘ્રાણેંદ્રિયનો અર્થાવગ્રહ ૨. એ કપૂર કે સુંઠનો ગંધ? એહવી વિચારણા તે ઈહા ૩. એતો શીતળ માટે કપૂરનોજ ગંધ એહવુ નિશ્ચય જ્ઞાન તે અપાય ૪. ત્યાર પછી તેને ધારી રાખે તે ધારણા ૫. કોઈક પુરૂષે અવ્યક્તપણે રસ આસ્વાદ્યો, તે રસના પુદ્ગળ રસનેંદ્રિય સાથે બદ્ધ સ્પૃષ્ટ થયા તે સમયે અતિ અવ્યક્તપણે થયુંજે રસનું જ્ઞાન તે રસનેંદ્રિયનો વ્યંજનાવગ્રહ ૧. તે પછી કાંઈક સ્વાદ જણાય છે એહવું અવ્યક્ત જ્ઞાન તે રસનેંદ્રિયનો અર્થાવગ્રહ ૨. તે પછી એ ગોળ કે સાકર હશે? એવી વિચારણા તે ઇહા ૩. એતો અતિ મધુર માટે સાકરનોજ રસ એવુ નિશ્ચય જ્ઞાન તે અપાય ૪. તે પછી તેને ધારી રાખે તે ધારણા ૫. કોઈક પુરૂષે અવ્યકતપણે ફરસ વેદ્યો, તે ફરસના પુદ્ગળ સ્પર્શનેંદ્રિય સાથે બદ્ધસ્પૃષ્ટ થયા તે સમયે અતિ અવ્યકત સ્પર્શનું થયું જે જ્ઞાન તે સ્પર્શનેંદ્રિયનો વ્યંજનાવગ્રહ ૧. તે પછી કાંઈ મ્હારે શરીરે સ્પર્શ થયો એવું અવ્યક્ત જ્ઞાન તે સ્પર્શનેંદ્રિયનો અર્થાવગ્રહ ૨. એ રજ્જુ કે સર્પ હશે? એવી વિચારણા તે ઇહા.૩.એતો સુકુમાળ જણાયછે માટે નિશ્ચે સર્પનો સ્પર્શ,એવું જ્ઞાન તે અપાય ૪. તે પછી તેને ધારી રાખે તે ધારણા૫.કોઈક પુરૂષ અવ્યક્ત સ્વપ્ન દેખી જાગ્યો તે સ્વપ્ન માંહે કોઈક વસ્તુ સંભવી તેના પુદ્ગળ મનને ફરસતા નથી તે માટે વ્યંજનાવગ્રહ ન હોય. ચિંતવવાને પ્રથમ સમયેજ અવ્યક્ત જ્ઞાનરૂપ મનનો અર્થાવગ્રહ થાય ૧. તે પછી એ સ્વપ્નમાં મેં શું દીઠું? એવી વિચારણા તે ઈહા ૨. એતો મ્હેં અમુકજ સ્વપ્ન દીઠું એવો નિર્દ્ધાર તે અપાય ૩. તે પછી તેને ધારી રાખે તે ધારણા ૪. એ મતિજ્ઞાનના ૨૮ ભેદ નંદીસૂત્રને અનુસારે વિવરીને દેખાડ્યા.તેમાંહે૪ બુદ્ધિ ભેળિયે ત્યારે ૩૨ થાય.તથા

જાતિસ્મરણ પણ અતીત સંજ્ઞી પંચેદ્રિયના ભવ સંખ્યાતા દેખે, તે પણ મતિજ્ઞાન કહિયે. આચારાંગે તેને ધારણાનો ભેદ કહ્યો છે. તથા મતિજ્ઞાનના ૨૮ભેદના બહુ૧,અબહુ૨,બહુવિધ ૩, અબહુવિધ ૪, ક્ષિપ્ર ૫, અક્ષિપ્ર ૬, નિશ્રિત ૭, અનિશ્રિત ૮, સંદિગ્ધ ૯,અસંદિગ્ધ ૧૦, ધ્રુવ ૧૧,અધ્રુવ ૧૨; એ બાર ભેદ છે. એહનો અર્થ-કોઈક અનેક વાજીત્રના શબ્દ સામટા સાંભળીને ઈહાં આટલી ભેરી, આટલા શંખ વાગે છે, એમ સર્વ પૃથક્ પૃથક્ શબ્દ ગ્રહે તે બહુગ્રાહી ૧ અને કોઈ અવ્યક્તપણે વાજીત્ર વાજે છે એટલુંજ જાણે પણ વિશેષ ન જાણે તે અબહુગ્રાહી ૨. કોઈક મધુર મદત્વાદિ બહુ ધર્મોપેત જાણે તે બહુવિધગ્રાહી ૩ અને કોઇક એક બે પર્યાયોપેત ગ્રહે, તે અબહુવિધગ્રાહી ૪. કોઇક તરત જાણે તે ક્ષિપ્રગ્રાહી ૫, કોઈક વિચારી વિચારીને ઘણી વેળાએ જાણે તે અક્ષિપ્રગ્રાહી ૬. કોઈક લિંગનિશ્રાએ જાણે, જેમ પતાકાએ કરી દેવકુળ જાણીએ તે નિશ્રિતગ્રાહી ૭. નિશ્રા વિના જાણે તે અનિશ્રિતગ્રાહી ૮. સંશય સહિત ગ્રહે તે સંદિગ્ધગ્રાહી ૯. સંશયરહિત ગ્રહે તે અસંદિગ્ધગ્રાહી ૧૦. જે એકવાર ગ્રહ્યું તે સદાયે રહે, વીસરે નહી તે ધ્રુવ ૧૧ અને જે એકવાર ગ્રહ્યું સર્વદા ન રહે તે અધ્રુવ ૧૨. પૂર્વોક્ત જે અઠ્ઠાવીશ ભેદ તેને આ પ્રમાણે બાર ગુણા કરીએ ત્યારે ૩૩૬ થાય, તેમાં વળી ૪ બુદ્ધિ ભેળવીએ ત્યારે ૩૪૦ મતિજ્ઞાનના ભેદ થાય. એ મતિજ્ઞાની ઓઘે-સામાન્યે આદેશ[1]થકી સર્વ દ્રવ્ય જાણે પણ દેખે નહીં. ક્ષેત્ર થકી મતિજ્ઞાની આદેશે સર્વ ક્ષેત્ર લોકાલોક જાણે પણ દેખે નહીં. કાળ થકી મતિજ્ઞાની આદેશે સર્વ કાળ જાણે, પણ દેખે નહી. ભાવ થકી મતિજ્ઞાની આદેશે સર્વ ભાવ જાણે પણ દેખે નહિ. એ મતિજ્ઞાનના ભેદ કહ્યા. હવે શ્રુત જ્ઞાનનું

૧ આગમથી-સિદ્ધાંતથી.

વિવેચન કરે છે. યદ્યપિ મતિ શ્રુત તો સંલગ્નજ છે जत्थ मइनाणं तत्थ सुयनाण, जत्थ सुयनाणं तत्थ मइनाण इति वचनात् તથાપિ પૂર્વે મતિજ્ઞાન પછી શ્રુત જ્ઞાન છે मइपुव्व जेण सुयं, न मई सुअपुव्विआ इत्यागमवचनात् તથા મતિ તે શ્રુતનું હેતુ છે અને શ્રુત તે મતિનુ ફળ છે. તથા મતિ તે મૂળગું આપણું સ્વરુપ કોઇને કહી ન શકે અને શ્રુત તે અક્ષરરુપ છે તે માટે પરને દીધું જાય તે માટે પૂર્વે મતિ અને પછી શ્રુત જ્ઞાન છે. હવે શ્રુતજ્ઞાનના ભેદ કહે છે શ્રુતજ્ઞાન ચૌદ ભેદે તથા વીશ ભેદે છે તિહા પ્રથમ ચૌદ ભેદ કહેછે. ૫

શ્રુત જ્ઞાનના ચૌદ ભેદ.

અખ્ખરસન્નીસમ્મં, સાઇઅં ખલુ સપજ્જવસિઅં ચ:
ગમિયં અંગપવિટ્ઠં, સત્ત વિ એએ સપડિવખ્ખા ॥૬॥

અખ્ખર—અક્ષરશ્રુત.	ચ—અને.
સન્ની—સંજ્ઞીશ્રુત.	ગમિઅં—ગમિક શ્રુત.
સમ્મં—સમ્યક્ શ્રુત.	અંગપવિટ્ઠં—અંગપ્રવિષ્ટ શ્રુત.
સાઇઅં—સાદિ શ્રુત.	સત્તવિ—સાતે.
ખલુ—નિશ્ચયે.	એ એ—એ.
સપજ્જવસિઅં—સપર્યવસિત શ્રુત.	સપડિવખ્ખા—પ્રતિપક્ષસહિત.

અર્થ—અક્ષરશ્રુત, સંજ્ઞિશ્રુત, સમ્યક્ત્વ શ્રુત, સાદિ શ્રુત, નિશ્ચે વળી સપર્યવસિત શ્રુત, ગમિક શ્રુત, અને અંગ પ્રવિષ્ટ શ્રુત એ સાતે ભેદ પ્રતિપક્ષ સહિત, એમ ચૌદ પ્રકાર શ્રુત જ્ઞાનના જાણવા. ૬.

વિવેચન—અક્ષર શ્રુત ૧, અનક્ષર શ્રુત ૨, સંજ્ઞિશ્રુત ૩, અસંજ્ઞિશ્રુત ૪, સમ્યક્ત્વશ્રુત ૫, મિથ્યાશ્રુત ૬, સાદિશ્રુત ૭, અનાદિશ્રુત ૮, (ખલુ) નિશ્ચે સપર્યવસિતશ્રુત ૯, અપર્યવસિતશ્રુત ૧૦, ગમિકશ્રુત ૧૧, અગમિકશ્રુત ૧૨, અંગપ્રવિષ્ટશ્રુત ૧૩, અંગબાહ્યશ્રુત ૧૪, એ સાત સૂત્રોક્ત ભેદ તે પોતાના પ્રતિપક્ષી સહિત કહેવા એટલે ચૌદ ભેદ શ્રુતજ્ઞાનના જાણવા. એ ચૌદ ભેદનું વિવેચન કરે છે. અક્ષર શ્રુત ત્રણ પ્રકારે-સંજ્ઞાક્ષર ૧, વ્યંજનાક્ષર ૨, લબ્ધ્યક્ષર ૩; એમાં સંજ્ઞાક્ષર તે અઢાર ભેદે લિપિ-અક્ષરના આકાર જાણવા. તેનાં નામ "હંસલિવી ૧ ભૂઅલિવી ૨, જખ્ખા ૩ તહ રખ્ખસી અ ૪ બોધવ્વા; ઉમ્મી ૫ જવણિ ૬ તુરૂક્કી ૭, કીરી ૮ દવિડી અ ૯ સિંધવિઆ ૧૦ ॥ ૧ ॥ માલવિણી ૧૧ નડિ ૧૨ નાગરિ ૧૩, લાડલિવી ૧૪ પારસી અ ૧૫ બોધવ્વા; તહ અ નિમિત્તીઅ ૧૬ તહા, ચાણક્કી ૧૭ મૂલદેવી અ ૧૮" ॥૨॥ વ્યંજનાક્ષર તે અકારાદિ હકાર પર્યંત બાવન અક્ષર મુખે ઉચ્ચરવારુપ. એ બે અજ્ઞાનાત્મક છે પણ શ્રુતના કારણ માટે શ્રુત કહીએ. લબ્ધ્યક્ષર તે અર્થને પ્રત્યયે કરીને ગર્ભાક્ષર લાધે, એ અક્ષરે કરીને અભિલાપ્ય ભાવ પ્રતિપાદવા, જે માટે લોકમાં અનંતા ભાવ અનભિલાપ્ય છે. યત પન્નવણિજ્જા ભાવા, અણંતભાગો ઉ અણભિલપ્પાણ ॥પન્નવણિજ્જાણ પુણ, અણતભાગો સુઅનિબદ્ધો ॥૧॥ એ અક્ષર શ્રુત કહિયે ૧. અનક્ષર તે ક્ષ્વેડિત શિરકંપન હસ્ત ચાલનાદિકે કરી સુજને તેડે છે, વારે છે; ઈત્યાદિ અભિપ્રાયનું જાણવું તે અનક્ષરશ્રુત ૨. સંજ્ઞા ૩ છે-દીર્ઘકાલિકી ૧, હેતૂપદેશિકી ૨, દ્દષ્ટિવાદોપદેશિકી ૩. તિહાં એ કેમ કરવુ ? કેમ થાશે ? ઇત્યાદિ અતીત અનાગત ઘણા કાળનું ચિંતવવું તે દીર્ઘકાલિકી ૧. જે તાત્કાલિક ઇષ્ટ, અનિષ્ટ વસ્તુ જાણીને પ્રવૃત્તિ નિવૃત્તિ થાય તે હેતૂપદેશિકી ૨. ક્ષાયોપશમિક જ્ઞાને કરી સમ્યગ્દ્દષ્ટિપણું હોય તે દ્દષ્ટિવાદોપદે-

શિકી ૩. એ ત્રણ્ય સંજ્ઞા છે. ત્યાં વિકળેંદ્રિય અસંજ્ઞીને હેતૂ-પદેશિકી સંજ્ઞા છે અને સજ્ઞી પંચેંદ્રિયને દીર્ઘકાલિકી સંજ્ઞા છે. તે માટે સર્વ આગમમાંહે દીર્ઘકાલિકી સંજ્ઞાએ સંજ્ઞિપણું કહીએ તે સંજ્ઞીનું શ્રુત તે સંજ્ઞિ શ્રુત કહીએ ૩. મનરહિત અસંજ્ઞીનું શ્રુત તે અસંજ્ઞીશ્રુત ૪. સમ્યગ્દૃષ્ટિ પ્રણીત તથા મિથ્યાદૃષ્ટિ પ્રણીત પણ સમ્યગ્દૃષ્ટિ પાસે આવ્યું તે સમ્યક્-શ્રુત કહિયે, યથાવસ્થિત ભાવના [1]અવગમ થકી ૫. તેહજ મિથ્યાદૃષ્ટિને હાથે આવ્યું મિથ્યા શ્રુત કહિયે, યથાવસ્થિત બોધના અભાવ થકી. यत–सदसदऽविसेसणाओ, भवहेउ जहिच्छिओ*वलभाओ; नाणफलाभावाओ, मिच्छोदिट्ठिस्स अ-न्नाण १ પૂર્વાંતર્ગતેયં ગાથા. તથા દ્રવ્ય થકી એક પુરૂષ આશ્રયીને સાદિ સપર્યવસિત છે, ઘણા પુરૂષ આશ્રયીને અનાદિ અપર્યવસિત છે. ક્ષેત્ર થકી ભરત ઐરવત આશ્રયી સાદિ સપર્યવસિત છે. મહાવિદેહ આશ્રયી અનાદિ અપર્યવસિત છે. કાળથકી ઉત્સર્પિણી અવસર્પિણી આશ્રયી સાદિ સપર્યવસિત છે, નોઉત્સર્પિણી નોઅવસ-ર્પિણી આશ્રયી અનાદિ અપર્યવસિત છે. ભાવથકી ભવ-સિદ્ધિયા આશ્રયી સાદિ સપર્યવસિત છે नट्ठमि अ छाउमत्थिए नाणे ઇતિ વચનાત્ અને અભવસિદ્ધિયા આશ્રયી ક્ષાયોપ-શમિક ભાવે અનાદિ અપર્યવસિત છે ૧૦. ગમા તે સરખા પાઠ જ્યાં હોય તે ગમિકશ્રુત दृष्टिवादगतं ૧૧. અગમિક તે અણસરખા અક્ષર આલાવા જ્યાં હોય તે અગમિક શ્રુત कालिकश्रुतगता: ૧૨. અંગ પ્રવિષ્ટ તે દ્વાદશાંગી ૧૩. અંગ-બાહ્ય તે શ્રી આવશ્યકાદિક, ૧૪. એ ચૌદ ભેદ શ્રુતજ્ઞાનના જાણવા. ॥ ૬ ॥

---

૧ બોધ. * યદચ્છા–સ્વેચ્છાના ઉપલભ થકી

શ્રુત જ્ઞાનના વીશ ભેદ

પજ્જયઅક્ખરપયસંઘાયા, પડિવત્તિ તહ ય અણુઓગો;
પાહુડપાહુડપાહુડ-વત્થૂપુવ્વા ય સસમાસા ॥ ૭ ॥

પજ્જય-પર્યાયશ્રુત	**પાહુડપાહુડ**-પ્રાભૃતપ્રાભૃત શ્રુત
અક્ખર-અક્ષરશ્રુત.	**પાહુડ**-પ્રાભૃતશ્રુત
પય-પદશ્રુત	**વત્થૂ**-વસ્તુશ્રુત.
સંઘાયા-સંઘાતશ્રુત	**પુવ્વા**-પૂર્વશ્રુત
પડિવત્તિ-પ્રતિપત્તિશ્રુત	**ય**-અને
તહ ય-તેમજ.	**સસમાસા**-સમાસ સહિત.
અણુઓગો-અનુયોગશ્રુત	

અર્થ—પર્યાય શ્રુત, અક્ષર શ્રુત, પદશ્રુત અને સંઘાત શ્રુત; પ્રતિપત્તિશ્રુત તેમજ અનુયોગ શ્રુત; પ્રાભૃતપ્રાભૃત શ્રુત, પ્રાભૃત શ્રુત, વસ્તુશ્રુત અને પૂર્વશ્રુત (એ દશ ભેદ) સમાસે કરી સહિત વીશ ભેદ શ્રુતજ્ઞાનના જાણવા. ૭.

વિવેચન—હવે ૨૦ ભેદ કહે છે-પર્યાયશ્રુત ૧, પર્યાયસમાસશ્રુત ૨, અક્ષરશ્રુત ૩, અક્ષરસમાસશ્રુત ૪, પદશ્રુત ૫, પદસમાસશ્રુત ૬, સંઘાતશ્રુત ૭, સંઘાતસમાસશ્રુત ૮, પ્રતિપત્તિશ્રુત ૯, પ્રતિપત્તિસમાસશ્રુત ૧૦, તેમજ અનુયોગ શ્રુત ૧૧, અનુયોગસમાસશ્રુત ૧૨, પ્રાભૃતપ્રાભૃતશ્રુત ૧૩, પ્રાભૃતપ્રાભૃતસમાસશ્રુત ૧૪, પ્રાભૃતશ્રુત ૧૫, પ્રાભૃતસમાસ શ્રુત ૧૬, વસ્તુશ્રુત ૧૭, વસ્તુસમાસશ્રુત ૧૮, પૂર્વશ્રુત ૧૯, પૂર્વસમાસશ્રુત ૨૦. સૂત્રોક્ત દશ ભેદ તે વળી સમાસ સહિત એટલે વીશ થાય. હવે એ વીશ ભેદનુ વિવેચન કરે છે. પર્યાય તે જ્ઞાનનો એક સૂક્ષ્મ અંશ-અવિભાગ પલિચ્છેદ, લબ્ધિ અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદીયા જીવનુ જે સર્વથી જઘન્યશ્રુત માત્ર, તે થકી અન્ય જીવને વિષે એક જ્ઞાનનો અ-

વિભાગ પલિચ્છેદ અંશ વધે તે પર્યાયશ્રુત કહીએ ૧, અને જે બે ત્રણ પ્રમુખ જ્ઞાનાંશ વધે એટલે જીવને વિષે અનેક પર્યાયનું જ્ઞાન તે પર્યાયસમાસ શ્રુત ૨, અકારાદિક લબ્ધ્યક્ષર એકનું જાણવું તે અક્ષરશ્રુત ૩, બે ત્રણ અક્ષરનું જાણવું તે અક્ષરસમાસશ્રુત ૪, **अर्थपरिसमाप्ति पदं तथा विभक्त्यंतं पद** એમ કહેવાય છે પણ તેવાં પદ અહીં ગ્રહણ નહિ કરતાં શ્રી *આચારાંગને વિષે અઢારહજાર પદ કહ્યાં છે તે માંહેલાં એક પદનું જ્ઞાન તે પદ શ્રુત ૫, તે પદનો સમુદાય-ઘણા પદનું જ્ઞાન તે પદસમાસ શ્રુત ૬, **गइइंद्रिय अ काए** ઇત્યાદિ ગાથાએ ઉક્ત દ્વારનો એક દેશ જે ગત્યાદિક તેહનો પણ એક દેશ દેવગત્યાદિક તેહની જે માર્ગણાનું જ્ઞાન તે સંઘાતશ્રુત ૭, તે બે ત્રણ માર્ગણાનું જ્ઞાન તે સંઘાતસમાસશ્રુત ૮, ગત્યાદિ એક દ્વારે જીવની માર્ગણાનું જ્ઞાન તે પ્રતિપત્તિશ્રુત ૯, બેથી માંડી સર્વ માર્ગણાનું જ્ઞાન તે પ્રતિપત્તિસમાસશ્રુત ૧૦, **संतपयपरूवणया** ઈત્યાદિક [1]અનુયોગ કહિએ, તે માંહેલા એકનું જ્ઞાન તે અનુયોગશ્રુત ૧૧, તે બે ત્રણ અનુયોગનું જાણવુ તે અનુયોગસમાસશ્રુત ૧૨, પ્રાભૃતને અંતર્વર્ત્તિ અધિકાર વિશેષ તે પ્રાભૃતપ્રાભૃતશ્રુત ૧૩, તે બે ત્રણનુ જ્ઞાન તે પ્રાભૃતપ્રાભૃતસમાસ શ્રુત ૧૪, વસ્તુને અંતર્વર્ત્તિ અધિકાર તે પ્રાભૃતશ્રુત

---

* આચારાગ, ૨ સુયગડાગ, ૩ ઠાણાગ, ૪ સમવાયાગ, ૫ ભગવતી, ૬ જ્ઞાતા ધર્મ કથા, ૭ ઉવાસગ દસા, ૮ અતગડ દસા ૯ અનુત્તરોવવાઈ દસા, ૧૦ પ્રશ્ન વ્યાકરણ અને ૧૧ વિપાક સૂત્ર એ અગ્યાર અગના એકેકથી અનુક્રમે બમણા બમણા પદ છે

૧ **संतपय०** ઈત્યાદિ નવતત્ત્વની ગાથાવડે ૯ અનુયોગ કહ્યા છે અને દશપૂર્વી **શ્રીમદ્ ઉમાસ્વાતિજી** મહારાજે તત્ત્વાર્થાધિગમ સૂત્રને વિષે **सत् संख्या०** ઇત્યાદિ સૂત્રવડે ‘ **ભાગ** ’ વિના બાકીના ૮ અનુયોગ વર્ણવ્યા છે

૧૫, તે બે ત્રણનું જ્ઞાન તે પ્રાભૃતસમાસશ્રુત ૧૬, પૂર્વાંતર્વર્ત્તિ અધિકાર તે વસ્તુશ્રુત ૧૭, તે બે ત્રણનું જ્ઞાન તે વસ્તુસમાસ શ્રુત ૧૮, [1]ઉત્પાદ પૂર્વાદિક એક પૂર્વનું જ્ઞાન તે પૂર્વશ્રુત ૧૯, તે બે ત્રણનું જ્ઞાન તથા સંપૂર્ણ ચૌદ પૂર્વનું જ્ઞાન તે પૂર્વ-સમાસશ્રુત ૨૦, એ વીસ ભેદ શ્રુતજ્ઞાનના સંક્ષેપથકી વર્ણવ્યા વિસ્તાર બૃહત્કર્મ્મપ્રકૃતિથકી જાણવો. એ શ્રુત-જ્ઞાની દ્રવ્યથી ઉપયોગવંત થકો સર્વ દ્રવ્ય જાણે દેખે, ક્ષેત્ર થકી ઉપયોગી શ્રુતજ્ઞાની સર્વ ક્ષેત્ર લોકાલોક જાણે દેખે. કાળથકી ઊપયોગી શ્રુતજ્ઞાની સર્વ કાળ જાણે દેખે અને ભાવ થકી ઉપયોગવંત શ્રુતજ્ઞાની સર્વ ભાવ જાણે દેખે. તે માટે જ સંપૂર્ણ શ્રુત જ્ઞાની તે કેવળી સરખો કહીએ. એ પ્રકારે શ્રુત જ્ઞાનના ભેદ કહ્યા. ॥ ૭ ॥

---

૧ બાર અગ માહેના ૧૧ અગના નામ અને પદ પ્રથમ વર્ણવ્યા છે અને દ્રષ્ટિવાદ બારમુ અગ જે હાલ વિચ્છેદ ગયુ છે તેના ૧ પરિકર્મ, ૨ સૂત્ર, ૩ પૂર્વાનુયોગ, ૪ પૂર્વગત અને ૫ ચુલિકા એમ પાચ ભેદ છે, તે મધ્યે ૧૪ પૂર્વનુ જ્ઞાન તે પૂર્વગત શ્રુતજાણવુ, તેના નામ અને પદ આ પ્રમાણે—૧ ઉત્પાદ પૂર્વના એક ક્રોડ, ૨ અગ્રા-યણીના ૯૬ લાખ, ૩ વીર્યપ્રવાદના ૭૦ લાખ, ૪ અસ્તિપ્રવાદના ૬૦ લાખ, ૫ જ્ઞાનપ્રવાદ પૂર્વના એક ક્રોડમા એક ઓછુ, ૬ સત્યપ્રવાદના એક ક્રોડ અને ૭, ૭ આત્મપ્રવાદના ૨૬ ક્રોડ, ૮ કર્મપ્રવાદના એક ક્રોડ એશી લાખ, ૯ પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વના ૮૪ લાખ, ૧૦ વિદ્યાપ્રવાદના એક ક્રોડ દશ હજાર, ૧૧ કલ્યાણ પૂર્વના ૨૬ ક્રોડ, ૧૨ પ્રાણાયુ પૂર્વના ૫૬ લાખ ક્રોડ, ૧૩ ક્રિયાવિશાલ પૂર્વના ૯ ક્રોડ અને ૧૪ શ્રી લોકબિંદુસાર પૂર્વના ૧૨॥ લાખ પદો છે પ્રાય ૫૧૦૮૮૬૮૪૦ શ્લોકનુ એક પદ થાય છે આ ચૌદ પૂર્વના અર્થનો વિસ્તાર ઘણોજ છે, એક હાથી પ્રમાણ કાજ-ળના ઢગલાની શાહીથી લખી શકાય તેટલો પહેલા પૂર્વનો અર્થ છે અને તેથી બમણો બમણો વિસ્તારે અનુક્રમે ચૌદ પૂર્વનો છે

અણુગામિવઢ્ઢમાણય–પડિવાઈયરવિહા છહા ઓહી;
રિઉમઇવિઉલમઇ મણ–નાણં કેવલમિગવિહાણં ॥૮॥

અણુગામિ–સાથે ચાલનારૂં	**ઓહી**–અવધિજ્ઞાન
વઢ્ઢમાણય–વર્દ્ધમાન (વધતું.)	**રિઉમઈ**–ઋજુમતિ
પડિવાઈ–પ્રતિપાતિ (આવીને પાછુ જાય તે)	**વિઉલમઈ**–વિપુલમતિ
ઇયરવિહા–વિપરિત ભેદે.	**મણનાણં**–મન પર્યવજ્ઞાન
છહા–છ પ્રકારે	**કેવલં**–કેવલજ્ઞાન
	ઈગવિહાણં–એક ભેદે.

અર્થ—અનુગામિ, વર્દ્ધમાન અને પ્રતિપાતિ (એ ત્રણ) પ્રતિપક્ષી ભેદ સહિત છ પ્રકારે અવધિજ્ઞાન[1] જાણવું. ઋજુમતિ અને વિપુલમતિ એ બે પ્રકારે મન પર્યાયજ્ઞાન અને કેવળજ્ઞાન એક પ્રકારે છે. ૮.

વિવેચન—હવે અવધિજ્ઞાનના ભેદ કહે છે.-અનુગામિ અવધિજ્ઞાન ૧, અનાનુગામી અવધિજ્ઞાન ૨, વર્દ્ધમાન અવધિજ્ઞાન ૩, હીયમાન અવધિજ્ઞાન ૪, પ્રતિપાતી અવધિજ્ઞાન ૫, અપ્રતિપાતી અવધિજ્ઞાન ૬; એ ત્રણ ભેદ સૂત્રોક્ત અને તે થકી ઇતર ત્રણ ભેદ એવં ૬ છ ભેદે અવધિજ્ઞાન હોય.

1 તત્ત્વાર્થ સૂત્ર અ૦ ૧ સૂત્ર ૨૩ મા અવધિજ્ઞાનના છ ભેદ આ પ્રમાણે છે–૧ અનુગામિ, ૨ અનાનુગામિ, ૩ હીયમાન, ૪ વર્દ્ધમાન, ૫ અનવસ્થિત અને ૬ અવસ્થિત પહેલા ચાર ભેદ કર્મ ગ્રંથની સાથે મળતા આવે છે અનવસ્થિત એટલે વધે, ઘટે, ઉત્પન્ન થાય ઉત્પન્ન થયેલુ જાય, આમા ઉપરના પાચમા ભેદનો સમાવેશ થાય છે અને અવસ્થિત નામનો છઠ્ઠો ભેદ પ્રતિપાતિને મળતો છે તે જેટલા ક્ષેત્રનુ અવધિ જ્ઞાન પ્રાપ્ત થયુ હોય તેટલુ કેવળજ્ઞાન થતા સુધી કાયમ રહે અગર મરણ પર્યંત રહે અને કેટલાએક (તીર્થંકરાદિ)ને બીજા ભવમા પણ સાથે જાય છે

અવધિજ્ઞાન બે ભેદે છે. ૧ ભવ પ્રત્યયિક અને ૨ ગુણપ્રત્યયિક. ભવપ્રત્યયિક તે દેવતા નારકીને હોય અને ગુણ પ્રત્યયિક મનુષ્ય તિર્યંચને હોય; તે ગુણપ્રત્યયિક છ ભેદે છે, તેહનું વિવેચન નીચે પ્રમાણે-જે સ્થાનકે રહ્યાં અવાધ ઊપન્યુ તે સ્થાનકથી અન્યત્ર જાય તોપણ લોચનનીપેરે સાથે આવે તે અનુગામિ અવધિ જ્ઞાન ૧, જે સ્થાનકે રહ્યાં ઉપન્યું હતું તે સ્થાનકે આવે ત્યારેજ હોય અન્યત્ર જાય ત્યારે ન હોય, શૃંખલાબદ્ધ દીપકનીપેરે, તે ક્ષેત્ર પ્રત્યયી ક્ષયોપશમ માટે, તે અનાનુગામી અ૦ ૨, ઘણાં ઘણાં ઈંધણને પ્રક્ષેપે જેમ અગ્નિ વધે તેમ પ્રશસ્ત અતિ પ્રશસ્તતર અધ્યવસાય થકી સમયે સમયે અવધિજ્ઞાન વધે પ્રથમ ઊપજતા અંગુળને અસંખ્યાતમે ભાગે ક્ષેત્ર જાણે દેખે, પછી વધતુ વધતું યાવત્ અલોકને વિષે લોક જેવડાં અસંખ્યાતાં ખંડક દેખે તે વર્દ્ધમાન અ૦ ૩, પૂર્વે શુભ પરિણામવશે ઘણું ઊપજે અને પછી તથાવિધ સામગ્રીને અભાવે પડતે પરિણામે કરીને ઘટતું જાય તે હીયમાન અ૦ ૪, જે સંખ્યાતાં અસંખ્યાતા યોજન ઉત્કૃષ્ટપણે યાવત્ સમગ્ર લોક દેખીને પણ પડે, આવ્યું જાય તે પ્રતિપાતી અ૦ ૫, જે સમગ્ર લોકને દેખીને અલોકનો એક પ્રદેશ દેખે, આવ્યું ન જાય તે અપ્રતિપાતી અ૦ ૬. હીયમાન અને પ્રતિપાતીમાં શું વિશેષ છે ? તત્રોત્તર હીયમાન તે હળવે હળવે ઘટતું જાય અને પ્રતિપાતિ તે વિધ્યાત પ્રદીપની પરે સમકાળે સામટુ જાય એ વિશેષ છે; એ છ ભેદે અવધિજ્ઞાન જાણવું. એ અવધિજ્ઞાની દ્રવ્યથી જઘન્યપણે અનંતા રૂપી દ્રવ્ય જાણે દેખે, ઉત્કૃષ્ટપણે સર્વરૂપી દ્રવ્ય જાણે દેખે; ક્ષેત્રથકી અવધિજ્ઞાની જઘન્યથી અંગુળનો અસખ્યાતમો ભાગ જાણે દેખે, ઉત્કૃષ્ટપણે અલોકને વિષે લોક જેવડાં અસખ્યાતા ખંડક જાણે દેખે; કાળથકી અવધિજ્ઞાની જઘન્યથી આવળિકાનો અસંખ્યાતમો ભાગ જાણે દેખે, ઉત્કૃષ્ટપણે અસંખ્યાતી ઉત્સ-

ર્પિણી અવસર્પિણી લગે અતીત અનાગત કાળ જાણે દેખે; ભાવથકી અવધિજ્ઞાની જઘન્યથી અનંતા ભાવ જાણે દેખે, ઉત્કૃષ્ટપણે પણ અનંતા ભાવ જાણે દેખે-સર્વ ભાવનો અનંતમો ભાગ જાણે દેખે; એ પ્રમાણે અવધિજ્ઞાન કહ્યું. વિભંગ જ્ઞાન તે મિથ્યાત્વીને હોય તે માટે મલીન છે. ભાવથી અવળું સવળું જાણે દેખે પણ તે અવધિજ્ઞાનનીજ જાતિ છે તે માટે ભેળું જાણવું.

હવે મનઃપર્યવ જ્ઞાનના ભેદ કહે છે,—અઢી દ્વીપમાં જે સંજ્ઞીપંચેંદ્રિયજીવના મનોગત ભાવ જાણે તે મનઃપર્યવજ્ઞાન કહીએ. તે બે ભેદ છે—ઋજુમતી ૧, વિપુલમતી ૨, જેમ-એણે ઘડો ચિંતવ્યો છે એટલુંજ સામાન્યપણે મનનો અધ્યવસાય ગ્રહે તે ઋજુમતી ૧. તથા એણે ઘડો ચિંતવ્યો છે તે દ્રવ્યથી સુવર્ણનો, સુકુમાળ ઇત્યાદિ વિશેષગ્રાહિણી મતિ તે વિપુલમતી ૨, કહિએ; એ મન પર્યવજ્ઞાનના બે ભેદ કહ્યા. હવે તે મન પર્યવજ્ઞાની ઋજુમતી દ્રવ્યથી અનંતાઅનંત પ્રદેશી સ્કંધ જાણે દેખે અને વિપુલમતી તેહીજ સ્કંધ અધિકેરા દેખે વિશુદ્ધપણે દેખે; ક્ષેત્રથકી ઋજુમતી હેઠે રત્નપ્રભાના ક્ષુલ્લક પ્રતર લગે, ઊંચું જ્યોતિષીના ઊપર તલા લગે, તિર્છું અઢી દ્વીપમાં હે એટલે અઢી દ્વીપ બે સમુદ્રમાં આવેલ પન્નર કર્મભૂમિ, ત્રીશ અકર્મ ભૂમિ, છપ્પન્ન અંતર દ્વીપને વિષે સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તાના-મનોગત ભાવ જાણે દેખે અને વિપુલમતી તેહજ ક્ષેત્ર અઢી અંગુળે અધિક દેખે અને તે વળી વિશુદ્ધ દેખે; કાળથકી [1]ઋજુમતી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જઘન્યથી અને

---

૧ ઋજુમતિ અને વિપુલમતિમા વિશુદ્ધિ અને અપ્રતિપાતિપણા વડે કરીને ભેદ છે, અર્થાત્ વિપુલમતિ વિશેષ શુદ્ધ અને અપ્રતિપાતિ (આવેલુ ન જાય એવુ) છે ત્યારે ઋજુમતિ તેના કરતાં ઓછુ શુદ્ધ અને પ્રતિપાતિ છે તત્વા૦ અ૦ ૧ સૂ૦ ૨૫

ઉત્કૃષ્ટો અતીત અનાગત કાળ જાણે દેખે અને વિપુલમતી તેહજ અધિકેરો અને વિશુદ્ધતર જાણે દેખે.[1] ભાવ થકી ઋજુમતી અનંતા ભાવ જાણે દેખે-સર્વ ભાવનો અનંતમો ભાગ જાણે દેખે અને વિપુલમતી તેહજ અધિકેરો અને વિશુદ્ધતર જાણે દેખે.

હવે કેવળજ્ઞાન કહે છે,-તે કેવળજ્ઞાન એકજ પ્રકારે છે. સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સમકાળે સામટુ ગ્રહે-જાણે દેખે તે માટે સહુને સરખું હોય. [2]केवल शुद्धं तदावरणापगमात् सकल वा केवल तत्प्रथमतयैव निःशेष तदावरणविगमत सपूर्णोत्पत्ते असाधारणं वा केवल अनन्यसदृशत्वात् अनंतं वा केवल ज्ञेयाऽनतत्वादनतकालावस्थायित्वाद्वा निर्व्याघात वा केवल लोकेऽलोके वा प्रसक्तौ व्याघाताभावात् तथा केवल एक मत्यादिचतुष्करहितत्वात्. જેમ સૂર્યાસ્ત છતે ચંદ્ર

---

૧ તત્ત્વા૦ અ૦ ૧ સૂ૦ ૨૬ મા અવધિજ્ઞાન અને મનપર્યાયજ્ઞાનનો ભેદ આ પ્રમાણે જણાવ્યો છે—૧ અવધિજ્ઞાન કરતા મનપર્યાયજ્ઞાનની વિશુદ્ધિ વધારે છે, ૨ બન્નેની ક્ષેત્રની મર્યાદા જૂદી જૂદી છે, ૩ અવધિજ્ઞાન ચારે ગતિના જીવોને થાય અને મનપર્યાયજ્ઞાન તો મનુષ્ય સયતનેજ થાય છે, ૪ અવધિજ્ઞાની રૂપી દ્રવ્યો અને તેના કેટલાક પર્યાયોને જાણે ત્યારે મનપર્યાય જ્ઞાની અવધિ વડે જણાતા રૂપી દ્રવ્યના અનતમે ભાગે (મનુષ્ય ક્ષેત્રમા મનપણે પરિણમેલા મનો દ્રવ્યને) જાણે

૨ કેવળ એટલે શુદ્ધ, તેના આવરણનો નાશ થવાથી અથવા પ્રથમથીજ તેના સર્વ આવરણો જવાથી પરિપૂર્ણ ઉપજે છે તેથી કેવળ એટલે સપૂર્ણ અથવા તેના સમાન બીજુ નહિ હોવાથી કેવળ એટલે અસાધારણ અથવા જ્ઞેય અનત છે તેથી તથા અનતકાળ રહેનારૂ છે માટે કેવળ એટલે અનત અથવા લોકાલોકને વિષે વ્યાપ્ત થવામા તેને વ્યાઘાતનો અભાવ છે તેથી કેવળ એટલે નિર્વ્યાઘાત અથવા મત્યાદિચાર જ્ઞાનરહિત છે માટે કેવળ એટલે ફક્ત એક

તારક દીપાદિક પ્રકાશ કરે. તેમ કેવળજ્ઞાનાવરણે મત્યાદિકના આવરણને ક્ષયોપશમે જીવાજીવાદિકનો કાંઈક પ્રકાશ થાય અને સૂર્ય ઉગ્યે જેમ ચંદ્રાદિકનો પ્રકાશ અંતર્ભૂત થાય તેમ કેવળજ્ઞાનાવરણ ટળે ત્યારે મત્યાદિક સર્વ જ્ઞાનનો પ્રકાશ તેમાં અંતર્ભૂત થાય अत्रकश्चिद्रुक्ति—જો મત્યાદિક પોતપોતાના આવરણને ક્ષયોપશમે પ્રકટ થાય છે તો સર્વથા ક્ષયે તો અતિ વિશુદ્ધજ થાય. तत्रोत्तर જેમ અતિ ઘન પટલમાંહે રહ્યા સૂર્યનો પ્રકાશ કટકુટયાવરણ વિવરે પેઠો શકો ઘટાદિક પ્રકાશે તેમ કેવળાવરણ છતે મત્યાવરણાદિકને ક્ષયોપશમે કાંઈક પ્રકાશ કરે તે મત્યાદિક જ્ઞાન કહેવાય અને સર્વાવરણ ટળે તો સૂર્યનીપરે કેવળજ્ઞાનજ કહેવાય પણ અનેરાં જ્ઞાન ન કહેવાય.[1] હવે તે કેવળજ્ઞાની દ્રવ્ય થકી રુપી અરુપી સર્વ દ્રવ્ય જાણે દેખે. ક્ષેત્ર થકી કેવળજ્ઞાની લોક અલોક સર્વ ક્ષેત્ર જાણે દેખે. કાળ થકી કેવળજ્ઞાની સર્વ અતીત અનાગત વર્ત્તમાન કાળ સમકાળે જાણે

---

૧ આ સબંધી તત્વાર્થ૦, અ૦, ૧ સ૦ ૩૧ માના ભાષ્યમા આ પ્રમાણે છે કે—કેવળજ્ઞાન થાય ત્યારે મત્યાદિ જ્ઞાન હોય કે નહિ ? ન હોય કેટલાક આચાર્ય મત્યાદિનો અભાવ માનતા નથી પરંતુ જેમ આકાશમા સૂર્યનો પ્રકાશ થયે છતે તેનાથી પરાભવ પામેલા અગ્નિ મણિ, ચંદ્ર, નક્ષત્ર વગેરેનો પ્રકાશ અપ્રગટ—અંતર્ભૂત થઇ જાય છે તેમ કેવળજ્ઞાન થયે છતે આંખ વગેરે ઇંદ્રિયોની પેઠે મતિ આદિ જ્ઞાનોની પ્રભા ટકાઇ જાય છે કેટલાક આચાર્ય વળી કહે છે કે અપાય અને સમ્યકત્વ મોહનીયના દલિકવડે મતિજ્ઞાન થાય છે, શ્રુતજ્ઞાન મતિ પૂર્વક થાય છે અને અવધિજ્ઞાન અને મન પર્યાયજ્ઞાનનો વિષય રૂપી દ્રવ્યને વિષે છે આ સઘળુ ક્ષયોપશમભાવે પ્રાપ્ત થાય છે અને તે ભાવ કેવળીને નથી માટે કેવળીને તે ચાર જ્ઞાન ન હોય વળી ચાર જ્ઞાનોનો એક સાથે ઉપયોગ થતો નથી ક્રમે થાય છે ત્યારે કેવળજ્ઞાન દર્શનનો સમયાંતર ઉપયોગ એક સાથે હોય છે

દેખે. ભાવથકી કેવળજ્ઞાની સર્વ જીવ અજીવના સર્વ ભાવ જાણે દેખે. એ પ્રકારે કેવળજ્ઞાનનું સ્વરુપ કહ્યું. એ પાંચ જ્ઞાનના ભેદ કહ્યા. ૮.

એસિં જં આવરણં, પડુવ્વ ચખ્ખુસ્સ તં તયાવરણં;
દંસણ ચઉ પણ નિદ્દા, વિત્તિસમં દંસણાવરણં ॥ ૯॥

એસિં, જં-એ જ્ઞાનોનું, જે.	દંસણ-દર્શનાવરણ
આવરણં-આચ્છાદન.	ચઉ-ચાર
પડુવ્વ-પાટાની પેઠે	પણનિદ્દા-પાચ નિદ્રા.
ચખ્ખુસ્સ-આંખના	વિત્તિસમં-પોળીઆ જેવુ
તં-તે.	દંસણાવરણં-દર્શનાવરણ.
તયાવરણં-તેનુ આવરણ	

અર્થ—ચક્ષુને પાટાની પેઠે એ જ્ઞાનોનું જે આચ્છાદન કરે તે તેનું આવરણ (જ્ઞાનાવરણ) કર્મ કહેવાય છે. દર્શનાવરણ ચાર અને નિદ્રા પાંચ છે. પોળીયા જેવું દર્શનાવરણ કર્મ છે. ૯.

વિવેચન—હવે જ્ઞાનાવરણીય કર્મ્મ તે શું કહીએ તે કહે છે-એ પાંચ જ્ઞાનનાં જે આવરણ તે તે જ્ઞાનાવરણીય કહીએ. આવરણ તે આંખના પાટાની પેરે, જેમ આંખે પાટો બાંધ્યે કાંઇ સૂઝે નહીં તેમ મતિજ્ઞાનનાં આવરણ આડાં આવે તેથી મતિ ઉપજે નહી તે મતિજ્ઞાનાવરણીય કહિએ ૧, શ્રુતજ્ઞાનનાં આવરણ આડાં છતે શ્રુત આવડે નહીં તે શ્રુત જ્ઞાનાવરણીય કહિએ ૨, અવધિજ્ઞાનનાં આવરણ આડાં છતે અવધિજ્ઞાન ઊપજે નહિ તે અવધિજ્ઞાનાવરણીય કહિએ ૩. મન પર્યવ જ્ઞાનનાં આવરણ આડાં છતે મન:પર્યવ જ્ઞાન ઊપજે નહિ તે મન પર્યવજ્ઞાનાવરણીય

કહિએ ૪, કેવળજ્ઞાનનાં આવરણ આડાં છતે કેવળજ્ઞાન ઉપજે નહિ તે કેવળ જ્ઞાનાવરણીય કર્મ્મ કહિએ ૫, એ જ્ઞાનાવરણીય કર્મ્મની પાંચ ઉત્તર પ્રકૃતિ કહી.

હવે દર્શનાવરણીય કર્મ્મની નવ ઉત્તર પ્રકૃતિ કહે છે-ચાર દર્શનનાં આવરણ અને પાંચ નિદ્રા એ નવ ભેદે દર્શનાવરણીય કર્મ્મ કહિએ. તે વેત્રી સમાન કહ્યું, વેત્રી તે પ્રતીહાર-પોળિયો તેણે રોકયો મનુષ્ય જેમ રાજાનું દર્શન ન પામે તેમ દર્શનાવરણે આવર્યા જીવને તથાવિધ પદાર્થનું દર્શન ન થાય. ૯

દર્શનાવરણના ચાર ભેદ.

ચખ્ખૂદિટ્ઠિઅચખ્ખૂ-સેસિંદિઅઓહિકેવલેહિં ચ;
દંસણમિહ સામન્નં, તસ્સાવરણં તયં ચઉહા ॥ ૧૦ ॥

ચખ્ખૂદિટ્ઠિ-ચક્ષુ તે દ્રષ્ટિ	**ચ** શબ્દે મન લેવું.
અચખ્ખૂ-અચક્ષુ	**દંસણમિહ**-દર્શન, અહીં.
સેસ-બાકીની (આંખવિના)	**સામન્નં**-સામાન્ય ઉપયોગ.
ઇંદિય-ઇંદ્રિયો	**તસ્સાવરણં**-તેનુ આવરણ.
ઓહિ-અવધિ	**તયં**-તેજ નામે
કેવલેહિં-કેવલવડે	**ચઉહા**-ચાર ભેદે

અર્થ-ચક્ષુ તે દ્રષ્ટિ, અચક્ષુ તે બાકીની ઇંદ્રિય અને મન, અવધિ અને કેવળવડે કરી દર્શન (ચાર પ્રકારનું) જાણવું. દર્શન સિદ્ધાન્તમાં સામાન્યોપયોગ કહેવાય છે તેનું આવરણ તે ચાર પ્રકારે છે. ૧૦.

વિવેચન—દૃષ્ટિ-આંખે કરીને દેખવું તે ચક્ષુદર્શન કહિયે ૧, શેષ ચાર ઈંદ્રિય અને મન તેણે કરી જાણવું દેખવું તે અચક્ષુદર્શન કહિયે ૨, અવધિદર્શન ૩, કેવળ

દર્શન ૪; ઇહ-પ્રવચને સિદ્ધાંતમાં સામાન્યોપયોગ તે સામાન્યપણે દેખવું તે દર્શન કહિયે અને વિશેષોપયોગ તે વિશેષપણે જાણવું તે જ્ઞાન કહિયે; છદ્મસ્થને પ્રથમ સામાન્યોપયોગી દર્શન હોય; અને પછી વિશેષોપયોગી જ્ઞાન હોય અને કેવળીને પ્રથમ પહેલે સમયે કેવળજ્ઞાન હોય અને બીજે સમયે કેવળદર્શન હોય. તે દર્શનને આવરે-આચ્છાદે (ઢાંકે) તે તદાવરણ કર્મ્મ કહિયે. જેમ ચક્ષુદર્શનને આવરે તે ચક્ષુદર્શનાવરણ ૧, અચક્ષુ દર્શનને આવરે તે અચક્ષુદર્શનાવરણ ૨, અવધિદર્શનને આવરે તે અવધિદર્શનાવરણ ૩, કેવળ દર્શનને આવરે તે કેવળદર્શનાવરણ કર્મ્મ કહિએ ૪. ઇહાં એકેંદ્રિય, બેંદ્રિય, તેંદ્રિયને તો મૂળથી ચક્ષુ હોયજ નહી; ચઉરિંદ્રિય, પંચેદ્રિયને ચક્ષુ હોય તો પણ વિણસે, તિમિરાદિકે તેજ હીન હોય, એ ચક્ષુદર્શનાવરણનો ઉદય. એકેંદ્રિય અને વિકલેંદ્રિયને ઇંદ્રિય ન્યુન હોય, પંચેંદ્રિયને સર્વ ઇંદ્રિય પૂરાં હોય તોપણ હીણાં હોય, બધિર મૂકાદિક હોય તે અચક્ષુદર્શનાવરણનો ઉદય. અવધિ, કેવળ ન હોય તેને અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણનો ઉદય કહિએ. ઇહાં કોઈક કહે જે અવધિ અને કેવળ દર્શન કહ્યાં તેમ મનઃપર્યવ દર્શન કેમ ન કહ્યું ? તત્રોત્તરં-મનઃપર્યવજ્ઞાની તથાવિધ ક્ષયોપશમને પરવડાપણે (વિશાળતા વડે) કરીને પ્રથમ અને પછી પણ મનના ભાવ વિશેષપણેજ ગ્રહે, સામાન્યપણું હોયજ નહી તે માટે દર્શન ન કહ્યું. ॥ ૧૦ ॥

સુહપડિબોહા નિદ્દા, નિદ્દાનિદ્દા ય દુક્ખપડિબોહા;
પયલા ઠિઓવવિઠુસ્સ, પયલપયલા ઉ ચંકમઓ ॥૧૧॥

સુહપડિબોહા-સુખે પ્રતિ- | પયલા-પ્રચલા.

બોધ(જાગવુ)છે જેમા તે.	**ઠિઓવવિટ્ઠસ્સ**–ઉભા તથા બેઠાને.
નિદ્દા–નિદ્રા.	
નિદ્દાનિદ્દા ય–નિદ્રાનિદ્રા. અને.	**પયલપયલા**–પ્રચલા પ્રચલા.
દુખ્ખપડિબોહા–દુ ખે જાગવુ થાય છે. જેમાં તે	**ઉ**– વળી, તો.
	ચંકમઓ–ચાલતાં થકા

અર્થ—સુખે જાગવું થાય છે જેમાં તે નિદ્રા અને દુખે જાગવું થાય છે જેમાં તે નિદ્રાનિદ્રા, ઉભેલા અને બેઠેલાને ઉંઘ આવે તે પ્રચલા, પ્રચલા પ્રચલા વળી ચાલતાને આવે તે જાણવી. ૧૧.

વિવેચન—સુખે-લઘુ શબ્દ કર્યેજ જાગે તે નિદ્રા કહિએ ૧, દુખે-ઘણુ ઘોલના કર્યે જાગે તે નિદ્રા નિદ્રા (અત્યંત નિદ્રા) કહિએ ૨, ઊભો થકો બેઠો થકો ઊંઘે તે *પ્રચલા-કહિએ. ૩, પ્રચલા થકી પણ અત્યત ચાલતો થકો પણ ઊંઘે તે પ્રચલાપ્રચલા કહિએ. ૪. ॥ ૧૧ ॥

દિણચિંતિઅત્થકરણી,થીણદ્ધી અદ્ધચકિકઅદ્ધબલા;
મહુલિત્તખગ્ગધારા,–લિહણં વ દુહા ઉ વેઅણિઅં॥૧૨॥

દિણચિંતિ–દિવસે ચિતવેલ	**મહુલિત્ત**–મધથી લેપાયેલી
અથ્થકરણી–અર્થને કરનારી	**ખગ્ગધારા**–ખડ્ગની ધારને.
થીણદ્ધી–થીણદ્ધી,સ્ત્યાનગૃદ્ધિ	**લિહણંવ**–ચાટવા સરખુ.
અદ્ધચક્કિ–વાસુદેવના.	**દુહા ઉ**–બે ભેદેજ.
અદ્ધબલા–અર્દ્ધા બલવાળી	**વેઅણિઅં**–વેદનીય કર્મ

અર્થ—દિવસે ચિન્તવેલ કાર્યને કરવાવાળી થિણદ્ધી નિદ્રા વાસુદેવના અર્દ્ધ બળવાળી જાણવી. મધથી ખરડા-

---

* " प्रचलति विघूर्णते यस्यां स्वापावस्थायां प्राणी सा प्रचला "

ચેલ ખડ્ગધારને ચાટવા સરખું એ પ્રકારનું નિશ્ચે વેદનીય કર્મ છે. ૧૨.

વિવેચન—દિવસે ચિંતવ્યું કાર્ય પોતાને કરવા અશક્ય તે રાત્રે નિદ્રા માંહે કરે તે થીણદ્ધી નિદ્રા કહિએ. ૫. તે થીણદ્ધી નિદ્રા આવ્યે વજ્રૠષભનારાચસંઘયણવાળા જીવને અર્દ્ધચક્રી જે વાસુદેવ તેનાથી અર્દ્ધ બળ હોય, તે મરીને નરકે જાય, છેવઠા સંઘયણવાળાને પણ એ નિદ્રા માંહે બમણું ત્રમણું બળ વધે. स्त्याना सघातीमता गृद्धिर्दिनचिंतितार्थसाधनविषयाऽभिकांक्षा यस्यां सा स्त्यानगृद्धि । प्राकृतत्वात् थीणद्धी इति निपात ॥ એ નવ ભેદે દર્શનાવરણ કર્મ્મ કહ્યું. હવે વેદનીય કર્મ્મ બે ભેદે કહે છે. મધુલિપ્ત ખડ્ગધારાનું ચાટવું તેની પરે બે ભેદે વેદનીય કર્મ્મ છે, એમાં મધુના ચાટવાનીપરે સાતાવેદનીય, અને ખડ્ગધારાએ જીભ છેદાય તેની પેરે અસાતા વેદનીય; એ બે પ્રાયે સંલગ્નજ હોય. ૧૨

ઓસન્નં સુરમણુએ, સાયમસાયં તુ તિરિઅનિરએસુ;
મજ્જંવ મોહણીઅં, દુવિહ દંસણચરણમોહા ॥ ૧૩ ॥

ઓસન્નં-પ્રાય	**મજ્જં**-મદિરા
સુર-દેવતાને વિષે.	**વ**-પેઠે
મણુએ-મનુષ્યને વિષે.	**મોહણીઅં**-મોહનીય કર્મ.
સાયમ્-શાતા વેદનીય.	**દુવિહં**-બે પ્રકારે
અસાયં-અશાતા વેદનીય.	**દંસણ**-દર્શન.
તિરિઅ-તિર્યંચ	**ચરણ**-ચારિત્ર
નિરએસુ-નારકીને વિષે	**મોહા**-મોહનીય થકી.

અર્થ—ઘણું કરીને દેવતા અને મનુષ્યને સાતાવેદનીય

અને તિર્યંચ અને નારકીને વિષે અસાતા વેદનીય હોય છે. મદિરા જેવું મોહનીય કર્મ જાણવું, તે દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયથકી બે પ્રકારે છે. ૧૩.

વિવેચન--પ્રાયઃ દેવતા મનુષ્યને વિષે સાતા વેદનીયનો ઉદય હોય, પણ નિશ્ચે નહી; કેમકે ચ્યવનકાળ તથા ગર્ભાવાસે ચિત્તની ઉદ્વેગતાએ દુખ પણ હોય છે. અને તિર્યંચ નારકીને પ્રાયે અસાતા વેદનીયનો ઉદય હોય, તે પણ નિશ્ચય નહી, કેમકે જિન જન્માદિ કાળે નારકીને પણ સુખ હોય તથા પટ્ટ હસ્તી તુરંગમાદિકને સાતાપણ હોય. એ બે ભેદ વેદનીય કર્મ્મ કહ્યું.

હવે મોહનીય કર્મ્મ કહે છે. મદિરાપાન સરખુ મોહીનય કર્મ્મ છે, જીવને મુંઝાવે, વિવેકથી વિકળ કરે તે મોહનીય બે ભેદે છે,–યથાવસ્થિત તત્ત્વનું શ્રદ્ધાન તે દર્શન કહિએ, તેને વિષે મુંઝવે તે દર્શન મોહનીય ૧ અને ચારિત્ર તે શુદ્ધાચરણ તેહને વિષે મુંઝવે તે ચારિત્ર મોહનીય કહિએ. ૧૩

દર્શનમોહનીય કર્મના ભેદ.

દંસણમોહં તિવિહં, સમ્મં મીસં તહેવ મિચ્છત્તં;
સુદ્ધં અદ્ધવિસુદ્ધં, અવિસુદ્ધં તં હવઇ કમસો ॥ ૧૪ ॥

દંસણમોહં–દર્શનમોહનીય.	સુદ્ધં–શોધેલું.
તિવિહં–ત્રણ પ્રકારે	અદ્ધવિસુદ્ધં–અર્દ્ધ શોધેલું.
સમ્મં–સમ્યકત્વ મોહનીય.	અવિસુદ્ધં–અણ શોધ્યું.
મીસં–મિશ્ર મોહનીય.	તં–તે
તહેવ–તેમજ.	હવઇ–હોય.
મિચ્છત્તં–મિથ્યાત્વમોહનીય.	કમસો–અનુક્રમે.

અર્થ—દર્શન મોહ ત્રણ પ્રકારે છે. સમ્યકત્વ, મિશ્ર તેમજ મિથ્યાત્વ તે અનુક્રમે શુદ્ધ, અર્દ્ધશુદ્ધ અને અશુદ્ધ હોય છે. ૧૪.

વિવેચન—દર્શન મોહનીય ત્રણ પ્રકારે છે તેનાં નામ- સમ્યકત્વમાં મુંઝવે તે સમ્યકત્વ મોહનીય૧,મિશ્રપણામા મુઝવે તે મિશ્ર મોહનીય ૨, તેમજ વળી મિથ્યામતિમાં મુંઝાઈ રહે તે મિથ્યાત્વ મોહનીય કહિએ. ૩. જેમ મદન કોદ્રવ ધાન્ય શોધ્યું-ખાંડયુ-તુસ રહિત તે વિકાર ન કરે, અર્ધ શોધ્યું કાંઈક વિકાર કરે અને અણશોધ્યું-અણખાંડયું-તુસ સહિત તે ઘણો વિકાર કરે; તેમ મિથ્યાત્વના પુદ્ગળ શુદ્ધ કર્યા તે સમ્યકત્વ મોહનીય ૧, અર્દ્ધશોધ્યા તે મિશ્ર મોહનીય ૨, અને અણશોધ્યા-મલીન તે મિથ્યાત્વ મોહનીય ૩ ॥ ૧૪ ॥

સમ્યકત્વનું સ્વરૂપ.

જિઅઅજિઅપુણ્ણપાવા—સવસંવરબંધમુખ્ખનિજ્જરણા;
જેણં સદ્દહઇ તયં, સમ્મં ખઇગાઇબહુભેઅં ॥ ૧૫ ॥

જીય—જીવતત્ત્વ
અજીય—અજીવતત્ત્વ.
પુણ્ણ—પુન્યતત્ત્વ.
પાવ—પાપતત્ત્વ
આસવ—આશ્રવતત્ત્વ
સંવર—સંવરતત્ત્વ.
બંધ—બંધતત્ત્વ.
મુખ્ખ—મોક્ષતત્ત્વ.
નિજ્જરણા—નિર્જરા તત્ત્વ
જેણં—જેનાવડે
સદ્દહઈ—સદ્દહે.
તયં—તે.
સમ્મં—સમ્યકત્વ.
ખઇગાઇ—ક્ષાયકાદિ.
બહુભેઅં—બહુ ભેદે (છે).

અર્થ—જીવ, અજીવ, પુન્ય, પાપ, આશ્રવ, સંવર, બન્ધ, મોક્ષ અને નિર્જરા (એ નવ તત્ત્વો) ને જે કર્મવડે

સદ્દહે છે તે સમ્યકત્વ કહેવાય છે, તે ક્ષાયિકાદિ બહુ ભેદ વાળું છે. ૧૫.

વિવેચન—વળી તેનું સ્વરૂપ કહે છે–ચેતના લક્ષણ તે જીવતત્ત્વ ૧૪ ભેદે ૧, જડ લક્ષણ તે અજીવતત્ત્વ ૧૪ ભેદે ૨, શુભ પ્રકૃતિનો ઉદય તે પુન્યતત્ત્વ ૪૨ ભેદે ૩, અશુભ પ્રકૃતિનો ઉદય તે પાપતત્ત્વ ૮૨ ભેદે ૪, કર્મનું મેળવવું તે આશ્રવતત્ત્વ ૪૨ ભેદે ૫, આશ્રવનું રૂંધવું તે સંવર તત્ત્વ ૫૭ ભેદે ૬, કર્મ્મનો બંધ તે બંધતત્ત્વ ૪ ભેદે ૭, કર્મનો અત્યંત વિયોગ તે મોક્ષતત્ત્વ ૮, કર્મ્મનુ છાંડવું તે નિર્જરા તત્ત્વ ૧૨ ભેદે ૯, એ નવ તત્ત્વ જેણે કરીને સદ્દહે તે સમ્યકત્વ કહિયે; તે સમ્યકત્વ ક્ષાયિકાદિક બહુ ભેદે છે. ક્ષાયિક ૧, વેદક ૨, ક્ષાયોપશમિક ૩, ઔપશમિક ૪ અને સાસ્વાદન ૫; તેમાં ક્ષાયિક તે અપૌદ્ગલિક શુદ્ધ સમ્યકત્વ છે અને ઔપશમિક સાસ્વાદન પણ અપુદ્ગળિક છે ત્યાં પુદ્ગળની સત્તા તો છે પણ વેદવુ નથી તે માટે. અને ક્ષાયોપશમિક તે સમ્યકત્વમોહનીય કહિયે, પુદ્ગળના વેદવા માટે. ઇહા કોઇક કહે કે સમ્યકત્વ પુદ્ગળ શુદ્ધ છે વિકાર ન કરે તો તેને મોહનીય કેમ કહો છો? તેનો ઉત્તર એ છે જે પુદ્ગળિક સમ્યકત્વ તે મિથ્યાત્વનાં દળિયાં છે તે શુદ્ધ થકાં સમ્યકત્વપણે કહવાય પણ તીવ્ર મોહને ઉદયે પાછા અશુદ્ધ થાય, તે માટે પુદ્ગળિક સમ્યકત્વને સમ્યકત્વ મોહનીય કહિએ છીએ. ૧૫.

મીસા ન રાગદાસો, જિણધમ્મે અંતમુહુ જહા અન્ને;
નાલિયરદીવમણુણો મિચ્છં જિણધમ્મવિવરીઅં ॥૧૬॥

મીસા–મિશ્ર મોહનીયથકી
ન–ન હોય.
અન્ને–અન્નને વિષે
નાલિયરદીવ-નાલિકેર દ્વીપના

રાગદોસો-રાગદ્વેષ	માણુણો-મનુષ્યને.
જિણધમ્મે-જિન ધર્મને વિષે.	મિચ્છં-મિથ્યાત્વ.
અંતમુહુ-અંતર્મુહૂર્ત્ત.	જિણધમ્મ-જિન ધર્મથી.
જહા-જેમ.	વિવરીઅં-વિપરીત

અર્થ—મિશ્ર મોહનીયના ઉદયથી જિન ધર્મને વિષે રાગ કે દ્વેષ ન હોય. અંતર્મુહૂર્ત કાળ સુધી રહે. જેમ અનાજને વિષે નાલિકેર દ્વીપના મનુષ્યને રાગદ્વેષ નથી તેમ. અને મિથ્યાત્વ તે જિનધર્મથી વિપરીત જાણવું. ૧૬.

વિવેચન—મિશ્રમોહનીયને ઉદયે જિન ધર્મ્મને વિષે રાગ પણ ન હોય અને દ્વેષ પણ ન હોય, સમભાવ હોય. તે મિશ્રપણું અંતર્મુહૂર્ત્ત પ્રમાણજ હોય; દૃષ્ટાંત કહે છે કે-જેમ અન્ન ઉપર નાલિયેરદ્વીપના મનુષ્યને રાગ પણ ન હોય, દ્વેષ પણ ન હોય; કેમકે તે મનુષ્યે અન્ન દીઠું સાંભળ્યું નથી. તે માટે એ મિશ્ર મોહનીય કહીએ. જિનપ્રણીત ધર્મ્મથકી વિપરીત મતિ હોય-શુદ્ધ ધર્મ્મ સર્વથા રૂચે નહી તે મિથ્યાત્વ મોહનીય કહીએ. એ ત્રણ દર્શનમોહનીય કહી. ॥ ૧૬ ॥

ચારિત્રમોહનીય કર્મ.

સોલસ કસાય નવ નો-કસાય* દુવિહં ચરિત્તમોહણિઅં;
અણઅપચ્ચખ્ખાણા, પચ્ચખ્ખાણા ય સંજલણા ॥૧૭॥

સોલસકસાય-સોલ કષાય	અણ-અનંતાનુબંધિ
નવ નોકસાય-નવ નોકષાય	અપચ્ચખ્ખાણા-અપ્રત્યાખ્યાનીય.
દુવિહં-(એમ) બે પ્રકારે	

* कषायसहचारित्वात्, कषायप्रेरणादपि । कषायपरिणामाच्च, नोकषाये कषायता ॥ १ ॥

ચરિત્તમોહણિયં–ચારિત્ર મોહનીય છે. | **પચ્ચખ્ખાણા**–પ્રત્યાખ્યાનીય **સંજલણા**–સંજ્વલન.

અર્થ—સોળ કષાય, નવ નોકષાય એમ બે પ્રકારે ચારિત્રમોહનીય જાણવું. અનંતાનુંબંધિ, અપ્રત્યાખ્યાનીય,* પ્રત્યાખ્યાનીય અને સંજ્વલન એ ચાર પ્રકારે કષાયો જાણવા. (દરેકના ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર ચાર ભેદ હોવાથી ૧૬ ભેદ થયા) ૧૭.

વિવેચન—હવે ચારિત્ર મોહનીય બે ભેદે છે-કષાય મોહનીય ૧, નોકષાય મોહનીય ૨; તેમાં કષાય મોહનીય ૧૬ ભેદે છે અને નોકષાય મોહનીય નવ ભેદે છે, કષાય[1] તો નહિ પણ કષાયને ઉપજાવે, કષાયના સહચારી, કષાયને પ્રેરક, કષાયપણે પરિણમે તે માટે નોકષાય કહીએ. અનંતા સંસારના [2]અનુબંધિ મિથ્યાત્વનો ઉદય કરે તે અનંતાનુબંધી ચાર કષાય ૧, જેહના ઉદયથી થોડું પણ પચ્ચખ્ખાણ ઉદય ન આવે તે અપ્રત્યાખ્યાનીય ચાર કષાય ૨, સર્વ વિરતિરૂપ પચ્ચખ્ખાણને આવરે તે પ્રત્યાખ્યાનાવરણ ચાર કષાય-ક્રોધ, માન, માયા અને લોભ ૩, ચારિત્રીયાને પણ લગારેક

---

* અપ્રત્યાખ્યાનાવરણ

૧ જેને વિષે પ્રાણીઓ પરસ્પર પીડાય તે **કષ** એટલે સંસાર તેનો **આય** એટલે લાભ જેનાથી થાય તે કષાય અથવા જે વડે જીવો સંસાર તરફ જાય તે કષાય અર્થાત્ જેનાથી સંસારની પરંપરા વધે તે કષાય

૨ અનુબંધ–પરંપરાવાળા

બાળે (ઉદય આવે-પ્રગટ થાય) તે સંજ્વલન ચાર કષાય ૪. એમ ૪×૪=૧૬ [૨]સોળ થયા. ॥ ૧૭ ॥

ચાર કષાય મોહનીય.

જાજીવવરિસચઉમાસ-પખ્ખગાનિરયતિરિઅનરઅમરા;
સમ્માણુસવ્વવિરઈ–અહખ્ખાયચરિત્તઘાયકરા ॥૧૮॥

જાજીવ–યાવત્ જીવ લગે.
વરિસ–વરસ લગે
ચઉમાસ–ચાર માસ લગે.
પખ્ખગા–પખવાડીયા લગે રહેનારા.
તિરિય–તિર્યંચ.
નર–મનુષ્ય.
અમરા–દેવતા.
સમ્મ–સમ્યક્ત્વ.
અણુ–અણુવ્રત
સવ્વવિરઈ–સર્વ વિરતિ.
અહખ્ખાય–યથાખ્યાત.
ચરિત્ત–ચારિત્રના
ઘાયકરા–ઘાત કરનારા.

અર્થ—તે અનુક્રમે જાવજજીવ, વરસ, ચાર માસ અને પખવાડીયા સુધી રહેવાવાળા; નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિના કારણભૂત અને સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વ વિરતિ અને યથાખ્યાત ચારિત્રનો ઘાત કરનારા છે. ૧૮.

વિવેચન—ચારે અનંતાનુબંધિયા કષાય ઉત્કૃષ્ટ યાવ-

---

૨ આ ૧૬ કષાયના રસની અપેક્ષાએ ૬૪ ભેદ થાય છે, જેમકે અનંતાનુબંધી ક્રોધ હોય તેનો રસ, અનંતાનુબંધિ, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય અને સંજ્વલનના રસ જેવો હોય, એમ ૧૬ ભેદના દરેકના ઉક્ત ચાર ચાર પ્રકારના રસ હોવાથી ૬૪ ભેદ થાય છે

જાજીવ લગે રહે* ૧, અપ્રત્યાખ્યાનીયા વર્ષ લગે રહે ૨, પ્રત્યાખ્યાનીયા કષાય ચાર માસ લગે રહે ૩, અને સંજ્વલન કષાય પક્ષ લગે રહે ૪. વળી અનંતાનુબંધિના ઉદયે મરે તે નરકે જાય ૧, અપ્રત્યાખ્યાનીયાને ઉદયે મરે તે તિર્યંચ થાય ૨, પ્રત્યાખ્યાનીયાને ઉદયે મરે તે મનુષ્ય થાય ૩, સંજ્વલનના ઉદયે મરે તે દેવગતિએ જાય ૪. અનંતાનુબંધિયા કષાય સમ્યકત્વ પામવા ન આપે ૧, અપ્રત્યાખ્યાનીયા દેશવિરતિ ચારિત્ર પામવા ન આપે ૨, પ્રત્યાખ્યાનીયા સર્વવિરતિ હણે (પામવા ન આપે) ૩, સંજ્વલના કષાય પોતાને ઉદયે યથાખ્યાત ચારિત્રનો ઘાત કરે. ૪. ॥ ૧૮ ॥

ક્રોધ અને માનનું સ્વરૂપ.

જલરેણુપુઢવિપવ્વય–રાઇસરિસો ચઉવ્વિહો કોહો;
તિણિસલયાકટ્ઠઠ્ઠિઅ–સેલત્થંભોવમો માણો ॥ ૧૯ ॥

જલ–જલની રેખા જેવો	તિણિસલયા–નેત્રની સોટી.
રેણુ–રેતીની રેખા જેવો.	કટ્ઠ–કાષ્ટ (લાકડા)
પુઢવી–માટીની રેખા જેવો.	અટ્ઠિઅ–હાડકાં.
પવ્વય–પર્વતની.	સેલ–પત્થરના.

* **जाजीववरिस०** એ વચન વ્યવહારનય આશ્રયી જાણવું પણ નિશ્ચે નહી, જે માટે બાહુબલિ પ્રમુખને વર્ષ લગે પણ સંજ્વલના કષાય રહ્યા દીસે છે તથા **निरय तिरिय नर अमरा** એ વચન પણ પ્રાયિક દીસે છે, જે માટે અનંતાનુબંધિના ઉદયવંત મિથ્યાત્વી ગ્રેવેયક લગે પણ ઉપજે છે, અપ્રત્યાખ્યાનીયાના ઉદયવંત મનુષ્ય પણ થાય છે અને પ્રત્યાખ્યાનીયાના ઉદયવંત દેશવિરતિવાળા, દેવ પણ થાય છે, તે માટે નિશ્ચે નહી

રાઈસરિસો-રેખા સરખો.
ચઉવ્વિહો-ચાર પ્રકારનો.
કોહો-ક્રોધ.
ત્થંભોવમો-થાંભલા જેવો.
માણો-માન.

અર્થ—પાણી, રેતી, પૃથ્વી અને પર્વતમાં કરેલ રેખા (લીસોટા) સદૃશ ચાર પ્રકારનો ક્રોધ[1] (અનુક્રમે) જાણવો. નેત્રની સોટી, કાષ્ઠ, હાડકા અને પત્થરના થાંભલા જેવો માન[2] જાણવો. ૧૯

વિવેચન—જળની રેખા સમાન સંજવલન ક્રોધ, તરત વિલય જાય ૧, રેતી મધ્યે રેખા સમાન પ્રત્યાખ્યાન ક્રોધ, વાયરે મટે ૨, ફાટી ગયેલી પૃથ્વીની રેખા સમાન અપ્રત્યાખ્યાનીય ક્રોધ, મેહ વૂઠે મટે. ૩, ફાટી ગયેલા પર્વતની રાય (રેખા-ત્રડ) સમાન અનંતાનુબંધિ ક્રોધ, કોઈ વખતે પણ ન મટે ૪; એ ચાર ભેદે ક્રોધના ચાર દૃષ્ટાંત કહ્યાં. તિનિસ તે નેત્રલતા તે સરખો સંજવલન માન, સુખે નમાડીયે તેમ નમે ૧, કાષ્ટ સરીખો પ્રત્યાખ્યાનીય માન, ઉપાયે નમે ૨, અસ્થિ-હાડકા સરખો અપ્રત્યાખ્યાનીય માન, મહા કષ્ટે નમે ૩, પથ્થરના સ્તંભ સરખો અનંતાનુબંધિ માન, કોઈ રીતે નમેજ નહી ૪; એ માનના દૃષ્ટાંત કહ્યાં. ૧૯

માયા અને લોભનું સ્વરૂપ.

માયાવલેહિગોમુત્તિ-મિંઢસિંગઘણવંસિમૂલસમા;
લોહો હલિદ્દખંજણ-કદ્દમકિમિરાગસામાણો(સારિચ્છો)૨

૧ પરની ઉપર તીવ્ર પરિણામે મુખાદિ અવયવ તપાવવા તે
૨ જાતિકુળ આદિથી ઉત્પન્ન થયેલ અહંકાર

માયા–માયા.
અવલેહિ–વાંસની છોલ સરખી.
ગોમુત્તિ–બળદના મૂત્રની ધારા સરખી
મિંઢસિંગ–ઘેટાના શીંગડા સરખી.
ઘણવંસિ–કઠણ વાંસના.
મૂલસમા–મૂળ સરખી
લોહો–લોભ.
હલિદ્દ–હળદર.
ખંજણ–આંજણ, કાજળ.
કદ્દમ–ગાડાની મળી.
કિમિરાગ–કીરમજનો રંગ.
સામાણો–સરખો.
સારિચ્છો–સરખો.

અર્થ—વાંસની છોલ, બળદની મૂત્રધારા, મેંઢાના શિંગડા અને કઠણ વાંસના મૂળ સમાન માયા[3] જાણવી. હળદર, કાજળ, ગાડાની મળી અને કીરમજના રંગસમાન લોભ[4] જાણવો. ૨૦

વિવેચન—વંશાદિકની છોલ તે અવલેહી કહીએ તે સરખી સંજ્વલની માયા જાણવી, એ સુખે વળે-પોતાની વક્રતા છાંડે૧,વૃષભના મૂત્રની ધારા સરખી પ્રત્યાખ્યાની માયા,પવનાદિકે વક્રતા છાંડે ૨,મેંઢા(ઘેટા)ના શૃંગ સરખી અપ્રત્યાખાની માયા, તેની વક્રતા અતિ કષ્ટે ટળે ૩, ઘન કઠિન વંશીમૂળ સરખી અનંતાનુબંધિની માયા, તેની કુટિલતા કોઇ રીતે ટળેજ નહી ૪; એ ૪ દૃષ્ટાંત માયાનાં કહ્યાં. જેમ હળદરનો રંગ સૂર્યને તડકે ટળે તે સરખો સંજ્વલન લોભ તુરત ટળે ૧, વસ્ત્રે લાગ્યુ દીવાનું કાજળ તે સરખો પ્રત્યાખ્યાનીય લોભ તે દુખે ઉતરે ૨, ગાડાના પઈડાંમાં હોય તે કર્દમ (મળી)સરખો અપ્રત્યાખ્યાનીય લોભ અતિ કષ્ટે ટળે૩,કિર-

૩ પરને છેતરવાની ઇચ્છા

૪ અસંતોષમય લાલચુ પરિણામ

મજી રંગ તે જેણે હીર (રેશમ) રંગાય તે સરખો અનંતાનુબંધિ લોભ તે કિમહી ન ટળે; એ ચાર દૃષ્ટાંત લોભના કહ્યાં. એ ૧૬ કષાય કહ્યા. ૨૦

હાસ્યાદિ છ મોહનીય.

જસ્સુદયા હોઇ જિએ,હાસ[1] રઈ[2] અરઇ[3] સોગ[4] ભય[5] કુચ્છા[6]
સનિમિત્તમન્નહા વા, તં ઇહ હાસાઇમોહણિયં ॥ ૨૧ ॥

જસ્સુદયા-જેના ઉદયથી.
હોઇ જિએ-જીવને હોય.
હાસ-હાસ્ય.
રઈ-રતિ.
અરઈ-અરતિ.
સોગ-શોક.
ભય-ભય.
કુચ્છા-દુગંચ્છા.
સનિમિત્તં-કારણ સહિત.
અન્નહા-અન્યથા.
વા-અથવા.
તં-તે.
ઇહ-અહીં-આગમમાં.
હાસાઇ-હાસ્યાદિ.
મોહણિયં-મોહનીય કર્મ.

અર્થ—જેના ઉદયથી જીવને હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય અને દુગંચ્છા, નિમિત્તે અગર નિમિત્ત વિના થાય તે અહીં (આગમમાં) હાસ્યાદ મોહનીય કર્મ કહેવાય છે. ૨૧

વિવેચન—હવે ૯ નોકષાય કહે છે. જે કર્મના ઉદય થકી જીવને હાંસુ (હાસ્ય) આવે ૧, સાતા વેદાય તે રતિ ૨, અરતિ તે અસાતા વેદાય ૩, શોક-ચિંતા ઉપજે ૪, ભય ઊપજે ૫, કુચ્છા તે જુગુપ્સા-દુગંચ્છા ઉપજે ૬. કોઇક નિમિત્તે (કારણે) અથવા અન્યથા-કારણ વિનાજ ઊપજે તે

ઇહાં હાસ્યાદિક છ ભેદ નોકષાય મોહનીય કહીએ. તે આ પ્રમાણે-હાસ્ય ૧, રતિ ૨, અરતિ ૩, શોક ૪, ભય ૫, અને જુગુપ્સા. ૨૧.

ત્રણ વેદ મોહનીયનું સ્વરૂપ.

પુરિસિત્થિતદુભયં પઇ, અહિલાસો જવ્વસા હવઇ સો ઉ
થીનરનપુવેઉદઓ, ફુંફુમતણુનગરદાહસમો ॥ ૨૨ ॥

પુરિસ–પુરૂષ.	નર–પુરૂષ વેદ.
ઈત્થિ–સ્ત્રી.	નપુ–નપુંસક.
તદુભયં–તે બે. પુરૂષ અને સ્ત્રી.	વેઉદઓ–વેદનો ઉદય
પઇ–પ્રત્યે	ફુંફુમ–કોઉદાહ (બકરીની લીંડીનો તાપ.)
અહિલાસો–અભિલાષ.	તણુ–તૃણદાહ.
જવ્વસા–જેના વશાથી.	નગરદાહ–નગરદાહ.
હવઇ–હોય.	સમો–સરખો.
સો ઉ–તે વળી.	
થી–સ્ત્રી વેદ	

અર્થ— પુરૂષ, સ્ત્રી અને તે બંનેના પ્રત્યે વાંચ્છા જે કર્મના વશાથી હોય તે વળી સ્ત્રી પુરૂષ અને નપુંસક વેદનો ઉદય જાણવો. તે અનુક્રમે કરીષ, ઘાસ અને નગરના અગ્નિ સમાન છે. ૨૨

વિવેચન—વારંવાર પુરૂષ સેવવાનો ૧, વારંવાર સ્ત્રી સેવવાનો ૨, અને પુરૂષ, સ્ત્રી બન્નેને સેવવાનો ૩, અભિલાષ-મૈથુન સેવવાની વાંચ્છા જે કર્મનેવશે કરીને હોય, તે અનુક્રમે સ્ત્રી ૧, પુરૂષ ૨, નપુંસક ૩, વેદનો ઊદય કહિએ. પુરૂષની વાંચ્છા કરે તે સ્ત્રી વેદનો ઉદય કહિએ ૧, સ્ત્રીની વાંચ્છા કરે તે પુરૂષ વેદનો ઉદય ૨, બેની વાંચ્છા કરે તે નપુંસક વેદનો

ઉદય ૩. કુંકુમ તે કરીષની અગ્નિ તે સરખો [1]સ્ત્રીવેદનો ઊદય મોડો ઉપશમે ૧, તૃણની અગ્નિ સરખો પુરૂષ[2]વેદનો ઊદય તુરત ઉપશમે ૨, નગરના દાહ સરખો નપુંસક[3] વેદનો ઉદય ૩, કેમે ઓલ્હાયે નહી. એ રીતે હાસ્યાદિક ૬ અને ૩ વેદ એમ ૯ નોકષાય. સોળ કષાય અને નવ નોકષાય એવં પચ્ચીશ ભેદ ચારિત્ર મોહનીય કહ્યું અને ત્રણ ભેદ દર્શન મોહનીય, એમ ૨૮ અઠ્ઠાવીશ ભેદ મોહનીય કર્મ્મ કહ્યું. ૨૨

આયુકર્મ અને નામ કર્મના ભેદો.

[1]સુરનરતિરિનિરયાઊ, હડિસરિસં નામકમ્મ ચિત્તિસમં;
બાયાલતિનવઇવિહં, તિઊત્તરસયં ચ સત્તઠ્ઠી ॥૨૩॥

---

૧ છાણ–બકરીની લીંડાનો અગ્નિ જેમ જેમ બારીએ તેમ તેમ વધારે તીવ્ર લાગે તેવી રીતે જેમ જેમ પુરૂષનો સ્પર્શ થાય તેમ તેમ અભિલાષા વધે અને નહિ ભોગવવાના વખતે ઢાંકેલા અગ્નિ (ભાઠા) સરખો મંદ હોય

૨ ઘાસનો અગ્નિ જેમ તુરત શાંત થાય તેવી રીતે, શ્લેષ્મવાળાને ખટાશ ખાવાની ઇચ્છા થાય તેમ સ્ત્રી ભોગવવાની વાંચ્છા થાય અને સેવન કર્યાથી તુરત શાંત થાય

૩ નગર દાહનો અગ્નિ જેમ ઘણા વખતે શાંત થાય તેવીજ રીતે સ્ત્રી પુરૂષને સેવવાની અભિલાષા અત્યંત થાય અને સેવન કર્યા છતા તૃપ્તિ ન થાય

સારી રીતે શોભે તે સુર અથવા વિશિષ્ટ ઐશ્વર્યને ભોગવે અથવા ભક્તોના ઇચ્છિતને સારી રીતે આપે તે સુર–દેવ વસ્તુતત્ત્વને સમસ્ત પ્રકારે એકત્ર કરે–જાણે તે નર–મનુષ્ય વાંકા ચાલે તે તિર્યંચ ઘણા પાપ કરનારા મનુષ્ય અને તિર્યંચને બોલાવે અથવા નાશ પામ્યુ છે શાતાવેદનીયાદિ શુભ કર્મ જેનુ તે નરકાવાસ અને તેની અંદર ઉત્પન્ન થયેલા જીવો તે નારક જાણવા

સુર–સુરાયુ.
નર–નરાયુ.
તિરિ–તિર્યંચાયુ.
નિરયાઉ–નરકાયુ.
હડિ સરિસં–હેડ સરખું.
નામકમ્મ–નામ કર્મ.
ચિત્તિસમ્મં–ચિતારા જેવું.
બાયાલ–બેંતાલીશ ભેદે.
તિનવઈવિહં–ત્રાણું ભેદે.
તિઉત્તરસયં–એકસો ત્રણ ભેદે
ચ–વળી
સત્તટ્ઠી–સડસઠ ભેદે.

અર્થ—દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરકનું આયુષ્ય હેડ સરખુ છે. નામ કર્મ ચિતારા સમાન છે. તે બહેંતાળીશ પ્રકારે, ત્રાણું પ્રકારે, એકસો ત્રણ પ્રકારે અને સડસઠ પ્રકારે છે. ૨૩

વિવેચન—હવે આયુ કમ્મ કહે છે-દેવાયુઃ ૧, મનુષ્યાયુઃ ૨, તિર્યંચાયુ ૩, નરકાયુ ૪; એ ચાર ભેદે આયુ કમ્મ છે. તે આયુઃકમ્મ હેડ સરખું છે,જેમ ખોડા (હેડ)માં ઘાલેલા ચોરાદિક ઘણુંએ નિકળવા વાંછે પણ વિવક્ષિત કાળ ભોગવી રહે ત્યારેજ નિકળે, તેમ જીવ જ્યાં ઉપન્યો હોય ત્યાંનું આયુઃ પૂર્ણ થાય ત્યારેજ નિકળી શકે. એ ૪ ભેદે આયુ કમ્મ કહ્યું.

હવે નામ કમ્મ કહે છે. તે નામ કમ્મ ચિત્રકાર સરખુ છે જેમ ચિતારો જેવું ચિત્ર આળેખવા વાંછે તેવું ચિતરે, તેમ જીવ પણ જેવી ગત્યાદિકે જવું હોય તેવું નામ કમ્મ બાંધે. તે નામ કમ્મ બેતાલીશ ૪૨ ભેદે પણ છે, ત્રાણુ ૯૩ ભેદે પણ છે, એકસોત્રણ ૧૦૩ ભેદે પણ છે અને ૬૭ સડસઠ ભેદે પણ છે. ૨૩

ચૌદ પિંડપ્રકૃતિનાં નામો.

ગઇજાઇતણુઉવંગા, બંધણસંઘાયણાણિ સંઘયણા;
સંઠાણવણ્ણગંધરસ–ફાસઅણુપુવ્વિવિહગગઇ ॥૨૪॥

ગઇ–ગતિ નામ.	સંઠાણુ–સંસ્થાન નામ.
જાઇ–જાતિ નામ.	વણ્ણ–વર્ણ નામ.
તણુ–શરીર નામ.	ગંધ–ગંધ નામ.
ઉવંગા–ઉપાંગ નામ.	રસ–રસ નામ.
બંધણુ–બંધન નામ.	ફાસ–સ્પર્શ નામ.
સંઘાયણાણિ-સંઘાતન નામ.	અણુપુવ્વિ–આનુપૂર્વી નામ.
સંઘયણા–સંઘયણ નામ.	વિહગગઈ–વિહાયો ગતિનામ.

વિવેચન—પ્રથમ બેંતાલીશ ભેદ કહે છે. ગતિ નામ કર્મ્મ ૧, જાતિ નામ કર્મ્મ ૨, શરીર નામ કર્મ્મ ૩, શરીરોપાંગ નામ કર્મ્મ ૪, શરીરબંધન નામકર્મ્મ ૫, શરીર સંઘાતન નામ કર્મ્મ ૬, સંઘયણ નામ કર્મ્મ ૭, સંસ્થાન નામ કર્મ્મ ૮, વર્ણ નામ કર્મ્મ ૯, ગધ નામ કર્મ્મ ૧૦, રસ નામ કર્મ્મ ૧૧, સ્પર્શ નામ કર્મ્મ ૧૨, આનુપૂર્વી નામ કર્મ્મ ૧૩, વિહાયોગતિ નામ કર્મ્મ ૧૪,

એ નામ કર્મ્મની પ્રકૃતિના અર્થ સૂત્રકાર જ આગળ કહેશે તેથી અહીં લખ્યો નથી ૨૪.

આઠ પ્રત્યેક પ્રકૃતિ.

પિંડપયડિત્તિ ચઉદસ, પરઘા[1]ઊસાસ[2]આયવુ[3]જ્જોઅં[4];
અગુરૂ[5]લહુતિત્થ[6]નિમિણો[7]–વઘાય[8]મિઅઅટ્ઠ પત્તેઆ ॥૨૫॥

પિંડપયડિત્તિ–પિંડ પ્રકૃતિ એમ.	અગુરૂલહુ–અગુરૂલઘુ નામ.
ચઉદસ–ચૌદ.	તિત્થ–તીર્થંકર નામ.
પરઘા–પરાઘાત નામ.	નિમિણો–નિર્માણ નામ.
ઊસાસ–ઉશ્વાસ નામ.	ઉવઘાયં–ઉપઘાત નામ.

આયવ–આતપ નામ.	**ઈઅ અટ્ઠ**–એમ એ આઠ.
ઉજ્જોઅં–ઉદ્યોત નામ.	**પત્તેયા**–પ્રત્યેક પ્રકૃતિ.

વિવેચન—એ પ્રકારે ૧૪ ચૌદ પિંડપ્રકૃતિ જાણવી. એક પ્રકૃતિને વિષે બે ત્રણ ચાર ભેળી હોય તે પિંડ પ્રકૃતિ કહિએ. હવે ૨૮ અઠ્ઠાવીશ પ્રત્યેક પ્રકૃતિ કહે છે. પરાઘાત નામ કર્મ્મ ૧, ઉશ્વાસ નામ કર્મ્મ ૨, આતપ નામ કર્મ્મ ૩, ઉદ્યોત નામ કર્મ્મ ૪, અગુરૂલઘુ નામ કર્મ્મ ૫, તીર્થંકર નામ કર્મ્મ ૬, નિર્મ્માણ નામ કર્મ્મ ૭, ઉપઘાત નામ કર્મ્મ ૮; એ આઠ પ્રત્યેક પ્રકૃતિ છે. પ્રત્યેક તે એકેકીજ છે, એ માંહી ભેળી કોઇ નથી. ॥ ૨૫ ॥

ત્રસ દશકનું વર્ણન.

તસબાયરપજ્જત્તં, પત્તેયથિરં સુભં ચ સુભગં ચ;
સુસરાઇજ્જજસં તસ–દસગં થાવરદસં તુ ઇમં ॥૨૬॥

તસ–ત્રસ નામ	**સુસ્સર**–સુસ્વર નામ.
બાયર–બાદર નામ.	**આઇજ્જ**–આદેય નામ.
પજ્જત્તં–પર્યાપ્ત નામ.	**જસં**–યશ નામ.
પત્તેય–પ્રત્યેક નામ.	**તસદસગં**–ત્રસદશક.
થિરં–સ્થિર નામ	**થાવર દસં**–સ્થાવર દશક
સુભં–શુભ નામ	**તુ**–તો.
સુભગં–સૌભાગ્ય નામ.	**ઇમં**–આ પ્રમાણે.

વિવેચન—ત્રસ નામ કર્મ્મ ૧, બાદર નામ કર્મ્મ ૨, પર્યાપ્ત નામ કર્મ્મ ૩, પ્રત્યેક નામ કર્મ્મ ૪, સ્થિર નામ કર્મ્મ ૫, શુભ નામ કર્મ્મ ૬, અને સુભગ નામ કર્મ્મ ૭; સુસ્વર નામ કર્મ્મ ૮, આદેય નામ કર્મ્મ ૯, યશ નામ

કર્મ ૧૦, એ ત્રસ દશક કહીએ. વળી વક્ષ્યમાણ (હવે કહીશું તે પ્રકારે) થાવરનો દશક જાણવો, તે કહે છે. ૨૬

સ્થાવર દશકનું વર્ણન.

થાવરસુહુમઅપજ્જં,સાહારણઅથિરઅસુભદુભગાણિ;
દુસરઅણાઇજ્જાજસ-મિઅનામે સેઅરા વીસં ॥૨૭॥

થાવર-સ્થાવર નામ.	દુસર-દુસ્વર નામ.
સુહુમ-સૂક્ષ્મ નામ.	અણાઈજ્જ-અનાદેય નામ.
અપજ્જં-અપર્યાપ્ત નામ.	અજસં-અયશ નામ.
સાહારણ-સાધારણ નામ	ઇઅનામે-એ નામે.
અથિર-અસ્થિર નામ.	સેયરા-ઇતર (બીજા-પ્રતિપક્ષી) સહિત (સ ઇયરા)
અસુભ-અશુભ નામ	વીસં-વીશ.
દુભગાણિ-દૌર્ભાગ્ય નામ.	

વિવેચન—સ્થાવર નામ કર્મ ૧, સૂક્ષ્મ નામ કર્મ ૨, અપર્યાપ્ત નામ કર્મ ૩, સાધારણ નામ કર્મ ૪, અસ્થિર નામ કર્મ ૫, અશુભ નામ કર્મ ૬, દુર્ભગ નામ કર્મ ૭, દુસ્વર નામ કર્મ ૮, અનાદેય નામ કર્મ ૯, અયશ નામ કર્મ ૧૦, એ નામે સ્થાવરનો દશકો જાણવો. ઈતર તે ત્રસ દશકા સહિત વીશ થાય. તે વળી પરાઘાતાદિક આઠ યુક્ત અઠ્ઠાવીશ પ્રત્યેક પ્રકૃતિ કહીએ, તેમાં ૧૪ ચૌદ પિંડ પ્રકૃતિ ભેળીએ ત્યારે ૪૨ ભેદ નામ કર્મના થયા. ૨૭

વિશેષ સંજ્ઞાઓ.

તસચઉ થિરછક્કં અથિર-છક્ક સુહુમતિગથાવરચઉક્કં;
સુભગતિગાઇવિભાસા,તયાઇસંખાહિ પયડીહિં॥૨૮॥

તસચઉ–ત્રસચતુષ્ક.
થિરછક્કં–સ્થિરષટ્ક.
અથિરછક્ક–અસ્થિરષટ્ક.
સુહુમતિગ–સૂક્ષ્મત્રિક.
થાવર ચઉક્કં–સ્થાવર ચતુષ્ક
સુભગતિગાઇ–સૌભાગ્ય ત્રિક
વિભાસા–વિશેષ સંજ્ઞા.[આદિ.
તયાઇ–તે પ્રકૃતિથી આદિ લઇ.
સંખાહિ–સંખ્યાવાળી.
પયડીહિં–પ્રકૃતિવડે(જાણવી.)

અર્થ—ત્રસ ચતુષ્ક, સ્થિર ષટ્ક, અસ્થિરષટ્ક, સૂક્ષ્મત્રિક, સ્થાવર ચતુષ્ક અને સૌભાગ્યત્રિક વગેરે સંજ્ઞા, તે (પ્રકૃતિ) આદિમાં લઇને તેટલી સંખ્યાની પ્રકૃતિવડે જાણવી ૨૮

વિવેચન—ત્રસ ચતુષ્ક કહ્યાથી ત્રસ ૧, બાદર ૨, પર્યાપ્ત ૩, અને પ્રત્યેક ૪, એ ૪ જાણવી. સ્થિરષટ્ક તે સ્થિર ૧, શુભ ૨, સુભગ ૩, સુસ્વર ૪, આદેય ૫, અને યશ ૬, એ ૭ જાણવી. અથિરષટ્ક તે અસ્થિર ૧, અશુભ ૨, દુર્ભગ ૩, દુસ્વર ૪, અનાદેય ૫,અને અયશ૬,એ ૭. સૂક્ષ્મત્રિક તે સૂક્ષ્મ ૧,અપર્યાપ્ત૨,અને સાધારણ૩.સ્થાવર ચતુષ્ક તેસ્થાવર૧,સૂક્ષ્મ ૨, અપર્યાપ્ત ૩, અને સાધારણ ૪. સુભગત્રિક તે સુભગ ૧, સુસ્વર ૨, આદેય ૩, એ ત્રણ જાણવી. આદિ શબ્દથી દુર્ભગ-ત્રિક પ્રમુખ વિભાષા સંજ્ઞા આગળ સૂત્રમાંહે કહેશે તે પ્રકૃતિથી માંડીને તેટલી સખ્યાએ પ્રકૃતિની,સંજ્ઞા જાણવી.૨૮

વન્નચઉ અગુરૂલહુચઉ,તસાઇદુ-તિ-ચઉર-છક્કમિચ્ચાઇ;
ઇઅ અન્નાવિ વિભાસા,તયાઇસંખાહિં પયડીહિં ॥૨૯॥

વણ્ણચઉ–વર્ણચતુષ્ક.
અગુરૂલહુચઉ–અગુરૂલઘુ ચતુષ્ક.
તસાઇદુ–ત્રસાદિદ્વિક.
ઇચ્ચાઇ–ઇત્યાદિ.
ઇય–એ.
અન્નાવિ–અનેરીપણ
વિભાસા–સંજ્ઞા.

તિ–ત્રસત્રિક,	તયાઇ–તે આદિમાં લઇ.
ચઉર–ત્રસચતુષ્ક.	સંખાહિઁ–તેટલી સંખ્યાએ.
છક્કં–ત્રસષટ્ક.	પયડીહિં–પ્રકૃતિવડે.

અર્થ—વર્ણ ચતુષ્ક, અગુરૂલઘુ ચતુષ્ક, ત્રસાદિદ્વિક,-ત્રિક-ચતુષ્ક-ષટ્ક ઇત્યાદિક આ અને બીજી પણ વિશેષ સંજ્ઞા, તે આદિમાં લઇને તેટલી સંખ્યાની પ્રકૃતિ વડે જાણવી. ૨૯

વિવેચન—વર્ણ ચતુષ્ક તે વર્ણ ૧, ગંધ ૨, રસ ૩, અને સ્પર્શ ૪, એ ચાર જાણવા. અગુરૂલઘુ ચતુષ્ક તે અગુરૂલઘુ ૧, ઉપઘાત ૨, પરાઘાત ૩, અને ઉશ્વાસ ૪, એ ચાર જાણવા. ત્રસદ્વિક તે ત્રસ ૧, બાદર ૨. ત્રસત્રિક તે ત્રસ ૧, બાદર ૨, અને પર્યાપ્ત ૩. ત્રસ ચતુષ્ક તે ત્રસ ૧, બાદર ૨, પર્યાપ્ત ૩, અને પ્રત્યેક ૪. ત્રસષટ્ક તે ત્રસ ૧, બાદર ૨, પર્યાપ્ત ૩, પ્રત્યેક ૪, સ્થિર ૫, અને શુભ ૬; ઇત્યાદિક એ અને અનેરી પણ વિભાષા વિશેષ સંજ્ઞા જે આગળ સૂત્રમાંહે જે પ્રકૃતિનું નામ કહેશે તે થકી માંડીને તેટલી સંખ્યાએ પ્રકૃતિની વિભાષા જાણવી. ૨૯

ચૌદપિંડ પ્રકૃતિના ૬૫ ઉત્તર ભેદ.

ગઇઆઇણ ઉ કમસો,ચઉપણપણતિપણપંચછછક્કં;
પણદુગપણટ્ઠચઉદુગ, ઇઅ ઉત્તરભેયપણસટ્ઠી ॥૩૦॥

ગઇઆઇણ–ગતિ આદિના.	પણદુગપણટ્ઠ–પાંચ, બે, પાંચ, આઠ.
ઉ–તો.	ચઉદુગ–ચાર બે.
કમસો–અનુક્રમે.	

ચઉ પણ-ચાર, પાંચ.	ઇઅ-એ.
પણ તિ પણ-પાંચ,ત્રણ,પાંચ.	ઉત્તરભેઅ-ઉત્તરભેદ
પંચ છ છક્કં-પાંચ, છ, છ.	પણસટ્ઠી-પાંસઠ.

અર્થ—ગતિ આદિના તો અનુક્રમે ચાર, પાંચ, પાંચ, ત્રણ, પાંચ, પાંચ, છ, છ, પાંચ, બે, પાંચ, આઠ, ચાર અને બે-એ પ્રકારે ઉત્તરભેદ પાંસઠ જાણવા. ૩૦

વિવેચન—હવે નામ કર્મ્મના ૯૩ ભેદ કહે છે-તેમાં ગત્યાદિક ૧૪ પિંડ પ્રકૃતિના અનુક્રમે ઉત્તર ભેદ કહે છે. ગતિ ચાર ભેદે, જાતિ પાંચ ભેદે, શરીર પાંચ ભેદે, ઉપાંગ ત્રણ, બંધન પાંચ સંઘાતન પાંચ, સંઘયણ છ, સંસ્થાન છ, વર્ણ પાંચ, ગંધ બે ભેદે, રસ પાંચ ભેદે, સ્પર્શ આઠ ભેદે, આનુપૂર્વી ચાર ભેદે અને વિહાયોગતિ બેભેદે;એમ ઉત્તરભેદ પાંસઠ થાય. ૩૦

નામકર્મનાં ભેદનુ વિવરણ.

અડવીસજુઆ તિનવઇ, સંતે વા પનરબંધણે તિસયં;
બંધણસંઘાયગહો, તણૂસુ સામણ્ણવણ્ણચઊ ॥ ૩૧ ॥

અડવીસજુઆ-અઠ્ઠાવીસ પ્રકૃતિયુક્ત.	બંધણ-બધન
તિનવઇ-ત્રાણું	સંઘાય-સઘાતનનું
વા-અથવા	ગહો-ગ્રહણ
પનરબંધણે-પદર બધને	તણૂસુ-શરીર સાથે.
તિસયં-એકસોત્રણ.	સામન્ન-સામાન્યપણે
	વણ્ણચઊ-વર્ણચતુષ્ક.

અર્થ—એ પૂર્વોક્ત પાંસઠ ભેદ અઠ્ઠાવીશ ભેદે સહિત કરતાં ત્રાણુ ભેદ *સત્તામાં હોય અથવા (પાંચને બદલે) પંદર બંધન નાંખતાં ૧૦૩ ભેદ સત્તામાં હોય. બંધન અને સંઘાતનનું ગ્રહણ શરીરમાં કરીએ અને સામાન્યથી વર્ણચતુષ્ક લઇએ ૩૧

વિવેચન—તે અઠ્ઠાવીશ પ્રત્યેક પ્રકૃતિએ યુક્ત કરીએ ત્યારે ત્રાણુ ભેદ નામકર્મના સત્તાએ થાય. અથવા સત્તામાં પાંચ બંધનને ઠેકાણે પંદર બંધન ગણીએ ત્યારે એકસો ત્રણ ભેદ નામકર્મના થાય. હવે સડસઠ ભેદ કહે છે. પંદર ભેદે બંધન અને પાંચ ભેદે સંઘાતન એ ૨૦ પ્રકૃતિ તે શરીર ભેગીજ વિવક્ષીએ, શરીર બાંધે ત્યારે ભેળાંજ બાંધે તે માટે જૂદી ન ગણીએ એટલે ૧૦ તે ઓછી અને વર્ણાદિક વીશ છે તે સામાન્યપણે:વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ ૪ જ ગણીએ એટલે એ ૧૬ ઓછી, ૩૧

આઠકર્મની બંધ ઉદય ઉદીરણા અને સત્તાપ્રકૃતિ.

ઇઅ સત્તઠ્ઠી બંધોદએ ય, ન ય સમ્મમીસયા બંધે;
બધુદએ સત્તાએ, વીસદુવીસઠ્ઠવણ્ણસયં ॥ ૩૨ ॥

ઇઅ સત્તઠ્ઠી—એમ, સઠસઠ.	**બંધે**—બંધમાં.
બંધોદએ ય—બંધ, ઉદય અને ઉદીરણામાં.	**બંધુદએ સત્તાએ**—બંધ, ઉદય અને સત્તામાં.

* સત્તાની ૧૪૮ પ્રકૃતિ લઇએ ત્યારે નામકર્મની આ ૯૩ પ્રકૃતિ લેવી

નય–નજ હોય.	**વીસસયં**–એકસોવીશ.
સમ્મ–સમકિત મોહનીય.	**દુવીસસયં**–એકસો બાવીશ.
મિસયા–મિશ્ર મોહનીય.	**અઠ્ઠવણ્ણસયં**–એકસોઅઠ્ઠાવન.

અર્થ—એમ સડસઠ પ્રકૃતિ બંધ, ઉદય અને ઉદીરણા માં હોય. સમ્યકત્વ મોહનીય અને મિશ્ર મોહનીય બંધમાં નજ હોય (એટલે) બંધ, ઉદય અને સત્તામાં અનુક્રમે એક-સોવીશ, એકસોબાવીશ, અને એકસોઅઠ્ઠાવન (ઉત્તર પ્રકૃતિ આઠે કર્મની) હોય. ૩૨

વિવેચન—એમ એકસો ત્રણમાંથી એ ૩૬ છત્રીશ પ્રકૃતિ ઓછી કરીએ એટલે નામ કર્મની ૬૭ થાય. તે બંધે અને ઉદયે જાણવી. વળી સમ્યકત્વ મોહનીય ૧, મિશ્ર મોહનીય ૨. એ બે બંધે ન હોય. બંધે તો મિથ્યાત્વજ બાંધે, અને તે મિથ્યાત્વનાં દળિયાં વિશુદ્ધ અને અર્ધવિશુદ્ધ થયા થકાં સમ્યક્ત્વપણ મિશ્રપણ કહેવાય. તે માટે મોહનીયની ૨૬, નામ કર્મની ૬૭, શેષ ૭ કર્મની ૨૭ એમ ૧૨૦ પ્રકૃતિ બંધે હોય તથા મોહનીયની ૨૮, નામ કર્મની ૬૭, શેષ ૭ કર્મ (બાકીના ૬ કર્મ)ની ૨૭ એમ ૧૨૨ ઉદયે અને ઉદીરણાએ હોય, અને મોહનીયની ૨૮, નામની ૧૦૩, અને શેષ કર્મની ૨૭, એમ ૧૫૮ સત્તાએ જાણવી. ૩૨

૬૫ ઉત્તર ભેદનાં નામ.

નિરયતિરિનરસુરગઈ, ઇગબિઅતિઅચઉપણિંદિજાઈઓ;
ઓરાલવિઉવ્વાહારગ,–તેઅકમ્મણ પણસરીરા ॥ ૩૩ ॥

નિરય-નરકગતિ.
તિરિ-તિર્યંચ ગતિ.
નર-મનુષ્ય ગતિ.
સુરગઈ-દેવગતિ.
ઇગ-એકેંદ્રિય જાતિ.
બિઅ-બેઇંદ્રિય જાતિ.
તિઅ-તેઇંદ્રિય જાતિ.
ચઉ-ચૌરિંદ્રિય જાતિ.
પણિંદિ-પંચેંદ્રિય જાતિ.
જાઈઓ-જાતિઓ.
ઓરાલ-ઔદારિક.
વિઉવ્વ-વૈક્રિય
આહારગ-આહારક,
તેઅ-તૈજસ.
કમ્મણ-કાર્મણ.
પણ-પાચ.
સરીરા-શરીરો.

અર્થ—નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ગતિ; એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય અને પંચેંદ્રિય એ જાતિ; ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ અને કાર્મ્મણ એ પાચ શરીરો જાણવા. ૩૩

વિવેચન—હવે પિંડ પ્રકૃતિના ઉત્તર ભેદનાં નામ અને અર્થ કહે છે. નરકગતિ નામ ૧ તિર્યંચ ગતિ નામ ૨, મનુષ્યગતિ નામ ૩,દેવ ગતિ નામ ૪,એ ૪ ગતિ કહીએ. 'ગમનં [1]ગતિ' એક સ્પર્શનેંદ્રિયવંત તે એકેંદ્રિય ૧, સ્પર્શન, રસનેંદ્રિયવંત તે બેઇંદ્રિય ૨ સ્પર્શન-રસન-ઘ્રાણેંદ્રિયવંત તે તેઇંદ્રિય ૩, સ્પર્શન-રસન-ઘ્રાણ-ચક્ષુવત તે ચઉરિંદ્રિય ૪,સ્પર્શન-રસન-ઘ્રાણ-ચક્ષુ-શ્રોત્રવંત તે પંચેંદ્રિય એ પાંચ જાતિ નામ કર્મ્મ કહીએ."જનનં [2]જાતિ" ઔદારિક શરીરનામકર્મ્મ ૧, વૈક્રિયશરીરનામકર્મ્મ ૨, આહારક શરીર નામકર્મ્મ ૩, તૈજસશરીરનામકર્મ્મ ૪, કાર્મ્મણ શરીર નામ

૧ ગમન કરાવે-પ્રાપ્ત કરાવે દેવાદિ પર્યાયને તે ગતિ
૨ એકેન્દ્રિયાદિ જાતિની સંજ્ઞાને ઉત્પન્ન કરે તે જાતિ

કર્મ ૫, એ પાંચ શરીરનામકર્મ કહીએ. "શીર્યતે તચ્છરીર" પ્રતિક્ષણે પુદ્દગળને ઉપચય અપચયે કરીને વધે ઘટે તે શરીર કહીએ. શીર્યતે તચ્છરીર ઇતિ વ્યુત્પત્તે ઉદાર-પ્રધાન, ઉત્તમ સર્વ શરીર થકી ઉત્તમ, તીર્થંકર ગણધરની અપેક્ષાએ તે ઔદારિક તથા ઉદાર મોટું સહસ્ર યોજન માન માટે; તે ઔદારિક શરીર તિર્યંચ મનુષ્ય સર્વને હોય. ૧. તથા એક, અનેક, નાનું, મોટું, ખેચર, ભૂચર, દૃશ્ય, અદૃશ્ય. ઇત્યાદિ વિવિધ ક્રિયાએ ઉપન્યું તે વૈક્રિય શરીર કહીએ, તે બે ભેદે હોય. [1]ભવપ્રત્યયિક દેવતા નારકીને હોય અને [2]લબ્ધિપ્રત્યયિક મનુષ્ય તિર્યંચને હોય. ૨. તથા ચૌદપૂર્વી સાધુ, તીર્થંકરની ઋદ્ધિ દેખવા તથા સંશય ટાળવા નિમિત્તે ઉત્તમ પુદ્દગળ આહરી-લઇને (મુંઢાહસ્ત પ્રમાણ)શરીર કરે તે [3]આહારક શરીરકહીએ,તે સ્ફટિકની પરે અતિ નિર્મ્મળ કોઈક દેખે કોઇક ન દેખે એવું હોય. ૩. તથા તેજના પુદ્દગળથી નિષ્પન્ન તે તૈજસ શરીર કહીએ, જે અદૃશ્ય સતું ભુક્ત આહારને પચાવે. વળી લબ્ધિવંત તેજોલેશ્યા મૂકે તેનું હેતુ હોય. ૪, કર્મ્મ પુદ્દગળથી નીપન્યુ તે કાર્મ્મણ શરીર, જેના ઉદયથકી જીવ કર્મ્મ પુદ્દગળ ગ્રહીને તે રુપપણે પરિણમાવે છે તૈજસ કાર્મ્મણ શરીર સહિત જીવ પરભવે

---

૧ ભવ જેનુ કારણ છે તે ભવ પ્રત્યયિક એટલે કે દેવ, નારકીના ભવમા ઉપજે તે દરેકને અવશ્ય હોય

૨ તપશ્ચર્યા આદિ ગુણ જેનુ કારણ છે તે ગુણ પ્રત્યયિક, તે મનુષ્ય અને તિયચને થાય

૩ સર્વવિરતિ સાધુનેજ આ શરીરની લબ્ધિ થાય

જાય છે પણ કર્મવર્ગણા અતિ સૂક્ષ્મ છે તે માટે કોઇ દેખે નહી ૫. એ પાંચ શરીરનું સ્વરુપ જાણવું ૩૩

અંગ, ઉપાંગ અને અંગોપાગનું સ્વરૂપ.

બાહૂરુ પિટ્ઠિ સિર ઉર, ઉયરંગ ઉવંગ અંગુલીપમુહા;
સેસા અંગોવંગા, પઢમતણુતિગસ્સુવંગાણિ ॥૩૪॥

બાહૂ–ભુજા.	ઉવંગ–ઉપાગ.
ઉરૂ–સાથળ.	અંગુલી–આગળી.
પિટ્ઠિ–પીઠ.	પમુહા–પ્રમુખ.
સિર–માથું.	સેસા–બાકીનાં.
ઉર–હૈયું–હૃદય.	અંગોવગા–અંગોપાંગ.
ઉઅર–ઉદર.	તણુતિગસ્સ–ત્રણ શરીરને.
અંગ–એ આઠ અંગ	ઉવંગાણિ–ઉપાંગ આદિ હોય.

વિવેચન—બે બાહૂ-ભુજા ૨, બે ઊરૂ-સાથળ ૪, પૃષ્ટિ તે વાંસો ૫, શિર-મસ્તક ૬, ઉર તે હૃદય ૭, ઉદર તે પેટ ૮, શરીરને વિષે એ આઠ અંગ કહીએ, તે અંગને વિષે આગળી પ્રમુખ તે ઉપાંગ કહીએ અને તે ઉપાંગને વિષે શેષ જે પર્વ રેખા, નખ, રોમાદિક તે અંગોપાંગ કહીએ. એ ઉપાંગ તે પ્રથમ ત્રણ શરીરનેજ હોય-ઔદારિકોપાંગ ૧, વૈક્રિયોપાંગ ૨, અને આહારકોપાગ ૩. તૈજસ કાર્મણ તો જીવ પ્રદેશા સંસ્શાને છે, અદૃશ્ય છે, તે માટે તેને ઉપાંગ ન હોય ૩૪

પાંચ બંધનનું સ્વરૂપ.

ઉરલાઇપુગ્ગલાણં, નિબદ્ધબજ્ઝંતયાણ સંબંધં ॥
જં કુણઇ જઉસમં તં, બંધણમુરલાઇતણુનામા
(ઉરલાઈ બંધણં નેયં)* ॥ ૩૫ ॥

ઉરલાઇ-ઔદારિકાદિ	કુણઈ-કરે.
પુગ્ગલાણં-પુદ્‌ગલને	જઉસમં-લાખ-રાળ સરખું.
નિબદ્ધ-પૂર્વે બાંધેલા.	તં-તે
બજ્ઝંતયાણ-(હમણા) બંધાતાને.	બંધણં-બંધનનામકર્મ.
સંબંધં-મેલાપ	ઉરલાઇ-ઔદારિકાદિ
જં-જે	તણુનામા-પાચ શરીરને નામે

વિવેચન—ઔદારિકાદિક શરીરના પુદ્‌ગળ-પૂર્વે બાંધેલા અને નવા બંધાતા, તેનો સમ્યક પ્રકારે બંધ કરે છે. જતુ કહેતાં લાખનીપરે એટલે જેમ લાક્ષા બે કાષ્ઠનો બંધ કરે-એકીભાવ કરે તેમ, ગૃહીત અને ગૃહ્યમાણ પુદ્‌ગળને એકકરે તે [1]બંધન નામ કહીએ, તે ઔદારિકાદિક શરીરને નામે પાંચ ભેદે છે. ઔદારિક બંધન ૧, વૈક્રિય બધન ૨, આહારક બંધન ૩, તૈજસબંધન ૪, કાર્મ્મણ બંધન નામકર્મ્મ ૫. ૩૫

---

* ઔદારિક આદિ બધન જાણવુ

૧ જે કર્મવડે આત્મા, પૂર્વે ગ્રહણ કરેલા ઔદારિકાદિ પુદ્‌ગલોની સાથે નવા ગ્રહણ કરાતા ઔદારિકાદિ પુદ્‌ગલોને અન્યોઅન્ય એકત્ર કરે-જોડે, તે ઔદારિકાદિ બધનનામકર્મ જાણવુ

પાંચ સંઘાતનનું સ્વરૂપ.

જં સંઘાયઇ ઉરલાઇ,-પુગ્ગલે તિ(ત)ણગણં વ દંતાલી।
તં સંઘાયં બંધણ–મિવ તણુનામેણ પંચવિહં ॥૩૬॥

જં–જે.
સંઘાયઇ–એકઠાં કરે.
ઉરલાઈ–ઔદારિકાદિ
પુગ્ગલે–પુદ્દગલો પ્રત્યે.
તણગણં વ–તૃણના સમૂહની પેઠે.
દંતાલી–દંતાલી, ખંપાળી.
તં–તે.
સંઘાયં–સંઘાતન નામ.
બંધણમિવ–બંધણનીપેરે.
તણુનામેણ–શરીરના નામે.
પંચવિહં–પાચ ભેદે છે.

વિવેચન—જે કર્મ્મે ઔદારિકાદિક ભાવપણે પરિણમ્યા પુદ્દગળપ્રત્યે સંઘાતે (એકઠા કરે) જેમ તૃણના સમૂહ પ્રત્યે દંતાલી એકઠા કરે તેમ, તે સંઘાતન નામ કર્મ્મ કહીએ. બંધનનીપરે શરીરને નામે કરીને તે પાંચ ભેદછે.–ઔદારિક સઘાતન ૧, વૈક્રિયસંઘાતન ૨, આહારકસંઘાતન ૩, તૈજસ સંઘાતન ૪, અને કાર્મ્મણ સંઘાતન નામકર્મ્મ ૫. ૩૬

પંદર બંધનનું વર્ણન.

ઓરાલવિઉવ્વાહારયાણ, સગતેઅકમ્મજુત્તાણં ॥
નવબંધણાણિ ઇઅર દુ,-સહિયાણં તિન્નિ તેસિં ચ*॥૩૭॥

---

*(पाठांतर गाथा) उरलाईण उ सगतेअ–कम्मसाहिआण पण चउ ति बधा ॥ पढमाण तेअकम्माह । तिण्णि इअ पनर बधणया ॥ ३७ ॥

ભાવાર્થ—ઔદારિક આદિ પાચ શરીરના વળી પોતાની સાથે પાંચ

ઓરાલ–ઔદારિક.
વિઉવ્વ–વૈક્રિય તથા.
આહારયાણં–આહારકના.
સગ–પોતપોતાની સાથે જોડતાં.
તેઅ–તૈજસ સાથેના.
કમ્મજુત્તાણં–કાર્મણ સાથેના
નવબંધણાણિ–નવ બંધનો થાય.
ઇઅર–ઇતર, બીજા.
દુ–બે (તૈજસ, કાર્મણ)
સહિઆણં–સહિત કરતાં.
તિન્નિ–ત્રણ બંધન.
તેસિં–તેમના (તૈજસ, કાર્મણના.)

અર્થ—ઔદારિક, વૈક્રિય અને આહારકને ૧ પોતાની સાથે, ૨ તૈજસની સાથે અને ૩ કાર્મણની સાથેના (દરેકના ત્રણ ત્રણ મળી) નવ બંધન થયા; બીજા (તૈજસ, કાર્મણ) બે સાથેના ત્રણ; અને ત્રણ તે (તૈજસ, કાર્મણ) ના (મળી કુલ ૧૫ બંધન થયા) ૩૭

વિવેચન—ઔદારિક, વૈક્રિય અને આહારક ને પોતાસાથે તથા તૈજસસાથે તથા કાર્મણસાથે યુક્ત કરતાં ત્રણ ત્રણ એમ

બંધન, તૈજસ શિવાય ચાર શરીરને તૈજસ સાથે ચાર બંધન અને તૈજસ કાર્મણ વિના ત્રણ શરીરને કાર્મણસાથે ત્રણ બંધન, પહેલાના ત્રણ શરીરને તૈજસ કાર્મણની સાથે ત્રણ બંધન, એ પ્રકારે ૧૫ દર બંધન જાણવા તે આ પ્રમાણે,–૧ ઔદારિક ઔદારિક બંધન, ૨ વૈક્રિય વૈક્રિય બંધન, ૩ આહારક આહારક બંધન, ૪ તૈજસ તૈજસ બંધન, ૫ કાર્મણ કાર્મણ બંધન, ૬ ઔદારિક તૈજસ બંધન, ૭ વૈક્રિય તૈજસબંધન, ૮ આહારક તૈજસ બંધન, ૯ કાર્મણ તૈજસ બંધન, ૧૦ ઔદારિક કાર્મણ બંધન, ૧૧ વૈક્રિય કાર્મણ બંધન, ૧૨ આહારક કાર્મણ બંધન, ૧૩ ઔદારિક તૈજસ કાર્મણ બંધન, ૧૪ વૈક્રિય તૈજસ કાર્મણ બંધન અને ૧૫ આહારક તૈજસ કાર્મણ બંધન

નવ બંધન થાય. તે કેમ? ઔદારિક ઔદારિક બંધન ૧, ઔદારિક તૈજસબંધન ૨, ઔદારિક કાર્મણબંધન ૩, વૈક્રિય વૈક્રિયબંધન ૪, વૈક્રિય તૈજસ બંધન ૫, વૈક્રિય કાર્મણ બંધન ૬, આહારક આહારકબંધન ૭, આહારક તૈજસબંધન ૮, આહારક કાર્મણ બંધન ૯, વળી તે ત્રણને તૈજસ કાર્મણ એએ યુક્ત કરતાં ત્રણ બંધન થાય. ઔદારિક તૈજસકાર્મણ બંધન ૧૦, વૈ૦ તૈ૦ કા૦ બં૦ ૧૧, આહા૦ તૈ૦ કા૦ બં૦ ૧૨, અને તૈજસ કાર્મણનાં પરસ્પરે ૩ બંધન તે કેમ? તૈજસ તૈજસ બંધન ૧૩, તૈજસ કાર્મણબંધન ૧૪, કાર્મ્મણ કાર્મ્મણ બંધન ૧૫ એ [1]પંદરબંધન જાણવા. ૩૭

૭ સંઘયણનું સ્વરૂપ.

સંઘયણમટ્ઠિનિચઓ, તં છદ્ધા વજ્જરિસહનારાયં ॥
તહ રિસહંનારાયં, નારાયં અદ્ધનારાયં ॥૩૮॥

---

૧ અહી કોઈ શંકા કરે કે પાચ શરીરના દ્વિકાદિ સયોગે ૨૬ ભાગા થાય છે, તો તેટલા બધનો કેમ ન થાય? તેનો શાસ્ત્રકાર ઉત્તર આપે છે કે—ઔદારિક, વૈક્રિય અને આહારક એ ત્રણ શરીરો પરસ્પર વિરૂદ્ધ હોવાથી તેનો સબધ થતો નથી તેથી પદરજ બધન થાય છે, અધિક થતા નથી વળી કોઈ એવી આશકા કરે કે જેમ પદર બધન થયા તેમ પાચ શરીરના પદર સઘાતન પણ થવા જોઇએ કેમકે એકત્ર કરેલા હોય તેનોજ બધ થાય છે વળી કહ્યુ છે કે બે પત્થર એકઠા કર્યા હોય તોજ પછી રાળ વગેરે વજ્ર લેપવડે તેનો સબધ કરાય છે પરતુ અહીયા

કીલિઅ છેવટ્ઠં ઇહ, રિસહો પટ્ટો અ કીલિઆ વજ્જં ॥
ઉભઓ મક્કડબંધો, નારાયં ઇમમુરાલંગે ॥ ૩૯ ॥

સંઘયણું–સંઘયણ.
અટ્ઠિ-અસ્થિનો.
નિચઓ–સમૂહ-રચના વિશેષ
તં છદ્ધા–તે છ પ્રકારે.
વજ્જરિસહનારાયં–વજ્રઋષભ નારાચ.
તહ ય–તેમજ.
રિસહંનારાયં–ઋષભ નારાચ.
નારાયં–નારાચ.
અદ્ધનારાયં–અર્દ્ધનારાચ
કીલિઅ–કીલિકા.
છેવટ્ઠં–છેવટ્ઠું.
ઇહ–અહીંઆં.
રિસહોપટ્ટો–ઋષભ તે પાટો.
કીલીઆ–ખીલી.
વજ્જં–વજ્ર તે.
ઉભઓ–બે પાસે.
મક્કડબંધો–મર્કટ બંધ.
નારાય–નારાચ.
ઇમં–એ સંઘયણ.
ઉરાલગે–ઔદારિક શરીરે હોય

અર્થ—હાડકાનો સમૂહ (રચના) તે [1]સંઘયણ જાણવું તે વજ્રઋષભનારાચ તેમજ ઋષભનારાચ, નારાચ, અર્દ્ધ-

---

તેટલા સંઘાતન કેમ નથી કર્યા? તેનો ઉત્તર કહે છે-તમારી આશંકા અસત્ય છે જે કારણ માટે લોકને વિષે સ્વજાતિ (પોત પોતાની જાતિ) ને વિષે જે સંયોગ થાય તેનેજ શુભ ગણેલો છે, તેમ અહીં પણ સ્વશરીર પુદ્ગલનો સ્વશરીર પુદ્ગલો સાથે જે સંયોગ રૂપ સંઘાત તેને શુભ ગણેલો છે એ પ્રકારે પ્રધાનપણું જણાવવાને અર્થે પાંચજ સંઘાતો ગણાવ્યા છે

૧ જેનાવડે શરીર પુદ્ગલો દૃઢ કરાય તે અસ્થિનિચય-હાડની રચના એટલે સંઘયણ જાણવું

નારાચ, કિલિકા અને છેવઠું એમ ૭ પ્રકારે છે અહીં ઋષભ તે પાટા અને વજ્ર તે ખીલી, બે પાસાને મર્કટ બંધ તે નારાચ કહેવાય છે. આ સંઘયણ ઔદારિક શરીરે હોય. ૩૮-૩૯.

વિવેચન—હવે સંઘયણ કહે છે-અસ્થિ-હાડનો નિચય-રચના વિશેષ અર્થાત્ શરીરના પુદ્ગળનું દૃઢપણું તે સંઘયણ કહીએ. તે સંઘયણ ૭ ભેદે છે તે કહે છે. હાડની સંધિ, નારાચ તે મર્કટબંધ, તે ઉપરે ઋષભ તે હાડનો પાટો, તે ઉપરે તે ત્રણેને ભેદે (વિંધે) એવો વજ્ર તે ખીલો, એ ત્રણે યુક્ત હોય તે વજ્ર ઋષભનારાચ સંઘયણ કહીએ ૧, તેમ નારાચ તે મર્કટબંધ તે ઉપરે ઋષભ તે પાટો હોય પણ ખીલી ન હોય, તે ઋષભનારાચ સંઘયણ ૨, કેવળ મર્કટબંધજ હોય પણ પાટો ખીલી ન હોય તે નારાચ ૩, એક પાસે મર્કટબંધ હોય બીજે છેડે[1] પાધરૂં હાડ હોય તે અર્ધનારાચ સંઘયણ. ૪, ૩૮. વચ્ચે ખીલીજ હોય મર્કટબંધ પણ ન હોય તે કીલિકા સંઘયણ ૫, બે પાસે હાડેહાડ અડી રહ્યાં હોય તે છેવઠું સંઘયણ ૬. અહિં સંઘયણ વિષે ઋષભ તે પાટો કહીએ, બે હાડ ઉપર વીંટાઈ રહ્યો હોય તે. અને વજ્ર તે ખીલી બે હાડ અને બે પાસે પાટાને ભેદીને રહે એવી. અને બે પાસે મર્કટબંધ હોય તે નારાચ કહીએ. જેમ મર્કટ તે વાનરનું બાળક માતાને હૈયે વળગી રહે તે મર્કટબંધ. એ છ ૬ સંઘયણ તે ઔદારિક શરીરને વિષેજ હોય, વૈક્રિય આહારક શરીરે ન[2] હોય. ગર્ભજ તિર્યંચ અને મનુષ્યને છ

---

૧ અર્ધનારાચ સંઘયણને એક પાસે મર્કટ બંધ અને એક પાસે ખીલી હોય એમ **સ્વોપજ્ઞ** ટીકામાં કહેલ છે

૨ વૈક્રિય અને આહારક શરીરને હાડકા નથી તેથી તેને સંઘયણ ન હોય.

સંઘયણ હોય અને વિકલેંદ્રિયને છેવઠું સંઘયણજ હોય અને એકેંદ્રિય અસંઘયણી હોય. ૩૯

છ સંસ્થાન અને પાંચવર્ણના નામ.

સમચઉરંસં નિગ્ગોહ, સાઇ ખુજ્જાઇ વામણંહુંડં ॥
સંઠાણા વણ્ણા કિણ્હ–નીલલોહિઅહલિદ્દસિઆ ॥૪૦॥

સમચઉરંસં–સમચતુરસ્ર.
નિગ્ગોહ–ન્યગ્રોધપરિમંડળ.
સાઇ–સાદી.
ખુજ્જાઇ–કુબ્જ.
વામણં–વામન.
હુંડં–હુંડક.
સંઠાણા–સંસ્થાનો
વણ્ણા–વર્ણો.
કિણ્હ–કૃષ્ણ વર્ણ નામકર્મ.
નીલ–નીલો વર્ણ
લોહિય–લાલવર્ણ.
હલિદ્દ–પીત વર્ણ.
સિઆ–શ્વેતવર્ણ.

અર્થ—સમચતુરસ્ર, ન્યગ્રોધપરિમંડળ, સાદિ, કુબ્જ, વામન અને હુંડ (છ) સંસ્થાનો જાણવા. કૃષ્ણ, નીલ, રક્ત, પીત અને શ્વેત એ (પાંચ) વર્ણો જાણવા. ૪૦

વિવેચન—હવે સંસ્થાન કહે છે-શરીરનો આકાર તે સંસ્થાન કહીએ ત્યાં પર્યંકાસને બે ઢીંચણનું અંતર ૧, જમણો ખભો અને ડાબો ઢીંચણ તેનું અંતર ૨, ડાબો ખભો અને જમણા ઢીચણનું અંતર ૩, પલાંઠીનું મધ્ય અને નિલાડનું અંતર ૪, એ ચારે હાંસે સરખું અને સર્વાંગે સુંદર હોય તે સમચતુરસ્ર સંસ્થાન કહીએ. ૧ નાભિ ઉપર

સંપૂર્ણ સુંદર અવયવ હોય અને હેઠે હીનાધિક હોય તે ન્યગ્રોધ પરિમંડળ ૨. નાભિથી નીચે સંપૂર્ણ અવયવ હોય અને ઉપરે હીનાધિક હોય તે સાદિ ૩. હાથ, પગ, મસ્તક અને ગ્રીવા (ડોક) સુલક્ષણ હોય અને હૃદય, પેટ હીન હોય તે કુબ્જ ૪, હૃદયતથા પેટ સુલક્ષણ અને હાથ, પગ, શિર અને ગ્રીવા કુલક્ષણ હોય તે વામન ૫, સર્વ અંગોપાંગે કુલક્ષણ હીનાધિક હોય તે હુંડ સંસ્થાન ૬. તેમાં દેવતા સર્વને સમચતુરસ્ત્ર સંસ્થાન હોય ગર્ભજ તિર્યંચ મનુષ્યને છ સંસ્થાન હોય. શેષ સર્વ જીવને હુંડ સંસ્થાન હોય. એ છ સંસ્થાન કહ્યાં. હવે વર્ણ પાંચ કહે છે–કૃષ્ણવર્ણ–કાજળ જેવો ૧, નીલો–પોપટની પાંખ જેવો ૨, રાતો–મજીઠ જેવો ૩, પીળો–હળદર જેવો ૪, શ્વેત–ધોળો શંખ જેવો ૫. ૪૦

બે ગંધ, પાંચરસ, અને આઠ સ્પર્શના નામ.

સુરહિદુરહી રસા પણ, તિત્તકડુકસાયઅંબિલા મહુરા॥
ફાસા ગુરૂલહુમિઉખર,–સીઉણ્હસિણિદ્ધરૂખ્ખટ્ઠા ॥૪૦॥

સુરહિ–સુરભિગંધ.	ગુરૂ–ભારે.
દુરહી–દુરભિગંધ.	લહુ–લઘુ (હલકો)
રસાપણ–રસ પાંચ.	મિઉ–મૃદુ (કોમલ)
તિત્ત–તિક્તરસ, કડવો.	ખર–ખર (બરસટ)
કડુ–કટુ રસ, તીખો.	સી–શીત.
કસાય–કષાયેલો રસ.	ઉણ્હ–ઉષ્ણ.
અંબિલા–ખાટો રસ.	સિણિદ્ધ–સ્નિગ્ધ (ચીકણો)
મહુરા–મધુર રસ.	રૂખ્ખ–રૂક્ષ (લુખો)
ફાસા–સ્પર્શ.	અટ્ઠા–એ આઠ સ્પર્શ.

વિવેચન—હવે બે ગંધ કહે છે-સુગંધ કસ્તુરી જેવો ૧, દુર્ગંધ લસણ જેવો ૨. હવે પાંચરસ કહે છે-તિક્તરસ નિંબવત્ ૧, કટુકરસ સુંઠ મરિ જેવો ૨, કષાયરસ ત્રિફળાદિક જેવો ૩, આમ્લ-ખાટો રસ આંબલી પ્રમુખ જેવો ૪, મધુર-મીઠો રસ શર્કરાદિક જેવો ૫ હવે સ્પર્શ ૮ કહે છે-ગુરૂ-ભારે સ્પર્શ લોહાદિક જેવો ૧, લઘુ સ્પર્શ-અર્ક તૂલાદિ જેવો ૨, મૃદુ સ્પર્શ-નવનીત (માખણ) જેવો ૩, ખર-કર્કશ સ્પર્શ-કરવત જેવો ૪, શીત સ્પર્શ-હિમ જેવો ૫, ઉષ્ણ સ્પર્શ-અગ્નિ જેવો ૬, સ્નિગ્ધ (ચીકણો) સ્પર્શ-તૈલાદિ જેવો ૭, રૂક્ષ (લૂખો) સ્પર્શ-ભસ્મ (રાખ) જેવો ૮, એ ૮ સ્પર્શ. ૪૧.

શુભઅશુભવર્ણચતુષ્ક.

નીલકસિણં દુગંધં, તિત્તં કડુઅં ગુરૂં ખરં રૂખ્ખં ॥
સીઅં ચ અસુહનવગં, ઇક્કારસગ સુભં સેસં ॥૪૨॥

નીલ-નીલોવર્ણ.	**કડુઅ**-કટુ, તીખો.
કસિણં-કૃષ્ણવર્ણ.	**ગુરૂં**-ભારે સ્પર્શ.
દુગંધં-દુર્ગંધ.	**ખરં**-કર્કશ સ્પર્શ
તિત્તં-તિક્ત, કડવો.	**રૂખ્ખં**-લુખો સ્પર્શ.
સીઅં-શીતસ્પર્શ.	**ઈકકારસગં**-અગિઆર.
અસુહ નવગં-અશુભની નવ પ્રકૃતિ.	**સુભં**-શુભ.
	સેસં-બાકીની.

વિવેચન—એ વર્ણાદિક ૨૦ પ્રકૃતિ માંહે શુભ અશુભ કહે છે-નીલોવર્ણ ૧, કાળોવર્ણ. ૨, દુર્ગંધ ૩, તિક્તરસ ૪,

કટુકરસ ૫, ગુરૂસ્પર્શ ૬, કર્કશ સ્પર્શ ૭, રૂક્ષ સ્પર્શ ૮, શીત સ્પર્શ ૯, એ નવ પ્રકૃતિ અશુભ જાણવી. શેષ (બાકી) ઈગ્યાર ૧૧, શુભ-ઉત્તમ જાણવી ૪૨

ચઉહગઇવ્વણુપુવ્વી,ગઇપુવ્વિદુગં તિગં નિયાઉજુઅં।
પુવ્વીઉદઓ વક્કે, સુહઅસુહવસુટ્ટવિહગગઈ॥૪૩॥

ચઉહ-ચારભેદે.
ગઇવ્વ-ગતિનીપેરે.
આણુપુવ્વી-આનુપૂર્વી.
ગઇ પુવ્વિદુગં-ગતિ, આનુ પૂર્વી મળીદ્વીક.
નિઆઉજુઅં-પોતાના આયુ સહિત કરતાં.
તિગં-ત્રિક થાય.
પુવ્વીઉદઓ-આનુપૂર્વીનો ઉદય.
વક્કે-વક્ર ગતિએ હોય.
સુહ-શુભ.
અસુહ-અશુભ.
વસ-વૃષભ.
ઉટ્ટ-ઉંટ.
વિહગગઈ-વિહાયો ગતિ.

અર્થ—ચાર પ્રકારની ગતિની પેઠે આનુપૂર્વી જાણવી, ગતિ અને આનુપૂર્વી તે દ્વિક જાણવું અને પોતાના આયુષ્યે સહિત ગતિ, આનુપૂર્વી તે ત્રિક કહેવાય છે. આનુપૂર્વીનો ઉદય વક્રગતિમાં હોય. વૃષભની શુભ [1]વિહાયોગતિ અને ઉંટની અશુભ વિહાયોગતિ જાણવી. ૪૩

વિવેચન—ચાર ગતિની પરે ચાર આનુપૂર્વી જાણવી. નરકાનુપૂર્વી ૧, તિર્યંચાનુપૂર્વી ૨, મનુષ્યાનુપૂર્વી ૪, દેવાનુપૂર્વી ૪, એ આનુપૂર્વી પોતપોતાની ગતિ સાથે બંધાય,

---

૧ અહીં દેવાદિગતિથી ભિન્નપણું દર્શાવવા માટે વિહાયોગતિ નામ આપ્યું છે, આકાશમાં ગમન ક્રિયા તે વિહાયોગતિ-ચાલ.

ગતિ સાથે ઉદય આવે, વેદાય, તે માટેજ જ્યાં દુગં કહ્યું હોય ત્યાં ગતિ અને આનુપૂર્વી કહેવી. તિગં કહ્યું હોય તો ત્યાં ગતિ ૧, આનુપૂર્વી ૨, આઉખું ૩, એ ત્રણ કહેવાં આનુપૂર્વીનો ઉદય તે તે ગતિએ જાતાં વાટે (રસ્તામાં) વિગ્રહ ગતિમાં હોય. તે બે ત્રણ સમયની વિગ્રહ (વક્ર) ગતિએ વર્તતા જીવને બળદની નાથ સરખી આનુપૂર્વી ઉદય આવીને પોતાની ગતિએ લઇ જાય. હવે વિહાયોગતિ બે ભેદે કહે છે શુભ વિહાયોગતિ ૧, અશુભ વિહાયોગતિ ૨. વૃષભ ગજ હંસાદિકનીપરે ચાલે તે શુભ વિહાયોગતિ ૧, અને ઊંટ ખર તીડનીપરે ચાલે તે અશુભ વિહાયોગતિ ૨. આકાશે ચાલવું તે વિહાયોગતિ કહીએ, તે ત્રસ જીવને હોય. ૪૩

પરાઘાત નામ કર્મ અને શ્વાસોશ્વાસ નામ કર્મનું સ્વરૂપ.

પરઘાઉદયા પાણી, પરેસિ બલિણંપિ હોઇ દુદ્ધરિસો ॥
ઊસસણલદ્ધિજુત્તો, હવેઇ ઊસાસનામવસા ॥ ૪૪ ॥

પરઘા–પરાઘાત નામ કર્મના.	**દુદ્ધરિસો**–દુઃખે જીતવાયોગ્ય.
ઉદયા–ઉદયથી.	**ઊસસિણુ**–શ્વાસોશ્વાસ.
પાણી–પ્રાણી.	**લદ્ધિજુત્તો**–લબ્ધિ યુક્ત.
પરેસિ–બીજા.	**હવેઇ**–હોય.
બલિણંપિ–બળવંતને પણ.	**ઊસાસનામ**–શ્વાસનામકર્મના
હોઈ-હોય.	**વસા**–વશે કરી.

વિવેચન—હવે આઠ પ્રત્યેક પ્રકૃતિનો અર્થ કહે છે. પરાઘાત નામ કર્મ્મના ઉદયથી પરને-બળિયાને પણ દુર્ધર્ષ-

દુ સહ્ય થાય. મોટી સભાને વિષે ગયો થકો પણ સર્વને ક્ષોભ પમાડે તે પરાઘાત નામ કહીએ. પરાન્ આહતાતિ પરાઘાત ૧, શ્વાસોશ્વાસ લેવાની લબ્ધિવાળો હોય,-શ્વ સોશ્વાસ લે તે ઉશ્વાસનામકર્મના[1] ઉદયથકી, તે પર્યાપ્તાને ઉદયે હોય ૨, ૪૪.

આતપ નામકર્મનું સ્વરૂપ.

રવિબિંબે ઉ જિઅંગં,તાવજુઅં આયવાઉ ન ઉ જલણે॥
જમુસિણફાસસ્સ તહિં,લોહિઅવણ્ણસ્સ ઉદઉત્તિ॥૪૫॥

રવિબિંબે-સૂર્યબિંબને વિષે.
ઉ-નિશ્ચયે.
જિઅંગં-(રત્નના)જીવનું અંગ
તાવજુઅં-તાપયુક્ત.
આયવાઉ-આતપના ઉદયે.
ન ઉ જલણે-અગ્નિકાયના શરીરે વળી ન હોય.

૧ જે કર્મના ઉદયથી આત્માને શ્વાસોશ્વાસ (ઉંચો શ્વાસ અને નીચો શ્વાસ-શ્વાસ લેવો મૂકવો) લબ્ધિ થાય તેનુ નામ શ્વાસોશ્વાસ નામ કર્મ એ શ્વાસોશ્વાસ લબ્ધિ કર્મના ઉદયથી થાય માટે ઔદયિકી છે જો કે સર્વ લબ્ધિઓ ક્ષાયોપશમિકી છે, તો-પણ વૈક્રિય અને આહારક લબ્ધિ ઔદયિકી પણ સભવે છે, ત્યા વીર્યાતરાયનો ક્ષયોપશમ પણ નિમિત્તભૂત છે તેથી ઔદયિકપણુ અને ક્ષાયોપમશમિકપણુ હોય તેમા કાઇ વિરૂદ્ધતા નથી તેમ ઉક્ત લબ્ધિ આશ્રયી જાણવુ નામ કર્મથી લબ્ધિ થાય, શ્વાસોશ્વાસ યોગ્ય પુદ્ગલ ગ્રહણ કરી શ્વાસોશ્વાસપણે પરિણમાવી અવલબી મૂકવાની શક્તિ તે શ્વાસોશ્વાસ પર્યાપ્તિ અને શ્વાસોશ્વાસ લેવા મૂકવાનો વ્યાપાર -ક્રિયા તે શ્વાસોશ્વાસ પ્રાણ જાણવો

જમ્મુસણફાસસ્સ-જે માટે ઉષ્ણ સ્પર્શનો.
તહિં-તે અગ્નિના શરીરે.
લોહિઅવણ્ણસ્સ-રાતાવર્ણનો
ઉદઉત્તિ-ઉદય છે એમ જાણવું.

વિવેચન--સૂર્યના બિંબને વિષે પૃથ્વીકાઈયા પર્યાપ્તા જીવનુંજ શરીર તાપ યુક્ત હોય, પોતે શીતળછતાં ઉષ્ણ પ્રકાશ કરે, તે આતપનામ કર્મના ઉદયથી એ ટાળી બીજામાં આતપનામ ન હોય. અગ્નિકાયને વિષે આતપનામ ન હોય, જે માટે અગ્નિને વિષે તો ઉષ્ણ સ્પર્શનો ઉદય છે અને લોહિત તે રાતા વર્ણનો ઉદય છે, તેણે કરીને ઉષ્ણતા અને રાતો પ્રકાશ કરે છે. ૪૫

ઉદ્યોતનામકર્મનું સ્વરૂપ.

અણુસિણપયાસરુવં, જિઅંગમુજ્જોએએ ઇહુજ્જોઆ ॥
જઇદેવુત્તરવિક્કિઅ,-જોઇસખજ્જોઅમાઇવ્વ ॥૪૬॥

અણુસિણ-શીત.
પયાસરુવં-પ્રકાશરૂપ.
જિઅંગં-જીવનું અગ
ઉજ્જોઅએ-ઉદ્યોત કરે.
ઇહ-અહીંઆં.
ઉજ્જોઆ-ઉદ્યોત નામ કર્મના ઉદયથી.
જઇ-યતિ
દેવ-દેવવડે.
ઉત્તરવિક્કિય-કરાયેલ ઉત્તર વૈક્રિય રૂપ
જોઇસ-જયોતિષી
ખજ્જોઅમાઇવ્વ-ખદ્યોત-ખજુઆ આદિની પેરે

વિવેચન--ઉષ્ણ નહિ એવા(શીત)પ્રકાશરૂપ જે જીવનું શરીર ઉદ્યોત કરે-દિપે, ઈહાં લોકને વિષે તે ઉદ્યોત નામ કર્મના ઉદયથકી. યતિનું અને દેવતાનું ઉત્તરવૈક્રિય શરીર, જયોતિષીનાં વિમાન (વિમાનના પૃથ્વીકાઈયા જીવો),

ખજૂઓ (આગીયા) ચૌરેંદ્રિયજીવ આદિ શબ્દશકી ઔષધિ, મણિ, રત્નાદિક એહને વિષે ઉદ્યોત નામનો ઉદય હોય, તેની પેઠે. તેઊવાઊમાં ન હોય. ૪૬

અગુરૂલઘુ અને તીર્થંકર નામ કર્મ.

અંગં ન ગુરૂ ન લહુઅં, જાયઇ જીવસ્સ અગુરૂલહુઉદયા;
તિત્થેણ તિહુઅણસ્સવિ, પુજ્જો સે ઉદઓ કેવલિણો ॥૪૭॥

અંગં-શરીર
ન ગુરૂ-નહીં ભારે.
ન લહુઅં-નહીં હળવું.
જાયઇ-હોય, થાય છે.
જીવસ્સ-જીવને
અગુરૂલહુ-અગુરૂ લઘુના.
ઉદયા-ઉદયથી.
તિત્થેણ-તીર્થંકર નામ કર્મના ઉદયથી.
તિહુઅણસ્સવિ-ત્રણ ભુવનને પણ.
પુજ્જો-પૂજનિક.
સે ઉદઓ-તેનો ઉદય.
કેવલિણો-તીર્થંકર કેવલીનેહોય.

વિવેચન—જે જીવનું શરીર અત્યંત ગુરૂ (ભારે) ન હોય, અત્યંત લઘુ-હળુઉં પણ ન હોય, સમ શરીર હોય તે અગુરૂલઘુ નામ કર્મના ઉદય થકી. ૫ તીર્થંકર નામ કર્મને ઉદયે કરીને ત્રિભુવનવાસી દેવદાનવ માનવને પણ પૂજનિક હોય, તે તીર્થંકર નામનો ઉદય કેવળજ્ઞાન ઉપનેજ થાય. છદ્મસ્થને ન હોય; પણ જેણે પૂર્વે તીર્થંકર[1] નામ બાંધ્યું હોય એવા છદ્મસ્થને હોય, અને સર્વ કેવળીને પણ ન હોય. ૬ ૪૭

૧ તીર્થંકર નામ કર્મનો ઉદય તીથકરકેવળીને કહ્યો તે રસોદય જાણવો, પ્રદેશોદય તો ત્રીજે ભવે ચોથે ગુણઠાણે તીર્થંકર-

નિર્માણ અને ઉપઘાત નામ કર્મ.

અંગોવંગનિઅમણં, નિમ્માણં કુણઇ સુત્તહારસમં;
ઉવઘાયા ઉવહમ્મઇ, સતણુવયવલંબિગાઈહિં ॥૪૮॥

અંગોવંગ-અંગોપાંગનું.
નિયમણં નિયમિતપણુ
નિમ્માણં-નિર્માણ નામ કર્મ.
કુણઇ-કરે.
સુત્તહાર-સુતાર.
સમં-સરખું.
ઉવઘાયા-ઉપઘાત નામ કર્મના ઉદયથી.
ઉવહમ્મઇ-હણાય, નાશપામે.
સતણુ-પોતાના શરીરના.
અવયવ-અવયવો.
લંબિગાઈહિં-પડજીભી આદિકે કરી.

અર્થ—નિર્માણ નામકર્મ અંગોપાંગની રચના કરે, તે સૂત્રધાર સરખું જાણવું. ઉપઘાત નામ કર્મના ઉદયથી પોતના શરીરના અવયવ લંબિકાદિવડે હણાય છે ૪૮

નામ નિકાચિત કર્યા પછી અંતમુહૂર્તેજ થાય છે,તેને લીધે અન્ય પ્રાણી કરતા તેમની આજ્ઞા, ઐશ્વર્ય, વચન આદેયતા વગેરે વિશેષ હોય તથા જે ભવે તીર્થંકરપણે ઉત્પન્ન થાય તે ભવમા તેમના પાચે કલ્યાણુક મહોત્સવમા ઇંદ્રાદિ પૂજે, આહાર નીહાર કોઇ દેખે નહિ, રોગ રહિત સુગંધિ પરસેવો હોય, કાયા નિર્મળ અને શ્વાસોશ્વાસ સુગંધી હોય, લોહી માસ શ્વેત હોય એ ચાર અતિશય જન્મથી હોય ચાર ધાતી કર્મનો ક્ષય કરવાથી રસોદય હોય, તેને લીધે સમવસરણાદિ વિભૂતિ હોય, વાણીના પાત્રીશ ગુણે ભવ્ય જીવને પ્રતિબોધી ચતુર્વિધ સંઘની સ્થાપના કરે, દેશના અફળ જાય નહિ, ચોત્રીશ અતિશયવંત હોય

વિવેચન—અંગોપાંગનું નિપજાવવું તે નિર્મ્માણ[1] નામ કરે તેથી તે સૂત્રધાર સરખું છે. જેમ સૂત્રધાર કાષ્ટ પાષાણની પૂતળી ઘડે-ઘાટમાં લાવે તેમ નિર્મ્માણ નામ પણ જાણવું. ૭ ઉપઘાત નામ કર્મ્મના ઉદય થકી જીવ પોતાના શરીર અવયવ અધિકા ઓછા લંબિકા-પડજીભી, રસોલી, મસ, હરસ, ચોરદંત, ષડંગુલી પ્રમુખે કરીને હણાય, દુખ પામે. ૮ ૪૮

ત્રસ, બાદર અને પર્યાપ્ત નામ કર્મ.

બિતિચઉપણિંદિઅતસા,બાયરઓબાયરાજિઆથૂલા;
નિઅનિઅપજ્જત્તિજુઆ,પજ્જત્તા લદ્ધિકરણેહિં॥૪૯॥

બિતિચઉ—બે ઇંદ્રિય, તે ઇંદ્રિય, ચૌરિંદ્રિય.
પણિંદિઅ,—પંચેદ્રિય.
તસા ત્રસ નામ કર્મના ઉદયથી.
બાયરઓ—બાદર નામ કર્મના ઉદયથી.
બાયરા—બાદર.
જીઆ—જીવો.
થૂલા—સ્થૂલ, મોટા.
નિઅનિઅ—પોતપોતાની.
પજ્જત્તિ—પર્યાપ્તિ.
જુઆ—યુક્ત, સહિત.
પજ્જત્તા,—પર્યાપ્ત નામ કર્મના ઉદયથી.
લદ્ધિ લબ્ધિએ કરી.
કરણેહિં—કરણે કરી.

અર્થ—ત્રસનામ કર્મના ઉદયથી (જીવ) બે ઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરિંદ્રિયપણું પામે છે. બાદર નામ કર્મના ઉદયથી જીવો બાદર સ્થૂલ (મોટા) થાય છે પર્યાપ્ત નામ કર્મના ઉદયથી પોતપોતાની પર્યાપ્તિએ યુક્ત હોય, તે પર્યાપ્તા લબ્ધિ અને કરણવડે બે પ્રકારે જાણવા. ૪૯

[1] અંગોપાંગને પોતપોતાના નિયત સ્થાને ગોઠવવાની વ્યવસ્થા કરે તે નિર્માણ નામ કર્મ

વિવેચન—હવે ત્રસ દશકાનો અર્થ કહે છે. ત્રસ નામકર્મના ઉદયથી બેઇદ્રિય,તેઇદ્રિય,ચઉરિંદ્રિય,પંચેંદ્રિયપણું પામે તે [1]ત્રસ કહિએ. ૧, બાદર નામ કર્મના ઉદયથકી બાદરપણું પામે, એક તથા અનેક તથા અનંતા જીવના સંખ્યાતાં અસંખ્યાતાં પણ શરીર ભેળાં મળ્યાં થકાં પણ નજરે દીસે તે બાદર કહિએ ૨, જે જીવને જેટલી પર્યાપ્તિ હોય તેટલી આપ આપણી પર્યાપ્તિયુક્ત સહિત હોય તે પર્યાપ્ત નામ કર્મનો ઉદય કહિએ. ૩, તે પર્યાપ્તા બે ભેદે લબ્ધિપર્યાપ્તા ૧ અને કરણ પર્યાપ્તા. ૨. ૪૯

---

[2] पर्याप्तिस्वरुपं यथा—आहारशरीरइंदिअ, पज्जत्ती आणपाणभासमणे॥ चउ पंच पंच छप्पिअ, इग विगलासन्निसन्नीणं । १ ॥

ભાવાર્થ—જેણે કરીને આહાર લીધો થકો રસ,ખલાદિરૂપપણે પરિણમાવે તે આહાર પર્યાપ્ત ૧, તે આહારને રૂધિર માંસાદિક સપ્ત ધાતુરૂપ શરીરપણે પરિણમાવે તે શરીર પર્યાપ્તિ. ૨, તે આહાર ધાતુપણે થઇને ઇંદ્રિયપણે પરિણમાવે તે ઇંદ્રિય પર્યાપ્તિ. ૩, જે વડે શ્વાસોશ્વાસ યોગ્ય વર્ગણા ગ્રહીને તે પુદ્ગળ શ્વાસોશ્વાસપણે પરિણમાવી મૂકે તે શ્વાસોશ્વાસ પર્યાપ્તિ ૪, તેમજ વળી ભાષાવર્ગણા યોગ્ય વર્ગણા દ્રવ્ય ગ્રહી તેને વચનપણે પરિણમાવી મૂકે તે ભાષાપર્યાપ્તિ ૫,વળી જે વડે મન યોગ્ય વર્ગણાનાં દલિયાં ગ્રહણ કરી તેને મનપણે પરિણમાવી મૂકે તે મનપર્યાપ્તિ. ૬ એ અનુક્રમે એકેંદ્રિયને ચ્યાર પર્યાપ્ત હોય વિકળેંદ્રિયને પાંચ, અસંજ્ઞી પંચેંદ્રિયને પાંચ અને સંજ્ઞી પંચે-

---

૧ તાપાદિથી પિડાતા છતા ત્રાસ પામી છાયાદિનો આશ્રય લેવા બીજે સ્થાને જાય તે **ત્રસ**

૨ पुद्गलोपचयज पुद्गलग्रहणपरिणमनहेतु शक्तिविशेषः

દ્રિયને ૭ પર્યાપ્તિ હોય उक्तंच–उरलविउ व्वाहारे छण्हवि पज्जत्ति जुगवमारंभो ॥ तिण्ह पढमिगसमए बीआ अंतोमुहुत्तिआ हवई १ पिहु पिहु असंखसमइअ अंतमुहुत्ता उराले चउरावि॥पिहु पिहु समया चउरो हुंति वेउव्विआहारे २ छण्हवि सममारंभो पढमा समएण अंतमुहु बीआ ॥ तितुरिअ समए समए सुरेसु पणछठ्ठ इगसमए ३ सो लद्धिपज्जत्तो जो मरई पूरिउ सपज्जत्ती॥लद्धिअपज्जत्तो पुण जो मरई ता अपूरित्ता ४ न उजइवि पूरेइ पर पूरिस्सइ स इह करण अपज्जत्तो॥सो पुण करणपज्जत्तो जेण ता पूरिआ हुंति ५ સર્વ જીવ સર્વ પર્યાપ્તિ સામટી (એક સાથે) પ્રારંભ કરવા માંડે (જેમ ૭ જણી કાંતનારી સાથે કાંતવા બેઠી હોય તેમાં જે જાડું કાંતે તે કોકડું વહેલું પૂર્ણ કરે અને ઝીણું કાંતે તે મોડું કોકડું પૂર્ણ કરે તેમ આ પર્યાપ્તિ સાથે આરંભે અને અનુક્રમે પૂરી કરે) ત્યા ઔદારિક શરીરી પહેલી પર્યાપ્તિ એક સમયે પૂરી કરે, તે વાર પછી અંતર્મુહૂર્ત્તે બીજી પર્યાપ્તિ પૂરી કરે, તે વાર પછી ત્રીજી અંતર્મુહૂર્ત્તે, એમ ચોથી પાંચમી છઠ્ઠી દરેક અંતર્મુહૂર્ત્તે પૂરી કરે. વૈક્રિય આહારક શરીરી પહેલી એક સમયે પૂરી કરે, તે વાર પછી બીજી અંતર્મુહૂર્ત્તે પૂરી કરે, તે વાર પછી ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, એકેક સમયે (અનુક્રમે) પૂરા કરે દેવતા પાંચમી છઠ્ઠી બે એક સમયે પૂરી કરે. જેને જેટલી પર્યાપ્ત કહિ છે તેટલી પૂરી કરીને મરશે તે લબ્ધિ પર્યાપ્તો. ૧, અને જે અધુરી પર્યાપ્તિએ મરશે તે લબ્ધિ અપર્યાપ્તો ૨, અને જે હજી અપર્યાપ્તો છે પણ પર્યાપ્તો થશે તે કરણઅપર્યાપ્તો. ૩, અને જેણે સર્વે પર્યાપ્તિ પૂરી કરી છે તે કરણ[1] પર્યાપ્તો કહિએ.

---

[1] કરણ એટલે ઇંદ્રિય એટલે ઇંદ્રિય પર્યાપ્તિ પૂર્ણ કરે તે કરણ પર્યાપ્તો અને ઇંદ્રિય પર્યાપ્તિ પૂર્ણ કરી ન હોય તે કરણ અપર્યાપ્તો

કયા કયા જીવોને કેટ કેટલી પર્યાપ્તિ હોય અને તે પુરી કરતાં દરેકમાં કેટલો કાળ (વખત) લાગે તેનું કોષ્ટક.*

જીવોનાં નામ.	પર્યાપ્તિ સંખ્યા	આહાર પર્યાપ્તિ	શરીર પર્યાપ્તિ	ઇંદ્રિય પર્યાપ્તિ	શ્વાસોશ્વાસ પર્યાપ્તિ	ભાષા પર્યાપ્તિ	મન પર્યાપ્તિ
એકેંદ્રિય	૪	સ	અ	અ	અ		
વિકલેંદ્રિય અને અસંજ્ઞી પંચેંદ્રિય.	૫	સ	અ	અ	અ	અ	
ઔદારિક શરીરી	૬	સ	અ	અ	અ	અ	અ
વૈક્રિય શરીરી અને આહારક શરીરી	૬	સ	અ	સ	સ	સ	સ
દેવતા	૬	સ	અ	સ	સ	સ	

* આ કોષ્ટકમાં જયાં **સ** છે તે સમય અને **અ** છે તે અંતમુર્હૂર્તકાળ સમજવો. દરેક જીવો કોઠામાં બતાવ્યા મૂજબ અનુક્રમે પર્યાપ્તિ પૂર્ણ કરે. એક પર્યાપ્તિમાં પહેલા ખાનામાં જણાવ્યા મૂજબ વખત લાગે. બીજી કરે તેમાં પહેલા ઉપરાંત બીજાનો વખત ઉમેરવો. એમ અનુક્રમે આગળ આગળમાં પૂર્વની બધી પર્યાપ્તિનો વખત ઉમેરવો. દેવતા પાંચમી છઠ્ઠી એક સમયમાં પૂરી કરે છે તેથી એનું એક ખાનું કર્યું છે.

પ્રત્યેક, સ્થિર, શુભ અને સૌભાગ્ય નામકર્મ.

પત્તેઅતણૂ પત્તે,-ઉદએણું દંતઅટ્ઠિમાઇ થિરં ॥
નાભુવરિ સિરાઇ સુહં,સુભગાઓ સવ્વજણઇટ્ઠો॥૫૦॥

પત્તેઅતણ-પ્રત્યેક-જૂદું શરીર.	સિરાઇ-મસ્તક આદિ.
પત્તે પ્રત્યેક નામ કર્મના.	સુહં-શુભ નામ કર્મના ઉદયથી.
ઉદએણં-ઉદયે કરી.	સુભગાઓ-સાૈભાગ્ય નામ કર્મના ઉદયથી.
દંત-દાંત.	સવ્વજણ-સર્વ જનને.
અટ્ઠિમાઇ-અસ્થિ-હાડકાદિ.	ઇટ્ઠો-ઈષ્ટ-વલ્લભ લાગે.
થિરં-સ્થિર હોય.	
નાભુવરિ-નાભિ ઉપરનાં	

વિવેચન—પ્રત્યેક તે જીવ પ્રતે જુદુ જુદુ શરીર હોય તે પ્રત્યેક નામકર્મને ઉદયે ૪, શરીરને વિષે દાંત અસ્થિ પ્રમુખ સ્થિર (અડગ) અવયવો હોય તે સ્થિર નામનો ઉદય ૫, નાભિ ઉપરના મસ્તકાદિક શુભ-શ્રેષ્ઠ અવયવ હોય (જેના સ્પર્શવડે કોઇને અપ્રીતિ ન થાય) તે શુભ નામનો ઉદય ૬, સુભગ નામના ઉદયથકી સર્વ જનને ઇષ્ટ-વલ્લભ-સોભાગી હોય. ૭. ૫૦

સુસ્વર, આદેય અને યશનામકર્મ.

સુસરા મહુર-સુહઝુણી,આઇજ્જા સવ્વલોઅગિજ્ઝવઓ;
જસઓ જસકિત્તીઓ,થાવરદસગં વિવજ્જત્થ ॥૫૧॥

સુસરા-સુસ્વર નામ કર્મના ઉદયથી	ઝુણી-ધ્વની, સ્વર
મહુર-મીઠો	આઇજ્જા-આદેય નામકર્મના ઉદયથી
સુહ-સુખદાઇ	સવ્વલોઅ-સર્વ લોકને

ગિજ્ઝ-ગ્રહવાયોગ્ય	થાવર દસગં-સ્થાવર દશક
વઓ-વચનવાળો હોય [યથી.	વિવજ્જત્થં-વિપરીતાર્થ જા-
જસઓ-જશનામ કર્મના ઉદ-	ણુવો
જસકિત્તીઓ-યશ કીર્ત્તિ હોય	

અર્થ—સુસ્વર નામ કર્મના ઉદયથી મધુર અને સુખ-દાયી સ્વર થાય, આદેય નામ કર્મના ઉદયથી સર્વ લોકને ગ્રહણ કરવા યોગ્ય વચનવાળો થાય; યશ નામ કર્મના ઉદ-યથી યશ કીર્તિ થાય; સ્થાવરદશક વિપરીત અર્થ વાળો છે. ૫૧

વિવેચન—સુસ્વર નામ કર્મના ઉદયથકી મધુર અને સર્વને સુખદાયી ધ્વનિ-સ્વર હોય કોકિલનીપેરે ૮, આદેય નામ કર્મ્મના ઉદયથકી સર્વ લોકને ગ્રાહ્ય વચન હોય, તેહનું વચન સૌ માને ૯, યશ નામ કર્મ્મના ઉદયથકી યશ કીર્ત્તિ ઘણી હોય दानपुण्यकृता कीर्ति पराक्रमकृत यश । एकदिग्गामिनी कीर्त्ति सर्व दिग्गामुक यश ६ ॥ ૧૦, એ ત્રસ દશ-કાને અર્થ કહ્યો. હવે સ્થાવર દશકાનો અર્થ ત્રસ દશકાથી વિપરીત કહેવો, તે આ પ્રમાણે-સ્થાવર તે એકેંદ્રિય કહિએ સ્થિર રહે તે માટે સ્થાવર. अत्राह कश्चित् તેજો,વાયુ તો ગમન-શીલ છે તેને સ્થાવર કેમ કહિએ तत्रोत्तर—એ તો ગતિત્રસ છે. સ્વભાવે તથા પરપ્રેરણાએ હાલે છે પણ પોતાની ઇચ્છાએ ચાલતા નથી એને સ્થાવર નામ કર્મ્મનો ઉદય છે તે માટે સ્થાવર કહિએ ૧,સંખ્યાતાં અસંખ્યાતાં શરીર ભેળાં મળ્યાં થકાં પણ નજરે ન દેખાય તે સૂક્ષ્મનામ ૨, અપર્યાપ્તા બે ભેદ છે-લબ્ધિ અને કરણ. જે પોતાની પર્યાપ્તિ પૂરી નહી કરે, અપર્યાપ્તોજ મરે તે લબ્ધિ અપર્યાપ્તો અને જે હમણાં અપર્યાપ્તો છે પણ આગળ પર્યાપ્તિ પૂરી કરશેજ

તે કરણ અપર્યાપ્તો કહિએ. યદ્યપિ આહાર શરીર ઇંદ્રિય એ ત્રણ પર્યાપ્તિ પૂરી કર્યા વિના તો કોઈ જીવ મરે નહી ત્રણ પર્યાપ્તિ પૂરી કર્યા વિના પરભવનું આયુ ન બંધાય અને પરભવાયુ બાંધ્યા વિના કોઇ મરે નહી તોપણ ચોથી શ્વાસોશ્વાસ પર્યાપ્તિ અધૂરીએ પરભવાયુ બાંધીને મરે તે અપર્યાપ્તોજ કહિએ ૩, અનંતા જીવનું એકઠુ એક શરીર હોય તે સાધારણ નામનો ઉદય કહિએ ૪, કાન, પાપણ, જીભ પ્રમુખ અવયવ ડગતા હોય, હાથપગની સંધિ શિથિલ હોય તે અસ્થિર નામ કહિએ. ૫, નાભિ નીચે પગ આદિ દઇ અવયવો અશુભ-માઠા હોય તે અશુભ નામ કહિએ. ૬, સર્વ જનને અનિષ્ટ-અળખામણો-દુર્ભાગી હોય, તે દુર્ભગ નામ ૭, ખરની પેરે માઠો ક્રુર સ્વર હોય તે દુઃસ્વર નામ ૮, કોઇને ગ્રાહ્ય વચન ન હોય, વચન કોઇ માને નહી તે અનાદેય નામ ૯, અપયશ અપકીર્ત્તિ પામે તે અયશ નામ કર્મ્મનો ઉદય ૧૦, એ સ્થાવર દશકાનો અર્થ જાણવો; એટલે એ નામ કર્મ્મની ૧૦૩ પ્રકૃતિ કહી. ૬. ૫૧

ગોત્ર અને અંતરાય કર્મના ભેદ.

ગોઅં દુહુચ્ચનીઅં, કુલાલ ઇવ સુઘડભુંભલાઇઅં ॥
વિગ્ઘં દાણે લાભે, ભોગુવભોગેસુ વીરિએ અ ॥૫૨॥

ગોઅં-ગોત્ર કર્મ	કુલાલઇવ-કુંભારનીપેરે
દુહ-બે ભેદે	સુઘડ-સારા ઘડા જેવું
ઉચ્ચ-ઉચ્ચૈર્ગોત્ર	ભુંભલાઇઅં-મદિરાદિના ઘડા જેવું
નીઅં-નીચ્ચૈર્ગોત્ર	

વિગ્ઘં-અંતરાય	ઉવભોગેસુ-ઉપભોગમાં
દાણે-દાનમાં	વીરિએ-વીર્યમાં
લાભે-લાભમાં	અ-અને.
ભોગ-ભોગમાં	

અર્થ—જેમ કુંભાર સારો ઘડો અને ખરાબ ઘડો કરે તેની પેઠે ઉંચ અને નીચ એમ બે પ્રકારે ગોત્રકર્મ જાણવું. દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય સંબંધી અંતરાય કર્મ પાંચ પ્રકારે જાણવું. ૫૨

વિવેચન—હવે ગોત્ર કર્મ્મ કહે છે-તે ગોત્ર કર્મ્મ બે ભેદ છે ઉચ્ચૈર્ગોત્ર ૧, અને નીચૈર્ગોત્ર ૨ એ ગોત્ર કર્મ્મ કુંભાર સરખું છે, જેમ કુંભાર સુઘટ-ઘૃત દુગ્ધાદિકનો ઘડો ઘડે અને ભુંભલ તે અશુભ મદિરા પ્રમુખનો ઘડો પણ ઘડે તેમ ઉચ્ચ નીચ ગોત્ર જાણવું [1] ઉચ્ચૈર્ગોત્ર આઠ ભેદે છે તે કેમ? જાતિ વિશિષ્ટતા ૧, કુળ વિશિષ્ટતા ૨, બળ વિશિષ્ટતા ૩, રૂપાવશિષ્ટતા ૪, તપ વિશિષ્ટતા ૫, શ્રુત વિશિષ્ટતા ૬, લાભ વિશિષ્ટતા ૭, ઐશ્વર્ય વિશિષ્ટતા ૮, એ આઠ ભેદ જાણવા અને નીચૈર્ગોત્રના ભેદ એનાથી વિપરીત જાણવા ૭. હવે અંતરાય કર્મ્મ કહે છે-જેનો ઉદય થયે છતે, છતે દ્રવ્યે

---

૧ અર્થાત્ સારો ઘડો લોકમા પૂજાને પામે અને મદિરાનો ઘડો તેમા મદિરા ભરી ન હોય છતા પણ નિંદાને પાત્ર રહે તેમ નિર્ધન, કુરૂપ અને બુદ્ધિ વગેરેથી હીન હોય તો પણ સુકુલ (ઉંચ ગોત્ર)મા જન્મ માત્રથી તે લોકમા પૂજા પામે છે અને મહા ધનવાન, અત્યંત સુરૂપ અને બુદ્ધિ વગેરે ગુણવાન હોય છતા વિશિષ્ટ કુળના અભાવ (નીચ ગોત્ર)થી નિંદા પામે છે

છતે પાત્રયોગે પણ દાન દઇ ન શકે તે દાનાંતરાય ૧, છતે લાભને યોગે પણ લાભ ન પામે તે લાભાંતરાય ૨, એક વાર ભોગવવા યોગ્ય અન્ન ફૂલ ચંદનાદિક તે ભોગ કહિએ, તે છતે યોગે પણ ભોગવી ન શકે તે ભોગાંતરાય ૩, વારંવાર ભોગવવા યોગ્ય જે વસ્ત્ર,ભૂષણ, સ્ત્રી આદિક તે ઉપભોગ કહિએ તે છતે યોગે પણ ભોગવી ન શકે તે ઉપભોગાંતરાય ૪, છતિ શક્તિએ શરીરે પુષ્ટ નિરોગી થકા પણ પરાક્રમ ફેરવી ન શકે તે વીર્યાંતરાય[૨] ૫, એ પાંચ ભેદે અંતરાય કર્મ. ૮. ૫૨

અંતરાય કર્મનું સ્વરૂપ.

સિરિહરિઅસમં એઅં, જહ પડિકૂલેણ તેણ રાયાઈ ॥
ન કુણઇ દાણાઇઅં, એવં વિગ્ઘેણ જીવો વિ ॥ ૫૩ ॥

સિરિહરિઅ-શ્રીગૃહી-ભંડારી	ન કુણઇ-ન કરી શકે
સમં, એઅં-સરખું, એ	દાણાઈઅં-દાનાદિક
જહ-જેમ	એવં-એ પ્રકારે
પડિકૂલેણ-પ્રતિકૂલ થકે	વિગ્ઘેણ-અંતરાય કર્મે કરી
તેણ, રાયાઈ-તે, રાજાદિક	જીવોવિ-જીવ પણ

---

૨ વીર્ય ત્રણ પ્રકારે છે, તે આ પ્રમાણે-મિથ્યાત્વીની ક્રિયા કરવાની શક્તિ તે બાલવીર્ય, દેશ વિરતિની મોક્ષાર્થ ક્રિયા તે બાલ પંડિતવીર્ય અને મુનિની મોક્ષર્થ ક્રિયા તે પંડિતવીર્ય.

અર્થ—ભંડારીના સરખું તે જાણવું. જેમ તે પ્રતિકૂલ છતે રાજા વગેરે દાનાદિક ન કરે, એ પ્રકારે અંતરાય કર્મ વડે જીવ પણ (દાનાદિક કરી શકે નહિં.) ૫૩.

વિવેચન—શ્રી લક્ષ્મીનું ઘર તે ભંડાર તેનો અધિકારી તે ભંડારી તે સરખું અંતરાય કર્મ્મ છે. જેમ તે ભડારી પ્રતિકૂળ થકે રાજાદિક દાનાદિક કરવા વાંછે પણ છતે યોગે તે દાનાદિક કરી શકે નહીં, એમ એ દૃષ્ટાંતે વિઘ્ન તે અંતરાય કર્મ્મ તેહને ઉદયે કરીને જીવ પણ છતે યોગે દાનાદિક કરી ન શકે એટલે એ અંતરાય કર્મ્મની પાંચ પ્રકૃતિ કહી, એટલે એ આઠે કર્મ્મની ૧૫૮ પ્રકૃતિ વિવરીને કહી.૫૩

કર્મની મૂળ આઠ પ્રકૃતિ અને ૧૫૮ ઉત્તર પ્રકૃતિનું કોષ્ઠક.

	કર્મ્મની મૂળ પ્રકૃતિ ૮	૨	શ્રુત જ્ઞાનાવરણીય
		૩	અવધિ જ્ઞાનાવરણીય.
૧	જ્ઞાનાવરણીય કર્મ્મ.	૪	મન પર્યવ જ્ઞાનાવરણીય.
૨	દર્શનાવરણીય કર્મ્મ	૫	કેવળ જ્ઞાનાવરણીય
૩	વેદનીય કર્મ્મ		**દર્શનાવરણીયની. ૯**
૪	મોહનીય કર્મ્મ.	૧	ચક્ષુ દર્શનાવરણીય
૫	આયુ કર્મ્મ	૨	અચક્ષુ દર્શનાવરણીય.
૬	નામ કર્મ્મ	૩	અવધિ દર્શનાવરણીય.
૭	ગોત્ર કર્મ્મ	૪	કેવળ દર્શનાવરણીય
૮	અંતરાય કર્મ્મ.	૫	નિદ્રા.
	જ્ઞાનાવરણીયની પાંચ	૬	નિદ્રા નિદ્રા
		૭	પ્રચલા.
	પ્રકૃતિ	૮	પ્રચલા પ્રચલા.
૧	મતિ જ્ઞાનાવરણીય	૯	થીણદ્ધી

વેદનીય કર્મની બે પ્ર૦

૧	સાતા વેદનીય	
૨	અસાતા વેદનીય	

મોહનીયની ૨૮ પ્રકૃતિ.

૧	સમ્યકત્વ મોહનીય	દર્શન મોહનીય
૨	મિશ્ર મોહનીય	
૩	મિથ્યાત્વ મોહનીય	
૪	અનંતાનુબંધિ ક્રોધ	સોળ કષાય-ચારિત્ર મોહનીય
૫	અપ્રત્યાખ્યાનીય ક્રોધ	
૬	પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ	
૭	સંજ્વલન ક્રોધ	
૮	અનંતાનુબંધિ માન	
૯	અપ્રત્યાખ્યાનીય માન	
૧૦	પ્રત્યાખ્યાનાવરણ માન	
૧૧	સંજ્વલન માન	
૧૨	અનંતાનુબંધિ માયા	
૧૩	અપ્રત્યાખ્યાનીય માયા	
૧૪	પ્રત્યાખ્યાનાવરણી માયા	
૧૫	સંજ્વલની માયા	
૧૬	અનંતાનુબંધિ લોભ	
૧૭	અપ્રત્યાખ્યાનીય લોભ	
૧૮	પ્રત્યાખ્યાનાવરણ લોભ	
૧૯	સંજ્વલન લોભ	
૨૦	હાસ્ય	
૨૧	રતિ	નવ નોકષાય
૨૨	અરતિ	
૨૩	શોક	
૨૪	ભય	
૨૫	જુગુપ્સા (દુગંછા)	
૨૬	પુરૂષ વેદ.	
૨૭	સ્ત્રીવેદ	
૨૮	નપુંસક વેદ	

આયુ કર્મની ૪ પ્ર૦

૧	દેવાયુ
૨	મનુષ્યાયુ
૩	તિર્યંગાયુ
૪	નરકાયુ

નામ કર્મની ૧૦૩ પ્ર૦

૧	નરકગતિ નામ કર્મ.
૨	તિર્યગ્ગતિ નામ કર્મ
૩	મનુષ્યગતિ નામ કર્મ
૪	દેવગતિ નામ કર્મ
૫	એકેંદ્રિય જાતિ નામ કર્મ
૬	બેઇંદ્રિય જાતિ નામ કર્મ
૭	તેઇંદ્રિય જાત નામ કર્મ
૮	ચઉરિંદ્રિય જાતિ નામ કર્મ.
૯	પંચેંદ્રિય જાતિ નામ કર્મ
૧૦	ઔદારિક શરીર નામ કર્મ
૧૧	વૈક્રિય શરીર નામ કર્મ
૧૨	આહારક શરીર નામ કર્મ.
૧૩	તૈજસ શરીર નામ કર્મ
૧૪	કાર્મણ શરીર નામ કર્મ.
૧૫	ઔદારિકોપાંગ નામ કર્મ.
૧૬	વૈક્રિયોપાંગ નામ કર્મ
૧૭	આહારકોપાંગ નામ કર્મ.
૧૮	ઔદારિક ઔદારિક બંધન.
૧૯	ઔદારિક તૈજસ બંધન
૨૦	ઔદારિક કાર્મણ બંધન
૨૧	ઔદારિક તૈજસ કાર્મણ બંધન.
૨૨	વૈક્રિય વૈક્રિય બંધન નામ કર્મ.
૨૩	વૈક્રિય તૈજસ બંધન.
૨૪	વૈક્રિય કાર્મણ બંધન.

૨૫	વૈક્રિય તૈજસ કાર્મ્મણ બંધન	૫૮	કટુક રસ નામ કર્મ્મ
૨૬	આહારક આહારક બંધન	૫૯	કષાય રસ નામ કર્મ્મ
૨૭	આહારક તૈજસ બંધન	૬૦	આમ્લ રસ નામ કર્મ્મ
૨૮	આહારક કાર્મ્મણ બંધન	૬૧	મધુર રસ નામ કર્મ્મ
૨૯	આહારક તૈજસ કાર્મ્મણ બંધન	૬૨	કર્કશ સ્પર્શ નામ કર્મ્મ.
૩૦	તૈજસ તૈજસ બંધન	૬૩	મૃદુ સ્પર્શ નામ કર્મ્મ
૩૧	તૈજસ કાર્મ્મણ બંધન	૬૪	ગુરૂ સ્પર્શ નામ કર્મ્મ
૩૨	કાર્મ્મણ કાર્મ્મણ બંધન	૬૫	લઘુ સ્પર્શ નામ કર્મ્મ
૩૩	ઔદારિક સંઘાતન નામ કર્મ્મ	૬૬	શીત સ્પર્શ નામ કર્મ્મ
૩૪	વૈક્રિય સંઘાતન નામ કર્મ્મ	૬૭	ઉષ્ણ સ્પર્શ નામ કર્મ્મ
૩૫	આહારક સંઘાતન નામ કર્મ	૬૮	સ્નિગ્ધ સ્પર્શ નામ કર્મ્મ
૩૬	તૈજસ સંઘાતન નામ કર્મ્મ	૬૯	રૂક્ષ સ્પર્શ નામ કર્મ્મ
૩૭	કાર્મ્મણ સંઘાતન નામ કર્મ્મ	૭૦	નરકાનુપૂર્વી નામ કર્મ્મ
૩૮	વજ્ર ઋષભ નારાચ સંહનન	૭૧	તિર્યગાનુપૂર્વી નામ કર્મ્મ
૩૯	ઋષભ નારાચ સંહનન.	૭૨	મનુષ્યાનુપૂર્વી નામ કર્મ્મ
૪૦	નારાચ સંહનન	૭૩	દેવાનુપુર્વી નામ કર્મ્મ
૪૧	અર્દ્ધ નારાચ સંહનન.	૭૪	શુભ વિહાયોગતિ નામ કર્મ્મ
૪૨	કીલિકા સંહનન	૭૫	અશુભ વિહાયોગતિ નામ કર્મ
૪૩	છેવઠ્ઠ સંહનન	૭૬	પરાઘાત નામ કર્મ્મ
૪૪	સમચતુરસ્ર સંસ્થાન નામ કર્મ્મ	૭૭	ઉચ્છ્વાસ નામ કર્મ્મ
૪૫	ન્યગ્રોધ સંસ્થાન નામ કર્મ્મ	૭૮	આતપ નામ કર્મ્મ
૪૬	સાદિ સંસ્થાન નામ કર્મ્મ	૭૯	ઉદ્યોત નામ કર્મ્મ
૪૭	વામન સંસ્થાન નામ કર્મ્મ	૮૦	અગુરૂલઘુ નામ કર્મ્મ
૪૮	કુબ્જ સંસ્થાન નામ કર્મ્મ.	૮૧	તીર્થંકર નામ કર્મ્મ.
૪૯	હુંડ સંસ્થાન નામ કર્મ્મ.	૮૨	નિર્માણ નામ કર્મ્મ
૫૦	કૃષ્ણ વર્ણ નામ કર્મ્મ	૮૩	ઉપઘાત નામ કર્મ્મ
૫૧	નીલ વર્ણ નામ કર્મ્મ	૮૪	ત્રસ નામ કર્મ્મ
૫૨	લોહિત્યવર્ણ નામ કર્મ્મ	૮૫	બાદર નામ કર્મ્મ
૫૩	હારિદ્રવર્ણ નામ કર્મ્મ	૮૬	પર્યાપ્ત નામ કર્મ્મ
૫૪	શ્વેતવર્ણ નામ કર્મ્મ	૮૭	પ્રત્યેક નામ કર્મ્મ
૫૫	સુરભિ ગંધ નામ કર્મ્મ.	૮૮	સ્થિર નામ કર્મ્મ
૫૬	દુર્ગંધ નામ કર્મ્મ	૮૯	શુભ નામ કર્મ્મ
૫૭	તિક્ત રસ નામ કર્મ્મ	૯૦	સુભગ નામ કર્મ્મ

૯૧	સુસ્વર નામ કર્મ	૭	**ગોત્ર કર્મની બે પ્ર૦**
૯૨	આદેય નામ કર્મ	૧	ઉચ્ચૈર્ગોત્ર કર્મ.
૯૩	યશ કીર્ત્તિ નામ કર્મ.	૨	નીચૈર્ગોત્ર કર્મ.
૯૪	સ્થાવર નામ કર્મ	૮	**અંતરાય કર્મની પાંચ પ્ર૦**
૯૫	સૂક્ષ્મ નામ કર્મ	૧	દાનાંતરાય કર્મ
૯૬	અપર્યાપ્ત નામ કર્મ		લાભાંતરાય કર્મ.
૯૭	સાધારણ નામ કર્મ		ભોગાંતરાય કર્મ
૯૮	અસ્થિર નામ કર્મ	૪	ઉપભોગાંતરાય કર્મ.
૯૯	અશુભ નામ કર્મ	૫	વીર્યાંતરાય કર્મ
૧૦૦	દુર્ભગ નામ કર્મ		એમ આઠ કર્મની
૧૦૧	દુસ્વર નામ કર્મ		ઉત્તર પ્રકૃતિ એકસો અઠ્ઠાવન
૧૦૨	અનાદેય નામ કર્મ		જાણવી
૧૦૩	અયશો અકીર્ત્તિ નામ કર્મ		

આઠ કર્મની બંધાદિકે ઉત્તર પ્રકૃતિનું કોષ્ટક.

કર્મ નામ	જ્ઞાનાવરણી ૧	દર્શનાવરણી ૨	વેદનીય ૩	મોહનીય ૪	આયુ ૫	નામ ૬	ગોત્ર ૭	અંતરાય ૮	એકંદર
બંધે પ્ર૦	૫	૯	૨	૨૬	૪	૬૭	૨	૫	૧૨૦
ઉદયે પ્ર૦	૫	૯	૨	૨૮	૪	૬૭	૨	૫	૧૨૨
ઉદીરણાએ પ્ર૦	૫	૯	૨	૨૮	૪	૬૭	૨	૫	૧૨૨
સત્તાએ પ્ર૦	૫	૯	૨	૨૮	૪	૧૦૩ ૯૩	૨	૫	૧૫૮ ૧૪૮

પડિણીઅત્તણુનિન્હવ-ઉવઘાયપઓસઅંતરાએણં ॥
અચ્ચાસાયણયાએ, આવરણદુગ જિઓ જયઇ ॥૫૪॥

પડિણીઅત્તણ-ગુરૂ આદિકની પ્રત્યનિકતાએ.
નિન્હવ-ઓળવવે કરી.
ઉપઘાત-હણવેકરી.
પઓસ-પ્રદ્વેષ રાખવે કરી
અંતરાએણં-અંતરાય કરવે કરી.
અચ્ચાસાયણયાએ-અત્યંત આશાતના કરવે કરી.
આવરણદુગં-એ આવરણ, (જ્ઞાનાવરણ, દર્શનાવરણ.)
જિઓ-જીવ.
જયઇ-ઉપાર્જે.

અર્થ—([1]જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધન અને દર્શન, દર્શની અને દર્શનના ઉપગરણની) પ્રત્યનિકતા, નિન્હવપણું, નાશ, દ્વેષ અને અંતરાયવડે અને અત્યંત આશાતનાવડે (જ્ઞાનાવરણ અને દર્શનાવરણ) બે આવરણ જીવ બાંધે છે. ૫૪

વિવેચન—આઠ કર્મ બાંધવાના મુખ્ય હેતુ તો મિથ્યાત્વ ૧, અવિરતિ ૨, કષાય ૩, યોગ ૪, એ ચાર છે તે તો ચોથા કર્મગ્રથને વિષે સવિસ્તરપણે કહેશે તે માટે ઈહાં સ્થૂળ હેતુ કહે છે. ગુર્વાદિકનો પ્રત્યનિક-અનિષ્ટ આચરણનો કરણહાર થાય, નિન્હવ તે લાજથકી ગુરૂને ઓળવી અનેરો ગુરૂ કહે, ઉપઘાત તે ગુર્વાદિકનો ઘાત કરે, તે ઉપર [2]પ્રદ્વેષ રાખે, જ્ઞાનાદિક ભણતાને [3]અંતરાય કરે, જ્ઞાન

---

૧ જ્ઞાન તે મતિ વગેરે, જ્ઞાની તે જ્ઞાનવાન-સાધુ વગેરે, જ્ઞાનના સાધન તે પુસ્તક પાટી વગેરે, દર્શન તે ચક્ષુ દર્શન વગેરે, દર્શની તે સાધુ વગેરે, દર્શનના સાધન તે આખ કાન નાસિકા વગેરે તથા સમતિતર્ક અનેકાંતજયપતાકા વગેરે દર્શન પ્રભાવક પુસ્તકો વગેરે જાણવા

૨ અતરગ અપ્રીતિ.

૩ અન્ન, પાણી, વસ્ત્ર અને વસ્તિ વગેરેનો નિષેધ

દર્શનની અત્યંત આશાતના-હીલના-નિંદા કરે, અવર્ણવાદ બોલે, એહવો થકો તે જીવ બે આવરણ ઉપાર્જે. તેમાં જ્ઞાનની અને જ્ઞાનીની આશાતનાએ જ્ઞાનાવરણ[૪] ઉપાર્જે અને દર્શન અને દર્શનીની આશાતનાએ દર્શનાવરણ[૫] કર્મ ઉપાર્જે.

ગુરૂભત્તિખંતિકરૂણા-વયજોગકસાયવિજયદાણજુઓ;
દઢધમ્માઈ અજ્જઇ, સાયમસાયં વિવજ્જયઓ ॥૫૫॥

ગુરૂભત્તિ-ગુરૂભક્તિ.
ખંતિ-ક્ષમા.
કરૂણા-કરૂણા.
વય-વ્રત.
જોગ-સંયમ યોગ, દશવિધ ચક્રવાળ સામાચારી વગેરે.
કસાયવિજય-કષાયનોજય.
દાણજુઓ-દાન ગુણ યુક્ત.
દઢધમ્માઈ-દઢધર્મી આદિ, આદિ શબ્દથી વેયાવચ્ચ કરનાર, દેવપૂજામાં તત્પર લેવા.
અજ્જઇ-ઉપાર્જે.
સાયં-શાતાવેદનીય.
અસાયં-અશાતાવેદનીય.
વિવજ્જયઓ-એથી વિપરીતપણે.

અર્થ—ગુરૂભક્તિ, ક્ષમા, દયા, વ્રત, સંયમયોગ, કષાયજય અને દાન (એ સાત) વડે યુક્ત તથા દઢ-

---

૧ જ્ઞાનીનો અવર્ણવાદ બોલવો, વિનયહીન અને અકાલે ભણવુ, ભણવાના વખતે નહિ ભણવુ અને હિંસા, મૃષાવાદ, ચોરી, મૈથુન, પરિગ્રહ અને રાત્રી ભોજન વગેરે કરવાથી પણ જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

૨ દર્શનીના દોષ ગ્રહણ કરવા, નાક, કાન વગેરે કાપવા અને હિંસાદિ પાપ સ્થાન આચરતાં પણ દર્શનાવરણીય કર્મ બંધાય છે.

ધર્મી વગેરે શાતાવેદનીય કર્મ બાંધે. તેથી વિપરીતપણે અશાતા બાંધે. ૫૫

વિવેચન—ગુરૂ તે માતા પિતા ધર્માચાર્ય તેહની ભક્તિ, ક્ષાંતિ-[૧]ક્ષમા, કરૂણા તે જીવદયા, વ્રત તે મહાવ્રત પાંચ અને અણુવ્રત ૧૨ નું પાળવું, યોગ[૨] મન વચન કાયાના, કષાય ૪ તેહનું જીતવું, દાન દેવું-એટલાંને વિષે રક્ત હોય, દૃઢ ધર્મી[૩] હોય તે જીવ સાતા વેદનીય[૪] ઉપાર્જે અને એહથકી વિપરીત પ્રવર્ત્તતો અસાતા વેદનીય ઉપાર્જે (બાંધે) ૩. ૫૫

ઉમગ્ગદેસણામગ્ગ—નાસણાદેવદવ્વહરણેહિં ॥
દંસણમોહં જિણમુણિ—ચેઇઅસંઘાઇપડિણીઓ ॥૫૬॥

ઉમગ્ગદેસણા—ઉન્માર્ગની દેશનાએ.	દંસણમોહં—દર્શનમોહનીય (બાંધે)
મગ્ગનાસણા—સન્માર્ગનો વિનાશ કરતાં.	જિણ—તીર્થંકર.
દેવદવ્વ—દેવ દ્રવ્યને.	મુણિ—સાધુ.
હરણેહિં—હરણ કરવે.	ચેઇઅ જિનપ્રતિમા.
	સંઘાઇ—સંઘ આદિનો
	પડિણીઓ—પ્રત્યનિક.

---

૧ સમર્થ છતા પારકા અપરાધને સહન કરવો તે.

૨ દશવિધ ચક્રવાલ સામાચારી વગેરે સયમ યોગનુજ અહીં ગ્રહણ કરવાનુ છે.

૩ આપત્તિને વિષે પણ ધર્મમા સ્થિર પરિણામવાળો રહે.

૪ સર્વ પ્રાણી ઉપર દયા, દાન, સરાગસયમ, દેશવિરતિ ચારિત્ર, અકામનિર્જરા, બાલતપ, મનવચનકાયાના શુભ યોગ, ક્ષમા, શૌચ વગેરે હેતુએ શાતાવેદનીય બાધવાનુ તત્ત્વાર્થ સૂત્રને વિષે કહેલ છે.

અર્થ—ઉન્માર્ગની માર્ગરૂપે દેશના, સન્માર્ગનો નાશ અને દેવદ્રવ્યના હરણવડે કરીને જીવ દર્શન મોહનીય કર્મ બાંધે. તેમજ જિન, મુનિ, ચૈત્ય અને સંઘ વગેરેનો પ્રત્યનિક પણ દર્શન મોહનીય બાંધે. ૫૬

વિવેચન—ઉન્માર્ગ ઉત્સૂત્ર માર્ગ-પાપનો માગ તેનું દેખાડવુ, શુદ્ધ-મોક્ષ માર્ગ તેનું નાશ કરવું-લોપવું, દેવ દ્રવ્યનું હરવું, વિણસાડવું ભક્ષણ કરવું, તેણે કરીને જીવ દર્શન મોહનીય કર્મ્મ ઉપાર્જે. વળી જિન-તીર્થંકર, મુન તે સાધુ, ચૈત્ય તે જિનની પ્રતિમા-દેહેરાં, સઘ-ચતુર્વિધ ઇત્યાદિકનો પ્રત્યનિક થાય તે દર્શન મોહનીય કર્મ્મ બાંધે ૫૬

દુવિહંપિ ચરણમોહં, કસાયહાસાઇવિસયવિવસમણો;
બંધઇ નિરયાઉ મહા-રંભપરિગ્ગહરઓરૂદ્દો ॥ ૫૭ ॥

દુવિહંપિ-બંને પ્રકારનું	બંધઇ-બાંધે.
ચરણમોહં-ચારિત્રમોહનીય	નિરયાઉ-નરકાયુ.
કસાય-કષાય.	મહારંભ-મહા આરંભ.
હાસાઇ-હાસ્યાદિ નોકષાયના	પરિગ્ગહ-પરિગ્રહમાં
વિસયવિવસમણો-વિષયમાં પરાધિન છે ચિત્ત જેનું એવો.	રઓ-રક્ત.
	રૂદ્દો-રૌદ્રધ્યાની.

અર્થ—કષાય અને હાસ્યાદિ નોકષાયના વિષયને વિષે વિશેષ પરાધિન છે મન જેનું એવો જીવ બંને પ્રકારના ચારિત્ર મોહનીયને બાંધે. મહા આરંભ પરિગ્રહમાં રક્ત અને રૌદ્ર પરિણામી નરકાયુ બાંધે. ૫૭

વિવેચન—બે પ્રકારે ચારિત્ર મોહનીય-કષાય મોહનીય અને નોકષાય મોહનીય-ક્રોધાદિક કષાય અને હાસ્યાદિક

નવ નોકષાયના વિષયને વિષે તત્પર થકો ઉપાર્જે. તેમાં કષાયવંત થકો કષાય મોહનીય ઉપાર્જે અને નોકષાયને વશ થયો થકો નોકષાય મોહનીય ઉપાર્જે ૪. હવે આયુ તેમાં પ્રથમ નરક ગતિનું આયુ બાંધે, તે એવા કારણથી કે મહા આરંભ અને મહા પરિગ્રહ તેને વિષે આસક્તથકો અને રૂદ્ર તે મહા કષાયવંત જીવઘાતનો કરણહાર દુષ્ટ પરિણામી હોય તે નરકાયુ: બાંધે. ૫૭

તિરિઆઉ ગૂઢહિઅઓ,સઢો સસલ્લો તહા મણુસ્સાઊ॥
પયઇઇ તણુકસાઓ,દાણરૂઈ મજ્ઝિમગુણો અ ॥૫૮॥

તિરિઆઉ-તિર્યંચાયુ.	મણુસ્સાઉ-મનુષ્યાયુ
ગૂઢહિઅઓ-ગુઢ હૃદયવાળો	પયઇઇ-પ્રકૃતિએ.
સઢો-મૂર્ખ.	તણુકસાઓ-અલ્પ કષાયી.
સસલ્લો-શલ્યસહિત.	દાણરૂઈ-દાનરૂચિવાળો.
તહા-તેમજ.	મજ્ઝિમગુણો-મધ્યમ ગુણવાળો.

અર્થ—ગુઢ હૃદયવાળો, શઠ અને શલ્યવાળો તિર્યંચાયુ બાંધે. તેમજ સહેજે અલ્પ કષાયવાળો, દાનરૂચીવાળો અને મધ્યમ ગુણવાળો હોય તે મનુષ્યાયુષ્ય બાંધે. ૫૮

વિવેચન—હવે તિર્યંચનું આયુ બાંધે તે એવા હેતુથી કે-ગુઢ હૃદય તે અત્યંત કપટી, શઠ તે મૂર્ખ સ્વભાવ, હૃદય માંહે ત્રણ શલ્ય સહિત હોય તે ૨, હવે મનુષ્યનું આયુ બાંધે તે એવા હેતુથી કે પ્રકૃતિએજ-સ્વભાવથીજ (સહેજેજ) અલ્પ કષાયવંત હોય, દાન દેવાની રૂચીવંત હોય, ક્ષમા માર્દવાદિક મધ્યસ્થ ગુણવાળો હોય તે. ૫૮.

અવિરયમાઇ સુરાઉં,બાલતવોકામનિજ્જરો જયઇ ॥
સરલો અગારવિલ્લો, સુહનામં અન્નહા અસુહં ॥૫૯॥

અવિરયમાઇ-અવિરતિ સમ્યગ્દૃષ્ટિ આદિ.
સુરાઉં-દેવાયુ બાંધે.
બાલતવો-બાલતપવાળો.
અકામનિજ્જરો-અકામનિર્જરાવાળો.
જયઇ-ઉપાર્જે.
સરલો-સરળ.
અગારવિલ્લો-ગારવરહિત.
સુહનામં-શુભનામને, નામ કર્મની શુભ પ્રકૃતિને
અન્નહા-અન્યથા, વિપરીત સ્વભાવવાળો.
અસુહં-અશુભનામને, નામ કર્મની અશુભ પ્રકૃતિને.

અર્થ—અવિરતિ આદિ દેવાયુ બાંધે, અજ્ઞાન તપવાળો અને અકામનિર્જરાવાળો દેવાયુ (અસુરાયુ) બાંધે. સરળ અને ગારવ રહિત શુભ નામ કર્મને બાંધે, વિપરીત સ્વભાવવાળો અશુભ નામ કર્મને બાધે. ૫૯

વિવેચન—અવિરત સમ્યક દૃષ્ટિ, દેશવિરતિ,સરાગ સંયમી એ દેવતાનું આયુ બાંધે, બાલ તપસ્વી દુખગર્ભ મોહગર્ભ વેરાગ્યે અકામપણે-અણઇચ્છાએ દુખ ભોગવતો કર્મ નિર્જરા કરતો દેવાયુઃ બાંધે, સરલ સ્વભાવી માયા કપટરહિત ઋદ્ધિ ૧, રસ ૨, સાતા ૩, એ ત્રણ ગારવરહિત થકો શુભ નામકર્મ-પુણ્ય પ્રકૃતિ ઉપાર્જે, એ થકી અન્યથા-કપટી ગારવવત હોય તે અશુભ નામ કર્મ-પાપ પ્રકૃતિ ઉપાર્જે (બાંધે) ૬. ૫૯

ગુણપેહી મયરહિઓ,અજ્ઝયણજ્ઝાવણારૂઇ નિચ્ચં ॥
પકુણઇ જિણાઇભત્તો, ઉચ્ચં નીઅં ઇઅરહા ઉ॥૬૦॥

ગુણપેહી–ગુણને દેખનાર.	જિણ ઇભત્તો–જિનાદિકનો ભક્ત.
મયરહિઓ–મદરહિત.	ઉચ્ચં–ઉચ્ચગોત્ર.
અજ્ઝયણ–અધ્યયન–ભણવા ઉપર.	નીઅં–નીચગોત્ર
અજ્ઝાવણા–ભણાવવા ઉપર.	ઈઅરહા–તેથી ઇતર એટલે વિપરીત પ્રકારે.
રૂઈ નિચ્ચં–નિત્ય રૂચિવાળો.	ઉ–તો.
પકુણઇ–પ્રકર્ષે કરી ઉપાર્જનકરે	

અર્થ—ગુણનેજ જોનાર, મદરહિત, ભણવા ભણાવવામાં નિરંતર રૂચિવાળો અને જિનાદિકનો ભક્ત, પ્રકર્ષે કરીને ઉચ્ચગોત્ર બાંધે; વિપરીત સ્વભાવવાળો તો નીચગોત્ર બાંધે. ૬૦

વિવેચન—સર્વના ગુણજ દેખે પણ અવગુણ દેખે નહી, આઠ મદરહિત હોય, ભણવુ ભણાવવુ તે ઉપર નિત્ય–સદાય રૂચિ હોય, તે પ્રકર્ષે કરીને ઉચ્ચગોત્ર ઉપાર્જે; વળી જિન–સિદ્ધ–સાધુ–સાધર્મ્મિક પ્રમુખનો ભક્ત–સેવાકારી હોયતે જીવ પણ ઉચ્ચગોત્ર ઉપાર્જે; એ થકી અન્યથા વિપરીત હોય તે નીચૈર્ગોત્ર ઉપાર્જે. ૭–૬૦.

જિણપૂઆવિગ્ઘકરો, હિંસાઇપરાયણો જયઇ વિગ્ઘં ॥
ઇઅ કમ્મવિવાગોયં, લિહિઓ દેવિંદસૂરીહિં ॥ ૬૧ ॥

જિણપૂઆ-જિનપૂજાનો.
વિગ્ઘકરો-વિઘ્ન કરનાર.
હિંસાઇ-હિંસાદિકમા.
પરાયણો તત્પર.
જયઇ-ઉપાર્જે.
વિગ્ઘં-અંતરાય કર્મ.
ઇઅ-એણીપેરે.
કમ્મવિવાગો-કર્મવિપાકગ્રંથ.
અયં-હમણાજ.
લિહિઓ-લખ્યો.
દેવિંદસૂરીહિં-શ્રીદેવેંદ્ર સૂરિએ

અર્થ—જિનપૂજાનો નિષેધક અને હિંસાદિમાં તત્પર અંતરાયકર્મ બાંધે. એ રીતે કર્મવિપાક નામા શાસ્ત્રને હમણાજ દેવેંદ્રસૂરિએ [1]લખ્યો. ૬૧

વિવેચન—કુદેશનાદિકવડે વીતરાગની પૂજા ભક્તિમાં અંતરાયનો કરણહાર, હિંસા, અસત્ય, અદત્ત, મૈથુન અને પરિગ્રહ પ્રમુખ પાંચ આશ્રવને વિષે તત્પર હોય તે જીવ વિઘ્ન કેઠ અંતરાયકર્મ ઉપાર્જે. ઇતિ એટલે એ કર્મવિપાક નામા પહેલો કર્મગ્રંથ શ્રી તપોગચ્છાધિરાજ શ્રી જગચ્ચંદ્ર સૂરિપટ્ટ પ્રકાશકર શ્રી દેવેંદ્ર સૂરીશ્વરે લખ્યો. પૂર્વ મુનીશ્વરે પ્રણીત છે પણ મ્હેં અક્ષર ન્યાસ કર્યો છે. ઇતિ નિરહંકારતા સૂચક વાક્યં. ૬૧

श्रीमत्कर्मग्रंथे, स्तबुकार्थो वृत्तित सुगमरीत्या ।
बुधजीवविजयविहित, कर्मविपाकस्य पूर्त्तिमगात्* ॥१॥

॥ इति कर्मविपाकनामा प्रथम कर्मग्रन्थ सार्थ समाप्त ॥

---

૧ અહીં ગ્રંથકાર પોતાની લઘુતા બતાવે છે કે આ ગ્રંથ મેં બનાવ્યો નથી પણ પૂર્વાચાર્યે બનાવ્યો છે, અને મે તો લખ્યો છે એટલે પુસ્તકારૂઢ કર્યો છે

* શ્રી કર્મગ્રંથને વિષે કર્મ વિપાકનામા પહેલા ગ્રંથનો ટીકા થકી સરળ રીતે પંડિત જીવવિજયજીનો કરેલ ટબાર્થ સંપૂર્ણ થયો.

अथ कर्मस्तवनामा द्वितीय कर्मग्रंथ.

તહ થુણિમો વીરજિણં, જહ ગુણઠાણેસુ સયલકમ્માઇ
બંધુદઓદીરણયા–સત્તાપત્તાણિ ખવિઆણિ ॥ ૧ ॥

તહ–તેમ.	**બંધ**–બંધ.
થુણિમો–સ્તવીશું.	**ઉદય**–ઉદય.
વીરજિણં–વીર સ્વામીને.	**ઉદીરણયા**–ઉદીરણા.
જહ–જેમ.	**સત્તા**–સત્તાને.
ગુણઠાણેસુ–ગુણઠાણાને વિષે.	**પત્તાણિ**–પ્રાપ્ત થયેલાને.
સયલ–સઘળાં.	**ખવિઆણિ**–ખપાવ્યાં.
કમ્માઇં–કર્મોને.	

અર્થ—જે પ્રકારે મહાવીર દેવે ગુણઠાણાને વિષે બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાને પ્રાપ્ત થયેલાં સઘળાં કર્મોને ખપાવ્યા છે તેવી રીતે મહાવીર દેવને અમે સ્તવીએ છીએ. ૧

વિવેચન—તે પ્રકારે અમે શ્રી મહાવીર જિન પ્રત્યે સ્તવીએ છીએ-સ્તવીશું કે જે પ્રકારે શ્રી મહાવીર દેવે મિથ્યાત્વાદિક ગુણઠાણાને વિષે અનુક્રમે બંધ* ઉદય

---

*मिथ्यात्वादिभिर्बंधहेतुभि अंजनचूर्णपूर्णसमुद्गकवन्निरंतरं पुद्गलनिचिते लोके कर्मयोग्यवर्गणापुद्गलैरात्मन. क्षीरनीरवत् वह्न्यय पिंडवद्वा अन्योन्याऽनुगमाऽभेदात्मक संबंधो

ઉદીરણા સત્તાને પ્રાપ્ત થયેલા સકળ કર્મને ક્ષેપવ્યા છે. (ક્ષય કર્યાં છે).

મિચ્છે સાસણ મીસે, અવિરય દેસે પમત્ત અપમત્તે ॥૨॥
નિઅટ્ટિઅનિઅટ્ટિ,સુહુમુવસમખીણસજોગિઅજોગિગુણા॥

बन्ध १। तेषांच यथास्वस्थितिबद्धानां कर्म्मपुद्गलानां अपवर्त्तनादिकरणविशेषकृते स्वाभाविके वा स्थित्यऽपचये (क्षये) सति उदयसमयप्राप्तानां विपाकवेदन उदय २। तेषामेव कर्म्मपुद्गलानां अकालप्राप्तानां जीवसामर्थ्यविशेषादुदयावलिकायां प्रवेशन उदीरणा ३। तेषामेव कर्म्मपुद्गलानां बंधसंक्रमाभ्यां लब्धात्मलाभानां निर्जरणसंक्रमणकृतस्वरूपप्रच्युत्यभावे सद्भाव सत्ता ४।

ભાવાર્થ—મિથ્યાત્વાદિ બંધ હેતુવડે, અંજન ચૂર્ણથી ભરેલ ડાભડાની પેઠે નિરંતર પુદ્ગલથી ભરેલા લોકને વિષે કર્મયોગ્ય વર્ગણાના પુદ્ગલો સાથે આત્માનો ક્ષીરનીરની પેઠે અથવા તપાવેલા લોહ અને અગ્નિની પેઠે અન્યોઅન્ય અભેદ ભાવે સબંધ તે **બંધ** ૧. યથાયોગ્ય પોતપોતાની સ્થિતિવડે બંધાયેલા અને ઉદયના વખતને પામેલા તે કર્મ પુદ્ગલોનો અપવર્ત્તનાદિ કરણ વિશેષ વડે અથવા સ્વાભાવિક સ્થિતિનો ક્ષય થયે છતે વિપાક (અનુભવ) વડે ભોગવવા તે **ઉદય** ૨ ઉદયકાળ નહિ પામેલા તે કર્મપુદ્ગલોનું જીવના સામર્થ્ય વિશેષે (અધ્યવસાય યોગે) ઉદયાવલિકા (ઉદય શ્રેણિ) મા પ્રવેશ થવુ તે **ઉદીરણા** ૩ બંધ સક્રમણાદિવડે પ્રાપ્ત કર્યું છે આત્મસ્વરૂપ જેણે એવા તે કર્મ પુદ્ગલોના નિર્જરા અને સક્રમણ વડે કરાયેલ સ્વરૂપના નાશનો અભાવ છતે સદ્ભાવ એટલે હોવાપણું તે **સત્તા**. ૪

મિચ્છે-મિથ્યાત્વ ગુણસ્થાન
સાસણ-સાસ્વાદન સમ્યગ્ દૃષ્ટિ.
મીસે-મિશ્ર-સમ્યગ્ મિથ્યા દૃષ્ટિ.
અવિરય-અવિરતિ સમ્યગ્ દૃષ્ટિ
દેસે-દેશ વિરતિ
પમત્ત-પ્રમત્ત સંયત
અપમત્તે-અપ્રમત્ત સંયત
નિઅટ્ટિ-નિવૃત્તિ-અપૂર્વકરણ
અનિઅટ્ટિ-અનિવૃત્તિ-બાદર સંપરાય
સુહુમ-સૂક્ષ્મ સંપરાય
ઉવસમ-ઉપશાંત મોહ વીતરાગ
ખીણ-ક્ષીણ મોહ વીતરાગ
સજોગિ-સયોગી કેવલી
અજોગિ-અયોગી કેવલી
ગુણા-ગુણ સ્થાનકો (છે)

અર્થ—મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાન ૧, સાસ્વાદનગુણસ્થાન ૨, મિશ્રદૃષ્ટિગુણસ્થાન ૩, અવિરતસમ્યક્ દૃષ્ટિગુણસ્થાન ૪, દેશવિરતિ ગુણસ્થાન ૫, પ્રમત્ત સંયત ગુણસ્થાન ૬, અપ્રમત્ત સંયત ગુણસ્થાન ૭, નિવૃત્તિ અથવા અપૂર્વ કરણ ગુણ સ્થાન ૮, અનિવૃત્તિ-બાદર સંપરાય ગુણસ્થાન ૯, સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન ૧૦, ઉપશાંત મોહ વીતરાગ ગુણસ્થાન ૧૧, ક્ષીણમોહ વીતરાગ ગુણસ્થાન ૧૨, સજોગી કેવલી ગુણસ્થાન ૧૩, અયોગી કેવળી ગુણસ્થાન ૧૪, એ ચઊદ ગુણસ્થાનક જાણવા. ૨

વિવેચન—ગુણ જે જ્ઞાનાદિક તેહનું સ્થાનક-શુદ્ધિ અશુદ્ધિ પ્રકર્ષે અપકર્ષે કીધો ભેદ તે ગુણસ્થાનક કહિયે તેમાં પ્રથમ મિથ્યા-ખોટી વિપરીત દૃષ્ટિ જ્યાં છે તે મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક કહિયે અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિપરીત દૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ કહો છો તો તેને ગુણસ્થાનપણું કેમ કહીએ ? તત્રોત્તરં-જો કે તેને જીવ

અજીવાદિકની પ્રતિપત્તિ વિપરીત છે તો પણ કાંઈક એ મનુષ્ય છે એ પશુ છે ઇત્યાદિ લોકવ્યવહારની પ્રતિપત્તિ છે તે માટે ગુણસ્થાન કહિયે, તથા નિગોદિયા જીવને પણ કાંઈ એક અવ્યક્ત સ્પર્શમાત્ર ઉપયોગ પ્રતિપત્તિ છે, જો તે ન હોય તો અજીવપણું પામે. यदागम –[1]सव्वजियाणमक्खरस्स अणतमो भागो निच्चं उग्घाडिओ चिट्ठइ जइ पुण सोवि आवरिज्जा तेण जीवो अजीवत्तण पाउणिज्जा તે માટે કાંઈક યથાર્થમતિની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિને પણ ગુણસ્થાનક કહીએ. વળી પૃચ્છક કહે છે કે-જો તેને કાંઈક વિશુદ્ધપણું કહોછો તો તેને સમ્યગ્ દૃષ્ટિ કેમ નથી કહેતા ? तत्रोत्तर દ્વાદશાંગ સૂત્રોક્ત એક પદ પણ ન સદ્દહે તેને મિથ્યાદૃષ્ટિ કહિયે [2]पयमवि असद्दहंतो सुतत्थं मिच्छदिट्ठीओ इति वचनात् વળી पयमक्खरंपि इक्को न रोयइ सुत्तनिदिट्ठं । सेस रोयंतो विहु मिच्छदिट्ठी जमालिव्व १ तस्य भगवति सर्वज्ञप्रत्ययनाशात्

તે મિથ્યાત્વ અભિગ્રહિકાદિક પાંચ ભેદે છે. તે વળી કાળ વિવક્ષાએ ત્રણ ભેદે છે-અનાદિ અનંત ૧, અનાદિ સાંત ૨, સાદિસાન્ત ૩. અનાદિ અનંત તે અભવ્યને ૧, અનાદિ સાંત તે ભવ્યને ૨, સાદિસાંત તે પતિતને, તેની જઘન્યથી

---

૧ સર્વ જીવને અક્ષર (શ્રુત જ્ઞાન)નો અનંતમો ભાગ નિરંતર ઉઘાડો રહે છે જો વળી તે પણ અવરાઇ જાય તો તેથી જીવ તે અજીવપણાને પામે.

૨ દ્વાદશાંગ સૂત્ર અને અર્થના એક પદને પણ ન સદ્દહે તેને મિથ્યાદૃષ્ટિ કહેલ છે.

જેને સૂત્રમાં કહેલ એક પદ કે અક્ષર માત્ર ન રૂચે અને બાકીનુ રૂચે એટલે સદ્દહે તોપણ તેને જમાલીની પેઠે મિથ્યાદૃષ્ટિ જાણવો કેમકે તેને ભગવતને વિષે સર્વજ્ઞપણાનો વિશ્વાસ નથી

અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ દેશોન અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્ત સ્થિતિઃ જાણવી. તથા સંસારી જીવ અનંત પુદ્ગળ પરાવર્ત્તકાળ લગે મિથ્યાત્વ અનુભવતો થકો કેટલેક કાળે ભવ પરિપાકના વશ થકી [1]નદી ગોળ ઘોળના ન્યાયે અનાભોગપણે યથાપ્રવૃત્ત કરણ પરિણામે કરીને આયુવર્જીને સાતે કર્મ પલ્યોપમને અસંખ્યાતમે ભાગે ન્યૂન એક કોડાકોડી સાગરોમપની સ્થિતિનાં કરે. અત્રાંતરે જીવને કર્મજનિત ઘનરાગદ્વેષ પરિણામરૂપ અતિ કઠિન વક્રગ્રંથીની પરે દુર્ભેદ્ય પૂર્વે અનાદિકાળે જે કોઇ વારે પણ ભેદી નથી એહવી ગ્રંથી (ગાંઠ) છે. તે ગ્રંથી લગે તો અભવ્ય પણ યથાપ્રવૃત્ત કરણે કર્મસ્થિતિ હળવી (દોરી-હલકી) કરીને અનંતીવાર આવે છે પણ ગ્રથી ભેદી શકે નહી. ત્યાં ભવ્ય જીવ તીક્ષ્ણકુઠાર (કોહાડા)ની પરે પરમ વિશુદ્ધિ વડે ગ્રંથીભેદ કરીને મિથ્યાત્વસ્થિતિ અંતર્મુહૂર્ત્ત શાકતે (બાકીરહે) અપૂર્વ કરણ અને અનિવૃત્તિ કરણે કરીને વિશુદ્ધપણે અંતરર્મુહૂર્તપ્રમાણ તે મિથ્યાત્વનાં પ્રદેશવેદ્ય દળિયાંના અભાવરૂપ અંતરકરણ કરે—जा गंठि ता पढम, गंठि [*]समइच्छओ भवे बीय । अनियट्टीकरण पुण सम्मत्त-पुरक्कडे जीवे[2] ॥ १ ॥

તે અનિવૃત્તિકરણ કીધા પછી મિથ્યાત્વ કર્મની સ્થિતિ બે હોય, તેમાં અંતરકરણથી હેઠલી સ્થિતિ અંતર્મુહૂર્ત્તની

---

૧ પર્વતમાથી નીકળતી નદીમા તણાતો આવતો પથ્થર કુટાતા અથડાતા ગોળ થાય તેમ.

* समतीक्रछत भिंद्रानस्येत्यर्थ [2]पुरस्कृते आसन्नसम्यक्त्वे. जीवे स्यात् યાવત્ ગ્રથી સુધી આવે તે પ્રથમ કરણ, ગ્રથીનો છેદ કરે ત્યારે બીજુ કરણ અને આસન્ન સમ્યક્ત્વી જીવને એટલે સમ્યકત્વ સન્મુખ થયે છતે અનિવૃત્તિ કરણ

પહેલી અને તે ઉપરલી બીજી. તે પહેલી સ્થિતિએ મિથ્યાત્વનાં દલિયાં વેદે તે માટે તે મિથ્યાત્વીજ કહિયે. તે અંતર્મુહૂર્ત્ત ગયે થકે અંતરકરણને પેહેલે સમયેજ ઔપશમિક સમ્યકત્વ પામે. મિથ્યાત્વ દળિયાં વેદવાના અભાવથકી. જેમ દાવાનળ પૂર્વદગ્ધ દેશ તથા ઊખર પ્રદેશ પામીને ઓલ્હાય તેમ મિથ્યાત્વ દાવાનળ પણ અંતરકરણ પામીને ઓલ્હાય. તે વારે તે જીવને ઔપશમિક સમ્યકત્વનો લાભ થાય. તેનું માન અંતર્મુહૂર્તનું છે. તેમાંથી જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ છ આવળી થાકતે કોઈક મહા બીકણ જીવને અનંતાનુબંધી કષાયનો ઉદય થાય ત્યારે તે સમ્યકત્વ વમતો સાસ્વાદને વર્તે. જેમ ખીરખાંડ ઘત જમીને ચિત્ત ફર્યે વમન કરતો મનુષ્ય તે આસ્વાદે તેમ ઔપશમિક સમ્યકત્વ વમતો સમ્યકત્વને આસ્વાદે તે માટે તેનું સાસ્વાદન એવું નામ કહીએ. તથા ઉપશમ શ્રેણીથી પડતો પણ કોઈક સાસ્વાદને આવે ત્યાં જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ ૬ આવળી રહીને પછી અવશ્ય મિથ્યાત્વે આવે. એ ગુણઠાણું પડતાંજ હોય. ૨. તથા સમ્યક્ અને મિથ્યાત્વ એ બે સમ કાળે દૃષ્ટિ હોય તે સમ્યક્ મિથ્યાદૃષ્ટિ. પૂર્વોક્ત વિધિએ લબ્ધ ઔપશમિક સમ્યકત્વે ઔષધિ તુલ્યે કરીને મદનકોદ્રવ સરખું મિથ્યાત્વ મોહનીય શોધીને ત્રણ પુંજ કરે–શુદ્ધ ૧, અર્દ્ધશુદ્ધ ૨, અશુદ્ધ ૩. તેમાં એ ત્રણ પુંજમાંથી અર્દ્ધ શુદ્ધ પુંજ ઊદયે આવે ત્યારે તે જીવને જિનધર્મ ઉપર રાગ પણ ન હોય અને દ્વેષ પણ ન હોય. તે મિશ્ર દૃષ્ટિ કહીએ. તે અંતર્મુહૂર્ત્ત રહે, પછી અવશ્ય સમ્યકત્વમાં કે મિથ્યાત્વમાં જાય. એ ગુણઠાણું પડતાં અને ચઢતાં પણ હોય. ૩. તથા અવિરત સમ્યગ્દૃષ્ટિ તે પચ્ચખ્ખાણ ન જાણે ન આદરે ન પાળે. એ ત્રણ બોલના આઠ ભાંગા થાય ડડડ ૧, ડડા ૨

ડાડ ૩, ડા। ૪, ।ડડ ૫, ।ડા ૬, ॥ ડ ૭, ॥। ૮. એ આઠમાં પ્રથમનાં ચાર ભાંગે તો મિથ્યાદૃષ્ટિ હોય અજ્ઞાની માટે અને છેલ્લે ૪ ભાંગે સમ્યક દૃષ્ટિ હોય જ્ઞાની માટે. તેમાં પણ ૬–૭ ભાંગે વિરતિ ઉદયે ન હોય તે માટે અવિરત સમ્યગ્ દૃષ્ટિ ગુણ સ્થાની કહીએ. તે જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ ઝાઝેરાં રહે ૪. કરણત્રય (કરવું કરાવવું અનુમોદવું) યોગત્રય (મન વચન કાયા) વિષય સર્વ સાવદ્ય યોગની દેશથકી વિરતિ છે જેને તે દેશવિરત કહિયે. જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટું દેશે ઊણી પૂર્વકોડિ લગે રહે ૫. સર્વ સાવદ્ય યોગની સર્વથી વિરતિ છે પણ કાંઈક પ્રમાદવંતપણે કરી વિશુદ્ધિ અવિશુદ્ધિનો પ્રકર્ષાપકર્ષકૃત ભેદ હોય દેશ વિરતની અપેક્ષાએ ગુણનો-વિશુદ્ધિનો પ્રકર્ષ અને અવિશુદ્ધિનો અપકર્ષ અને અપ્રમત્ત સંયતની અપેક્ષાએ વિશુદ્ધ ગુણનો અપકર્ષ અને અવિશુદ્ધિનો પ્રકર્ષ હોય. એનું માન જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત. ૬. પ્રમાદરહિત-સંયમી તે અપ્રમત્ત સંયત ગુણસ્થાન તે જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત, પ્રમત્ત અપ્રમત્ત બે મળીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટું દેશે ઊણી પૂર્વકોડિ રહે ૭, અપૂર્વ-નવું, પ્રથમ સ્થિતિઘાત ૧, રસઘાત ૨, ગુણશ્રેણિ ૩, ગુણસંક્રમ ૪, સ્થિતિબંધ ૫, એ પાંચ પદાર્થનું કરવું જ્યાં હોય તે અપૂર્વ કરણ કહિયે તેમાં મોટી કર્મ્મ સ્થિતિને અપવર્તન કરવે કરીને અલ્પસ્થિતિ કરવી તે સ્થિતિઘાત ૧, તીવ્રરસનું અપવર્તને કરીને ખહવુ તે રસઘાત ૨, કાળથકી હ્રસ્વતર અને દલિક રચના આશ્રયીને પૃથુતર કરે તે ગુણશ્રેણિ ૩, બધ્યમાન શુભ પ્રકૃતિને વિષે અબધ્યમાન અશુભ પ્રકૃતિનાં દળિયાં પ્રતિ સમયે અસંખ્ય ગુણ વૃદ્ધિએ વિશુદ્ધ કરીને ક્ષેપવવા તે ગુણસંક્રમ ૪, કર્મ્મની સ્થિતિ પૂર્વે મોટા બાંધતો તે પહેલાં

વિશુદ્ધિ વિશેષ હોવાથી અપૂર્વ હ્રસ્વ બાંધે તે સ્થિતિબંધ ૫,એ પાંચે વાનાં અપૂર્વે કરેછે. એ બે ભેદ-ક્ષપક ૧, ઉપશમક ૨. ક્ષપાવવા ઉપશમાવવા યોગ્ય માટે એમ કહિયે. પણ એ ગુણઠાણે મોહનીય ખપાવે નહિ અને ઉપશમાવે પણ નહિ, એ અપૂર્વકરણ ગુણસ્થાનક કહિયે. જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત પ્રમાણ હોય એ ગુણસ્થાનપ્રપન્ન પ્રાણીને કાળત્રયવર્તી અનેક જીવના અપેક્ષાએ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાય સ્થાનક હોય. પ્રથમ સમયથકી સમયે સમયે અધિકા અધિકા હોય. એકેક સમયનાં જઘન્યોત્કૃષ્ટ સ્થાનક વિશુદ્ધતાએ છઠ્ઠાણવડિયાં હોય. પ્રથમ સમયના જઘન્યાધ્યવસાય સ્થાનકથકી પ્રથમ સમયનુંજ ઉત્કૃષ્ટાધ્યવસાય સ્થાનક વિશુદ્ધતાએ અનંતગુણું હોય, તે થકી બીજા સમયનું જઘન્યાધ્યવસાય સ્થાનક અનંતગુણ, તેહ થકી તેહજ સમયનું ઉત્કૃષ્ટું અધ્યવસાય સ્થાનક અનંતગુણું;એમ યાવત ચરિમ (છેલ્લા) સમય લગે ષટ્સ્થાન તે કેમ? તે કહે છે-અનંતભાગ વૃદ્ધિ ૧, અસંખ્યાતભાગ વૃદ્ધિ ૨, સંખ્યાતભાગ વૃદ્ધિ ૩, સંખ્યાતગુણ વૃદ્ધિ ૪, અસંખ્યાતગુણ વૃદ્ધિ ૫, અનંતગુણવૃદ્ધિ ૬, અને ઉત્કૃષ્ટથકી જો હીણાં વિચારીએ તો અનંતભાગ હીન ૧, અસંખ્યાતભાગ હીન ૨, સંખ્યાતભાગ હીન ૩, સંખ્યાતગુણ હીન ૪, અસંખ્યાતગુણ હીન ૫, અનંતગુણ હીન પણ હોય ૬, એ છઠ્ઠાણવડિયાં જાણવાં. સમકાળે એ ગુણઠાણે પેઠાને (પ્રાપ્ત કરનારાને) પરસ્પર અધ્યવસાય સ્થાનકની વ્યાવૃત્તિલક્ષણ નિવૃત્તિ[1] છે તે માટે નિવૃત્તિ ગુણઠાણું પણ એને કહિયે. ૮.

---

૧ ફેરફાર. અર્થાત્ આ ગુણઠાણે વર્તતા જીવોના અધ્યવસાયોમાં ભિન્નતા હોય છે.

સમકાળે નવમ ગુણસ્થાન પ્રતિપન્ન ઘણા જીવના પણ અન્યોન્યે અધ્યવસાય સ્થાનક સરખા હોય. સૂક્ષ્મ કિટ્ટીકૃત સંપરાયની અપેક્ષાએ ત્યાં સ્થૂળ કષાય છે તે માટે બાદર સંપરાય નામ પણ કહીએ. સંપરાય શબ્દે કષાય જાણવા. તે માટે એને અનિવૃત્તિ બાદર સંપરાય ગુણ-સ્થાન કહીએ, એનું પણ અંતર્મુહૂર્ત્ત માનછે. તે અંતર્મુહૂર્ત્ત માંહે જેટલા સમય તેટલા તિહાં પેઠાને અધ્યવસાય સ્થાનક હોય. એક સમયે પેઠાને એકજ અધ્યવસાય સ્થાનક હોય, તે પ્રથમ સમયથી માંડીને સમયે સમયે અનંતગુણ વિશુદ્ધ યથોત્તર અધ્યવસાય સ્થાનક હોય. ત્યાં કર્મ ખપાવે તથા ઉપશમાવે તે ક્ષપક તથા ઉપશમક કહિયે. ૯.

સૂક્ષ્મ છે સંપરાય તે કિટ્ટીકૃત લોભ કષાયનો ઉદય જ્યાં તે સૂક્ષ્મ સંપરાય ગુણ સ્થાનક કહિયે. તે પણ બ ભેદે–ક્ષપક અને ઉપશમક ૨. તે જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ ૧૦.

ઉપશમાવ્યા છે કષાય જેણે તે ઉપશાંત કષાય તે માટેજ વીતરાગ અને છદ્મ એટલે ઘાતિકર્મ તે સત્તાએ છે જ્યાં તે છદ્મસ્થ. તે માટે અગીયારમું 'ઉપશાંત મોહ વીત-રાગ છદ્મસ્થ' ગુણ સ્થાનક કહીએ. એ ગુણઠાણે અઠ્ઠાવીશ મોહનીયકર્મની પ્રકૃતિ ઉપશમાવી હોય;એની સ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત. તે પછી નિશ્ચે તે ભવક્ષયે અથવા કાળક્ષયે પડે.તિહાં આયુ ક્ષયે મરે[૧] તો અનુત્તરવિમાને જાય. તિહાં પ્રથમ સમયેજ ચોથુ ગુણઠાણું પડિવજ્જે (પ્રાપ્ત

૧ સાત લવ આયુષ્ય ઓછુ હોવાથી જે મરે તે જો વજ્ર-ઋષભ નારાચ સંઘયણવાળો હોય તો અનુત્તર વિમાને જાય, જો તેને સાત લવ આયુ વધારે હોત તો તે મોક્ષે જાત.

કરે) અને ઉપશાંત ગુણઠાણાનો કાળ પૂરો થયે પડે તો તે જે અનુક્રમે ચઢ્યો હોય, તે અનુક્રમે પડે. કોઈ છઠ્ઠે આવી રહે. કોઈક પાંચમે કે ચોથે રહે કોઈક સાસ્વાદને આવીને મિથ્યાત્વે પણ જાય. ૧૧.

સર્વથા ક્ષીણ થયા છે કષાય જ્યાં અને વીતરાગછદ્મસ્થ તે ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ ગુણસ્થાનક બારમું જાણવું, તે ક્ષપકનેજ હોય. જઘન્ય અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ કાળ બને તુલ્યજ હોય ૧૨.

મન,વચન અને કાયયોગે સહિત વર્તે અને ઘાતિકર્મના ક્ષયથકી કેવળજ્ઞાનવંત હોય, તે સયોગીકેવળી ગુણઠાણું તેરમું, તિહાં મનોયોગ તે મનપર્યવ જ્ઞાનીએ તથા અનુત્તરવાસી દેવતાએ મને કરી પૂછયા સંદેહનો ઉત્તર કેવળી મનેજ કરીને દિયે તે કેવળીના મનોદ્રવ્ય મન પર્યવજ્ઞ અથવા અવધિજ્ઞાને કરીને તે પૂછણહાર જાણે, વચનયોગે દેશના દિયે, કાયયોગે મેષોન્મેષાદિકે પ્રવર્ત્તે; તે ગુણસ્થાનક જઘન્ય અંતર્મુહૂર્ત્ત,ઉત્કૃષ્ટ દેશે ઊણી પૂર્વકોડિ વર્ષ લગે રહે૧૩.

ત્રણે યોગનો રોધ કરે જ્યાં તે અયોગી કેવળી ગુણસ્થાન ચૌદમું જાણવું. તે કેમ ? તેરમાને અંતે ભવોપગ્રાહી કર્મ-ક્ષેપવવાને કાજે પ્રથમ બાદર કાયયોગે કરીને બાદર મનોયોગ રૂંધે, તે પછી વચન યોગ રૂંધે, તે પછી સૂક્ષ્મ કાયયોગે કરીને બાદર કાયયોગ રૂંધે, તે વડેજ સૂક્ષ્મ મનોયોગ અને સૂક્ષ્મ વચનયોગ રૂંધે. તે પછી સૂક્ષ્મ કાયયોગને સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ શુક્લ ધ્યાનને ધ્યાવતો થકો રૂંધે, ત્યારે તે અયોગી[1] થયો થકો પાંચ હ્રસ્વાક્ષર ઉચ્ચારણ-

---

૧ યોગ રહિત—અહીં કોઇ શકા કરે કે યોગ રહિત કેવળ માટે શરીર વિના ધ્યાન કેમ હોઈ શકે ? તેનુ સમાધાન કરે છે કે

માત્ર કાળ શૈલેશીકરણ કરે.[2] शैलेशो मेरूस्तस्येयं स्थिरतावस्थासाम्यात् शैलेशी, यद्वा सर्वसंवरशीलेश आत्मा तस्येयं योगनिरोधावस्था शैलेशी तस्यां करणं वेदनीयनामगोत्रकर्मत्रयस्याऽसंख्येयगुणया श्रेण्या निर्जरणं शैलेशीकरण. તે કરીને ઋજુ શ્રેણીએ એક સમયે સમયાંતરને અણફરસતો[3] થકો મોક્ષે[4]જાય. ૧૪.

એ ચૌદ ગુણઠાણાનો વિચાર વિસ્તારે મોટી ટીકાથી જાણવો ર.

ત્યા સૂક્ષ્મ કાયયોગ રહે છે માટે ધ્યાન સભવે છે વળી એમ પણ શકા થાય કે સૂક્ષ્મ કાય છે છતા અયોગી કેમ કહ્યા ? તેનુ સમાધાન આ પ્રમાણે જાણવુ કે તે કાય યોગ અત્યત સૂક્ષ્મ છે, તરતમા ક્ષય થવાનો છે અને શરીર સંબધી કાર્ય કરવાને અસમર્થ છે માટે યોગ છતા અયોગી કહેવુ તેમાં કાંઈ વિરૂદ્ધતા નથી

૨ શૈલેશ એટલે મેરૂપર્વત તેની સ્થિરતાનુ સરખાપણુ હોવાથી શૈલેશીકરણ એટલે મેરૂપર્વતની જેમ સ્થિર–નિષ્પ્રકપ થવુ. અથવા સર્વ પ્રકારે સવર તે **શીલ** (સ્વભાવ) તેનો ઈશ એટલે સ્વામી તે **શીલેશ** અર્થાત્ આત્મા, તેની આ યોગનિરોધાવસ્થા તે **શૈલેશી** તેને વિષે જે કરણ અર્થાત્ વેદનીય, નામ અને ગોત્ર એ ત્રણ કર્મને અસખ્યાત ગુણ શ્રેણીવડે નિર્જરવુ તે શૈલેશીકરણ

૩ પોતાના આત્મપ્રદેશોવડે જેટલા આકાશ પ્રદેશને વિષે અવગાઢ છે તેટલાજ આકાશ પ્રદેશને સમશ્રેણીએ અવગાહન કરતો એકજ સમયમા સમયાન્તરને નહિ સ્પર્શ કરતો લોકાંત પર્યંત જાય છે અને ત્યા સ્થિત રહે છે તે ઉપર ધર્માસ્તિકાયાદિ નથી તેથી અલોકમાં જતો નથી (સામાન્ય ગતિમા એક આકાશ પ્રદેશથી બીજે આકાશ પ્રદેશે જતા અનેક સમય લાગે છે પણ) આત્માની અનત શક્તિ હોવાથી એક સમયમાંજ લોકાતે જાય છે

૪ કર્મ રહિત થયા છતાં આત્મા લોકાંતે કયા હેતુએ જાય ?

અભિનવકમ્મગ્ગહણં,બંધો ઓહેણ તત્થ વીસસયં ।
તિત્થયરાહારગદુગ-વજ્જં મિચ્છંમિ સતરસયં ॥૩॥

અભિનવ-નવાં.	**તિથ્થયર**-તીર્થંકર નામ કર્મ
કમ્મગ્ગહણં-કર્મનું ગ્રહવું.	**આહારગદુગ**-આહારકદ્વિક.
બંધો-બંધ.	**વજ્જં**-વર્જીને.
ઓહેણ-ઓઘે.	**મિચ્છમિ**-મિથ્યાત્વે.
તત્થ-ત્યાં,બંધે.	**સતરસયં**-એકસોસત્તર.
વીસસયં-એકસોવીશ.	

અર્થ—નવિન કર્મનુ ગ્રહણ તે બંધ કહેવાય છે. ત્યાં (બંધને વિષે) સામાન્યે એકસો વીશ પ્રકૃતિ હોય. તીર્થંકર નામકર્મ અને આહારકદ્વિક વર્જિને એકસો સત્તર પ્રકૃતિ મિથ્યાત્વે બંધમાં હોય છે. ૩

વિવેચન—મિથ્યાત્વાદિક હેતુએ કરીને અભિનવ તે નવા કર્મ પુદ્ગળ, તેને ગ્રહીને આત્મપ્રદેશ સંધાતે બાંધવા

કેમકે તે નિષ્ક્રિય થવાથી ગતિનો સભવ નથી તેનુ શાસ્ત્રકાર સમાધાન કરે છે કે—૧ કુંભારનો ચાક, હિંડોલો અને બાણને વિષે જેમ પૂર્વ પ્રયોગથી ભ્રમણ ગમનાદિ ક્રિયા થાય છે તેવી રીતે સિદ્ધોની પૂર્વ પ્રયોગવંડ ગતિ ક્રિયા થાય છે ૨ માટીના લેપથી સર્વથા મુક્ત થવાથી તુંબડીની જેમ પાણીમા ઉર્ધ્વ ગતિ થાય છે તેમ કર્મ રૂપ લેપથી મુક્ત થવાથી સિદ્ધની ઉર્ધ્વ ગતિ થાય છે ૩ એરંડના ગુચ્છાના બંધનો છેદ થવાથી એરંડબીજની ઉર્ધ્વ ગતિ થાય છે તેમ કર્મરૂપ બંધના છેદથકી સિદ્ધની ઉર્ધ્વ ગતિ થાય છે. ૪ જીવની ઉર્ધ્વ ગતિ છે અને પુદ્ગલની અધોગતિ છે તેથી માટી પાષાણ વગેરે જેમ પોતપોતાની સ્વાભાવિક ગતિએ પ્રવર્તે છે તેમ જીવ પણ પોતાની સ્વાભાવિક ઉર્ધ્વ ગતિ હોવાથી ઉંચે જાય છે.

તે બંધ કહીએ. તિહાં બંધે ઓઘપણે-સર્વ ગુણઠાણાં આશ્રચી-ને સામાન્યપણે એકસોવીશ પ્રકૃતિ હોય. તે કઈ? જ્ઞાના૦ ૫, દર્શના૦ ૯, વેદનીય બે, મોહનીય ૨૬, આયુ ૪, નામ૬૭, ગો૦ બે, અં૦ પાંચ, એ સર્વ મળી ૧૨૦. તે માંહેથી તીર્થંકર નામ ૧, અને આહારકદુગ તે આહારકશરીર ૧, આહારકાંગોપાંગ ૨, એ ત્રણ વર્જીને એકસોસત્તર પ્રકૃતિ મિથ્યાત્વ ગુણઠાણે બાંધે તે કેમ? જે તીર્થંકર નામ તો સમ્યક્ દૃષ્ટીજ બાંધે અને આહારકાદ્વિક તો અપ્રમત્તજ બાંધે તે માટે મિથ્યાત્વે ન બંધાય ૩.

નરયતિગ જાઇથાવર,-ચઉ હુંડાયવછિવટ્ઠનપુમિચ્છં ।
સોલંતો ઇગહિઅસય,સાસણિ તિરિથીણદુહગતિગં ॥

નરયતિગ—નરકત્રિક.	મિચ્છં—મિથ્યાત્વ મોહનીય
જાઇ—જાતિ ચતુષ્ક	સોલંતો—સોલનો અંત કરે
થાવરચઉ—થાવર ચતુષ્ક.	ઇગહિઅસય—એકસોએક.
હુંડ—હુંડસ્થાન	સાસણિ—સાસ્વાદને.
આયવ—આતપ નામ.	તિરિ—તિર્યંચત્રિક
છિવટ્ઠ—છેવઠું સંઘયણ.	થીણ—થીણદ્ધીત્રિક.
નપુ—નપુંસક વેદ.	દુહગતિગં—દૌર્ભાગ્યત્રિક.

અર્થ—નરકત્રિક, જાતિચતુષ્ક, સ્થાવર ચતુષ્ક, હુંડ સંસ્થાન, આતપનામ, છેવઠું સંઘયણ, નપુંસકવેદ અને મિથ્યાત્વ મોહનીય (એ) સોલનો અન્ત થાય એટલે સાસ્વાદને એકસો એક પ્રકૃતિ હોય. ત્યાં તિર્યંચત્રિક, થીણદ્ધિત્રિક અને દુર્ભાગ્યત્રિક; ૪.

વિવેચન—નરકગતિ ૧, નરકાનુપૂર્વી ૨, નરકાયુ ૩ એ નરકત્રિક ૩, એકેંદ્રિય ૧,બેઇંદ્રિય ૨, તેઇંદ્રિય ૩, ચઉરિંદ્રિય ૪ એ જાતિ ચતુષ્ક ૭, સ્થાવર ૧, સૂક્ષ્મ ૨, અપર્યાપ્ત ૩, સાધારણ ૪ એ સ્થાવર ચતુષ્ક ૧૧, હુંડ સંસ્થાન ૧૨, આતપ નામ ૧૩, છેવટ્ઠું સંઘયણ ૧૪, નપુંસકવેદ ૧૫, મિથ્યાત્વ મોહનીય ૧૬; એ સોળ પ્રકૃતિનો બંધ મિથ્યાત્વ પ્રત્યયિકજ છે (મિથ્યાત્વીજ કરે) તે માટે મિથ્યાત્વ ગુણઠાણાને અંતે એનો પણ અંત–અભાવ થાય; ત્યારે સાસ્વાદન ગુણઠાણે એકસોએક ૧૦૧ બંધાય. તિર્યંચગતિ ૧, તિર્યંચ અનુપૂર્વી ૨, તિર્યંચાયુ ૩ એ તિર્યંચત્રિક ૩, પ્રચલા ૧, પ્રચલાપ્રચલા ૨, થીણદ્ધી ૩ એ થીણદ્ધિત્રિક ૬, દુર્ભગ૧, દુઃસ્વર ૨, અનાદેય ૩ એ દુર્ભગત્રિક ૯,–૪.

અણમજ્ઝાગિઇસંઘ–યણચઉનિઉજ્જોઅકુખગઇત્થિત્તિ
પણવીસ તો મીસે, ચઉસયરિ દુઆઉઅ અબંધા ॥૫॥

અણ–અનંતાનુબંધી.
મજ્ઝાગિઈ-મધ્યાકૃતિ.
સંઘયણ–સંઘયણ.
ચઉ–એ ત્રણ ચતુષ્ક.
નિઅ–નીચ ગોત્ર
ઉજ્જોઅ-ઉદ્યોતનામ.
કુખગઇ–અશુભ વિહાયોગતિ.
ત્થિત્તિ–સ્ત્રીવેદ એમ.
પણવીસંતો–પચીશનો અંત.
મીસે–મિશ્ર ગુણઠાણે.
ચઉસયરિ–ચુમ્મોતેર.
દુઆઉઅ–બે આયુષ્યનો.
અબંધા–અબંધ હોવાથી.

અર્થ—અનંતાનુબંધિ ચતુષ્ક, મધ્ય સંસ્થાન ચતુષ્ક, મધ્યસંઘયણ ચતુષ્ક, નીચગોત્ર, ઉદ્યોતનામ, અશુભવિહાયો-

ગતિ, સ્ત્રીવેદ એમ પચ્ચીશનો અંત થાય એટલે મિશ્રે બે આયુષ્યનો [1]અબંધ હોવાથી ચુમ્મોતેર પ્રકૃતિ હોય. ૫.

વિવેચન—અનંતાનુબંધી ક્રોધ ૧, માન ૨, માયા ૩, લોભ ૪, એવં ૧૩, પેહેલું છેલ્લું વર્જીને વચલાં ચાર આકૃતિ તે સંસ્થાન–ન્યગ્રોધ ૧, સાદ ૨, વામન ૩, કુબ્જ ૪, એવ ૧૭, ચાર સંઘયણ તે ઋષભનારાચ ૧,નારાચ ૨,અર્ધનારાચ ૩, કીલિકા ૪, એવં ૨૧, નીચૈર્ગોત્ર ૨૨, ઉદ્યોત નામ ૨ , અશુભવિહાયોગતિ ૨૪, સ્ત્રીવેદ ૨૫, એ પચ્ચીશ પ્રકૃતિનો અનંતાનુબંધી પ્રત્યયિક[2] બંધ છે તે માટે સાસ્વાદનને અંતે એનો પણ અંત થાય; ત્યારે મિશ્ર ગુણઠાણે ચુમ્મોતેર ૭૪ પ્રકૃતિનો બંધ હોય. એકસોએક માંહેથી પચીસ કાઢીયે ત્યારે તો ૭૬:રહે. પણ ઈહાં મનુષ્યાયુ. ૧, દેવાયુ ૨, એ બે આયુ: પણ ન બાંધે તેથી ૭૪ રહે, કેમકે મિશ્રદૃષ્ટિ પરભવાયુ ન બાંધે, તેમ મરે પણ નહિ. सम्मामिच्छद्दिट्ठी, आउय बंध पि न करेइत्ति[3]. ૫

---

૧ અબંધ એટલે આ ગુણઠાણે બંધાય નહિ પણ આગળને ગુણઠાણે બંધાશે તેથી બંધવિચ્છેદ નહિ કહેતા અબંધ કહ્યા.

૨ આ પચીશ પ્રકૃતિ મધ્યે ઉદ્યોત નામ અને તિર્યંચાયુ વિના ૨૩ પ્રકૃતિ તીવ્ર સંક્લેશે બંધાય અને તે તીવ્ર સંકલેશ અનંતાનુબંધીને ઉદયે હોય તેથી મિશ્ર પ્રમુખ આગળના ગુણઠાણે બંધ ન હોય અને તિર્યંચાયુ અને ઉદ્યોત નામ એ બે પ્રકૃતિ જો કે પુન્યની છે પરંતુ તિર્યંચ પ્રાયોગ્ય હોવાથી તેનો મિથ્યાત્વ પ્રત્યયિક બંધ જાણવો.

૩ સમ્યગ્ મિથ્યા દ્રષ્ટિ (મિશ્ર દ્રષ્ટિ) આયુનો બંધ પણ ન કરે.

સમ્મે સગસયરિ જિણા-ઉબંધિ વઇરનરતિઅબિઅક-
સાયા; ઉરલદુગંતો દેસે, સત્તઠ્ઠી તિઅકસાયંતો ॥ ૬ ॥

સમ્મે-સમ્યક્ દૃષ્ટિએ.
સગસયરિ-સીત્તોતેર.
જિણ-જિન નામ.
આઉ-મનુષ્યાયુ તથા દેવાયુ.
બંધિ-બાધે છતે.
વઈર-વજ્રઋષભ નારાચ.
નરતિઅ-મનુષ્યત્રિક.
બિઅકસાયા-બીજા અપ્રત્યાખ્યાનીય ચાર કષાય.
ઉરલદુગંતો-ઔદારિક દ્વિકનો અંત કરે.
દેસે-દેશ વિરતિએ.
સત્તઠ્ઠી-સડસઠ.
તિઅ-ત્રીજા પ્રત્યાખ્યાનીય.
કસાયંતો-કષાયનો અંત(કરે).

અર્થ—સમ્યગ્દ્રષ્ટિ ગુણઠાણે જિનનામ અને બે આયુષ્ય બાંધે છતે સિત્તોતેર પ્રકૃતિ હોય. (ત્યાં) વજ્રઋષભનારાચ સંઘયણ, મનુષ્યત્રિક, બીજા કષાયો, ઔદ્ધારિકદ્વિક (એ દશ) નો અન્ત થાય એટલે દેશવિરતિએ સડસઠ પ્રકૃતિ હોય. ત્રીજા કષાયનો અત થાય (એટલે)-૬.

વિવેચન—અવિરત સમ્યકત્વગુણઠાણે સિત્તોતેર ૭૭ બાંધે, તે કેમ? જિનનામ ૧, મનુષ્યાયુ. ૨, દેવાયુ ૩, એ ત્રણ ૭૪ માં ભેળવીએ એટલે ૭૭ થાય; કેમકે જિનનામનો બંધ તો સમ્યકત્વ પ્રત્યયિકજ છે, તે માટે કોઈક ઈહાં બાધે; અને સમ્યગ્ દૃષ્ટિ દેવતા કે નારકી મનુષ્યાયુજ બાધે અને સમ્યગ્ દૃષ્ટિ મનુષ્ય કે તિર્યંચ દેવાયુજ બાંધે તે માટે. વળી વજ્રઋષભ નારાચ સંઘયણ ૧, મનુષ્યગતિ, મનુષ્યાયુ, મનુષ્યાનુપૂર્વી એ નરત્રિક ૩, બીજા અપ્રત્યાખ્યાનીય ચાર કષાય-ક્રોધ, માન, માયા અને લોભ, ઔદારિક શરીર ૧, ઔદારિકાંગોપાગ ૨, એ દશનો અંત કરીએ તેવારે દેશવિરતિ ગુણઠાણે

સડસઠ ૬૭ બંધાય. એ [1]દશ દેશવિરતિ ન બાંધે તે માટે. વળી ત્રીજા પ્રત્યાખ્યાનીયા ક્રોધ, માન, માયા, લોભ એ એ ચારનો અંત કરીએ-ટાળીયે તે વારે-૬.

તેવટ્ઠિ પમત્તે સો-ગ અરઇ અથિરદુગ અજસ અસ્સાયં
વુચ્છિજ્જ છચ્ચ સત્ત વ,નેઇ સુરાઉં જયા નિટ્ઠં ॥૭॥

તેવટ્ઠિ-ત્રેસઠ.	વુચ્છિજ્જ-વિચ્છેદ પામે.
પમત્તે-પ્રમત્ત ગુણઠાણે.	છચ્ચ-છ પ્રકૃતિ
સોગ-શોક મોહનીય.	સત્ત વ-અથવા સાત પ્રકૃતિ.
અરઇ-અરતિ મોહનીય.	સુરાઉં-સુરાયુને.
અથિરદુગ-અસ્થિર દ્વિક.	જયા-જ્યારે.
અજસ-અયશ નામ કર્મ.	નિટ્ઠંનેઇ-નેષ્ઠા પમાડે, બંધ સંપૂર્ણ કરે.
અસ્સાયં-અસાતા વેદનીય.	

અર્થ—પ્રમત્તે ત્રેસઠ બંધાય.(ત્યાં,શોક,અરતિ,અસ્થિર-દ્વિક, અયશ અને અસાતાવેદનીય એ છ વિચ્છેદ થાય, અથવા જ્યારે દેવાયુને સંપૂર્ણ બાંધે ત્યારે સાત વિચ્છેદ થાય. ૭.

[1] એ દશ પ્રકૃતિ માહેની બીજા કષાય શિવાયની ૭ પ્રકૃતિ મનુષ્યગતિ પ્રાયોગ્ય હોવાથી સમ્યગ્ દ્રષ્ટિ દેવતા અને નારકી બાંધી શકે પરંતુ તેમને આ ગુણઠાણું નથી અને મનુષ્ય તથા તિર્યંચ તો આ ગુણઠાણે વર્તતા દેવાયુજ બાંધે, માટે એ ૭ પ્રકૃતિ દેશવિરતિ ન બાંધે બીજા કષાયનો દેશવિરતિને ઉદય નથી માટે તે પણ ન બાંધે. કેમકે જે કર્મને ભોગવે તેને બાંધે એવો પ્રાય નિયમ છે

વિવેચન—[1]પ્રમત્ત ગુણઠાણે ત્રેસઠ પ્રકૃતિનો બંધ હોય. ત્યાં શોક ૧, અરતિ ૨, અસ્થિરનામ ૧, અશુભ નામ ૨ એ અસ્થિરદુગ, એવં ૪, અયશ ૫, અસાતાવેદનીય ૬, એ પ્રકૃતિ વ્યુચ્છેદ પામે. જો કોઈક પ્રમત્ત સંયત દેવાયુઃ બાંધવા માંડે અને સંપૂર્ણ કરી નિષ્ઠા (અંત) પમાડે તો સાત નો અંત કરે. ૭.

ગુણસટ્ઠિ અપ્પમત્તે, સુરાઉ બંધંતુ જઇ ઇહાગચ્છે ॥
અન્નહ અટ્ઠાવણ્ણા, જં આહારગદુગં બંધે ॥૮॥

ગુણસટ્ઠિ—ઓગણસાઠ.	અન્નહ—અન્યથા.
અપ્પમત્તે—અપ્રમત્તે.	અટ્ઠાવન્ના—અટ્ઠાવન.
સુરાઉ—સુરાયુ.	જં—જે કારણ માટે.
બંધંતુ—બાંધતો થકો.	આહારગદુગં—આહારકદ્વિક.
જઇ—જો.	બંધે—બાધે, બંધમાં હોય.
ઇહાગચ્છે—અહીં આવે તો.	

અર્થ—દેવતાનું આયુષ્ય બાંધતો જો અહિં આવે તો ઓગણસાઠ પ્રકૃતિ અપ્રમતે બંધાય, અન્યથા અટ્ઠાવન બંધાય જે કારણ માટે આહારકદ્વિક બંધમાં હોય. ૮.

વિવેચન—ત્રેસઠમાંથી પૂર્વોક્ત [2]૭ પ્રકૃતિનો અંત કરીને આહારકદ્વિક ભેળવીએ ત્યારે ઓગણસાઠ ૫૯ પ્રકૃતિ અપ્રમત્ત

---

૧ અહિં ત્રીજા કષાયનો ઉદય નથી માટે બાધે નહિ

૨ એ ૭ પ્રકૃતિનુ નિમિત્ત પ્રમાદ છે માટે પ્રમાદ નિમિત્તે એ ૭ બધાય પણ અપ્રમત્ત ગુણઠાણાથી માંડીને વિશુદ્ધ અધ્યવસાય છે માટે તે અહી બધાય નહિ, તેમ આયુષ્ય પણ અસ્થિર પરિણામે બધાય છે માટે તે પણ બધાય નહિ.

ગુણઠાણે બંધાય. દેવતાનુ આયુ તો પ્રમત્તજ બાંધવા માંડે પણ અપ્રમત્ત બાંધવા ન માંડે કેમકે તેતો અતિ વિશુદ્ધછે અને સ્થિર પરિણામી છે. અને આયુ તો [1]ઘોલના પરિણામેજ બંધાય તે માટે કોઈક પ્રમત્ત જતે આયુ બાંધી રહે અને કોઈક તે બાંધતોજ અપ્રમત્ત ગુણઠાણે આવે અને તિહાં પૂરૂ કરે ત્યારે અપ્રમત્તે પણ દેવાયુનો બંધ કહિયે, ત્યારે છનો અંત અને આહારદ્વિક મેળવતાં ૫૯ બાંધે. અન્યથા પ્રમત્ત થકોજ દેવાયુ બાંધી રહ્યો હોય અથવા દેવાયુ બાંધતોજ ન હોય ત્યારે ૬૩ માંથી ૭ કાઢીએ અને બે ભેળવીએ ત્યારે ૫૮ બાંધે, જે માટે આહારક શરીર ૧, આહારકોપાંગ ૨, એ બે પ્રકૃતિ અપ્રમત્તજ બાધે પણ પ્રમત્ત ન બાંધે ૮.

અડવન્ન અપુવ્વાઇમિ,નિદ્દદુગંતો છપન્ન પણભાગે ॥
સુરદુગપણિંદિસુખગઇ–તસનવઉરલવિણુ તણુવંગા ૯
સમચઉરનિમિણજિણવન્ન,-અગુરૂલહુચઉ છલંસિ તીસંતો
ચરમે છવ્વીસબંધો, હાસરઈકુચ્છભયભેઓ ॥૧૦॥

અડવન્ન–અઠ્ઠાવન.
અપુવ્વાઇમિ–અપૂર્વ કારણ-ના પ્રથમ ભાગે.
નિદ્દદુગંતો–નિદ્રાદ્વિકનો અંત કરે
છપન્ન–છપ્પનનો બંધ.
પણ ભાગે–પાંચ ભાગે.
સુરદુગ–સુરદ્વિક.
પણિંદિ-પંચેંદ્રિય જાતિ.
સુખગઇ-શુભ વિહાયોગતિ.
તસનવ–ત્રસનવક.
ઉરલવિણુ–ઔદારિક વિના.
તણુ–શરીર ચાર.
ઉવંગા-ઉપાંગ–વૈક્રિય તથા આહારકના.
સમચઉર–સમચતુરસ્ર.

---

[1] અવિશુદ્ધ–અસ્થિર.

નિમિણ-નિર્માણ નામ.	તીસંતો-ત્રીશનો અંત થાય.
જિણ-જિન નામ.	ચરમે-છેલ્લે ભાગે
વન્ન-વર્ણ ચતુષ્ક.	છવીસબંધો-છવ્વીશનો બંધ.
અગુરૂલહુચઉ-અગુરૂ લઘુ ચતુષ્ક.	હાસરઇકુચ્છભય-હાસ્ય,રતિ, દુગછા, અને ભયનો
છલંસિ-છઠ્ઠે ભાગે.	ભેઓ-નાશ (ભેદ કરે.)

અર્થ—અપૂર્વ કરણના પહેલે ભાગે અઠ્ઠાવન હોય, ત્યાં નિદ્રાદ્વિકનો અંત થાય ત્યારે પાંચ ભાગે છપ્પન્ન બંધાય. સુરદ્વિક, પંચેંદ્રિયજાતિ, શુભવિહાયોગતિ, ત્રસનવક, ઓદારિકવિના શરીર અને ઉપાંગ; સમચતુસ્ર સંસ્થાન, નિર્માણનામ,જિનનામ,વર્ણચતુષ્ક, અગુરૂલઘુચતુષ્ક(એ)[1]ત્રીશનો છઠ્ઠે ભાગે અન્ત થાય એટલે છેલ્લે ભાગે છવીશનો બંધ થાય. ત્યાં હાસ્ય, રતિ, જુગુપ્સા અને ભયનો છેદ થાય. ૯-૧૦.

વિવેચન—હવે અપૂર્વકરણ ગુણઠાણાના સાત ભાગ કરીએ તેમાં પેહેલે ભાગે એજ પૂર્વોક્ત ૫૮ પ્રકૃતિ બાંધે એ અઠ્ઠાવન માંહેથી નિદ્રા ૧, નિદ્રાનિદ્રા ૨, એ બેનો અંત કરીએ ત્યારે બીજો ત્રીજો ચોથો પાંચમો છઠ્ઠો એ પાંચ ભાગને વિષે છપન્ન ૫૬ પ્રકૃતિનો બંધ હોય. દેવગતિ ૧, દેવાનુપૂર્વી ૨ એ દેવદ્વિક; પંચેંદ્રિય જાતિ ૧, શુભવિહાયોગતિ ૧; ત્રસ ૧, બાદર ૨, પર્યાપ્ત ૩, પ્રત્યેક ૪, સ્થિર ૫, શુભ ૬,સુભગ ૭,સુસ્વર ૮,આદેય ૯ એ ત્રસ નવક; ઔદારિક વિના

૧ ચારિત્ર મોહનીયને ખપાવતો અને ઉપશમાવતો અપૂર્વ કરણ કરે તેથી વિશુદ્ધ અધ્યવસાયે કરી સંસાર ભ્રમણ હેતુક ગતિ—પ્રાયોગ્ય નામ કર્મનો વિચ્છેદ કરે તેથી એ ત્રીશ પ્રકૃતિનો દેવગતિ પ્રાયોગ્ય બંધ ટાળે.

વૈક્રિય ૧, આહારક ૨, તૈજસ ૩,કાર્મણ ૪,એ ચાર શરીર અને વૈક્રિયોપાંગ ૧, આહારકોપાંગ ૨, એ બે ઉપાંગ; સમચતુરસ્ર સંસ્થાન ૧, નિર્મ્માણનામ ૧, જિનનામ ૧; વર્ણ ૧, ગંધ ૨, રસ ૩, સ્પર્શ ૪ એ વર્ણચતુષ્ક; અગુરૂલઘુચતુષ્ક તે અગુરૂલઘુ ૧, ઉપઘાત ૨, પરાઘાત ૩, ઉશ્વાસ ૪ એ ચાર, એમ ત્રીશ પ્રકૃતિનો છઠ્ઠા ભાગને છેડે છપ્પન્ન ૫૬ માંહેથી અંત કરીએ ત્યારે છેલ્લે સાતમે ભાગે છવીશ ૨૬ પ્રકૃતિનો બંધ હોય. હવે તે છવીશ માંહેથી હાસ્ય ૧, રતિ ૨, જુગુપ્સા ૩ અને ભય ૪, એ ચારનો ભેદ એટલે અંત કરીએ, ત્યારે—૯-૧૦.

અનિઅટ્ટિભાગપણગે,ઇગેગહીણો દુવીસવિહબંધો ॥
પુમ સંજલણચઉણ્હં,કમેણ છેઓ સતર સુહુમે ॥૧૧॥

અનિઅટ્ટિ—અનિવૃત્તિના.
ભાગપણગે—પાંચ ભાગે.
ઇગેગહીણો—એકેકપ્રકૃતિઓછી.
દુવિસવિહબંધો—બાવીશ પ્રકૃતિનો બંધ હોય.
પુમ—પુરૂષ વેદ.
સંજલણ—સંજવલનની
ચઉણ્હં—ચોકડીનો.
કમેણ છેઓ—અનુક્રમે છેદ થાય.
સતર—સત્તર.
સુહુમે—સૂક્ષ્મ સંપરાયે.

અર્થ—અનિવૃત્તિના પાંચે ભાગે એકેક પ્રકૃતિએ હીન બાવીશ પ્રકૃતિનો બંધ હોય. ત્યાં અનુક્રમે પુરૂષવેદ, સંજવલનચાર (ક્રોધ, માન, માયા, લોભ)નો છેદ થાય ત્યારે સૂક્ષ્મ સંપરાયે સત્તર પ્રકૃતિ બંધાય. ૧૧.

વિવેચન—અનિવૃત્તિ બાદરસંપરાયનામા નવમા ગુણઠાણાના પાંચ ભાગ કરીએ તે પાંચે ભાગને વિષે એકેકી પ્રકૃતિ ઓછી કરતા બાવીશનો બંધ હોય. તે કેમ ? તે કહે છે-પહેલે ભાગે બાવીશનો બંધ, બીજે ભાગે પુરૂષવેદ ઓછો કર્યે એકવીશનો બંધ, ત્રીજે ભાગે સંજવલન ક્રોધ ટાળ્યે વીશનો બંધ, ચોથે ભાગે સંજવલન માન ટાળ્યે ઓગણીશનો બંધ, પાંચમે ભાગે સંજવલની માયા ટાળ્યે અઢારનો બંધ, ત્યાર પછી અનુક્રમે સંજવલન લોભ ટાળ્યે સૂક્ષ્મ સંપરાયનામા દશમે ગુણઠાણે સત્તર પ્રકૃતિનો બંધ હોય. ૧૧.

ચઉદંસણુચ્ચજસનાણ-વિગ્ઘદસગંતિ સોલસુચ્છેઓ;
તિસુ સાયબંધ છેઓ, સજોગિ બંધંતુડણુતો અ ॥૧૨॥
બંધોસમ્મત્તો.

ચઉદંસણુચ્ચ-ચારદર્શનાવરણીય તથા ઉચ્ચૈર્ગોત્ર.
જસ-યશ નામ કર્મ.
નાણ-જ્ઞાનાવરણીય પાંચ.
વિગ્ઘ-પાંચ અંતરાય.
દસગંતિ-એ દશ પ્રકૃતિ.
સેલસ-સોલનો.
ઉચ્છેઓ-વિચ્છેદ હોય.
તિસુ-ત્રણ ગુણઠાણે.
સાયબંધ-સાતાવેદનીયનોબંધ.
છેઓ-છેદ થાય.
સજોગી-સયોગીને અંતે.
બંધંતુ-સાતા-વેદનીયના બંધનો અંત.
અણુંતો-અનંતો કર.

અર્થ—ચાર દર્શનાવરણીય, ઉચ્ચગોત્ર, યશનામ કર્મ, જ્ઞાનાવરણ અને અંતરાય દશક એમ સોળનો ઉચ્છેદ થાય એટલે ત્રણ (ઉપશાંતમોહ, ક્ષીણમોહ અને સયોગી) ગુણઠાણાને વિષે સાતાનો બંધ હોય. સયોગીએ તેનો છેદ થાય. તે બંધનો અંત વળી અનંત જાણવો. ૧૨.

વિવેચન—ચક્ષુ ૧, અચક્ષુ ૨, અવધિ ૩ અને કેવળ ૪ એ ચાર દર્શનાવરણીય, ઉચ્ચૈર્ગોત્ર ૧, યશનામ ૧, જ્ઞાનાવરણીય પાંચ અને અંતરાય પાંચ મળી દશ, એમ સર્વ મળીને સોળ પ્રકૃતિનો સાંપરાયિક[1] બંધ છે તે માટે દશમાને અંતે છેદ થાય, આગળ સાંપરાયિકબંધ [2]નથી. ઉપશાન્તમોહ ૧, ક્ષીણમોહ ૨ અને સયોગી ૩, એ ત્રણ ગુણઠાણે કેવળ યોગપ્રત્યયિક એક સાતાવેદનીયનો બંધ છે, તે પણ બે સમયની સ્થિતિનો છે. એક સમયે બાંધે, બીજે સમયે વેદે અને ત્રીજે સમયે નિર્જરે. તે સયોગી ગુણઠાણાને અંતે સાતાવેદનીયના બંધનો પણ અંત કરે, તે અંત અનંતો છે એટલે હવે ફરી કોઈ વારે બાંધશે નહી. ૧૨

બંધાધિકાર સંપૂર્ણ.

**ઉદઓ વિવાગવેઅણ—મુદીરણમપત્તિ ઇહ દુવીસસયં ॥
સતરસયં મિચ્છે મીસ, સમ્મઆહારજિણણુદયા ॥૧૩॥**

ઉદઓ—ઉદય (તે).
વિવાગ—વિપાક (કાળે), અનુભવવડે.
વેઅણ—વેદવું.
ઉદીરણં—ઉદીરણા (તે).
અપત્તિ—અણ પહોંચે ખેંચીને વેદવું.
ઇહ—અહીં, ઉદય ઉદીરણામાં.
દુવીસસયં-એકસો બાવીશ.
સતરસયં—એકસો સત્તર
મિચ્છે—મિથ્યાત્વે.
મીસ-મિશ્રમોહનીયનો
સમ્મ—સમ્યક્ત્વમોહનીયનો.
આહાર—આહારકદ્વિકનો.
જિણ-જિનનામ કર્મનો.
અણુદયા—ઉદય ન હોવાથી.

---

૧ સંપરાય=કષાય, તે કષાય થકી બંધ તે સાંપરાયિક બંધ.
૨ આગળના ગુણઠાણે કષાયના ઉદયનો અભાવ છે માટે.

બંધયંત્રકં.

૧૪	ગુણસ્થાનેષુ.	મૂલપ્રકૃતિ	ઉત્તરપ્રકૃતિ	જ્ઞાનાં૦	દર્શનાં૦	વેદનીય	મોહનીય	આયુ	નામકર્મ	ગોત્ર	અંતરાય
	ઓઘે	૮	૧૨૦	૫	૯	૨	૨૬	૪	૬૭	૨	૫
૧	મિથ્યાત્વે	૮	૧૧૭	૫	૯	૨	૨૬	૪	૬૪	૨	૫
૨	સાસ્વાદને	૮	૧૦૧	૫	૯	૨	૨૪	૩	૫૧	૨	૫
૩	મિશ્રે	૭	૭૪	૫	૬	૨	૧૯	૦	૩૬	૧	૫
૪	અવિરતે	૮	૭૭	૫	૬	૨	૧૯	૨	૩૭	૧	૫
૫	દેશવિરતે	૮	૬૭	૫	૬	૨	૧૫	૧	૩૨	૧	૫
૬	પ્રમત્તસયતે	૮	૬૩	૫	૬	૨	૧૧	૧	૩૨	૧	૫
૭	અપ્રમત્તે	૭/૮	૫૯/૫૮	૫	૬	૧	૯	૧/૦	૩૧	૧	૫
૮ અપૂર્વકરણે ભાગ ૭	ભાગ ૧	૭	૫૮	૫	૬	૧	૯	૦	૩૧	૧	૫
	૨	૭	૫૬	૫	૪	૧	૯	૦	૩૧	૧	૫
	૩	૭	૫૬	૫	૪	૧	૯	૦	૩૧	૧	૫
	૪	૭	૫૬	૫	૪	૧	૯	૦	૩૧	૧	૫
	૫	૭	૫૬	૫	૪	૧	૯	૦	૩૧	૧	૫
	૬	૭	૫૬	૫	૪	૧	૯	૦	૩૧	૧	૫
	૭	૭	૨૬	૫	૪	૧	૯	૦	૧	૧	૫
૯–અનિવૃત્તિ ભાગ ૫	ભાગ ૧	૭	૨૨	૫	૪	૧	૫	૦	૧	૧	૫
	૨	૭	૨૧	૫	૪	૧	૪	૦	૧	૧	૫
	૩	૭	૨૦	૫	૪	૧	૩	૦	૧	૧	૫
	૪	૭	૧૯	૫	૪	૧	૨	૦	૧	૧	૫
	૫	૭	૧૮	૫	૪	૧	૧	૦	૧	૧	૫
૧૦	સૂક્ષ્મસં૫૦	૬	૧૭	૫	૪	૧	૦	૦	૧	૧	૫
૧૧	ઉપશાંત૦	૧	૧	૦	૦	૧	૦	૦	૦	૦	૦
૧૨	ક્ષીણમોહે	૧	૧	૦	૦	૧	૦	૦	૦	૦	૦
૧૩	સયોગિ૦	૧	૧	૦	૦	૧	૦	૦	૦	૦	૦
૧૪	અયોગિ૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

અર્થ—કર્મોનું અનુભવવડે ભોગવવું તે ઉદય, ઉદયમાં નહિ પ્રાપ્ત થયેલાને વેદવું તે ઉદીરણા જાણવી. તે ઉદય ઉદીરણામાં એકસો બાવીશ પ્રકૃતિ જાણવી. મિશ્ર મોહનીય, સમ્યકત્વમોહનીય, આહારકદ્વિક અને જિનનામ ઉદય નહિ હોવાથી મિથ્યાત્વે એકસો સત્તર પ્રકૃતિ ઉદયમાં હોય. ૧૩.

વિવેચન—હવે ઊદય કહે છે. વિપાકે-અનુભવવે કરીને કર્મનું વેદવું-ભોગવવું તે ઊદય કહિયે કર્મપુદ્‌ગળ યથાસ્થિતિએ બાંધ્યા અને ઉદયપ્રાપ્ત ન થયાહોય તેને ઉદયે આણવા, તે ઊદીરણા કહિયે એ ઉદયે અને ઊદીરણાએ ઓઘે-સામાન્યપણે એકસો બાવીશ પ્રકૃતિ હોય તે કઈ? જ્ઞાનાવ૦ પાંચ, દર્શનાવ૦ ૯, વેદનીય બે, મોહનીય ૨૮, આયુ ૪, નામ ૬૭, ગોત્ર બે અને અંતરાય પાંચ, એ રીતે ૧૨૨; તેમાં મિથ્યાત્વગુણઠાણે એકસોસત્તરનો ઊદય હોય અને પાંચનો ન હોય. તે પાંચ કઈ? મિશ્રમોહનીય ૧, સમ્યક્ત્વમોહનીય ૨, આહારકદ્વિક ૪, જિનનામ ૫, એ પાંચનો ઊદય ન હોય; તેનું કારણ એ છે કે મિશ્રનો ઊદય તો મિશ્રગુણઠાણેજ હોય, સમ્યક્ત્વનો ઊદય [1]ચોથાથીજ હોય, આહારકદ્વિકનો ઉદય તો પ્રમત્તગુણઠાણેજ હોય, જિનનામનો ઉદય તેરમે [2]ગુણઠાણેજ હોય, તેમાટે અહીં મિથ્યાત્વે ન હોય. ૧૩

સુહુમતિગાયવમિચ્છં, મિચ્છંતં સાસણે ઇગારસયં ॥
નિરયાણુપુવ્વિણુદયા, અણથાવરઇગવિગલઅંતો ॥૧૪॥

સુહુમતિગ-સૂક્ષ્મત્રિક.	મિચ્છં-મિથ્યાત્વ મોહનીય.
આયવ-આતપ નામ.	મિચ્છંતં-મિથ્યાત્વ ગુણ ઠાણે અંત થાય.

૧ ચોથાથી સાતમા ગુણઠાણા સુધી. ૨ તીર્થંકર નામનો ઉદય ૧૩-૧૪ ગુણઠાણે કહ્યો તે રસોદય સમજવો. પ્રદેશોદય તો ચોથાથી જાણવો.

સાસણે–સાસ્વાદને.	**અણુ**–અનંતાનુબંધિ ચાર.
ઇગારસયં–એકસો અગિયાર.	**થાવર**–સ્થાવર નામ.
નિરયાણુપુવ્વિ–નરકાનુ પૂર્વીનો.	**ઇગ**–એકેંદ્રિય જાતિ.
	વિગલ–વિકલેંદ્રિય જાતિનો
અણુદયા–અનુદય હોવાથી.	**અંતો**–અંત હોય.

અર્થ—સૂક્ષ્મત્રિક, આતપનામ અને મિથ્યાત્વનો મિથ્યાત્વ ગુણઠાણે અંત થાય, ત્યારે સાસ્વાદને નરકાનુપૂર્વિનો ઉદય ન હોવાથી એકસો અગ્યાર પ્રકૃતિ હોય. ત્યાં અનંતાનુબંધ કષાય, સ્થાવરનામ કર્મ, એકેંદ્રિય જાતિ, વિકલેન્દ્રિય (બે ઇદ્રિય, તેઇંદ્રિય, ચઉરંદ્રિય) જાતિ(એ નવ)નો અંત થાય. ત્યારે –૧૪.

વિવેચન—સૂક્ષ્મ ૧, અપર્યાપ્ત ૨, સાધારણ ૩, એ સૂક્ષ્મત્રિક; આતપનામકર્મ ૧, મિથ્યાત્વમોહનીય ૧, એ પાંચ પ્રકૃતિ મિથ્યાત્વલગેજ હોય પછી ન હોય, ત્યારે સાસ્વાદને એકસો અગ્યારનો ઉદય હોય. ૧૧૭ માંહેથી પાંચ કાઢીયે ત્યારે તો એકસો બાર રહે, પણ એ ગુણઠાણે નરકની આનુપૂર્વીનો ઊદય[1] ન હોય તે માટે ૧૧૧ નો ઊદય હોય, ઈહાં એ ભાવના છે કે—સૂક્ષ્મ, અપર્યાપ્ત અને સાધારણ એ તો મિથ્યાત્વી[2] હોય છે. સાસ્વાદની એહમાં ઊપજે નહી અને પછી પણ એ સાસ્વાદનપણું પામે નહીં તે

---

૧ નરકાનુપૂર્વીનો ઉદય વક્રગતિવડે નરકગતિમાહે જતા જીવને વચલે સમયે હોય પણ ઔપશમિક સમ્યકત્વ વમતા સાસ્વાદનવાળો નરક ગતિમાં જાય નહિ, મિથ્યાત્વી થઇનેજ જાય

૨ સૂક્ષ્મ નામનો ઉદય સૂક્ષ્મ એકેદ્રિયને હોય, અપર્યાપ્તનો ઉદય લબ્ધિ અપર્યાપ્તા એકેદ્રિયાદિને હોય અને સાધારણનો ઉદય નિગોદ જીવને હોય તેથી એ ત્રણે નિયમા મિથ્યાત્વી છે.

માટે સાસ્વાદને સૂક્ષ્મત્રિકનો ઉદય નહીં અને બાદર એકે દ્રિ-યમાં તો અપર્યાપ્તપણે સાસ્વાદન હોય અને આતપનામ તો પર્યાપ્તો થયા પછીજ ઉદય આવે; તે માટે સાસ્વાદને આત-પનો ઉદય નહીં.અને મિથ્યાત્વ મોહનીય તો મિથ્યાત્વેજ હોય તે માટે સાસ્વાદને ન હોય. તથા સાસ્વાદન પ્રતિપન્ન જીવ નરકે ઉપજે નહીં તે માટે સાસ્વાદને નરકાનુપૂર્વીનો ઉદય ન હોય. હવે અનંતાનુબંધી ચાર, સ્થાવર નામ ૧, એકેંદ્રિયજાતિ ૧, બેઇંદ્રિય ૧, તેઇંદ્રિય ૨, ચઉરિંદ્રિય ૩, એ નવ પ્રકૃતિનો અંત કરીએ. ૧૪.

મીસે સયમણુપુવ્વી,-ડણુદયા મીસોદએણ મીસંતો;
ચઉસયમજએ સમ્મા-ડણુપુવ્વિખેવા બિઅકસાયા ॥

મીસે-મિશ્ર ગુણઠાણે.
સયં-સો.
અણુપુવ્વીણુદયા-અનુપુર્વી નો ઉદય ન હોય તેથી.
મીસોદએણ-મિશ્ર મોહની-યનો ઉદય હોય તેથી.
મીસંતો-મિશ્રે અંત થાયત્યારે
ચઉસયં-એક સો ચાર.
અજએ-અવિરતિ સમ્યક્ દૃ-ષ્ટિ ગુણઠાણે
સમ્મ-સમ્યકત્વ મોહનીય.
અણુપુવ્વી-ચાર અનુપુર્વી.
ખેવા-ક્ષેપવીએ,નાંખીએ તેથી.
બીઅ-બીજા અપ્રત્યાખ્યાની.
કસાયા-કષાયો(કષાયની ચોકડી)

અર્થ—મિશ્રગુણઠાણે (ત્રણ)આનુપૂર્વિનો અનુદય હોવાથી અને મિશ્રમોહનીયનો ઉદય થવાથી એકસો પ્રકૃતિ હોય, (ત્યાં) મિશ્રમોહનીયનો અંત થાય એટલે સમ્યકત્વ અને (ચાર) આનુપૂર્વિ નાંખવાથી એકસો ચાર પ્રકૃતિ અવિરતિ ગુણઠાણે હોય. ત્યાં બીજા કષાય-૧૫.

વિવેચન—અને મિશ્રગુણઠાણે તિર્યંગાનુપૂર્વી ૧, મનુષ્યાનુપૂર્વી ૨, દેવાનુપૂર્વી ૩, એ ત્રણ્ય આનુપૂર્વીનો પણ ઊદય ન હોય. કેમ કે મિશ્રમાં મરે નહીં અને આનુપૂર્વીનો ઊદય તો વિગ્રહ ગતિએજ હોય. તે માટે ૧૧૧ માંથી ચાર કાઢીએ અને મિશ્રમોહનીયનો ઉદય મિશ્ર ગુણઠાણેજ હોય તે માટે તે એક ભેળવીએ, ત્યારે (૧૦૦) સો પ્રકૃતિનો ઉદય મિશ્ર ગુણઠાણે હોય. હવે મિશ્રમોહનીયનો અત કરીએ અને સમ્યકત્વ મોહનીય અને ચ્યાર આનુપૂર્વી ક્ષેપવીએ (ભેળવીએ) ત્યારે અવિરતિ ગુણઠાણે એકસો ચારનો ઊદય હોય. અવિરતિ સમ્યગ્દષ્ટિ મરીને ચારે ગતિએ જાય ત્યારે વાટે (રસ્તામાં) ચારે અનુપૂર્વી ઊદયે આવે. હવે દેશવિરતિ ગુણઠાણે બીજા અપ્રત્યાખ્યાનીય ચ્યાર કષાય એટલે અપ્રત્યાખ્યાનીય ક્રોધ, અપ્રત્યાખ્યાનીય માન, અપ્રત્યાખ્યાની માયાનીય અપ્રત્યાખ્યા, લોભ, એ ૪-૧૫

મણુતિરિણુપુવ્વિવિઉવટ્ઠ,દુહગઅણાઇજ્જદુગસતરછેઓ;
સગસીઇ દેસિ તિરિગઈ,-આઉ નિઉજ્જોઅ તિકસાયા ૧૬
અટ્ઠચ્છેઓ ઇગસી,પમત્તિ આહારજુઅ (ગ) લપખેવા;
થીણુતિગાહારગદુગ,-છેઓ છસ્સયરિ અપમત્તે ॥૧૭॥

મણુતિરિ-મનુષ્યઅનેતિર્યચની	દેસિ-દેશવિરતિએ.
આણુપુવ્વી-આનુપૂર્વી.	તિરિગઈ-તિર્યચગતિ.
વિઉવટ્ઠ-વૈક્રિયાષ્ટક.	આઉ-તિર્યચાયુ
દુહગ-દૌર્ભાગ્ય.	નિ-નિચ્ચૈર્ગોત્ર.
અણાઇજ્જદુગ-અનાદેયદ્વિક.	ઉજ્જોઅ-ઉદ્યોત નામ.
સતરછેઓ-સત્તરનો વિચ્છેદ	તિ-ત્રીજા (પ્રત્યાખ્યાનીય)
સગસીઇ-સત્યાશી.	કસાયા-કષાયો,કષાયની ચોકડી

અટ્ઠચ્છેઓ-આઠનો વિચ્છેદ.	થીણતિગ-થીણદ્ધિત્રિક.
ઇગસી-એકાશી.	આહારગદુગ-આહારકદ્વિક.
પમત્તિ-પ્રમત્ત ગુણઠાણે.	છેઓ-વિચ્છેદ થાય.
આહારજુઅલ આહારકયુગલ	છસ્સયરિ-છોંતેર.
પક્ખેવા-ક્ષેપવીએ તેથી.	અપમત્તે-અપ્રમત્ત ગુણઠાણે.

અર્થ—મનુષ્યાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, વૈક્રિયાષ્ટક, દુર્ભગનામ, અનાદેયદ્વિક,એ સત્તરનો છેદ થાય ત્યારે દેશવિરતિએ સત્યાસી પ્રકૃતિ હોય. તિર્યંચગતિ અને આયુષ્ય, નીચગોત્ર, ઉદ્યોતનામ, ત્રીજા કષાય; (એ) આઠનો છેદ થાય, ત્યારે પ્રમત્તે આહારકદ્વિક નાંખવાથી એકાશી પ્રકૃતિ હોય. ત્યાં થીણદ્ધિત્રિક, આહારકદ્વિક (એ પાંચ)નો છેદ થાય એટલે અપ્રમત્તે છોંતેર પ્રકૃતિ હોય. ૧૬-૧૭.

વિવેચન—મનુષ્યાનુપૂર્વી ૧, તિર્યંચાનુપૂર્વીનો પણ ઊદય ન હોય કેમકે દેશવિરતિ મરીને મનુષ્ય અને તિર્યંચમાં જાય નહી તે માટે. દેવત્રિક ૩, નરકત્રિક ૬, વૈક્રિયદ્વિક ૮, એ વૈક્રિયાષ્ટક તો દેવતા નારકીને ઊદયે હોય તેહને તો દેશવિરતિ ગુણઠાણું નથી અને મનુષ્ય તિર્યંચને દેશવિરતિ ગુણઠાણુ છે તેહને વૈક્રિયાષ્ટક નથી; યદ્યપિ મનુષ્ય તિર્યંચને ઉત્તર વૈક્રિય છે અને તે અવિરત લગે તો ચક્રવર્ત્યાદિક ઘણાને ઊદયે હોય અને તે ઊપરાંત પણ વિષ્ણુકુમારાદિકને વૈક્રિય લબ્ધિ સાંભળી છે અને છઠ્ઠે કર્મ્મગ્રંથે પણ યોગના ભાગા માંહે અપ્રમત્ત લગે વૈક્રિયદ્વિકનો ઊદય કહ્યો છે તો પણ ઇહાં ગુણપ્રત્યયિક ઉત્તર વૈક્રિયની વિવક્ષા કીધી નથી. કમ્મૅવિપાકે જઇદેવુત્તર વિક્રિય એ પદે યતિને ગુણપ્રત્યયિક વૈક્રિય શરીર અને ઉદ્યોત નામ કહ્યાં છે અને છઠ્ઠે કર્મ્મગ્રંથે સાતમા ગુણઠાણાં લગે વૈક્રિયદ્વિક,આહારક અને ઉદ્યોતના ભાંગા કહ્યા છે પણ ઈહાં પૂર્વા-

ચાર્યે કર્મસ્તવ માંહે એ ન ગણ્યા. ઉદ્યોતને તિર્યંચ પ્રત્યયિકજ કહ્યું અને વૈક્રિયને દેવ નરક પ્રત્યયિકજ કહ્યું; ગુણ પ્રત્યયિક વિવક્ષ્યું નહિ. વળી દુર્ભગ નામ ૧, અનાદેય ૨, અયશ ૩, એ ત્રણ તો દેશવિરતિને ગુણપ્રત્યય માટે ઊદયે ન હોય. એ સત્તર પ્રકૃતિનો છેદ કરીએ એકસો ચારમાંથી સત્તર (૧૭) કાઢીએ ત્યારે દેશવિરતિ ગુણઠાણે સત્યાસી (૮૭) નો ઊદય હોય. હવે તિર્યંચની ગતિ ૧, તિર્યંચનું આયુ. એહને તો જાતિ [1]સ્વભાવેજ પ્રમત્ત ગુણઠાણું ન હોય અને નીચૈર્ગોત્ર તો ગુણ પ્રત્યયે ન હોય, ઉદ્યોત નામ તો તિર્યંચમાંજ હોય અને ત્રીજા પ્રત્યાખ્યાનીય કષાય તો સર્વ વિરતિના ઘાતક છે તે માટે એ આઠનો છેદ કરીએ—૮૭ માંહેથી ૮ કાઢીએ અને આહારકદ્વિક ભેળવીએ ત્યારે છઠ્ઠે પ્રમત્ત સંયત ગુણઠાણે ૮૧ પ્રકૃતિનો ઊદય હોય, આહારકદ્વિક તો પ્રમત્ત સંયતજ કરે તે માટે છઠ્ઠેજ ઊદયે હોય. વળી નિદ્રાનિદ્રા ૧, પ્રચલા પ્રચલા ૨, થીણર્દ્ધિ ૩, એ થીણદ્ધિત્રિક અને આહારક દ્વિક એ પાંચનો ૮૧ માંહેથી છેદ કરીએ ત્યારે અપ્રમત્ત ગુણઠાણે છોંતેર (૭૬), નો ઉદય હોય. એ પાંચ પ્રકૃતિ પ્રમાદ રૂપ છે તે માટે તે અપ્રમત્તને ન હોય. યદ્યપિ આહારક શરીર તો પ્રમત્ત સાધુ કરે પણ પછી વિશુદ્ધ

---

૧ તિર્યંચને પાચ ગુણસ્થાનક હોય માટે. અહી કોઈ શકા કરે કે—નદ મણિયારનો જીવ દેડકો હતો તેને અનશન કરાવતી વખતે **सव्वपाणाईवाय पच्चक्खामि** ઇત્યાદિનો ઉચ્ચાર શ્રી જ્ઞાતાસૂત્રમાં કહ્યો છે, તો સર્વવિરતિ ગુણઠાણુ હોવુ જોઈ એ તેનુ સમાધાન કરે છે કે તે દેશવિરતિ રૂપજ અનશન જાણવુ કેમકે સર્વવિરતિપણુ હોય તો કેવળજ્ઞાન પણ હોવું જોઇએ પણ તે તો થતુ નથી

પરિણામે આહારકવંત થકો અપ્રમત્ત ગુણઠાણે આવે ત્યારે અપ્રમત્તને પણ આહારકનો ઉદય હોય પણ અલ્પકાલીન માટે આચાર્યે વિવક્ષ્યું [1]નથી. ૧૬- ૭

સમ્મત્તંતિમસંઘયણ-તિઅગચ્છેઓ બિસત્તરિ અપુવ્વે
હાસાઇછક્કઅંતો. છસટ્ઠિ અનિઅટ્ટિ વેઅતિગં ॥૧૮॥
સંજલણતિગં છચ્છેઓ,સટ્ઠિ સુહુમંમિ તુરિઅલોભંતો;
ઉવસંતગુણે ગુણસટ્ઠિ, રિસહનારાયદુગઅંતો. ॥૧૯॥

સમ્મત્ત-સમકિત મોહનીય.	**હાસાઇ**-હાસ્યાદિ.
અંતિમ-છેલ્લાં.	**છક્ક**-ષટ્કનો.
સઘયણતિયગ-સંઘયણત્રિકનો	**અંતો**-અંત.
ચ્છેઓ-વિચ્છેદ.	**છસટ્ઠિ**-છાસઠ.
બિસત્તરિ-બહોંતેર.	**અનિઅટ્ટિ**-અનિવૃત્તિકરણે.
અપુવ્વે-અપૂર્વકરણે.	**વેઅતિગં**-વેદત્રિક.
સંજલણતિગં-સંજ્વલનત્રિક.	**ઉવસંતગુણે**-ઉપશાંતમોહ ગુણઠાણે.
છચ્છેઓ-છનો વિચ્છેદ.	
સટ્ઠી-સાઠ.	**ગુણસટ્ઠિ**-ઓગણસાઠ.
સુહુમંમિ-સૂક્ષ્મ સંપરાયે	**રિસહનારાયદુગ**-ઋષભનારાચદ્વિકનો.
તુરિય-ચોથા.	
લોભંતો-લોભનો અંત.	**અંતો**-અંત (થાય).

---

૧ આહારકદ્વિક કરનાર યતિ ઉત્સુકતા વડે કરીને અવશ્ય પ્રમાદ વશ થાય છે માટે અપ્રમત્તને વિષે ઉદયને આશ્રયીને તે બને પ્રકૃતિ ઘટે નહિ વળી એમ પણ સાંભળ્યુ છે કે પ્રમત્ત યતિ આહારક શરીર વિકુર્વી પછી વિશુદ્ધિને લીધે અપ્રમત્ત થાય ત્યારે ત્યા પણ આહારક હોય પણ અલ્પકાળ વગેરે કોઇ કારણથી પૂર્વાચાર્યે વિવક્ષ્યુ નથી તેથી અમે પણ વિવક્ષ્યુ નથી. **इति कर्मग्रथटीकायाम्**

અર્થ—સમ્યકત્વ મોહનીય, છેલ્લા ત્રણ સંઘયણ(એ ચાર)નો છેદ થાય ત્યારે બ્હોંતેર પ્રકૃતિ અપૂર્વકરણે હોય. હાસ્યાદિ ષટ્કનો અંત થાય ત્યારે છાસઠ પ્રકૃતિ અનિવૃત્તિએ હોય. વેદત્રિક, સંજ્વલનત્રિક એ છનો છેદ થાય ત્યારે સૂક્ષ્મ સંપરાયે સાઠ પ્રકૃતિ હોય. ચોથા લોભનો અંત થાય ત્યારે ઉપશાન્તમોહ ગુણસ્થાને ઓગણસાઠ પ્રકૃતિ હોય. ત્યાં ઋષભનારાચદ્વિકનો અન્ત થાય ૧૮-૧૯.

વિવેચન—સમ્યકત્વ મોહનીય ૧, અંતિમ એટલે છેલ્લાં ૩ સંઘયણ-અર્દ્ધનારાચ ૧, કીલિકા ૨, છેવઠું ૩, એ ચાર પ્રકૃતિ ૭૬ છોંતેર માંહેથી બાદ કરીએ ત્યારે અપૂર્વકરણ ગુણઠાણે બ્હોંત્તર પ્રકૃતિનો ઉદય હોય. સમ્યકત્વમોહનીય ઉપશમાવે તથા ક્ષયકરે ત્યારેજ શ્રેણિએ ચઢે, ત્યાં ઔપશમિક તથા ક્ષાયિક સમ્યકત્વ હોય તે અપૌદ્ગલિક છે તે માટે સમ્યકત્વમોહનીય ન હોય અને છેલ્લા ત્રણ સંઘયણવાળા તો મંદ વિશુદ્ધિવાળા હોય માટે શ્રેણિએ ચઢેજ નહિ તે માટે છેલ્લાં ત્રણ સંઘયણ ન હોય. હાસ્ય ૧, રતિ ૨, અરતિ ૩, શોક ૪, ભય ૫, જુગુપ્સા ૬, એ હાસ્યાદિષટ્ક સંકિલષ્ટપરિણામરૂપ છે તે માટે બ્હોંતેર માંહેથી એ છનો અંત કરીએ ત્યારે અનિવૃત્તિબાદર ગુણઠાણે છાસઠનો ઉદય હોય. હવે [1]સ્ત્રીવેદ ૧, પુરૂષવેદ ૨, નપુંસક વેદ ૩, અને સંજ્વલનત્રિક તે સંજ્વલન ક્રોધ ૧, માન ૨, માયા ૩, એ છનો છેદ કરે ત્યારે સૂક્ષ્મ સંપરાય ગુણઠાણે સાઠ પ્રકૃતિનો ઉદય હોય. ચોથા [2]સંજ્વલન લોભનો

---

૧ સ્ત્રી વેદોદયે શ્રેણિ માડનાર સ્ત્રી, પુરૂષ અને નપુસક વેદના ઉદયનો અનુક્રમે વિચ્છેદ કરે, પુરૂષ વેદે શ્રેણિ માડનાર પુરૂષ, સ્ત્રી અને નપુસક વેદના ઉદયનો અનુક્રમે વિચ્છેદ કરે અને નપુસક વેદોદયે શ્રેણિ માંડનાર નપુસક, સ્ત્રી અને પુરૂષ વેદના ઉદયનો અનુક્રમે વિચ્છેદ કરે છે ૨ યથાખ્યાત ચારિત્રનો ઘાતક માટે ન હોય.

અંત કરે ત્યારે ઉપશાંતમોહ ગુણઠાણે ઓગણસાઠ પ્રકૃતિનો ઉદય હોય. તે માંહેથી ઋષભનારાચ ૧, અને નારાચ ૨, એ બે સંઘયણ ટાળીએ કેમકે ઉપશમ શ્રેણિ તે અગીયારમા લગેજ હોય અને તે પ્રથમના ૩ સંઘયણવડે આરોહાય અને ક્ષપક શ્રેણિ તો વજ્રઋષભનારાચ સંઘયણવાળોજ કરે તે માટે બારમે ગુણઠાણે તે એકજ સંઘયણ[1] હોય. ૧૮-૧૯

સગવન્નખીણદુચરિમિ,નિદ્દદુગંતોઅચરિમિપણવન્ના;
નાણંતરાયદંસણ-ચઉ છેઓ સજોગિ બાયાલા ॥૨૦॥
તિત્થુદયાઉરલા થિર-ખગઇદુગ પરિત્તતિગ છ સંઠાણા;
અગુરૂલહુવન્નચઉનિમિ-ણતેઅકમ્માઇસંઘયણં ॥૨૧॥
દૂસર સૂસર સાયા-સાએગયરં ચ તીસ વુચ્છેઓ ॥
બારસ અજોગિ સુભગા-ઇજ્જજસન્નયરવેઅણિઅં॥૨૨॥

સગવન્ન-સત્તાવન.
ખીણ-ક્ષીણ મોહના.
દુચરિમિ-છેલ્લાના આગલા (ઉપાન્ત્ય) સમયે.
નિદ્દદુગંતો-નિદ્રાદ્વિકનો અંત (થાય)
અચરિમિ-છેલ્લા સમયે.
પણ (પન્ન) વન્ના-પંચાવન.
નાણ-જ્ઞાનાવરણીય પાંચ.
અંતરાય-અંતરાય પાંચ.
દંસણચઉ-દર્શનાવરણીય ચાર.
છેઓ-છેદ થાય.
સજોગિ-સજોગી ગુણઠાણે.
બાયાલા-બેંતાલીશ.
તિત્થુદયા-તીર્થંકરનામ કર્મના ઉદયથી.
ઉરલ-ઔદારિકદ્વિક.
અથિર-અસ્થિરદ્વિક.
ખગઇદુગ-ખગતિદ્વિક.
પરિત્તતિગ-પ્રત્યેકત્રિક.
છસંઠાણા-છ સંસ્થાન.

---

૧ ૧૨-૧૩-૧૪ એ ગુણઠાણે ક્ષપક શ્રેણિજ હોય છે.

અગુરૂલહુ—અગુરૂલઘુચતુષ્ક.	એગયરં—(એમાંની) એક.
વન્નચઉ—વર્ણચતુષ્ક.	તીસ—ત્રીશનો.
નિમિણ—નિર્માણનામ.	વુચ્છેઓ—વિચ્છેદ (હોય)
તેઅ—તૈજસશરીર.	બારસ—બાર (નોઉદય)
કમ્મ—કાર્મણશરીર.	અજોગિ—અયોગી ગુણઠાણે.
આઇસંઘયણં—પહેલુંસંઘયણ	સુભગ—સૌભાગ્ય નામ.
દૂસર—દુઃસ્વર નામ.	આઇજ્જ—આદેય નામ.
સૂસર—સુસ્વર નામ.	જસ—યશનામ.
સાયા—શાતાવેદનીય.	અન્નયરવેઅણિઅં—બે માંહે
અસાયા—અશાતા વેદનીય.	નું અનેરૂં એક વેદનીય.

અર્થ—ત્યારે સત્તાવન પ્રકૃતિ ક્ષીણમોહના દ્વિચરિમ (ઉપાન્ત્ય) સમયે હોય.ત્યાં નિદ્રાદ્વિકનો અંત થાય એટલે છેલ્લે સમયે પંચાવન પ્રકૃતિ હોય. જ્ઞાનાવરણ અને અંતરાય(મળી દશ),ચાર દર્શનાવરણ(એ ચૌદ)નો છેદ થાય, ત્યારે સયોગિ ગુણઠાણે તીર્થંકરનામ કર્મનો ઉદય થવાથી બહેંતાલીશ પ્રકૃતિ હોય, ત્યાં ઔદારિકદ્વિક, અસ્થિરદ્વિક, ખગતિદ્વિક, પ્રત્યેકત્રિક, છ સંસ્થાન, અગુરૂલઘુચતુષ્ક, વર્ણચતુષ્ક, નિર્માણનામ, તેજસશરીર, કાર્મણશરીર, પહેલુ સંઘયણ; દુસ્વરનામ, સુસ્વરનામ, શાતા અથવા અશાતા માંહેની એક (એ) ત્રીશનો વિચ્છેદ થાય ત્યારે બારપ્રકૃતિ અયોગિ ગુણઠાણે હોય. ત્યાં સુભગનામ, આદેયનામ, યશનામ, બે માંહેની એક વેદનીય -૨૦-૨૧-૨૨.

વિવેચન—ત્યારે ક્ષીણમોહ ગુણઠાણાના દ્વિચરિમ તે ચરિમ (છેલ્લા) સમય થકી અર્વાક્ (અગાઉના) બીજા સમય લગે સત્તાવન પ્રકૃતિનો ઉદય હોય. તિહાં

વળી બે નિદ્રાનો ક્ષય કરે ત્યારે છેલ્લે સમયે પંચાવન પ્રકૃતિનો ઉદય હોય. કેટલાએક આચાર્ય કહે છે જે ઉપશાંતમોહે જ બે નિદ્રાનો ઉદય હોય, ક્ષીણમોહે ન હોય[1] વિશુદ્ધ છે માટે. તે મતે ધુર થકીજ ૫૫ નો ઉદય હોય. છઠ્ઠે કર્મ્મ ગ્રંથે પણ ક્ષીણમોહે નિદ્રાનો ઉદય નથી કહ્યો. તે ક્ષીણમોહને અંતે પાંચ જ્ઞાનાવરણીય, પાંચ અંતરાય, ચ્યાર દર્શનાવરણીય એવં ૧૪ પ્રકૃતિનો છેદ કરે ત્યારે સયોગિ ગુણઠાણે એકતાલીશ રહે, પણ ત્યાં તીર્થંકર નામનો ઉદય થાય તેથી તે મેળવતાં બેંતાળીશનો ઉદય હોય. ઔદારિક શરીર ૧, ઔદારિકોપાંગ ૨, અથિર ૩, અશુભ ૨, એ બે; શુભ વિહાયોગતિ ૧, અશુભ વિહાયોગતિ ૨, એ બે, પ્રત્યેક ૧, થિર ૨, શુભ ૩, એ ત્રણ, છ સંસ્થાન ૬; અગુરૂલઘુ ૧, ઉપઘાત ૨, પરાઘાત ૩, ઉશ્વાસ ૪, એ ચાર; વર્ણ ૧, ગંધ ૨, રસ, ૩, સ્પર્શ ૪, એ ચાર; નિર્માણ નામ ૧, તૈજસ શરીર ૧, કાર્મ્મણ શરીર ૧, વજ્ર ઋષભનારાચ સંઘયણ ૧; દુસ્વર નામ ૧, સુસ્વર નામ ૨, સાતાવેદનીય અને અસાતા વેદનીય એ બે માંહેથી એક રાખે એક ટાળે એવં ત્રીશનો વ્યુચ્છેદ કરે ત્યારે બાર પ્રકૃતિનો ઉદય અયોગિ ગુણઠાણે રહે. તે બાર કહે છે-સુભગ નામ ૧, આદેયનામ ૨, યશનામ ૩, બે માંહેલી અનેરી એક વેદનીય ૪, ૨૦-૨૧-૨૨.

---

૧ પાચે નિદ્રાનો ઉદય ઘોલના પરિણામે થાય છે અને ક્ષપક તો અતિ વિશુદ્ધ હોય માટે નિદ્રાનો ઉદય ન સભવે અને ઉપશમક અતિ વિશુદ્ધ ન હોવાથી ઉદય હોય પણ ખરો.

તસતિગપણિંદિમણુઆઉ,-
ગઇજિણુચ્ચં તિ ચરિમસમયંતો -ઉદઓ સમત્તો ॥
ઉદઉવ્વુદીરણાપર-મપમત્તાઇસગગુણેસુ ॥ ૨૩ ॥
એસા પયડિતિગૂણા, વેયણિયાહારજુઅ(ગ)લથીણતિગં॥
મણુઆઉ પમત્તંતા, અજોગિ અણુદીરગો ભયવં॥૨૪॥
-ઉદીરણાસમ્મત્તા ॥

તસતિગ-ત્રસત્રિક.
પણિંદિ-પંચેંદ્રિયજાતિ.
મણુઆઉગઇ-મનુષ્ય આયુ અને ગતિ.
જિણુચ્ચં તિ-જિનનામ અને ઉચ્ચૈર્ગોત્ર એમ.
ચરિમસમય-અંત સમયે.
અંતો-અંત થાય.
ઉદઓ-ઉદયનો અધિકાર.
સમ્મતો-સમાપ્ત થયો.
ઉદઉવ્વ-ઉદયની પેરે.
ઉદીરણા-ઉદીરણા જાણવી.
પરમ્-એટલું વિશેષકે.
અપમત્તાઇ-અપ્રમત્તાદિ.
સગગુણેસુ-સાત ગુણઠાણે.
એસાપયડી-એઉદીરણાપ્રકૃતિ
તિગૂણા-ત્રણ ઉણી જાણવી.
વેઅણિઅ-વેદનીય એ.
આહારજુઅલ-આહારકદ્વિક
થીણતિગં-થીણદ્ધિત્રિક.
મણુઆઉ-મનુષ્યાયુ.
પમત્તંતા-પ્રમત્તનાઅંતલગે
અજોગિ-અયોગિ.
ભયવં-ભગવાન્.
અણુદીરગો-અનુદીરક.

અર્થ—ત્રસત્રિક, પંચેંદ્રિયજાતિ, મનુષ્યાયુ, મનુષ્યગતિ, જિનનામ, અને ઉચ્ચગોત્ર એમ (બાર) ચરિમ સમયે અંત થાય; ઉદયનીપેઠે ઉદીરણા જાણવી. પરન્તુ પ્રમત્તાદિ સાત ગુણઠાણાનેવિષે એ પ્રકૃતિ ત્રણે કરી હીન (ઓછી) હોય. અર્થાત્

બે વેદનીય, આહારકદ્વિક, થીણદ્ધિત્રિક, મનુષ્યાયુ (એ આઠ) નો પ્રમત્તે અંત થાય. અયોગિ કેવળી ભગવાન અનુદિરક હોય. ૨૩-૨૪.

વિવેચન-ત્રસ ૧, બાદર ૨, પર્યાપ્ત ૩, એ ત્રણ, પંચેંદ્રિય જાતિ ૮, મનુષ્યાયુ ૯, મનુષ્યગતિ ૧૦, જિનનામ ૧૧, ઉચ્ચૈર્ગોત્ર ૧૨, એ બાર પ્રકૃતિનો ઉદય અયોગિ ગુણઠાણાને છેલ્લે સમયે ટાળે.

એ કર્મ્મસ્તવને વિષે ઉદયનો અધિકાર કહ્યો.

ઉદયે અપ્રાપ્ત કર્મ્મને ઉદયે પમાડવાં તે ઉદીરણા કહીએ, તે ઉદીરણા ઉદયનીપરે જાણવી. ઓઘે ૧૨૨, પેહેલે ગુણઠાણે ૧૧૭, બીજે ૧૧૧, ત્રીજે ૧૦૦, ચોથે ૧૦૪, પાંચમે ૮૭, છઠ્ઠે ૮૧, પણ એટલું વિશેષ છે જે અપ્રમત્તાદિક સાત ગુણઠાણાને વિષે; એ ઉદયની પ્રકૃતિ કહી છે તે ત્રણ પ્રકૃતિએ ઓછી કહેવી, પ્રમત્તને અંતે પાંચનો અંત ઉદયે કહ્યો છે તે ઈહાં ઊદીરણાએ આઠનો અંત કરવો. તે આઠ કહે છે-સાતાવેદનીય ૧, અસાતા ૨, આહારકશરીર ૧, આહારકોપાંગ ૨, પ્રચલા ૧, પ્રચલા પ્રચલા ૨, થીણદ્ધિ ૩, એ થીણત્રિક અને મનુષ્યાયુ ૧, એ આઠ પ્રકૃતિ પ્રમત્ત લગેજ ઉદીરે, પછી ઊદીરે નહિ. વેદનીય બે અને મનુષ્યાયુ ૧, એવં ૩, સઘળે ઓછી કરવી ત્યારે અપ્રમત્તે ૭૩, અપૂર્વકરણે ૬૯, અનિવૃત્તિએ ૬૩, સૂક્ષ્મસંપરાયે ૫૭, ઉપશાંતે ૫૬, ક્ષીણમોહે-દ્વિચરિમે ૫૪, છેલ્લે સમયે ૫૨, સયોગીએ ૩૯ ની ઉદીરણા અને ચઉદમે અયોગી ગુણઠાણે અયોગિ ભગવાન ઉદીરણા રહિત હોય. ઉદીરણા તે યોગકૃત કરણ વિશેષ છે અને તે તો અયોગી છે તે માટે તેમને ઉદીરણા ન હોય. ૨૩-૨૪

એ પ્રકારે કર્મ સ્તવને વિષે ઉદીરણા અધિકાર સંપૂર્ણ થયો.

ઉદયયંત્રકં.

ગુણઠાણાં	ગુણઠાણાંક	મૂળપ્રકૃતિ૰	ઉત્તરપ્રકૃતિ૰	જ્ઞાનાવ૰	દર્શનાવ૰	વેદનીય	મોહનીય	આયુ	નામકર્મ	ગોત્રકર્મ	અંતરાય
ઓઘે		૮	૧૨૦	૫	૯	૨	૨૮	૪	૬૭	૨	૫
મિથ્યાત્વે	૧	૮	૧૧૭	૫	૯	૨	૨૬	૪	૬૪	૨	૫
સાસ્વાદને	૨	૮	૧૧૧	૫	૯	૨	૨૫	૪	૫૯	૨	૫
મિશ્રે	૩	૮	૧૦૦	૫	૯	૨	૨૨	૪	૫૧	૨	૫
અવિરત્તસ	૪	૮	૧૦૪	૫	૯	૨	૨૨	૪	૫૫	૨	૫
દેશવિરતે	૫	૮	૮૭	૫	૯	૨	૧૮	૨	૪૪	૨	૫
પ્રમત્ત સયતે	૬	૮	૮૧	૫	૯	૨	૧૪	૧	૪૪	૧	૫
અપ્રમત્ત સ૰	૭	૮	૭૬	૫	૬	૨	૧૪	૧	૪૨	૧	૫
અપૂર્વ કરણે	૮	૮	૭૨	૫	૬	૨	૧૩	૧	૩૯	૧	૫
અનિવૃત્તિ	૯	૮	૬૬	૫	૬	૨	૭	૧	૩૯	૧	૫
સૂક્ષ્મ સપરાયે	૧૦	૮	૬૦	૫	૬	૨	૧	૧	૩૯	૧	૫
ઉપશાત મોહે	૧૧	૭	૫૯	૫	૬	૨	૦	૧	૩૯	૧	૫
ક્ષીણમોહે	૧૨	૭	૫૭ / ૫૫	૫	૪ / ૬	૨	૦	૧	૩૭	૧	૫
સયોગિ કેવલી	૧૩	૪	૪૨	૦	૦	૨	૦	૧	૩૮	૧	૦
અયોગિ કેવલી	૧૪	૪	૧૨	૦	૦	૧	૦	૧	૯	૧	૦

ઉદીરણાયંત્રકં.

૧૪	ગુણઠાણે ઉદીરણા	મૂળપ્રકૃતિ	ઉત્તર પ્રકૃ૦	જ્ઞાનાવર૦	દર્શનાવર૦	વેદનીય	મોહનીય	આયુ	નામકર્મ	ગોત્રકર્મ	અંતરાય
	ઓઘ	૮	૧૨૨	૫	૯	૨	૨૮	૪	૬૭	૨	૫
૧	મિથ્યાત્વે	૮	૧૧૭	૫	૯	૨	૨૬	૪	૬૪	૨	૫
૨	સાસ્વાદને	૮	૧૧૧	૫	૯	૨	૨૫	૪	૫૯	૨	૫
૩	મિશ્ર ગુ૦	૮	૧૦૦	૫	૯	૨	૨૨	૪	૫૧	૨	૫
૪	અવિરતસ૦	૮	૧૦૪	૫	૯	૨	૨૨	૪	૫૫	૨	૫
૫	દેશવિરતે	૮	૮૭	૫	૯	૨	૧૮	૨	૪૪	૨	૫
૬	પ્રમત્તસંય	૮	૮૧	૫	૯	૨	૧૪	૧	૪૪	૧	૫
૭	અપ્રમત્તસ	૬	૭૩	૫	૬	૦	૧૪	૦	૪૨	૧	૫
૮	અપૂર્વક૦	૬	૬૮	૫	૬	૦	૧૩	૦	૩૯	૧	૫
૯	અનિવૃત્તિ	૬	૬૩	૫	૬	૦	૭	૦	૩૯	૧	૫
૧૦	સૂક્ષ્મસંપ	૬	૫૭	૫	૬	૦	૧	૦	૩૯	૧	૫
૧૧	ઉપશાન્ત	૫	૫૬	૫	૬	૦	૦	૦	૩૯	૧	૫
૧૨	ક્ષીણમોહે	૫	૫૪ / ૫૨	૫	૬ / ૪	૦	૦	૦	૩૭	૧	૫
૧૩	સયોગિકે૦	૨	૩૯	૦	૦	૦	૦	૦	૩૮	૧	૦
૧૪	અયોગકેવલી	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

સત્તા કમ્માણ ઠિઇ, બંધાઇલદ્ધઅત્તલાભાણં ॥
સંતે અડયાલસયં, જા ઉવસમુ વિજિણુ બિઅતઇઓ૨૫॥

સત્તા–સત્તા.
કમ્માણ–કર્મની.
ઠિઈ સ્થિતિ, અવસ્થાન.
બંધાઈ–બંધ આદિએ કરી.
લદ્ધ–લાધ્યું છે, પ્રાપ્ત કર્યું છે.
અત્તલાભાણં–આત્મ સ્વરૂપ જેણે એવા.
સંતે–સત્તાએ (હોય)
અડયાલસયં–એકસો અડતાલીશ.
જા–યાવત્
ઉવસમુ–ઉપશાંતમોહ ગુણઠાણા સુધી.
વિજિણુ–જિનનામવિના.
બિઅ–બીજે (સાસ્વાદન ગુણઠાણે).
તઇએ–ત્રીજે (મિશ્રગુણઠાણે).

અર્થ—બંધાદિકેકરી પ્રાપ્ત કર્યું છે આત્મસ્વરૂપ જેણે એવાં કર્મોની જે સ્થિતિ તે સત્તા કહેવાય છે. યાવત્ ઉપશાંત-મોહસુધી એકસો અડતાલીશ પ્રકૃતિ સત્તામાં હોય, જિન-નામવિના બીજે અને ત્રીજે ગુણઠાણે (૧૪૭ પ્રકૃતિ) હોય.૨૫.

વિવેચન—સત્તા તે બંધાદિકે બંધ ઉદય ઉદીરણા સં-ક્રમણાદિકે કરીને આત્મા સઘાતે લાભપણે લાધ્યાં–ઉપન્યાં-ઉપાર્જ્યાં એહવાં કમ્મેની જે સ્થિતિ (અવસ્થાન–રહેવું) તે સત્તા કહીએ. તે સત્તાએ ૧૪૮ હોય, યાવત્ ઉપશાંતમોહ લગે. તે કઈ? જ્ઞાનાવ૦ ૫,દર્શનાવ૦ ૯,વેદનીય ૨, મોહનીય ૨૮, આયુ ૪, નામ ૯૩, ગોત્ર ૨,અંતરાય ૫, એવં ૧૪૮ હોય. ઈહાં કોઇક કહે કે મિથ્યાત્વે જિન નામની સત્તા કેમ હોય? તત્રોક્ત૦–મનુષ્યે પૂર્વે મિથ્યાત્વે નરકાયુ બાંધ્યું હોય પછી ક્ષાયોપશમિક સમ્યકત્વ પામીને જિનનામ બાંધે તે જીવ

મરતાં અવશ્ય સમ્યકત્વ વમીને નરકે જાય; તિહાં પાછું સમ્યકત્વ પામે ત્યારે અંતર્મુહૂર્ત્ત લગે મિથ્યાત્વ રહે, તિહાં જિન નામની સત્તા રહે. બીજે ત્રીજે–સાસ્વાદને અને મિશ્રે જિનનામની સત્તા ન હોય, તે માટે એકસો સુડતાળીશની સત્તા હોય. જિનનામ બાંધ્યા પછી સાસ્વાદને અને મિશ્રે સર્વથા ન આવે ઇત્યર્થઃ. ઈહાં ઈગ્યારમા ગુણઠાણા લગે ૧૪૮ ની સત્તા કહી તે નરકાયુ તિર્યગાયુની સત્તા કેમ હોય? નરકતિર્યગાયુ બાંધીને તો ઉપશમ શ્રેણિ કરે નહિ અને બંધ તથા ઉદય વિના તો આયુ. કર્મ્મની સત્તા હોય નહિ તથા છઠ્ઠે કર્મ્મગ્રંથે પણ આયુઃ કર્મ્મના ભાંગા કર્યા છે ત્યાં ૮, ૯, ૧૦, ૧૧, ગુણઠાણે નરક તિર્યગાયુની સત્તા નથી કહી તો તે કેમ ઘટે? તત્રોત્તર–શ્રેણિએ નરક તિર્યગાયુની સત્તા ઘટે તો નહિ પણ કોઈક જીવ ઉપશમ શ્રેણિથી પડીને ચારે ગતિએ પણ ફરશ્યે તે માટે તે સંભવ સત્તાની વિવક્ષાએ ઈહાં ગ્રંથકારે સત્તા રાખી દીસે છે. (દર્શન-સપ્તકને નહિ ખપાવનારા અવિરત સમ્યગ્ દૃષ્ટિ વગેરેને ૧૪૮ ની સત્તા સંભવે છે.) ૨૫.

અપુવ્વાઇચઉક્કે, અણતિરિનિરયાઉ વિણુ બિયાલસયં;
સમ્માઇચઉસુ સત્તગ-ખયંમિ ઇગચત્તસયમહવા ॥૨૬॥

અપુવ્વાઇ–અપૂર્વકરણાદિક.
ચઉક્કે–ચાર ગુણઠાણે.
અણ–અનંતાનુબંધિ ચોકડી
તિરિ–તિર્યંચાયુ.
નિરયાઉ–નરકાયુ.
વિણુ–વિના.
બિયાલસયં–એકસો બેંતાલીશ.
સમ્માઇ–સમ્યગ્ દૃષ્ટિ આદિ.

ચઉસુ-ચાર ગુણઠાણે.
સત્તગ-સાતપ્રકૃતિ.
ખયંમિ-ક્ષય થયે છતે
ઈગચત્તસયં-એકસો એકતાલીશ.
અહવા-અથવા.

અર્થ—અથવા અપૂર્વકરણાદિ ચાર ગુણઠાણે અનંતાનુબંધિ ચાર, તિર્યંચ અને મનુષ્યનું આયુષ્ય (એ ૭) વિના એકસો બહેંતાળીશ પ્રકૃતિ (અનતાનુબંધિની વિસંયોજના કરેલ હોય અને દેવાયુ બાંધી દીધું હોય એવો મનુષ્ય ઉપશમ શ્રેણીએ ચઢે તેને) સત્તામાં હોય. અથવા સમ્યકત્વાદિ ચાર ગુણઠાણે દર્શનસપ્તક ક્ષય થયે છતે એકસો એકતાળીશ પ્રકૃતિ (શ્રેણિ રહિત ક્ષાયિક સમ્યગ્ દૃષ્ટિને) સત્તામાં હોય. ૨૬.

વિવેચન—તથા જેણે અનંતાનુબંધીયા ૪ ક્ષય કર્યા છે, દેવાયુ બાંધ્યું છે, મનુષ્યાયુ વેદે છે અને ઉપશમ શ્રેણીએ ચઢે છે-તેહને અપૂર્વાદિક ૮, ૯, ૧૦, ૧૧, એ ચાર ગુણઠાણે અનંતાનુબંધિ ૪, તિર્યગાયુ: ૧, નરકાયુ: ૧, એ ૭ વિના એકસો બેંતાળીશની સત્તા હોય, એ મોહનીયની ૨૪ પ્રકૃતિની સત્તાવાળો ઉપશમ સમ્યકત્વી દેવગતિનો જનાર જાણવો. અવિરતાદિ (૪, ૫, ૬, ૭) ચાર ગુણઠાણે અનંતાનુબંધી ૪ અને સમ્યકત્વ ૧, મિશ્ર ૨, મિથ્યાત્વ ૩, એ ત્રણ મોહનીય એવં ૭ સાત પ્રકૃતિને ક્ષયે એકસો એકતાળીશની સત્તા હોય, એ શ્રેણિ વિના ક્ષાયિક સમ્યકત્વીને જાણવી. ૨૬.

ખવગં તુ પપ્પ ચઉસુવિ, પણયાલં નરયતિરિસુરાઉવિણા;
સત્તગવિણુ અડતીસં, જા અનિઅટ્ટીપઢમભાગો ॥૨૭॥

ખવગં તુ પપ્પ-ક્ષપક કેવલી (ચરમ શરીરી) ને આશ્રયી વળી.	**સુરાઉ**-દેવાયુ.
ચઉસુવિ-એ ચારે ગુણઠાણે.	**વિણુ**-વિના.
પણયાલં-એકસો પીસ્તાલીશ.	**સત્તગવિણુ** સાતવિના.
નિરય-નરકાયુ.	**અડતીસં**-એકસો આડત્રીશ.
તિરિ-તિર્યંચાયુ.	**જા**-યાવત્
	અનિઅટ્ટી-અનિવૃત્તિના.
	પઢમભાગો-પ્રથમ ભાગ સુધી

અર્થ—ક્ષપકના આશ્રયી વળી નરાયુ, તિર્યંચાયુ અને દેવાયુ વિના એકસો પીસ્તાળીશની સત્તા ચાર ગુણઠાણે હોય. દર્શન સપ્તક વિના એકસો આડત્રીશની સત્તા યાવત્ અનિવૃત્તિના પ્રથમ ભાગ સુધી (ચોથાથી ક્ષાયિક સમ્યક્ત્વી હોય તેને) હોય. ૨૭.

વિવેચન—હવે ક્ષપક શ્રેણિ આશ્રયી કહે છે-જો ઓપશમિક કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વવંત થકો ક્ષપકશ્રેણિ માંડે તો તે નરકાયુ: ૧, તિર્યગાયુ: ૨, દેવાયુ: ૩, એ ત્રણની[1] સત્તા ટાળે ત્યારે તેને ૪, ૫, ૬, ૭, એ ૪ ગુણઠાણાને વિષે ૧૪૫ એકસો પીસ્તાળીશની સત્તા હોય. પછી તે ક્ષાયિક સમ્યકત્વ પામીને ઊંચો ચઢે. અને જો, તે ચોથા ગુણઠાણાથીજ ક્ષાયિક સમ્યકત્વવંત થકો ક્ષપકશ્રેણિ કરે તો તેહને ચાર અનંતાનુબંધી અને ત્રણ દર્શન મોહ-

---

૧ નરક, તિર્યંચ અને દેવગતિનુ આયુષ્ય અગાઉના ભવોમાં વેદાઇ ગયેલ છે અને હવે ફરી ત્યા ઉત્પન્ન થવાનુ નથી તેથી ત્રણ આયુની સત્તા ન હોય. સામાન્ય જીવોને તો સભવ સત્તાની અપેક્ષાએ વર્ણવેલ છે કેમકે સદ્‌ભાવ સત્તા તો એક સાથે એકજ આયુની હોય.

નીય એવં ૭ નો પણ ક્ષય હોય, ત્યારે તેહને ૧૩૮ નીજ સત્તા હોય. તે ચોથાથી માંડીને નવમા અનિવૃત્તિ ગુણઠાણાના પહેલા ભાગ લગે જાણવી. ૨૭.

થાવરતિરિનિરયાયવ-દુગ થીણતિગેગ વિગલ સાહારં;
સોલખઓ દુવીસસયં,બિઅંસિ બિઅતિઅકસાયંતો.૨૮

થાવર-સ્થાવરદ્વિક.	સોલ-સોલનો.
તિરિ-તિર્યંચદ્વિક.	ખઓ-ક્ષય (થાય.)
નિરય-નરકદ્વિક.	દુવિસસયં-એકસો બાવીશ.
આયવદુગ-આતપદ્વિક.	બિઅંસિ-બીજે ભાગે (નવમાના)
થીણતિગ-થીણદ્ધિત્રિક.	બિઅતિઅ-બીજા અને ત્રીજા
એગ-એકેંદ્રિય જાતિ.	કસાયંતો-કષાયનો અંત (થાય)
વિગલ-વિકલેંદ્રિય.	
સાહારં-સાધારણ નામ.	

અર્થ—સ્થાવરદ્વિક, તિર્યંચદ્વિક, નરકદ્વિક, આતપદ્વિક, થીણદ્ધિત્રિક, એકેંદ્રિયજાતિ, વિગલેન્દ્રિય અને સાધારણ નામ કર્મ એ સોળનો ક્ષય થાય એટલે એકસો બાવીશ પ્રકૃતિ બીજે ભાગે હોય. ત્યાં બીજા ત્રીજા કષાયનો અન્ત થાય, ત્યારે—૨૮.

વિવેચન—તે ક્ષપકને નવમા ગુણઠાણાના નવ ભાગ કરીએ તિહાં પેહેલે ભાગે ૧૩૮ ની સત્તા કહી. હવે બીજે ભાગે કહે છે-થાવર ૧, સૂક્ષ્મ ૨; તિર્યંગ્ગતિ ૧ તિર્યંગાનુપૂર્વી ૨; નરકગતિ ૧, નરકાનુપૂર્વી ૨; આતપનામ ૧, ઉદ્યોતનામ. ૨; થીણદ્ધીત્રિક ૩, એકેંદ્રિયજાતિ ૧, બે-

ઇંદ્રિય, તેઇંદ્રિય,ચઉરિંદ્રિય ૩;સાધારણ નામ ૧,એ સોળ ૧૬ ની સત્તા ટળે ત્યારે નવમાને બીજે ભાગે એકસો બાવીશની સત્તા રહે. હવે બીજા અપ્રત્યાખ્યાનીય ૪, અને ત્રીજા પ્રત્યાખ્યાનીય ૪, એવં ૮ કષાયની સત્તા ટળે, ત્યારે-૨૮

તઇઆઇસુ ચઉદસતે-રબારછપણચઉતિહિયસયકમસો;
નપુઇત્થિહાસછગપુંસ,તુરિઅકોહમયમાયખઓ ॥૨૯॥

તઇઆઇસુ-ત્રીજાઆદિ ભાગને વિષે.	હાસછગ-હાસ્યષટ્ક.
ચઉદસ-એકસો ચૌદ	પુંસ-પુરૂષ વેદ.
તિહિઅસય-એકસો ત્રણ.	તુરિઅ-ચોથો.
કમસો-અનુક્રમે.	કોહ-(સંજવલન) ક્રોધ.
નપુ-નપુંસક વેદ.	મય-માન (અહંકાર)
ઇત્થિ-સ્ત્રી વેદ.	માય-માયાનો
	ખઓ-ક્ષય.

અર્થ—ત્રીજા આદિ ભાગને વિષે અનુક્રમે ૧૧૪-૧૧૩-૧૧૨-૧૦૬-૧૦૫-૧૦૪-૧૦૩ પ્રકૃતિ હોય. ત્યાં અનુક્રમે નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યષટ્ક, પુરૂષવેદ, સંજવલન ક્રોધ, માન, માયાનો ક્ષય થાય. ૨૯.

વિવેચન—ત્રીજા ભાગને વિષે એકસો ચૌદ (૧૧૪) ની સત્તા હોય. ત્યાર પછી આગળ કહે છે તે પ્રકૃતિ ઓછી કર્યે થકે ચોથે ભાગે ૧૧૩, પાંચમે ભાગે ૧૧૨, છઠ્ઠે ભાગે ૧૦૬,સાતમે ભાગે ૧૦૫,આઠમે ભાગે ૧૦૪ અને નવમે ભાગે ૧૦૩ ની સત્તા હોય અનુક્રમે નપુંસક વેદ ટળ્યે ૧૧૩ ચોથે ભાગે, સ્ત્રિવેદ ટળ્યેથી ૧૧૨ પાંચમે ભાગે, હાસ્યાદિક ષટ્ક

ઉદયેથી ૧૦૬ છઠ્ઠેભાગે, પુરૂષવેદ ટળ્યે ૧૦૫ સાતમે ભાગે, સંજવલન ક્રોધ ટળ્યે ૧૦૪ આઠમે ભાગે રહે, સંજવલન માન ટળ્યે ૧૦૩ રહે તે નવમે ભાગે જાણવા. ત્યાર પછી સંજવલનની માયા ટળે. ૨૯.

સુહુમિ દુસય લોહંતો, ખીણદુચરિમેગસય દુનિદ્દખઓ;
નવનવઇ ચારમસમએ, ચઉદંસણનાણવિગ્ઘંતો ॥૩૦॥

સુહુમિ–સૂક્ષ્મ સંપરાયે	**નવનવઈ**–નવાણુ.
દુસય–એકસો બે.	**ચારમસમએ**–છેલ્લે સમયે.
લોહંતો–લોભનો અંત હોય.	**ચઉ**–ચાર.
ખીણ–ક્ષીણમોહ ગુણઠાણે	**દંસણ**–દર્શનાવરણીય.
દુચરિમ–દ્વિચરિમ સમયે.	**નાણ**–પાંચ જ્ઞાનાવરણીય.
એગસય–એકસો એક.	**વિગ્ઘ**–પાંચ અંતરાયનો.
દુનિદ્દ–બે નિદ્રાનો.	**અંતો**–અંત (થાય)
ખઓ–ક્ષય (થાય)	

અર્થ—સૂક્ષ્મ સંપરાયે એકસો બે હોય, ત્યાં લોભનો અંત થાય એટલે ક્ષીણમોહના દ્વિચરિમ સમયે એકસો એક હોય. ત્યાં બે નિદ્રાનો ક્ષય થાય ત્યારે છેલ્લે સમયે નવાણું હોય. ચાર દર્શનાવરણ, પાંચ જ્ઞાનાવરણ અને પાંચ અંતરાય (એ ચૌદ) નો અંત થાય ત્યારે—૩૦.

વિવેચન—દશમે સૂક્ષ્મ સંપરાય ગુણઠાણે ૧૦૨ ની સત્તા રહે. ત્યાર પછી સંજવલન લોભને ક્ષયે બારમા ક્ષીણમોહના છેલ્લાથકી આગળના સમયે એકસો એક (૧૦૧)ની સત્તા હોય. ક્ષપક શ્રેણિવાળો દશમાથી બારમેજ જાય પણ

અગ્યારમું ગુણઠાણું ફરસે નહીં. ત્યાર પછી બે નિદ્રાને ક્ષયે નવાણુ પ્રકૃતિ બારમા ગુણઠાણાને છેલ્લે સમયે સત્તાએ હોય. ત્યાર પછી ચાર દર્શનાવરણીય, પાંચ જ્ઞાનાવરણીય, પાંચ અંતરાય એ ચૌદ પ્રકૃતિનો અત થાય, ત્યારે- ૩૦

પણસીઇ સજોગિઅજોગિ, દુચરિમે દેવખગઇગંધદુગં;
ફાસટ્ઠ વન્નરસતણુ-બંધણસંઘાયપણ નિમિણં ॥૩૧॥
સંઘયણઅથિરસંઠાણ-છક્ક અગુરૂલહુચઉ અપજ્જત્તં;
સાયંવ અસાયંવા, પરિત્તુવંગતિગ સુસર નિઅં ॥૩૨॥
બિસયરિખઓઅ ચરિમે,તેરસ મણુ અતસતિગજસાઇજ્જં;
સુભગજિણુચ્ચપણિંદિઅ, સાયાસાએગયરછેઓ ॥૩૩॥

પણસીઇ-પંચાશી.
સજોગિ-સયોગી ગુણઠાણે.
અજોગિ-અજોગી ગુણઠાણે.
દુચરિમે-છેલ્લાનાપહેલા સમયે
દેવ-સુરદ્વિક.
ખગઇ-ખગતિદ્વિક.
ગંધદુગ -ગંધદ્વિક.
ફાસઠ્ઠ-ફરસઆઠ
વણ્ણ-વર્ણ.
રસ-રસ.
તણુ-શરીર.
બંધણ-બંધન.
સંઘાય-સંઘાતન.
પણ-(એ સૌ) પાંચ.
નિમિણં-નિર્માણ નામ.
સંઘયણ-સંઘયણ.
અથિર-અસ્થિર.
સંઠાણ-સંસ્થાન.
છક્ક- એ ત્રણ ષટ્ક.
અગુરૂલહુ-અગુરૂ લઘુ.
ચઉ-ચાર.
અપજ્જત્તં-અપર્યાપ્ત નામ.
સાયં-શાતાવેદનીય.
વ-અથવા.

અસાયં-અશાતાવેદનીય.
વા-અથવા.
પરિત્ત-પ્રત્યેકત્રિક.
ઉવંગતિગ-ઉપાગત્રિક.
સુસર-સુસ્વર નામ.
નિઅં-નિચ્ચૈર્ગોત્ર.
બિસયરિ-બહોંતેર.
ખઓ-ક્ષય (હોય.)
ચરિમે-છેલ્લે સમયે.
તેરસ-તેર

મણુઅ-મનુષ્યત્રિક.
તસતિગ-ત્રસત્રિક.
જસ-યશનામ.
આઇજ્જં-આદેયનામ.
સુભગ-સૌભાગ્ય નામ.
જિણુ-જિનનામ.
ઉચ્ચ-ઉચ્ચૈર્ગોત્ર.
પણિંદિય-પંચેન્દ્રિયજાતિનો
છેઓ-છેદ (થાય)

અર્થ—સયોગિ ગુણઠાણે અને અયોગિના દ્વિચરમ સમયે પંચાશી પ્રકૃતિ હોય. ત્યાં દેવદ્વિક, ખગતિદ્વિક, ગંધદ્વિક, આઠ સ્પર્શ, વર્ણ પાંચ, રસ પાંચ, શરીર પાંચ, બંધન પાંચ, સંઘાતન પાંચ, નિર્માણ નામ; સંઘયણ છ, અસ્થિર ષટ્ક, સંસ્થાન છ, અગુરૂલઘુ ચતુષ્ક,અપર્યાપ્તનામ, સાતા અથવા અસાતા વેદનીય, પ્રત્યેકત્રિક, ઉપાંગત્રિક, સુસ્વરનામ, નીચગોત્ર; (એ) બહોંતેરનો ક્ષય કરે ત્યારે અયોગિના છેલ્લા સમયે તેર પ્રકૃતિ હોય. મનુષ્યત્રિક, ત્રસત્રિક, યશનામ, આદેયનામ, સુભગનામ, જિનનામ, ઉચ્ચગોત્ર, પંચેંદ્રિયજાતિ, સાતા અથવા અસાતા માંહેની એક (એ તેર)નો છેદ થાય. ૩૧-૩૨-૩૩.

વિવેચન—સયોગિ ગુણઠાણે પંચાશી પ્રકૃતિની સત્તા હોય અયોગિ ગુણઠાણાના છેલ્લા સમયથકી આગળના સમય લગે પણ ૮૫ પંચાશીની સત્તા હોય; તે પછી દેવ-

ગતિ ૧, દેવાનુપૂર્વી ૨, શુભ વિહાયોગતિ ૧, અશુભ વિહાયોગતિ ૨, બે ગંધ ૨, આઠ ફરસ ૮, પાંચવર્ણ ૫, પાંચ રસ ૫, પાંચ શરીર ૫, પાંચ બંધન ૫, પાંચ સંઘાતન ૫, નિર્મ્માણ નામ ૧; છ સંઘયણ ૬, અથિર ૧, અશુભ ૨, દુર્ભગ ૩, દુઃસ્વર ૪, અનાદેય ૫, અયશ ૬, એ અથિર ષટ્ક, છ સંસ્થાન ૬, અગુરૂલઘુ ૧, ઉપઘાત ૨, પરાઘાત ૩, ઉચ્છ્વાસ ૪, એ ચાર. અપર્યાપ્ત નામ ૧, સાતા વેદનીય, અસાતા વેદનીય એ બે માંહેથી એક ૧, પ્રત્યેક ૧, થિર ૨, શુભ ૩, એ ત્રણ; ઔદારિકોપાંગ ૧, વૈક્રિયોપાંગ ૨, આહારકોપાંગ ૩, સુસ્વરનામ ૧, નિચૈર્ગોત્ર ૧. પંચાશી માંહેથી એ બ્હોંતેરનો ક્ષય કરે ત્યારે અયોગિ ગુણઠાણાને છેલ્લે સમયે તેર પ્રકૃતિની સત્તા રહે. તે તેર કહેછે—મનુષ્યગતિ ૧, મનુષ્યાનુપૂર્વી ૨, મનુષ્યાયુઃ ૩, ત્રસ ૧, બાદર ૨, પર્યાપ્ત. ૩, યશનામ ૧, સુભગ નામ ૨, જિનનામ ૧, ઉચ્ચૈર્ગોત્ર ૧, પંચેંદ્રિય જાતિ ૧, સાતા અસાતા માંહેલી એક ૧, એવં તેર પ્રકૃતિ છેલ્લે સમયે ક્ષય કરે.૩૧–૩૨–૩૩.

નરઅણુપુવ્વિવિણા વા,બારસચરિમસમયંમિ જોખવિઉં;
પત્તો સિદ્ધિં દેવિંદ–વંદિઅં નમહ તં વીરં ॥ ૩૪ ॥

—સત્તાસમ્મત્તા ॥

નરઅણુપુવ્વિ-મનુષ્યાનુપૂર્વી
વિણા વા–વિના અથવા.
બારસ–બાર પ્રકૃતિ
ચરિમસમયંમિ–છેલ્લેસમયે
જો ખવિઉં–જે ખપાવીને.
પત્તો–પામ્યા.
સિદ્ધિં–સિદ્ધિગતિને.
દેવિંદ–દેવેંદ્રસૂરિએ, દેવેદ્રોવડે
વંદિઅં–વંદાયેલા.
નમહ–નમસ્કાર કરો.
તં વીરં–તે મહાવીરસ્વામિને

અર્થ—અથવા મનુષ્યની આનુપૂર્વી વિના બાર પ્રકૃતિ છેલ્લે સમયે ખપાવીને જે મોક્ષને પામ્યા છે. તે દેવેન્દ્રોથી વંદાયેલા (અથવા દેવેન્દ્ર સૂરિથી વંદાયેલા) વીર ભગવાનને તમે નમસ્કાર કરો. ૩૪.

વિવેચન—ઈહાં મતાંતર કહેછે—વા--અથવા મનુષ્યની આનુપૂર્વી વિના બાર પ્રકૃતિ છેલ્લે સમયે ક્ષય કરીને સીઝે. એહનો અભિપ્રાય કહિયે છીએ. મનુષ્યાનુપૂર્વીની સત્તા અયોગિને દ્વિચરિમ સમયેજ મનુષ્યગતિમાંહે સ્તિબુક સંક્રમ કરીને ક્ષય કરે ત્યારે તેહનાં દળિયાં છેલ્લે સમયે ન રહે અને બાર પ્રકૃતિને સ્વજાતિય વિના સ્તિબુક સંક્રમ નથી તે માટે તેહનાં દળિયાં ચરિમ સમયે પણ હોય તે માટે એ યુક્ત છે. વળી જેહનો ઊદય પૂર્વેથીજ ટળ્યો હોય તેહની સત્તા દ્વિચરિમ સમયેજ જાય. ચારે આનુપૂર્વી ક્ષેત્રવિપાકી છે તેથી તેહનો ઉદય ભવની અંતરાળ ગતિએજ હોય, ભવસ્થને ન હોય; તે માટે ઊદયના અભાવ થકી અયોગિને દ્વિચરિમ સમયે મનુષ્યાનુપૂર્વીનો વ્યુચ્છેદ થાય ત્યારે તે મતે દ્વિચરિમ સમયે ૭૩ નો ક્ષય કરે અને છેલ્લે સમયે ૧૨ નો ક્ષય થાય. ઇતિમતાંતરં. એ બારપ્રકૃતિનો ક્ષય કરીને સિદ્ધિપદ (મોક્ષપદ) પ્રત્યે જે ભગવંત પામ્યા તે, દેવેંદ્ર કહેતાં ચોસઠ ઈંદ્રે વંદિત તથા દેવેંદ્રસૂરિએ વંદિત એવા શ્રીમહાવીરદેવ તે પ્રત્યે વાંદો, હે ભવ્યજનો ! તમે કાયાવડે પ્રણમો!એ પ્રકારે શ્રી મહાવીરની સ્તુતિ કરી.૩૪.

એ પ્રકારે કર્મ્મસ્તવને વિષે સત્તાનો અધિકાર સંપૂર્ણ થયો.

श्रीमत्कर्म्मग्रंथे स्तवुकार्थो वृत्तितः सुगमरीत्या ॥
बुधजीवविजयविहितः, कर्म्मस्तवनामकस्य पूर्त्तिमगात् ॥१॥

સત્તા યંત્રકમ્

ગુણઠાણે સત્તા	મૂળપ્રકૃતિ	ઉત્તરપ્રકૃતિ	ઉપશમશ્રેણી	ક્ષપકશ્રેણી	જ્ઞાનાવરણીય	દર્શનાવરણીય	વેદનીય	મોહનીય	આયુકર્મ	નામકર્મ	ગોત્રકર્મ	અંતરાયકર્મ
ઓઘે	૮	૧૪૮			૫	૯	૨	૨૮	૪	૯૩	૨	૫
મિથ્યાત્વે.	૮	૧૪૮			૫	૯	૨	૨૮	૪	૯૩	૨	૫
સાસ્વાદને	૮	૧૪૭			૫	૯	૨	૨૮	૪	૯૨	૨	૫
મિશ્રે.	૮	૧૪૭			૫	૯	૨	૨૮	૪	૯૨	૨	૫
અવિરતે.	૮	૧૪૮	૧૪૧	૧૪૫ / ૧૩૮	૫	૯	૨	૨૮ / ૨૧	૪ / ૧	૯૩	૨	૫
દેશવિરતે.	૮	૧૪૮	૧૪૧	૧૪૫ / ૧૩૮	૫	૯	૨	૨૮ / ૨૧	૪ / ૧	૯૩	૨	૫
પ્રમત્તસયતે	૮	૧૪૮	૧૪૧	૧૪૫ / ૧૩૮	૫	૯	૨	૨૮ / ૨૧	૪ / ૧	૯૩	૨	૫
અપ્રમત્તસયતે	૮	૧૪૮	૧૪૧	૧૪૫ / ૧૩૮	૫	૯	૨	૨૮ / ૨૧	૪ / ૧	૯૩	૨	૫
અપૂર્વકરણે	૮	૧૪૮ / ૧૪૨	૧૩૯	૧૩૮	૫	૯	૨	[illegible]	[illegible]	૯૩	૨	૫
અનિવૃત્તિ બાદર ૧	૮	૧૪૮ / ૧૪૨	૧૩૯	૧૩૮	૫	૯	૨	૨૧	૧	૯૩	૨	૫
૨			૦	૧૨૨	૫	૬	૨	૨૧	૧	૮૦	૨	૫
૩			૦	૧૧૪	૫	૬	૨	૧૩	૧	૮૦	૨	૫
૪			૦	૧૧૩	૫	૬	૨	૧૨	૧	૮૦	૨	૫
૫			૦	૧૧૨	૫	૬	૨	૧૧	૧	૮૦	૨	૫
૬			૦	૧૦૬	૫	૬	૨	૫	૧	૮૦	૨	૫
૭			૦	૧૦૫	૫	૬	૨	૪	૧	૮૦	૨	૫
૮			૦	૧૦૪	૫	૬	૨	૩	૧	૮૦	૨	૫
૯			૦	૧૦૩	૫	૬	૨	૧	૧	૮૦	૨	૫
સૂક્ષ્મ સપરાયે	૮	૧૪૮ / ૧૪૨	૧૩૯	૧૦૨	૫	૬	૨	[illegible]	૨ / ૧	૯૩ / ૮૦	૨	૫
ઉપશાતમોહે	૮	૧૪૮ / ૧૪૨	૧૩૯	૧૦૧	૫	૬	૨	[illegible]	૪ / ૧	૯૩ / ૮૦	૨	૫
ક્ષીણમોહે	૭	૧૦૧ / ૯૯	૦	૧૦૧ / ૯૯	૫ / ૫	૬ / ૪	૨	૮	૧	૮૦	૨	૫
સયોગી કેવલીએ	૪	૮૫	૦	૮૫	૦	૦	[illegible]		૧	૮૦	૨	૦
અયોગી કેવલીએ.	૪	[illegible]	૦	[illegible]	૦	૦	૨ / ૧	૮	૧	૮૦ / ૯	૨ / ૧	૦

ૐ

આઠ કર્મની ૧૪૮ પ્રકૃતિનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા કયા કયા અને કેટલા ગુણઠાણા સુધી હોય તેની સરળ સમજનું કોષ્ટક.

કર્મની આઠ મૂળ પ્રકૃતિ અનુક્રમે	ઉત્તર પ્રકૃતિનો અનુક્રમ નંબર	કર્મની ૧૪૮ ઉત્તર પ્રકૃતિના અનુક્રમે નામ	કેટલા ગુણઠાણા સુધી બંધ હોય	કેટલા ગુણઠાણા સુધી ઉદય હોય	કેટલાગુણઠાણાસુધીઉદીરણાહોય	કેટલા ગુણઠાણા સુધી સત્તા હોય
૧	૨	૩	૪	૫	૬	૭
જ્ઞાનાવરણીય.		**જ્ઞાનાવરણીય-૫**				
૧	૧	મતિજ્ઞાનાવરણીય	૧૦	૧૨	૧૨	૧૨
૨	૨	શ્રુતજ્ઞાનાવરણીય	૧૦	૧૨	૧૨	૧૨
૩	૩	અવધિજ્ઞાનાવરણીય	૧૦	૧૨	૧૨	૧૨
૪	૪	મન પર્યવજ્ઞાનાવરણીય	૧૦	૧૨	૧૨	૧૨
૫	૫	કેવળજ્ઞાનાવરણીય	૧૦	૧૨	૧૨	૧૨
		દર્શનાવરણીય—૯				
દર્શનાવરણીય						
૬	૧	ચક્ષુદર્શનાવરણીય	૧૦	૧૨	૧૨	૧૨
૭	૨	અચક્ષુદર્શનાવરણીય	૧૦	૧૨	૧૨	૧૨
૮	૩	અવધિદર્શનાવરણીય	૧૦	૧૨	૧૨	૧૨
	૪	કેવળદર્શનાવરણીય	૧૦	૧૨	૧૨	૧૨
૧૦	૫	નિદ્રા	૮/૧	૧૨/૧ સમય ન્યૂન	૧૨	૧૨/૧ સમય ન્યૂન

૧૧	૬	નિદ્રા નિદ્રા	૨	૬	૬	૯
૧૨	૭	પ્રચલા	૬/૧	૧૨/૧ સમય ન્યૂન	૧૨	૧૨/૧ સમય ન્યૂન
૧૩	૮	પ્રચલા પ્રચલા	૨	૬	૬	૯
૧૪	૯	થીણુદ્ધી	૨	૬	૬	૯

વેદનીય—૨

[illegible] ૧૫	૧	શાતા વેદનીય	૧૩	૧૪	૬	૧૪
૧૬	૨	અશાતા વેદનીય	૬	૧૪	૬	૧૪

મોહનીય—૨૮

૧૭	૧	સમ્યકત્વ મોહનીય }	[illegible]	૪ થી ૭	૪થી૭	૧૧
૧૮	૨	મિશ્ર મોહનીય }	[illegible]	૩ જો	૧	૧૧
૧૯	૩	મિથ્યાત્વ મોહનીય	૧	૧	૧	૧૧
૨૦	૪	અનંતાનુબંધી ક્રોધ	૨	૨	૨	૧૧
૨૧	૫	અનંતાનુબંધી માન	૨	૨	૨	૧૧
૨૨	૬	અનંતાનુબંધી માયા	૨	૨	૨	૧૧
૨૩	૭	અનંતાનુબંધી લોભ	૨	૨	૨	૧૧
૨૪	૮	અપ્રત્યાખ્યાની ક્રોધ	૪	૪	૪	૯
૨૫	૯	અપ્રત્યાખ્યાની માન	૪	૪	૪	૯
૨૬	૧૦	અપ્રત્યાખ્યાની માયા	૪	૪	૪	૯
૨૭	૧૧	અપ્રત્યાખ્યાની લોભ	૪	૪	૪	૯
૨૮	૧૨	પ્રત્યાખ્યાની ક્રોધ	૫	૫	૫	૯
૨૯	૧૩	,, માન	૫	૫	૫	૯
૩૦	૧૪	,, માયા	૫	૫	૫	૯
૩૧	૧૫	,, લોભ	૫	૫	૫	૯

મોહનીય કર્મ	૩૨	૧૬	સંજ્વલન ક્રોધ	[illegible]	૯	૯	[illegible]
	૩૩	૧૭	,, માન		૯	૯	
	૩૪	૧૮	,, માયા		૯	૯	
	૩૫	૧૯	,, લોભ	૯	૧૦	૧૦	૧૦
	૩૬	૨૦	હાસ્ય નોકષાય	[illegible]	૮	૮	[illegible]
	૩૭	૨૧	રતી ,,		૮	૮	
	૩૮	૨૨	અરતી ,,		૮	૮	
	૩૯	૨૩	શોક ,,		૮	૮	
	૪૦	૨૪	ભય ,,		૮	૮	
	૪૧	૨૫	જુગુપ્સા ,,		૮	૮	
	૪૨	૨૬	પુરૂષવેદ ,,		૯	૯	
	૪૩	૨૭	સ્ત્રીવેદ ,,	૨	૯	૯	
	૪૪	૨૮	નપુંસકવેદ ,	૧	૯	૯	

[1]આયુ:કર્મ—૪

આયુકર્મ	૪૫	૧	દેવાયુ	૬ થી ૭	૪	૪	૧૧
	૪૬	૨	મનુષ્યાયુ	૪	૧૪	૬	૧૪
	૪૭	૩	તિર્યંચાયુ	૨	૫	૫	૭
	૪૮	૪	નરકાયુ	૧	૪	૪	૭

નામકર્મની ૯૩–૧૦૩

૪૯	૧	મનુષ્યગતિ નામકર્મ	૪	૧૪	૧૩	૧૪
૫૦	૨	તિર્યંચગતિ નામકર્મ	૨	૫	૫	[illegible]
૫૧	૩	દેવ ,, ,,	[illegible]	૪	૪	૧૪
૫૨	૪	નરક ,, ,,	૧	૪	૪	[illegible]
૫૩	૫	*એકેંદ્રિય જાતિ નામકર્મ	૧	૨	૨	[illegible]

૧ ત્રીજે ગુણઠાણે એકે આયુષનો બંધ હોય નહિ

* એકેંદ્રિય તથા વિકલેંદ્રિયને માત્ર પહેલું અને બીજું એ બેજ ગુણઠાણા હોય.

૫૪	૬	બેઇન્દ્રિય જાતિનામકર્મ	૧	૨	૨	૯
૫૫	૭	તેઇન્દ્રિય જાતિ નામકર્મ	૧	૨	૨	૯
૫૬	૮	ચઉરિંદ્રિય ,, ,,	૧	૨	૨	૯
૫૭	૯	પંચેંદ્રિય ,, ,,	૮	૧૪	૧૩	૧૪
૫૮	૧૦	ઔદારિક શરીર ,,	૪	૧૩	૧૩	૧૪
૫૯	૧૧	વૈક્રિય ,, ,,	૮	૪	૪	૧૪
૬૦	૧૨	આહારક ,, ,,	૮	છઠ્ઠું	છઠ્ઠું	૧૪
૬૧	૧૩	તૈજસ ,, ,,	૮	૧૩	૧૩	૧૪
૬૨	૧૪	કાર્મણ ,, ,,	૮	૧૩	૧૩	૧૪
૬૩	૧૫	ઔદારિક અંગોપાંગ,,	૪	૧૩	૧૩	૧૪
૬૪	૧૬	વૈક્રિય ,, ,,	૮	૪	૪	૧૪
૬૫	૧૭	આહારક ,, ,,	૮	૬ ઠ્ઠું	૬ ઠ્ઠું	૧૪
૬૬	૧૮	ઔદારિક બંધન નામકર્મ	આ સઘળાનો બંધ શરીર સાથે છે			૧૪
૬૭	૧૯	વૈક્રિય ,, ,,				૧૪
૬૮	૨૦	આહારક ,, ,,				૧૪
૬૯	૨૧	તૈજસ ,, ,,				૧૪
૭૦	૨૨	કાર્મણ ,, ,,				૧૪
૭૧	૨૩	ઔદારિક સંઘાતનનામકર્મ				૧૪
૭૨	૨૪	વૈક્રિય ,, ,,				૧૪
૭૩	૨૫	આહારક ,, ,,		૬ ઠ્ઠું	૬ ઠ્ઠું	૧૪
૭૪	૨૬	તૈજસ ,, ,,				૧૪
૭૫	૨૭	કાર્મણ ,, ,,				૧૪
૭૬	૨૮	વજ્રઋષભનારાચ સંઘયણ	૪	૧૩	૧૩	૧૪
૭૭	૨૯	ઋષભ નારાચ ,,	૨	૧૧	૧૧	૧૪
૭૮	૩૦	નારાચ ,,	૨	૧૧	૧૧	૧૪
૭૯	૩૧	અર્ધનારાચ ,,	૨	૭	૭	૧૪
૮૦	૩૨	કીલિકા ,,	૨	૭	૭	૧૪
૮૧	૩૩	છેવટ્ઠું ,,	૧	૭	૭	૧૪
૮૨	૩૪	સમચતુરસ્ર સંસ્થાન	૮	૧૩	૧૩	૧૪
૮૩	૩૫	ન્યગ્રોધ ,,	૨	૧૩	૧૩	૧૪
૮૪	૩૬	સાદી ,,	૨	૧૩	૧૩	૧૪
૮૫	૩૭	વામન ,,	૨	૧૩	૧૩	૧૪

૮૬	૩૮	કુબ્જ ,,	૨	૧૩	૧૩	૧૪
૮૭	૩૯	હુંડક ,,	૧	૧૩	૧૩	૧૪
૮૮	૪૦	કૃષ્ણ વર્ણનામ કર્મ	૮	૧૩	૧૩	૧૪
૮૯	૪૧	નીલ ,, ,,	૮	૧૩	૧૩	૧૪
૯૦	૪૨	લોહિત ,, ,,	૮	૧૩	૧૩	૧૪
૯૧	૪૩	હારિદ્ર ,, ,,	૮	૧૩	૧૩	૧૪
૯૨	૪૪	શ્વેત ,, ,,	૮	૧૩	૧૩	૧૪
૯૩	૪૫	સુરભી ગંધ ,,	૮	૧૩	૧૩	૧૪
૯૪	૪૬	દુરભી ,, ,,	૮	૧૩	૧૩	૧૪
૯૫	૪૭	તિક્ત રસ નામકર્મ	૮	૧૩	૧૩	૧૪
૯૬	૪૮	કટુક , ,,	૮	૧૩	૧૩	૧૪
૯૭	૪૯	કષાયલ ,, ,,	૮	૧૩	૧૩	૧૪
૯૮	૫૦	આમ્લ ,, ,,	૮	૧૩	૧૩	૧૪
૯૯	૫૧	મધુર ,, ,,	૮	૧૩	૧૩	૧૪
૧૦૦	૫૨	કર્કશ સ્પર્શ ,,	૮	૧૩	૧૩	૧૪
૧૦૧	૫૩	મૃદુ , ,,	૮	૧૩	૧૩	૧૪
૧૦૨	૫૪	ગુરૂ ,, ,,	૮	૧૩	૧૩	૧૪
૧૦૩	૫૫	લઘુ ,, ,,	૮	૧૩	૧૩	૧૪
૧૦૪	૫૬	શીત ,, ,,	૮	૧૩	૧૩	૧૪
૧૦૫	૫૭	ઉષ્ણ ,, ,,	૮	૧૩	૧૩	૧૪
૧૦૬	૫૮	સ્નિગ્ધ ,, ,,	૮	૧૩	૧૩	૧૪
૧૦૭	૫૯	રૂક્ષ ,, ,,	૮	૧૩	૧૩	૧૪
૧૦૮	૬૦	નરકાનુપૂર્વી નામકર્મ	૧	૪	૪	૯
૧૦૯	૬૧	તિર્યંચાનુપૂર્વી ,,	૨	૪	૪	૯
૧૧૦	૬	મનુષ્ય નુપૂર્વી ,,	૪	૪	૪	૧૪
૧૧૧	૬૩	દેવાનપૂર્વી ,,	૮	૪	૪	૧૪
૧૧૨	૬૪	શુભવિહાયોગતિ ,,	૮	૧૩	૧૩	૧૪
૧૧૩	૬૫	અશુભ ,, ,, ,,	૨	૧૩	૧૩	૧૪
૧૧૪	૬૬	પરાઘાત નામ કર્મ	૮	૧૩	૧૩	૧૪
૧૧૫	૬૭	ઉશ્વાસ ,, ,,	૮	૧૩	૧૩	૧૪
૧૧૬	૬૮	આતપ ,,	૧	૧	૧	૯
૧૧૭	૬૯	ઉદ્યોત ,,	૨	૫	૫	૯
૧૧૮	૭૦	અગુરૂલઘુ નામકર્મ	૮	૧૩	૧૩	૧૪

૧૧૯	૭૧	તીર્થંકર ,,	૪	૧૩-૧૪	૧૩મુ	૧૪
૧૨૦	૭૨	નિર્માણ ,,	થી	૧૩	૧૩	૧૪
૧૨૧	૭૩	ઉપઘાત ,,	,,	૧૩	૧૩	૧૪
૧૨૨	૭૪	ત્રસનામકર્મ	,,	૧૪	૧૩	૧૪
૧૨૩	૭૫	બાદર ,, ,,	,,	૧૪	૧૩	૧૪
૧૨૪	૭૬	પર્યાપ્ત ,, ,,	,,	૧૪	૧૩	૧૪
૧૨૫	૭૭	પ્રત્યેક ,, ,,	,,	૧૩	૧૩	૧૪
૧૨૬	૭૮	સ્થિર ,, ,,	,,	૧૩	૧૩	૧૪
૧૨૭	૭૯	શુભ ,, ,,	,,	૧૩	૧૩	૧૪
૧૨૮	૮૦	સૌભાગ્ય ,, ,,	,,	૧૪	૧૩	૧૪
૧૨૯	૮૧	સુસ્વર ,, ,,	,,	૧૩	૧૩	૧૪
૧૩૦	૮૨	આદેય ,, ,,	,,	૧૪	૧૩	૧૪
૧૩૧	૮૩	યશ કીર્તિ ,, ,,	૧૦	૧૪	૧૩	૧૪
૧૩૨	૮૪	સ્થાવર નામકર્મ	૧	૨	૨	ઉ/૧
૧૩૩	૮૫	સૂક્ષ્મ ,,	૧	૧	૧	ઉ/૧
૧૩૪	૮૬	અપર્યાપ્ત ,,	૧	૧	૧	૧૪
૧૩૫	૮૭	સાધારણ ,,	૧	૧	૧	ઉ/૧
૧૩૬	૮૮	અસ્થિર ,,	૬	૧૩	૧૩	૧૪
૧૩૭	૮૯	અશુભ ,,	૬	૧૩	૧૩	૧૪
૧૩૮	૯૦	દૌર્ભાગ્ય ,,	૨	૪	૪	૧૪
૧૩૯	૯૧	દુ સ્વર ,,	૨	૧૩	૧૩	૧૪
૧૪૦	૯૨	અનાદેય ,,	૨	૪	૪	૧૪
૧૪૧	૯૩	અપયશ અપકીર્ત્તિ ,,	૬	૪	૪	૧૪

ગોત્રકર્મ ૨

૧૪૨	૧	ઉચ્ચગોત્ર	૧૦	૧૪	૧૩	૧૪
૧૪૩	૨	નીચ ગોત્ર	૨	૫	૫	૧૪

અંતરાયકર્મ. ૫

૧૪૪	૧	દાનાતરાય	૧૦	૧૨	૧૨	૧૨
૧૪૫	૨	લાભાતરાય	૧૦	૧૨	૧૨	૧૨
૧૪૬	૩	ભોગાતરાય	૧૦	૧૨	૧૨	૧૨
૧૪૭	૪	ઉપભોગાતરાય	૧૦	૧૨	૧૨	૧૨
૧૪૮	૫	વીર્યાતરાય	૧૦	૧૨	૧૨	૧૨

ॐ

અથ બંધસ્વામિત્વ નામા તૃતીય કર્મગ્રંથ.

મંગળ અને અભિધેય.

બંધવિહાણવિમુક્કં, વંદિય સિરિવદ્ધમાણજિણચંદં ॥
ગઇઆઇસું વુચ્છં, સમાસઓ બંધસામિત્તં ॥ ૧ ॥

બંધવિહાણ—બંધની રચનાથી
વિમુક્કં—વિશેષે રહિતને
વંદિય—વાંદીને.
સિરિ—શ્રી
વદ્ધમાણ—વીરસ્વામી.
જિણચંદં—જિનોને વિષે ચંદ્ર સમાનને
ગઇઆઇસું—ગતિઆદિ ચૌદ માર્ગણાઓને વિષે
વુચ્છં—કહીશું.
સમાસઓ—સંક્ષેપથી
બંધસામિત્તં—બંધસ્વામિત્વ

અર્થ—કર્મબંધના વિધાનથી રહિત શ્રીવર્ધમાન જિનચંદ્રને નમસ્કાર કરીને ગતિ વિગેરેને વિષે સંક્ષેપ થકી બંધસ્વામિત્વ કહીશ. ૧.

વિવેચન—હવે બંધસ્વામિત્વ કહે છે. જીવ પ્રદેશ સાથે કર્મનો જે સંબંધ તે બંધ કહીએ. તેનું મિથ્યાત્વાદિક હેતુએ કરીને નિપજાવવું તે બંધવિધાન કહીએ, તેણે કરીને વિમુક્ત એટલે રહિત એવા શ્રી વર્દ્ધમાન સ્વામી, જિન તે અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની અને કેવળજ્ઞાની તેને વિષે ચંદ્રમા સરીખા; તેમના પ્રત્યે વાંદીને-નમસ્કારકરીને ગતિ આદિ દઇને (૬૨) બાસઠ માર્ગણા સ્થાનકને વિષે કહીશ. સંક્ષેપથકી જીવને બંધનું સ્વામીપણું એટલે કીયો જીવ કેટલી પ્રકૃતિ બાંધે એમ બંધસ્વામિત્વ કહીશ. ॥ ૧ ॥

ગઇ ઇંદિએ ય કાએ, જોએ વેએ કસાય નાણે ય;
સંજમ દંસણ લેસા, ભવ સમ્મે સન્નિ આહારે॥ ૨ ॥

ગઇ—ગતિમાર્ગણા.	**સંજમ**—ચારિત્ર માર્ગણા.
ઇંદિએ—ઇંદ્રિય માર્ગણા	**દંસણ**—દર્શન માર્ગણા.
કાએ—કાય માર્ગણા.	**લેસા**—લેશ્યા માર્ગણા.
જોએ—જોગ માર્ગણા.	**ભવ**—ભવ્ય માર્ગણા.
વેએ—વેદ માર્ગણા.	**સમ્મે**—સમ્યક્ત્વ માર્ગણા.
કસાય—કષાય માર્ગણા.	**સન્નિ**—સંજ્ઞિ માર્ગણા.
નાણે—જ્ઞાન માર્ગણા.	**આહારે**—આહારક માર્ગણા.

અર્થ—ગતિ ચાર, ઇંદ્રિય પાંચ, કાય છ, જોગ ત્રણ, વેદ ત્રણ, કષાય ચાર, જ્ઞાન આઠ, સંયમ સાત, દર્શન ચાર, લેશ્યા છ, ભવ્ય અભવ્ય બે, સમ્યક્ત્વ છ, સંજ્ઞિ અસંજ્ઞિ બે અને આહારી અને અણાહારી એ બે, એ ૧૪ માર્ગણાના ઉત્તરભેદ ૬૨ જાણવા.

સંજ્ઞાક્રમ સંગ્રહ.

જિણસુરવિઉવાહાર,દુદેવાઉ ય નિરયસુહુમવિગલતિગં
એગિંદિ થાવરાયવ, નપુ મિચ્છં હુંડ છેવટ્ઠં ॥ ૩ ॥

અણમજ્ઝાગિઇસંઘયણ,કુખગનિયઇત્થિદુહગથીણતિગં
ઉજ્જોઅ તિરિદુગં તિરિ-નરાઉ નરઉરલદુગરિસહં॥૪॥

જિણ-જિનનામ કર્મ.
સુર-સુરદ્વિક
વિઉવ-વૈક્રિયદ્વિક
આહારદુ-આહારકદ્વિક
દેવાઉ-દેવાયુ
નિરય-નરકત્રિક
સુહુમ-સૂક્ષ્મત્રિક
વિગલતિગં-વિકલેંદ્રિયત્રિક
એગિંદિ-એકેંદ્રિય જાતિ
થાવર-સ્થાવર નામ કર્મ
આયવ-આતપ નામ કર્મ
નપુ-નપુંસકવેદ
મિચ્છં-મિથ્યાત્વ મોહનીય
હુંડ-હુંડ સસ્થાન
છેવટ્ઠ-છેવટ્ઠું સંઘયણ.
અણ-અનંતાનુબંધિચારકષાય
મજ્ઝાગિઇ-મધ્યાકૃતિ (વચ્ચે નાં ચાર સંસ્થાન)
સંઘયણ-સંઘયણ(મધ્યના ચાર સંઘયણ
કુખગઇ-અશુભવિહાયોગતિ
નિય-નિચ્ચૈર્ગોત્ર.
ઇત્થિ-સ્ત્રીવેદ.
દુહગ-દૌર્ભાગ્ય નામકર્મ.
થીણતિગ-થીણદ્ધિત્રિક
ઉજ્જોઅ-ઉદ્યોતનામ.
તિરિદુગં-તિર્યંચદ્વિક.
તિરિ-તિર્યંચાયુ
નરાઉ-મનુષ્યાયુ
નર-મનુષ્યદ્વિક.
ઉરલદુગ-ઔદારિકદ્વિક.
રિસહં-વજ્ર ઋષભનારાચ સંઘયણ.

અર્થ-જિનનામ, સુરદ્વિક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, દેવાયુ અને નરકત્રિક, સૂક્ષ્મત્રિક, વિગલેન્દ્રિયત્રિક, એકેંદ્રિયજાતિ, સ્થાવરનામ, આતપનામ, નપુંસકવેદ, મિથ્યાત્વ મોહનીય, હુંડસ્થાન, છેવટ્ઠુંસઘયણ, અનંતાનુબંધિચાર,

મધ્યની આકૃતિ (સંસ્થાન) ચાર, મધ્યસંઘયણચાર, અશુભવિહાયોગતિ, નીચગોત્ર, સ્ત્રીવેદ, દુર્ભગત્રિક, થીણદ્ધિત્રિક, ઉદ્યોતનામ, તિર્યંચદ્વિક, તિર્યંચાયુ, નરાયુ, મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક અને વજ્ર ઋષભનારાચ સંઘયણ. ૩-૪.

વિવેચન—હવે ૧૨૦ માંહેલી કેટલીક પ્રકૃતિનો અનુક્રમ સંગ્રહ કહે છે-આગળ જે પ્રકૃતિથી જેટલી પ્રકૃતિ લેવી કહેશે તે પ્રકૃતિથી માંડીને તેટલી પ્રકૃતિઓ અનુક્રમે લેવી. જિન નામ ૧, દેવગતિ ૧, દેવાનુપૂર્વી ૨, વૈક્રિયશરીર ૧, વૈક્રિયોપાંગ ૨, આહારક શરીર ૧, આહારકોપાંગ ૨, દેવાયુઃ ૧, એવં ૮; નરકગતિ ૧, નરકાનુપૂર્વી ૨, નરકાયુઃ ૩, એવં ૧૧; સૂક્ષ્મ ૧, અપર્યાપ્ત ૨, સાધારણ ૩, બેઇંદ્રિય ૧, તેઇંદ્રિય ૨, ચઉરિંદ્રિય ૩, એવં ૧૭; એકેંદ્રિયજાતિ ૧; સ્થાવરનામ ૧, આતપનામ ૧, એવં ૨૦; નપુંસકવેદ ૧, મિથ્યાત્વમોહનીય ૧, હુંડસંસ્થાન ૧, છેવઠું સંઘયણ ૧, એવં ૨૪.

અનંતાનુબંધી ચાર કષાય ૪, ન્યગ્રોધ ૧, સાદિ ૨, વામન ૩, કુબ્જ ૪, એ ૪ મધ્ય સંસ્થાન; ઋષભનારાચ ૧, નારાચ ૨, અર્દ્ધનારાચ ૩, કીલિકા ૪, એ મધ્ય સંઘયણ ચાર, એવં ૩૬; અશુભ વિહાયોગતિ ૧, નીચૈર્ગોત્ર ૧, સ્ત્રીવેદ ૧, એવં ૩૯; દુર્ભગનામ ૧, દુઃસ્વર ૨, અનાદેય ૩, થીણદ્ધીત્રિક ૩, એવં ૪૫; ઉદ્યોત નામ ૧, તિર્યંચ ગતિ ૧, તિર્યંચાનુપૂર્વી ૨, તિર્યગાયુ ૩, મનુષ્યાયુ ૧, એવં ૫૦; મનુષ્યગતિ ૧, મનુષ્યાનુપૂર્વી ૨, ઔદારિકશરીર ૧, ઔદારિકોપાંગ ૨, વજ્રઋષભનારાચ સંઘયણ ૧, એ (૫૫) પંચાવન પ્રકૃતિનો ક્રમ સંગ્રહ જાણવો. ૩-૪

સુરઇગુણવીસવજ્જં, ઇગસઉ ઓહેણ બંધહિં નિરયા;
તિત્થવિણા મિચ્છિસયં,સાસણિ નપુચઉવિણા છનુઈ॥૫॥

સુર–સુરાદિક.	**તિત્થ**–તીર્થંકર નામ કર્મ.
ઇગુણવીસ–ઓગણીશ	**વિણુ**–વિના.
વજ્જં–વર્જીને.	**મિચ્છિ**–મિથ્યાત્વે
ઇગસઓ–એકસોએક	**સયં**–સો
ઓહેણ–ઓઘે, સામાન્યપણે	**સાસણિ**–સાસ્વાદને.
બંધહિં–બાંધે.	**નપુચઉ**–નપુંસકાદિક ચાર
નિરયા–નારક જીવો.	**છનુઇ**–છન્નું.

અર્થ—સુરદ્વિકાદિ ઓગણીશ પ્રકૃતિ વર્જીને એકસો એક પ્રકૃતિ ઓઘે નારકીના જીવો બાંધે. તીર્થંકરનામ વિના મિથ્યાત્વે સો પ્રકૃતિ (બાંધે), નપુંસકચતુષ્ક વિના છન્નુ પ્રકૃતિ સાસ્વાદને (બંધમાં) જાણવી. ૫

વિવેચન—હવે ગતિમાર્ગણાએ બંધ કહે છે, તેમાં પ્રથમ નરકગતિએ બંધ કહે છે. સુરદુગ આદિ દઇને આતપ લગે ઓગણીશ પ્રકૃતિ ટાળીને શેષ એકસો એક (૧૦૧) પ્રકૃતિ ઓઘપણે એટલે ગુણઠાણાની વિવક્ષા વિના સર્વ નારકી સમુચ્ચયપણે બાંધે. નારકીને ભવ સ્વભાવેજ એ ઓગણીશનો બંધ[1] ન હોય. મિથ્યાત્વ ગુણઠાણે તીર્થંકર નામનો બંધ ન હોય, તે માટે તે વિના (૧૦૦) એકસોનો

---

૧ સુરદ્વિકાદિ ઓગણીશ મધ્યે સુરદ્વિક, વૈક્રિયદ્વિક, દેવાયુ, નરકગતિ, નરકાનુપૂર્વી અને નરકાયુ એ આઠ પ્રકૃતિ દેવતા અને નારકી પ્રાયોગ્ય છે અને નારકી મરીને દેવ કે નરકગતિમા ઉત્પન્ન થાય નહિ માટે તેનો બંધ ન હોય. તથા સૂક્ષ્મ નામ, અપર્યાપ્તનામ અને સાધારણ નામ એ ત્રણ પ્રકૃતિ પણ ન બાંધે કેમકે સૂક્ષ્મ એકેંદ્રિય, અપર્યાપ્તા તિર્યંચ તથા મનુષ્ય અને સાધારણ વનસ્પતિ

બંધ હોય. સાસ્વાદને નપુંસકાદિક ચાર વિના એટલે નપુંસક ૧, મિથ્યાત્વ ૨, હુંડ ૩, છેવટું ૪, એ વિના (૯૬) છન્નૂનો બંધ હોય. ॥ ૫ ॥

વિણુઅણછવીસમીસે,બિસયરિસમ્મંમિજિણનરાઉજુઆ;
ઇઅ રયણાઇસુ ભંગો, પંકાઇસુ તિત્થયરહીણો ॥ ૬ ॥

વિણુઅણછવીસ–અનંતાનુબંધિ આદિ છવ્વીશવિના.
મીસે–મિશ્રગુણઠાણે.
બિસયરિ–બહોતેર.
સમ્મંમિ–અવિરતિસમ્યક્ત્વ ગુણઠાણે.
જિણ–જિન નામ કર્મ.
નરાઉ–મનુષ્યાયુએ.
જુઆ–યુક્ત (હોય)
ઇઅ–એ
રયણાઇસુ–રત્નપ્રભાદિક (ત્રણ) નરકે.
ભંગો–ભાંગો.
પંકાઇસુ–પંકપ્રભાદિક (ત્રણ) નરકે.
તિત્થયર–તીર્થંકર નામ કર્મ.
હીણો–હીન (ઓછો)

અર્થ—અનંતાનુબંધિ ચતુષ્ક આદિ છવીશ પ્રકૃતિવિના મિશ્રે (૭૦સિત્તેર) જાણવી. જિનનામ અને મનુષ્યાયુએ યુક્ત બહોંતેર પ્રકૃતિ સમ્યગ્ દ્રષ્ટિએ બંધાય. આ (બંધ આશ્રયી) ભંગ રત્નપ્રભા વિગેરે ત્રણ નારકીમાં જાણવો. પંકપ્રભા આદિ ત્રણને વિષે (પૂર્વોક્ત બંધનો ભંગ) તીર્થંકર નામકર્મ રહિત કહ્યો છે. ૬.

કાયને વિષે નારકી મરીને ઉપજે નહિ એકેંદ્રિય જાતિ, સ્થાવરનામ અને આતપનામ એ ત્રણ એકેંદ્રિય પ્રાયોગ્ય છે અને વિકલેંદ્રિયત્રિક એ વિકલેંદ્રિયમા ઉત્પન્ન થાય નહિ માટે, એ ૭ પ્રકૃતિ ન બાંધે તથા આહારકદ્વિક ચારિત્રના અભાવે બાંધે નહિ

વિવેચન—અનંતાનુબંધી આદે દઇને નરાયુ લગે છવીશ (૨૬) પ્રકૃતિ વિના મિશ્રગુણઠાણે સિત્તેર (૭૦) બાંધે, અવિરત સમ્યકત્વ ગુણઠાણે (૭૨) બ્હોંતેર બાંધે, જિનનામ અને મનુષ્યાયુ ભેળવીએ ત્યારે. નરકગતિ માંહે એ ચારજ ગુણઠાણાં હોય. રત્નપ્રભા ૧, શર્કરાપ્રભા ૨ અને વાલુકાપ્રભા ૩, એ ત્રણ પૃથ્વીને વિષે એજ ભાંગો જાણવો.-ઓઘે ૧૦૧, મિથ્યાત્વે ૧૦૦, સાસ્વાદને ૯૬, મિશ્રે ૭૦ અને સમ્યકત્વે ૭૨ પ્રકૃતિનો બંધ હોય. પંકપ્રભા ૧, ધૂમપ્રભા ૨, તમપ્રભા ૩, એ ત્રણ નરકે તીર્થંકર હીન (બંધ) કહેવો. ઓઘે ૧૦૦, સાસ્વાદને ૯૬, મિશ્રે ૭૦ સિત્તેર, સમ્યકત્વે ૭૧; પંકપ્રભાદિક[૧]નો આવ્યો તીર્થંકર ન થાય તે માટે તેનો બંધ હોય નહીં. ॥ ૬ ॥

નરકગતૌ બંધસ્વામિત્વયંત્રકં તથા રત્નપ્રભા-શર્કરપ્રભા—વાલુકપ્રભા—નારકેષ્વપિ પંકપ્રભા—ધૂમપ્રભા—તમઃપ્રભા—નારકાણાં ઓઘે ચતુર્થગુણસ્થાનકે ચ જિનહીનયંત્રકમ્ ॥

નરકગતૌ ઓઘે રત્નપ્રભાદિત્રયે ચ, પંકપ્રભાદિ ત્રયે જિનહીન	बंध प्रकृति	अबंध प्रकृति	व्यवच्छेद प्रकृति	ज्ञानावरणीय	दर्शनावरणीय	वेदनीय प्रकृति	मोहनीय प्रकृति	आयु प्रकृति	नाम प्रकृति	गोत्र प्रकृति	अंतराय प्रकृति	मूल प्रकृति
ઓઘે	૧૦૧/૧૦૦	૧૯/૨૦	૦	૫	૯	૨	૨૬	૨	૫૦	૨	૫	૭-૮
મિથ્યાત્વે	૧૦૦	૨૦	૪	૫	૯	૨	૨૬	૨	૪૯	૨	૫	૭-૮
સાસ્વાદને	૯૬	૨૪	૨૬	૫	૯	-	૨૪	૨	૪૭	૨	૫	૭-૮
મિશ્રે	૭૦	૫૦	૦	૫	૬		૧૯	૦	૩૨	૧	૫	૭
અવિરતે	૭૨/૭૧	૪૮/૪૯	૦	૫	૬	૨	૧૯	૧	૩૩	૧	૫	૭-૮

૧ પંકપ્રભા ધૂમપ્રભા અને તમ પ્રભાને વિષે સમ્યકત્વની પ્રાપ્તિ

અજિણમણુઆઉ,ઓહે,સત્તમિએ નરદુગુચ્ચવિણુ મિચ્છે;
ઇગનવઇ સાસાણે, તિરિઆઉ નપુસચઉ વજ્જં ॥૭॥

અજિણમણુઆઉ-જિનનામ કર્મ અને મનુષ્યાયુમૂકીને	વિણુ-વિના.
	મિચ્છે-મિથ્યાત્વે.
ઓહે-ઓઘે.	ઇગનવઇ-એકાણુ
સત્તમિએ-સાતમીએ.	સાસાણે-સાસ્વાદને.
નરદુગ-મનુષ્યદ્વિક.	નપુંસચઉ-નપુંસક ચતુષ્ક.
ઉચ્ચ-ઉચ્ચગોત્ર.	વજ્જં-વર્જીને.

અર્થ—જિનનામ અને મનુષ્યાયુવિના (નવાણુ પ્રકૃતિ સાતમી નારકીએ ઓઘે બંધાય. મનુષ્યદ્વિકઅને ઊચ્ચગોત્ર વિના મિથ્યાત્વે (છન્નું) બંધાય. તિર્યંચાયુ અને નપુ સકચતુષ્ક વિના સાસ્વાદને એકાણું પ્રકૃતિ બંધમાં હોય. ૭.

વિવેચન—જિનનામ ૧, મનુષ્યાયુ ૨, એ બે (૧૦૧) એકસોએક માંહેથી હીન કીધે ઓઘે નવાણું (૯૯) પ્રકૃતિ સાતમી નારકીએ બંધાય સાતમી પૃથ્વીથી મનુષ્યમાં ન જાય તે માટે મનુષ્યાયુ ન બાંધે. મનુષ્યગતિ ૧, મનુષ્યાનુપૂર્વી ૨, ઉચ્ચૈ. ગોત્ર ૩, એ ત્રણ વિના મિથ્યાત્વે છન્નુ (૯૬) નો બંધ હોય, સાસ્વાદને તિર્યગાયુ: ૧, નપુંસકવેદ ૨, મિથ્યાત્વ મોહનીય ૩, હુંડ સંસ્થાન ૪, છેવટ્ઠું સંઘયણ ૫, એ પાંચ વર્જીને (૯૧) એકાણુ નો બંધ હોય. ॥ ૭ ॥

છતા પણ ક્ષેત્રના માહાત્મ્યે કરીને તથાપ્રકારના અધ્યવસાયનો અભાવ હોવાથી તીર્થંકરનામ કર્મનો બધ ન હોય

તમતમાયાં	બંધ પ્રકૃતિ	અબંધ પ્રકૃતિ	બંધવિચ્છેદ પ્રકૃતિ	જ્ઞાનાવરણીય.	દર્શનાવરણીય.	વેદનીય	મોહનીય	આયુકર્મ.	નામકર્મ	ગોત્રકર્મ	અંતરાય કર્મ
ઓઘે	૯૯	૧	૦	૫	૯	૨	૨૬	૧	૪૯	૧	૫
મિથ્યાત્વે	૯૬	૨૪	૫	૫	૯	૨	૨૬	૧	૪૭	૧	૫
સાસ્વાદને	૯૧	૨૯	૨૪	૫	૯	૨	૨૪	૦	૪૫	૧	૫
મિશ્રે	૭૦	૫૦	૦	૫	૬	૨	૧૯	૦	૩૨	૧	૫
અવિરતે	૭૦	૫૦	૦	૫	૬	૨	૧૯	૦	૩૨	૧	૫

અણચઉવીસવિરહિઆ,સનરદુગુચ્ચાય સયરિ મીસદુગે;
સતરસઓ ઓહિ મિચ્છે,પજ્જતિરિઆ વિણુ જિણાહારં॥૮॥

અણચઉવીસ-અનંતાનુબંધિ વિગેરે ચોવીશ પ્રકૃતિ

વિરહિઆ-વિરહિત

સ-સહિત.

નરદુગ-મનુષ્યદ્વિક.

ઉચ્ચા-ઉચ્ચૈર્ગોત્ર.

સયરિ-સિત્તેર.

મીસદુગે-મિશ્રદ્વિકે (મિશ્ર અને અવિરતિ.)

સતરસઓ-એકસો સત્તર

ઓહિ-ઓઘે

મિચ્છે-મિથ્યાત્વે.

પજ્જ-પર્યાપ્તા.

તિરિઆ-તિર્યંચ પંચેંદ્રિય.

જિણ-જિનનામ કર્મ.

આહારં-આહારકદ્વિક.

અર્થ—અનંતાનુબંધિ આદિ ચોવીશ પ્રકૃતિવિના અને મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્રે સહિત સિત્તેર પ્રકૃતિ મિશ્રદ્વિકે બંધાય. જિનનામ અને આહારદ્વિક વિના એકસો સત્તર પ્રકૃતિ પર્યાપ્તા તિર્યંચ ઓઘે અને મિથ્યાત્વે બાંધે. ૮

વિવેચન—અનંતાનુબંધિથી માંડી તિરિદુગ લગે ચોવીશ પ્રકૃતિ, ૯૧ માંહેથી કાઢીએ અને મનુષ્યદ્વિકને ઉચ્ચૈર્ગોત્ર[1] એ ત્રણ ભેળવીએ ત્યારે મિશ્રે અને સમ્યકત્વે સિત્તેર (૭૦) નો બંધ સાતમી નરકે હોય. તિહાંનો નીકળ્યો તો મનુષ્ય ન થાય પણ મનુષ્યદ્વિક તેને ભવાંતરે ઊદયે આવે. હવે તિર્યંગ્ગતિ બંધ કહે છે. એકસો સત્તરનો બંધ ઓઘે અને મિથ્યાત્વે પર્યાપ્તા તિર્યંચને હોય. જિનનામ અને આહારકદ્વિક એ ત્રણ વિના તિર્યંચમાં ગતિ પ્રત્યયેજ જિનનામનો બંધ ન હોય અને સંયમ વિના આહારકદ્વિક પણ ન બંધાય તે માટે. ૮.

વિણુનિરયસોલ સાસણિ,સુરાઉઅણએગતીસવિણુ મીસે;
સસુરાઉ સયરિ સમ્મે, બીઅકસાએ વિણા દેસે ॥ ૯ ॥

નિરય–નરક (ત્રિકાદિ)
સોલ–સોળ.
સાસણિ–સાસ્વાદને.
સુરાઉ–દેવાયુ.
અણએગતીસ–અનંતાનુબંધિ આદિ એકત્રીશ.
મીસે–મિશ્ર ગુણઠાણે.
સ–સહિત.
સયરિ–સિત્તેર.
સમ્મે–સમ્યકત્વે.
બીઅ–બીજા (અપ્રત્યાખ્યાનાવરણીય ચાર)
કસાએ–કષાયો.
દેસે–દેશવિરતિ ગુણઠાણે.

અર્થ—નરકત્રિકાદિ સોલ પ્રકૃતિ વિના સાસ્વાદને (એક સો એક પ્રકૃતિ) બાંધે. દેવાયુ અને અનંતાનુબંધિ આદિ એકત્રીશ પ્રકૃતિ વિના (૬૯ પ્રકૃતિ) મિશ્રે બાંધે. દે-

---

૧ અતિ વિશુદ્ધ અધ્યવસાયે આ ત્રણ પ્રકૃતિ બંધાય છે એ થકી અધિક પુણ્ય પ્રકૃતિ સાતમી નારકીના જીવને નથી

વાયુ સહિત સિત્તેર પ્રકૃતિ સમ્યગ્ દ્રષ્ટિએ બંધાય. બીજા કષાય વર્જિત દેશવિરતિએ (૬૬ પ્રકૃતિ) બંધે હોય. ૯

વિવેચન--નરકત્રિકાદિક હુંડ છેવટ્ઠુ લગે સોળ પ્રકૃતિ વિના સાસ્વાદને એકસો એક બંધાય. દેવાયુ: અને અનંતાનુબંધિથી રિસહ લગેની એકત્રીશ, એવં બત્રીશ વિના ઓગણોત્તર (૬૯) પ્રકૃતિ મિશ્રગુણઠાણે બાંધે, દેવાયુ: સહિત સિત્તેર (૭૦) સમ્યકત્વ ગુણઠાણે બાંધે અને બીજા અપ્રત્યાખ્યાનીયા ચાર કષાયવિના દેશવિરતિ ગુણઠાણે છાસઠ્ઠ (૬૬) બાંધે. પર્યાપ્તતિર્યંચને એ પાંચજ ગુણઠાણા હોય. ૯.

ગર્ભજ સંજ્ઞિ પર્યાપ્તા પંચેદ્રિય તિર્યંચગતિ બંધયંત્રકમ્

તિર્યંચગતિ બંધસ્વામિત્વ	બંધ પ્રકૃતિ	અબંધ પ્રકૃતિ	વિચ્છેદ પ્રકૃતિ	જ્ઞાનાવરણીય	દર્શનાવરણીય	વેદનીય	મોહનીય	આયુકર્મ	નામકર્મ	ગોત્રકર્મ	અંતરાય પ્રકૃતિ	મૂલ પ્રકૃતિ
ઓઘે	૧૧૭	૩	૦	૫	૯	૨	૨૬	૪	૬૪	૨	૫	૭–૮
મિથ્યાત્વે	૧૧૯	૩	૧૬	૫	૯	૨	૨૬	૪	૬૪	૨	૫	૭–૮
સાસ્વાદને	૧૦૧	૧૯	૩૨	૫	૯	૨	૨૪	૩	૫૧	૨	૫	૭–૮
મિશ્રે	૬૯	૫૧	૦	૫	૬	૨	૧૯	૦	૩૧	૧	૫	૭
અવિરતે	૭૦	૫૦	૪	૫	૬	૨	૧૯	૧	૩૧	૧	૫	૭–૮
દેશવિરતે	૬૬	૫૪	૦	૫	૬	૨	૧૫	૧	૩૧	૧	૫	૭–૮

ઇય ચઉગુણેસુવિ નરા, પરમજયા સજિણ ઓહુ દેસાઇ;
જિણઇક્કારસહીણં,નવસય અપજ્જત્તતિરિઅનરા ॥૧૦॥

ઇઅ-એમજ, પર્યાપ્તાતિર્યંચની પેઠે.
ચઉગુણેસુ-ચાર ગુણઠાણે.
વિ નરા-પર્યાપ્તા મનુષ્યો પણ
પરમ્-વિશેષ.
અજયા અવિરતિ ગુણઠાણાવાળા
સજિણુ-જિન નામ સહિત.
ઓહુ-ઓઘ. (કર્મસ્તવમા કહ્યા મુજબ.)
દેસાઈ-દેશવિરતિ આદિયે
જિણઇક્કારસ-જિનએકાદશકે
હીણું-રહિત, હીન.
નવસ(ઉ)ય-એકસો નવ.
અપજત્ત-અપર્યાપ્તપંચેંદ્રિય.
તિરિઅનરા-તિર્યંચ તથા મનુષ્યો

અર્થ—ચાર ગુણઠાણાને વિષે પર્યાપ્તા મનુષ્યો પણ એમજ બાંધે પરન્તુ અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ મનુષ્યો જિનનામ સહિત બાંધે. દેશવિર્રતિથી માંડીને ઓઘ (કર્મસ્તવોક્ત) બંધ જાણવો. જિનએકાદશરહિત એકસો નવ પ્રકૃતિ અપર્યાપ્તા તિર્યંચ અને મનુષ્ય બાંધે. ૧૦

વિવેચન-હવે મનુષ્યગતિને વિષે બંધ કહે છે. ચાર ગુણઠાણે મનુષ્યને પણ એમજ બંધ કહેવા.-મનુષ્ય ઓઘે ૧૨૦ બાંધે, મિથ્યાત્વે ૧૧૭,સાસ્વાદને ૧૦૧ અને મિશ્રે ૬૯ બાંધે.પણ અવિરત સમ્યકત્વ ગુણઠાણે જિનનામ સહિત ૭૧ બાંધે; દેશવિરતાદિક ગુણઠાણે ઓઘ બંધ એટલે કે કર્મ્મસ્તવોક્તની પેરે જાણવો. એટલે બીજા કર્મગ્રંથમાં કહ્યા પ્રમાણે કહેવું તે કેમ? તે કહે છે-પાચમે ૬૭, છઠ્ઠે ૬૩, સાતમે ૫૯, આઠમા ગુણઠાણાના પહેલે ભાગે ૫૮, ત્યાર પછી પાંચ ભાગ લગે ૫૬, સાતમે ભાગે ૨૬, નવમા ગુણઠાણાના પહેલેભાગે ૨૨, બીજે ૨૧, ત્રીજે ૨૦, ચોથે ૧૯, પાંચમે ૧૮, દશમે ગુણઠાણે ૧૭, અગીયારમે, બારમે અને તેરમે ગુણઠાણે ૧, ચૌદમે અબંધક હોય. હવે જિનાદિક નરકત્રિક લગે અગ્યાર પ્રકૃતિએ હીન કીધે એકસોનવ

(૧૦૯)પ્રકૃતિ અપર્યાપ્તા તિર્યંચ અને અપર્યાપ્તા મનુષ્ય બાંધે. કારણકે એને એકજ મિથ્યાત્વ ગુણઠાણું હોય. યદ્યપિ કરણ અપર્યાપ્તા મનુષ્યને સમ્યક્ત્વ હોય તિહાં જિન નામ પણ બાંધે છે, પણ ઇહાં લબ્ધિઅપર્યાપ્તા મનુષ્યનીજ વિવક્ષા કરી છે તે માટે એકજ મિથ્યાત્વ ગુણઠાણું હોય. ૧૦.

મનુષ્યમાર્ગણાયાં બંધયંત્રકમ્.

	બંધ પ્રકૃતિ	અબંધ પ્રકૃતિ	વિચ્છેદ પ્રકૃતિ	જ્ઞાનાવરણીય	દર્શનાવરણીય	વેદનીય	મોહનીય	આયુ કર્મ	નામ કર્મ	ગોત્ર કર્મ	અંતરાય કર્મ	મૂળ પ્રકૃતિ
ઓઘે	૧૨૦	૦	૩	૫	૯	૨	૨૬	૪	૬૭	૨	૫	૭–૮
મિથ્યાત્વે	૧૧૭	૩	૧૬	૫	૯	૨	૨૬	૪	૬૪	૨	૫	૭–૮
સાસ્વાદને	૧૦૧	૧૯	૩૨	૫	૯	૨	૨૪	૩	૫૧	૨	૫	૭–૮
મિશ્રે	૬૯	૫૧	૦	૫	૬	૨	૧૯	૦	૩૧	૧	૫	૭
અવિરતે	૭૧	૪૯	૪	૫	૬	૨	૧૯	૧	૩૨	૧	૫	૭–૮
દેશવિરતે	૬૭	૫૩	૪	૫	૬	૨	૧૫	૧	૩૨	૧	૫	૭–૮
પ્રમત્ત સયતે	૬૩	૫૭	૬/૭	૫	૬	૨	૧૧	૧	૩૨	૧	૫	૭–૮
અપ્રમત્ત સયને	૫૯/૫૮	૬૧/૬૨	૧	૫	૬	૧	૯	૧	૩૧	૧	૫	૭–૮
નિવૃતે	૫૮/૫૬/૨૬	૬૨/૬૪/૯૪	૨/૦/૩૦	૫	૪/૬	૧	૯	૦	૩૧	૧	૫	૭
અનિવૃત્તિ ભાગે	૨૦/૨૧/૨૨	૧૦૦/૯૯/૯૮	૧/૧/૧	૫	૪	૧	૪/૫	૦	૧	૧	૫	૭
અનિવૃત્તિ ભાગે	૧૮/૧૯	૧૦૨/૧૦૧	૧/૧	૫	૪	૧	૧/૨	૦	૧	૧	૫	૭
સૂક્ષ્મસપરાયે	૧૭	૧૦૩	૧૬	૫	૪	૧	૦	૦	૧	૧	૫	૬
ઉપશાતમોહે	૧	૧૧૯	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧
ક્ષીણમોહે	૧	૧૧૯	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧
સયોગીકેવલીએ	૧	૧૧૯	૧	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧
અયોગીકેવલીએ	૦	૧૨૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

નિરયવ્વ સુરા નવરં ઓહે મિચ્છે ઇગિંદિતિગસહિઆ.
કપ્પદુગે વિ ય એવં, જિણહીણો જોઇભવણવણે ॥૧૧॥

નિરયવ્વ-નારકીની પેઠે	**વિઅ**-પણ
સુરા-દેવતા	**એવં**-એમજ, દેવતાના ઓઘ બંધ પેઠે.
નવરં-વિશેષ	**જિણ**-જિનનામ કર્મ.
ઓહે-ઓઘે	**હીણો**-વિના (હીણ)
મિચ્છે-મિથ્યાત્વે.	**જોઇ**-જયોતિષિ
એગિંદિતિગ-એકેંદ્રિયત્રિક.	**ભવણ**-ભુવનપતિ
સહિઆ-સહિત.	**વણે**-વ્યંતરને વિષે
કપ્પદુગે-બે દેવલોકે.	

અર્થ--નારકીની પેઠે દેવતા (તે બંધના સ્વામિ જાણવા.) બાંધે. એટલું વિશેષ કે ઓઘે અને મિથ્યાત્વે એકેંદ્રિયત્રિક સહિત છે. બે દેવલોકને વિષે પણ એજ પ્રકારે બંધ હોય. જયોતિષ્ક અને ભવનપતિને વિષે જિનનામ વિના (તે) બંધ જાણવો. ૧૧

વિવેચન--હવે દેવગતિને વિષે બંધ કહે છે નારકીનીપરે દેવતાને બંધ કહેવો. પણ એટલુ વિશેષ છે જે ઓઘે અને મિથ્યાત્વગુણઠાણે એકેંદ્રિય, સ્થાવર, આતપ એ ત્રણ સહિત કહેવા. જે ભણી દેવતા એકેંદ્રિયપણું બાંધે છે (ત્યાં જાય છે) તે માટે ઓઘે ૧૦૪, મિથ્યાત્વે ૧૦૩, સાસ્વાદને ૯૬, મિશ્રે ૭૦, સમ્યકત્વે ૭૨; દેવતાને એ ચાર (૪) ગુણઠાણા હોય. બે દેવલોકે પણ એમજ બંધ કહેવો.ઓઘે ૧૦૪, મિથ્યાત્વે ૧૦૩, સાસ્વાદને ૯૬, મિશ્રે ૭૦, સમ્યકત્વે ૭૨ બાંધે. જયોતિષી, ભવનપતિ અને વ્યંતરને જિનનામ

હીન બંધ કહેવો. જિનનામની સત્તાવંત ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષીમાં ઉપજે નહીં અને ત્યાંનો આવ્યો જિન થાય નહીં તે માટે ઓઘે ૧૦૩, મિથ્યાત્વે ૧૦૩, સાસ્વાદને ૯૬, મિશ્રે ૭૦, સમ્યક્ત્વે ૭૧ બાંધે. ૧૧.

ઓઘે તથા-સૌધર્મ-ઇશાનદેવલોકે બંધસ્વામિત્વ-યંત્રકમિદમ્

જ્યોતિષી-ભવનપતિ-વ્યંતર-વાણવ્યંતરેષુ જિનનામહીનમ્

દેવગતૌ	बंध प्रकृति	अबंध प्रकृति	व्यवच्छेद प्रकृति	ज्ञानावरणीय	दर्शनावरणीय	वेदनीय प्रकृति	मोहनीय प्रकृति	आयु प्रकृति	नाम प्रकृति	गोत्र प्रकृति	अंतराय प्रकृति	मूल प्रकृति
ઓઘે	૧૦૪/૧૦૩	૧૬/૧૭	૧	૫	૯	૨	૨૬	૨	૫૩/૫૨	૨	૫	૭-૮
મિથ્યાત્વે	૧૦૩	૧૭	૭	૫	૯	૨	૨૬	૨	૫૨	૨	૫	૭-૮
સાસ્વાદને	૯૬	૨૪	૨૬	૫	૯	૨	૨૪	૨	૪૭	૨	૫	૭-૮
મિશ્રે	૭૦	૫૦	૦	૫	૬	૨	૧૯	૦	૩૨	૧	૫	૭
અવિરતે	૭૨/૭૧	૪૮/૪૯	૦	૫	૬	૨	૧૯	૧	૩૩/૩૨	૧	૫	૭-૮

રયણુવ્વ સણંકુમારાઇ, આણયાઇ ઉજ્જોયચઉરહિઆ ॥
અપજ્જતિરિઅવ્વ નવસય-મિગિંદિપુઢવિજલતરૂવિગલે.

રયણુવ્વ-રત્નપ્રભાની પેઠે.
સણંકુમારાઇ-સનત્કુમારઆદિ
આણયાઈ-આનતઆદિ.
ઉજ્જોઅચઉ-ઉદ્યોતાદિક ચાર
રહિઆ-રહિત.
અપજ્જ-અપર્યાપ્તા.

તિરિઅવ્વ-તિર્યચની પેઠે.
નવસયં-એકસો નવ.
ઇગિંદિ-એકેંદ્રિય.
પુઢવીજલ-પૃથ્વીકાય, અપ્કાય,
તરૂ-વનસ્પતિકાય,
વિગલે-વિગલેંદ્રિયને વિષે.

અર્થ--સનત્કુમારથી સહસ્રાર સુધીના દેવો રત્નપ્રભાની પેઠે બાંધે. આનત વગેરેના દેવો ઉદ્યોતચતુષ્ક વિના બાંધે. અપર્યાપ્તા તિર્યંચની પેઠે એકસો નવ પ્રકૃતિનો બંધ એકેંદ્રિયજાતિ, પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય અને વિગલેંદ્રિયને વિષે હોય છે. ૧૨.

વિવેચન—સનત્કુમારથી માંડીને સહસ્રાર લગે એ છ દેવલોકના દેવતાને રત્નપ્રભાની પેર બંધ કેહેવો. એકેંદ્રિયમાં ઊપજવુ નથી, તે માટે એકેંદ્રિયત્રિક ન બાંધે, તેથી ઓઘે ૧૦૧, મિથ્યાત્વે ૧૦૦, સાસ્વાદને ૯૬, મિશ્રે ૭૦ અને સમ્યકત્વે ૭૨ બાંધે આનતાદિ ચાર દેવલોક અને નવ ગ્રૈવેયકના દેવતા ઉદ્યોત નામ ૧, તિર્યંગ્દ્વિક ૩ અને તિર્યગાયુ: એ ચાર પ્રકૃતિવિના રત્નપ્રભાની પેરે બાંધે. એ દેવતા તિર્યંચમાં ન [1]જાય તે માટે ન બાંધે; તેથી ઓઘે ૯૭, મિથ્યાત્વે ૯૬, સાસ્વાદને ૯૨, મિશ્રે ૭૦ અને સમ્યકત્વે ૭૨ બાંધે. અનુત્તર વિમાને એકજ સમ્યકત્વ ગુણઠાણું છે તિહાં ૭૨ બાંધે એ અનુક્ત પણ જાણવું. હવે ઇંદ્રિય માર્ગણાએ બધ કહે છે, અપર્યાપ્ત તિર્યંચની પેરે મિથ્યાત્વ ગુણઠાણે એકસો[2] નવ પ્રકૃતિ એકેંદ્રિય પૃથ્વીકાઈયા, અપકાઇયા, વનસ્પતિકાઈયા અને વિકલ તે બઇંદ્રિય તેઇંદ્રિય ચઉરિંદ્રિય; એ સર્વે જીવ બાંધે. ઓઘે પણ ૧૦૯ બાંધે. ૧૨.

---

૧ મનુષ્યજ થાય

૨ એ સાત માર્ગણાવાળા જીવોને સમ્યકત્વ અને ચારિત્ર નથી તેમજ દેવગતિ કે નરકગતિમા ઉપજે નહિ તેથી જિનનામ, દેવત્રિક, નરકત્રિક, વૈક્રિયદ્વિક અને આહારકદ્વિક એ અગ્યાર પ્રકૃતિ બાંધે નહિ

આણતાદિ ચતુષ્ટયે તથા ગ્રૈવેયકનવકે બંધસ્વામિત્વ-યંત્રકમિદમ્

આણતાદિચતુષ્ટયે તથા ગ્રૈવેયકનવકે	બંધ પ્રકૃતિ	અબંધ પ્રકૃતિ	વિચ્છેદ પ્રકૃતિ	જ્ઞાનાવરણીય	દર્શનાવરણીય	વેદનીય કર્મ	મોહનીય કર્મ	આયુ કર્મ	નામ કર્મ	ગોત્ર કર્મ	અંતરાય કર્મ	મૂળ પ્રકૃતિ
આઘે	૯૭	૨૩	૧	૫	૯	૨	૨૬	૧	૪૭	૨	૫	૭-૮
મિથ્યાત્વે	૯૬	૨૪	૪	૫	૯	૨	૨૬	૧	૪૬	૨	૫	૭-૮
સાસ્વાદને	૯૨	૨૮	૩૧	૫	૯	૨	૨૮	૧	૪૪	૨	૫	૭-૮
મિશ્રે	૭૦	૫૦	૦	૫	૬	૨	૧૯	૦	૩૨	૧	૫	૭
અવિરતે	૭૨	૪૮	૦	૫	૬	૨	૧૯	૧	૩૩	૧	૫	૭-૮

છનવઇ સાસણિ વિણુસુહુમતેર કેઇ પુણ બિંતિ ચઉનવઇં;
તિરિઅનરાઊહિં વિણા,તણુપજ્જત્તિં ન જંતિ જઓ૧૩

છનવઇ–છન્નું.
સાસણિ–સાસ્વાદને.
વિણુ–વિના.
સુહુમતેર–સૂક્ષ્મ નામ વગેરે તેર પ્રકૃતિ.
કેઇ–કોઇક
પુણ–વળી
બિંતિ–કહે છે.
ચઉનવઇં–ચોરાણું.
તિરિઅ–તિર્યંચ.
નર–મનુષ્યના.
આઊહિં–આયુષ્ય.
વિણા–વિના.
તણુપજ્જત્તિં–શરીર પર્યાપ્તિ.
ન જંતિ–પૂરી ન કરે.
જઓ–જે કારણ માટે.

અર્થ––સૂક્ષ્મ તેર વિના સાસ્વાદન ગુણઠાણે તેઓ છન્નું બાંધે. કોઇ આચાર્ય વળી તિર્યંચ અને મનુષ્યાયુ વિના

ચોરાણું કહે છે, જે કારણુ માટે તેઓ શરીર પર્યાપ્તિ પૂર્ણ ન કરે. ૧૩.

વિવેચન—સાસ્વાદન ગુણઠાણે સૂક્ષ્મત્રિકાદિક છેવટ્ઠું લગે તેર પ્રકૃતિ ૧૦૯ માંથી ઓછી કર્યે છન્નું (૯૬) બાંધે, એને બેજ ગુણઠાણાં [1]હોય. અને કેટલાએક[2] કહે છે કે તિર્યંચાયુ ૧, મનુષ્યાયુ ૨, એ બે વિના ચોરાણુ (૯૪) બાંધે. જે ભણી એકેંદ્રિયાદિક સાસ્વાદનવંત થકા શરીર પર્યાપ્તિપણુ પૂરી ન કરી શકે તો આયુષ્ય કેમ બાંધે? તિહાં પહેલે મતે શરીરપર્યાપ્તિ થયા પછી પણ સાસ્વાદન રહે તિહાં આયુ બંધાય ત્યારે તે ૯૬ બાંધે અને બીજે મતે તો શરીર પર્યાપ્તિ અગાઊ જ સાસ્વાદને જાય તો આયુ કયાંથી બાંધે ત્યારે તે ૯૪ જ બાંધે, એ બે મત જાણવા. એ માંહે (૯૪) ચોરાણુનો મત ખરો ભાસે છે; જે ભણી એકેંદ્રિયાદિકનું જઘન્ય આયુ પણ ૨૫૬ આવળિકાનો ક્ષુલ્લક ભવ હોય, તે આયુને બે ભાગ ગયે એકસો એકોત્તર (૧૭૧) મી આવળિકાએ આયુ બંધાય અને સાસ્વાદનપણું તો ઉત્કૃષ્ટું પણ છ આવળિકાનું હોય, તેટલામાં પરભવનું આયુ: કેમ બંધાય ? તે માટે ચોરાણુ (૯૪) જ બંધાય. એ મત શુદ્ધ જણાય છે. અને ગ્રંથકારે ૯૬ કહી તે તો કોણ જાણે કયે આશયે કહી હશે ? તથા આગળ આદારિક મિશ્રને પણ સાસ્વાદને આયુર્બંધ વાર્યો છે—सासणि चउनवइ विणा नरतिरियाऊ सुहुमतेर ॥ તો ઈહાં પણ એમજ જોઈએ તે અને આ સાસ્વાદન એકજ છે. ૧૩

---

૧ ભવનપતિ, વ્યંતર, સૌધર્મ અને ઈશાન દેવતા મિથ્યાત્વ પ્રત્યયે એકેંદ્રિયનું આયુ બાંધી પછી સમ્યકત્વ પામે તો મરણ સમયે સમ્યકત્વ વમતો તેમાં અવતરે માટે અપર્યાપ્તાવસ્થાએ સાસ્વાદન ગુણઠાણુ હોય. ૨ ચંદ્રસૂરિ પ્રમુખ આચાર્યો.

અપર્યાપ્તા એકેંદ્રિય-પૃથ્વી-અપ્-વનસ્પતિ-વિકલત્રયે બંધસ્વામિત્વયંત્રકમ્

અપર્યાપ્તા એકેંદ્રિયાદિકે બંધસ્વામિત્વયંત્રકમિદમ્	बंध प्रकृति	अबंध प्रकृति	विच्छेद प्रकृति	ज्ञानावरणीय	दर्शनावरणीय	वेदनीय	मोहनीय	आयु प्रकृति	नाम प्रकृति	गोत्र प्रकृति	अंतराय प्रकृति	मूल प्रकृति
ઓઘે	૧૦૯	૧૧	૦	૫	૯	૨	૨૬	૨	૫૮	૨	૫	૭-૮
મિથ્યાત્વે	૧૦૯	૧૧	૧૩/૧૫	૫	૯	૨	૨૬	૨	૫૮	૨	૫	૭-૮
સાસ્વાદને	૯૬/૯૪	૨૪/૨૬	૦	૫	૯	૨	૨૪	૨/૦	૪૭	૨	૫	૭-૮

ઓહુ પણિંદિતસે ગઇ-તસે જિણિક્કારનરતિગુચ્ચવિણા;
મણવયજોગે ઓહો, ઉરલે નરભંગુ તમ્મિસ્સે ॥૧૪॥

ઓહુ-ઓઘબંધ (કર્મસ્તવમા કહ્યા મુજબ)
પણિંદિ-પંચેંદ્રિય(માર્ગણા)માં
તસે-ત્રસકાય (માર્ગણા)માં
ગઇતસે-ગતિત્રસ (તેઉકાય અને વાઉકાય)માર્ગણાએ
જિણિક્કાર-જિનાદિકઅગીયાર
નરતિગ-મનુષ્યત્રિક.
ઉચ્ચ-ઉચ્ચૈર્ગોત્ર.
વિણા-વિના
મણવય-ચાર પ્રકારના મન અને વચન.
જોગે-યોગ માર્ગણાએ
ઓહો-ઓઘબંધ
ઉરલે-ઔદારિક કાયયોગે
નર-મનુષ્ય બંધની પેરે.
ભંગુ-ભાગો
તંમિસ્સે-ઔદારિક મિશ્રયોગે

અર્થ—પંચેંદ્રિય જાતિ અને ત્રસકાયને વિષે ઓઘ બંધ જાણવો. ગતિત્રસને વિષે જિનએકાદશ, મનુષ્યત્રિક અને ઉચ્ચગોત્રવિના (એકસો પાંચ) બંધાય. મનયોગ અને

વચનયોગે ઓઘ બંધ જાણવો. ઔદારિકે મનુષ્યનો ભાંગો, તે (ઔદારિક)ના મિશ્રે-૧૪.

વિવેચન—પંચેંદ્રિયને અને ત્રસકાયને ચૌદ ગુણઠાણે ઓઘ તે બીજે કર્મ્મસ્તવે કહ્યો તેમ બંધ કહેવો. હવે ગતિત્રસ[1] તે તેઊકાય અને વાયુકાય તેને જિણપુર આદે દઈને નરકત્રિક લગે ઇગ્યાર પ્રકૃતિ અને મનુષ્યત્રિક ઉચ્ચૈ-ર્ગોત્ર એવં ૧૫ ટાળીને [2]એકસો પાંચનો બંધ હોય, ગુણઠાણું એકજ મિથ્યાત્વ હોય. હવે યોગ માર્ગણાએ બંધ કહે છે- મનોયોગ ચાર ભેદે તે સત્યમનોયોગ ૧, મૃષામનોયોગ ૨, સત્યામૃષામનોયોગ ૩, અસત્યામૃષામનોયોગ ૪, એમ ચાર વચનયોગ, એ આઠ યોગને વિષે તેર ગુણઠાણે ઓઘ તે કર્મ્મસ્તવની પેરે બંધ કહેવો. ઔદારિકકાયયોગને મનુષ્યની પેરે તેર ગુણઠાણે બંધ કહેવો. ઔદારિક મિશ્રને વિષે બંધ હવે કહે છે— ॥ ૧૪ ॥

આહારછગવિણોહે,ચઉદસસઉ મિચ્છિ જિણપણગહીણું;
સાસણિ ચઉનવઇ વિણા, તિરિઅનરાઊ સુહુમતેર ॥૧૫॥

---

૧ તેઉકાય અને વાઉકાય એ બને સ્થાવરનામ કર્મના ઉદયથી લબ્ધિસ્થાવર છે તોપણ ગતિ સાધર્મ્યે કરીને તેને ગતિ-ત્રસ કહ્યા છે કેમકે તેઓ ઉંચુ અને તીર્છું ગમન કરે છે.

૨ તેઉકાય અને વાયુકાયના જીવો દેવ, મનુષ્ય અને નાર-કીમા ઉત્પન્ન થાય નહિ તેથી તત્પ્રાયોગ્ય ૫ ૬૨ પ્રકૃતિ બાંધે નહિ.

આહારછગ–આહારકછક	**હીણું**–હીન (ઓછી)
વિણુ–વિના	**સાસણિ**–સાસ્વાદને
ઓહે–ઓઘે	**ચઉનવઇ**–ચોરાણું.
ચઉદસસઉ–એકસો ચૌદ	**તિરિઅનરાઊ**–તિર્યંચાયુ તથા મનુષ્યાયુ.
મિચ્છિ–મિથ્યાત્વે	
જિણપણગ–જિનપંચકે	**સુહુમતેર**–સૂક્ષ્માદિ તેર.

અર્થ—આહારક ષટ્ક વર્જિ ઓઘે એકસો ચૌદ, મિથ્યાત્વે જિનપંચક હીન (૧૦૯) બાંધે અને સાસ્વાદને તિર્યંચાયુ, મનુષ્યાયુ અને સૂક્ષ્મ તેર વિના ચોરાણુ પ્રકૃતિ બાંધે.૧૫.

વિવેચન—આહારકદ્વિક ૨, દેવાયુ: ૩, નરકત્રિક ૩, એ ૭ વિના ઓઘે એકસો ચૌદ પ્રકૃતિ બાંધે. ઔદારિકમિશ્રકાયયોગ, મનુષ્ય અને તિર્યંચને અપર્યાપ્તપણે હોય. આહારકદ્વિક તો અપ્રમત્તજ બાંધે તે અપર્યાપ્તપણે હોય નહીં અને દેવાયુ: નરકત્રિક એ ચાર તો પર્યાપ્તોજ બાંધે તે માટે એ ન બાંધે. તેથી મિથ્યાત્વગુણઠાણે જિનનામ ૧, સુરદ્વિક ૩, વૈક્રિયદ્વિક ૫, એ પાંચ હીન કરીએ ત્યારે એકસો નવનો બંધ હોય. સાસ્વાદન ગુણઠાણે ચોરાણુંનો બંધ હોય. તિર્યગાયુ: ૧, મનુષ્યાયુ: ૨, સૂક્ષ્મત્રિકાદિક તેર એવ ૧૫ પ્રકૃતિ ૧૦૯ માંહેથી કાઢીએ ત્યારે ૯૪ રહે. ઔદારિક મિશ્રનો તો અપર્યાપ્તપણે પણ અલ્પકાળ છે તેથી તેટલા માંહે આયુબંધ ન હોય અને સૂક્ષ્માદિક તેર તો સાસ્વાદને નજ [1]બંધાય. મિશ્ર ગુણઠાણું તો હોય જ નહીં.૧૫

---

[1] મિથ્યાત્વ પ્રત્યયિકી છે માટ.

અણચઉવીસાઇવિણા,જિણપણજુઅ સમ્મિજોગિણોસાયં;
વિણુ તિરિનરાઉ કમ્મે વિ,એવમાહારદુગિ ઓહો ॥૧૬॥

અણ–અનતાનુબંધ્યાદિક.	**સાય**–શાતા વેદનીય (બાંધે)
ચઉવીસાઇ–ચોવીશ વગેરે.	**વિણુ**–વિના.
વિણા–વિના.	**તિરિનરાઉ**–તિર્યંચઅનેમનુષ્યાયુ
જિણપણ–જિનપંચક.	**કમ્મે વિ** કાર્મણકાયયોગે પણ.
જુઅ–યુક્ત, સહિત	**એવં**–એમજ.
સમ્મિ–સમ્યકત્વ ગુણઠાણે.	**આહારદુગિ**–આહારકદ્વિકે.
જોગિણો–સયોગીગુણઠાણાવાળા	**ઓહો**–ઓઘબંધ.

અર્થ—અનંતાનુબંધિ વગેરે ચોવીશ પ્રકૃતિ વિના અને જિનપંચક સહિત (૭૫) સમ્યગ્ દ્રષ્ટિએ બાંધે. સયોગી ગુણઠાણાવાળા સાતા બાંધે, તિર્યંચાયુ, મનુષ્યાયુ વિના કાર્મણ કાયયોગે પણ એમજ બંધ હોય. આહારકદ્વિકે ઓઘ બંધ જાણવો. ૧૬.

વિવેચન—તે ૯૪ માંહેથી અનંતાનુબાંધઆદિથી તિરિ દુગ લગે ચઉવીશ પ્રકૃતિ ટાળીએ અને જિનનામ ૧, સુરદ્વિક ૩, વૈક્રિયદ્વિક ૫, એ પાંચયુક્ત કરીએ ત્યારે સમ્યકત્વ ગુણઠાણે પંચોત્તેર [1]બાધે તથા સયોગિ ગુણઠાણે કેવળિ સમુદ્ઘાત કરતાં ૨–૬–૭ મા સમયે ઔદારિક મિશ્રકાયયોગિ હોય, ત્યાં તો એક સાતાવેદનીય જ બાંધે, પૂર્વભવથકા ઇહાં ઉત્પત્તિદેશે આવ્યો થકો જીવ પ્રથમ સમયે કેવળ

---

૧ અહિ સિદ્ધાતમતે વૈક્રિયલબ્ધિ અને આહારકલબ્ધિ પ્રયુજતા આદારિકમિશ્રકાય યોગ માન્યો છે પણ તે અહિ વિવક્ષ્યો નથી તેથી દેશવિરતિ અને પ્રમત્ત ગુણઠાણાનો બધ કહ્યો નથી.

કાર્મણકાયયોગેજ આહાર લિયે પછી બીજા સમયથકી ઔદારિકે મિશ્રિત કાર્મ્મણે આહાર લિયે, ત્યારે ઔદારિક મિશ્રકાયયોગી કહીએ, શરીરની નિષ્પત્તિ લગે. શરીર નીપન્યા પછી ઔદારિક કાયયોગ કહિયે. યત ઉક્તં.-जोएण कम्मएण, आहारेइ अणतर जीवो। तेणपर मीसेण-जावसरीर-निप्फत्ती ॥ १ ॥ એ ઔદારિકમિશ્રને પેહેલું, બીજું, ચોથું, તેરમું, એ ચ્યાર ગુણઠાણાં હોય. તિહાં પેહેલે ગુણઠાણે તિર્યંચાયુ અને મનુષ્યાયુ બંધે કહ્યાં, તે ઔદારિકમિશ્રપણું તો શરીરપર્યાપ્તિ પૂરી કર્યા અગાઉજ હોય, તે પછી તો ઔદારિક યોગ હોય અને આયુ તો શરીર પર્યાપ્તિ પછીજ બંધાય ત્યારે મિશ્રને એ બે આયુનો બંધ કેમ ઘટે ? તથા વળી ચોથે ગુણઠાણે તિર્યંચ ૭૦ બાંધે, મનુષ્ય ૭૧ બાંધે અને ઔદારિકમિશ્રકાયયોગી ૭૫ બાંધે એમ કહ્યું; તે ઘણું વિચારવા યોગ્ય છે, કારણ કે મનુષ્યદ્વિક ૨, ઔદારિકદ્વિક ૨, એ ૪, વજ્રઋષભનારાચ સંઘયણ ૧, એ પાંચ પ્રકૃતિ તિર્યંચ મનુષ્ય સમ્યગ્દૃષ્ટિ ન બાંધે અને ઔદારિક મિશ્રકાયયોગી બાંધે એમ કહ્યું પણ મનુષ્ય તિર્યંચ ટાળીને બીજો ઔદારિક મિશ્રકાયયોગી કોણ હોય, તે માટે એ પાંચ પ્રકૃતિ એહને બંધે કેમ ઘટે ? એ ગ્રંથકારે કોણ જાણે શું અભિપ્રાયે આણ્યું હશે તે પંડિતે વિચારવું ! એ સંદેહ ટીકાકારે પણ વિવક્ષ્યો[1] નથી.

---

૧ યશ સોમસૂરિ કૃત બાલાવબોધમા આ પ્રમાણે કહ્યુ છે કે-अणचउविसाइमा આદિ શબ્દ છે માટે અનતાનુબધી ચોવિશ આદિ એમ અર્થ લેવો એટલે અણ એકત્રીશ લેવી જોઇએ પણ નરાયુ અને તિર્યગાયુ એ બે પૂર્વે ટાળી છે તેથી તે બે વર્જિ ૨૯ પ્રકૃતિ ચોરાણુમાથી કાઢીએ અને જિનપચક ભેળવીએ એટલે ૭૦ નો બધ હોય એમ સભવે છે પછી તો બહુશ્રુત કહે તે પ્રમાણ

કાર્મ્મણકાય યોગ ભવાંતરાલે વાટે વહેતાં અને ઊપજવાને પહેલે સમયે હોય તથા કેવળિસમુદ્‌ઘાતને ત્રીજે ચોથે પાંચમે સમયે હોય એને ગુણઠાણાં પેહેલું, બીજું, ચોથું, તેરમું એ ચાર હોય. તેને તિર્યગાયુ:, મનુષ્યાયુ વર્જીને ઔદારિકમિશ્રની પેરે બંધ કહેવો. એટલે ઓઘે ૧૧૨, મિથ્યાત્વે ૧૦૭, સાસ્વાદને ૯૪, સમ્યકત્વે ૭૫ અને તેરમે એક સાતાવેદનીય બાંધે. આહારક કાયયોગ અને આહારક મિશ્રકાયયોગ એ બેનો ઊદય છટ્ઠે ગુણઠાણે છે, તે માટે તિહાં ઓઘનીપેરે ૬૩ નો બંધ હોય. એ આહારક પ્રમત્ત સાધુ ચૌદપૂર્વીજ કરે અને તે પ્રારંભવેળા ઔદારિક સાથે મિશ્ર હોય. ॥ ૧૬ ॥

સુરઓહો વેઉવ્વે, તિરિઅનરાઉરહિઓ અ તમ્મિસે;
વેઅતિગાઇમ બિઅતિઅ–કસાય નવ દુ ચઉ પંચગુણા૧૭

સુર–દેવતાની પેરે	**આઇમ**–પહેલા કષાયે.
ઓહો–ઓઘ.	**બિઅ**–બીજા કષાયે.
વેઉવ્વે–વૈક્રિય કાયયોગે.	**તિઅકસાય**–ત્રીજા કષાયે.
રહિઓ–રહિત.	**નવ**–નવ ગુણઠાણા.
તંમિસ્સે–તે વૈક્રિય મિશ્રકાય યોગે.	**દુ**–બે ગુણઠાણા.
	ચઉ–ચાર ગુણઠાણા.
વેયતિગ–વેદત્રિકે.	**પંચગુણા**–પાચ ગુણઠાણા.

અર્થ—દેવગતિનો ઓઘ બંધ વૈક્રિય શરીરે જાણવો. તિર્યંચ અને મનુષ્યાયુ વિના તે દેવગતિનો ઓઘબંધ વૈક્રિયમિશ્રે જાણવો. વેદત્રિક, પહેલા કષાય, બીજા કષાય

અને ત્રીજા કષાયે અનુક્રમે નવ, બે, ચાર અને પાંચ ગુણ-ઠાણા હોય. ૧૭.

વિવેચન—વૈક્રિય કાયયોગને દેવતાનીપેરે બંધ કહેવો. ઓઘે ૧૦૪, મિથ્યાત્વે ૧૦૩, સાસ્વાદને ૯૬, મિશ્રે ૭૦ અને સમ્યકત્વે ૭૨ બાંધે. એ ભવપ્રત્યયી વૈક્રિય જાણવું, ગુણપ્રત્યયી નહી. વૈક્રિયમિશ્રકાયયોગી તે દેવતા નારકી ઉપજતાં હોય, તેને બંધ તિર્યગાયુ: મનુષ્યાયુ: એ બે વર્જીને વૈક્રિયની પેરે કહેવો. ઓઘે ૧૦૨, મિથ્યાત્વે ૧૦૧, સાસ્વાદને ૯૪, મિશ્ર હોય નહીં, અને સમ્યકત્વે ૭૧ નો બંધ હોય. દેવતા નારકી પોતાના આયુના છ માસ થાકતે (શેષ રહે ત્યારે) પરભવાયુ બાંધે, તો તેને અપર્યાપ્તપણે આયુ બંધ કેમ હોય? હવે વેદાદિક માર્ગણાએ બંધ કહે છે.—ત્રણે વેદને પ્રથમ નવ ગુણઠાણાં હોય, પછી અવેદી થાય. આદિમ તે અનંતાનુબંધિને ઓઘે ૧૧૭, મિ૦ ૧૧૭, સાસ્વા૦ ૧૦૧; અપ્રત્યાખ્યાનીને ઓઘે ૧૧૮, મિ૦ ૧૧૭, સાસ્વા૦ ૧૦૧, મિશ્રે ૭૪ અને સ૦ ૭૭. પ્રત્યાખ્યાનીને ઓઘે ૧૧૮, મિથ્યા૦ ૧૧૭, સા૦ ૧૦૧, મિશ્રે ૭૪, અવિરતે ૭૭, દેશ૦ ૬૭. એમાં ગુણઠાણા આ પ્રમાણે સમજવાનાં છે. આદિમ તે અનંતાનુબંધી ૪ કષાયને ધુરલા (પ્રથમનાં) બે ગુણઠાણાં હોય. બીજા અપ્રત્યાખ્યાનીય ૪ કષાયને પહેલાં ચાર ગુણઠાણાં હોય. ત્રીજા પ્રત્યાખ્યાનીય ચાર કષાયને પહેલા પાંચ ગુણઠાણાં હોય. ॥ ૧૭ ॥

સંજલણતિગે નવ દસ, લોભે ચઉ અજઇ દુતિ અનાણતિગે;
બારસ અચક્ખુચક્ખુસુ, પઢમા અહખાય ચરિમચઉ ॥૧૮

સંજલણતિગે—સંજ્વલનત્રિકે.
નવ દસ—નવ, દસ.
લોહે—લોભે.
ચઉ—ચાર ગુણઠાણા.
અજઇ—અવિરતિ સંયમે.
દુ તિ—બીજું અથવા ત્રીજું.
અનાણતિગે—અજ્ઞાનત્રિકે.
અચક્ખુચક્ખુસુ—અચક્ષુ અને ચક્ષુદર્શને.
પઢમા—પહેલાં.
બારસ—બાર.
અહખાય—યથાખ્યાત ચારિત્રે.
ચરિમ—છેલ્લા.
ચઉ—ચાર.

અર્થ—સંજ્વલનત્રિકે નવ ગુણઠાણા, સંજ્વલન લોભે દશ ગુણઠાણા, અવિરતિ ચારિત્રે ચાર, અજ્ઞાનત્રિકે બે અગર ત્રણ અને અચક્ષુદર્શન અને ચક્ષુદર્શને બાર ગુણઠાણા (સર્વને) પ્રથમના હોય. યથાખ્યાતચારિત્રે છેલ્લાં ચાર ગુણઠાણાં હોય ૧૮.

વિવેચન—સંજ્વલન ક્રોધ, માન અને માયાને નવ ગુણઠાણાં; તિહાં ઓઘની પેરે બંધ. સંજ્વલન લોભને દશ ગુણઠાણાં હોય, બંધ ઓઘની પેરે. સંયમદ્વારે અવિરતિને ચાર ગુણઠાણાં, ઓ૦ ૧૧૮, મિથ્યા૦ ૧૧૭, સા૦ ૧૦૧, મિશ્રે ૭૪ અને સમ્ય૦ ૭૭. અજ્ઞાન ત્રણને બે અથવા ત્રણ ગુણઠાણાં હોય, ઓ૦ ૧૧૭, ૧૧૭, ૧૦૧, ૭૪. ચક્ષુદર્શની અચક્ષુદર્શની માર્ગણાને વિષે બાર ગુણઠાણાં હોય, તિહાં ઓઘ તે કર્મ્મસ્તવનીપેરે બંધ કહેવો. યથાખ્યાતચારિત્રને છેલ્લાં ચાર ગુણઠાણાં હોય, તિહાં ત્રણે એક સાતાનો બંધ. અને અયોગી અબંધક એટલે બંધ ન હોય. ॥ ૧૮ ॥

મણનાણિ સગ જયાઈ, સમઇઅચ્છેઅ ચઉ દુન્નિ પરિહારે;
કેવલદુગિ દો ચરમા—જયાઇ નવ મઇસુઓહિદુગે ॥૧૯॥

મણનાણિ–મન પર્યવજ્ઞાને.	કેવળ દર્શને)
સગ–સાત.	**દો**-બે
જયાઈ–પ્રમત્તાદિક.	**ચરમા**–છેલ્લાં
સમઇઅ–સામાયકે.	**અજયાઇ**–અવિરતિ આદિએ
છેઅ–છેદોપસ્થાપનીયે	**નવ**–નવ ગુણઠાણા.
ચઉ–ચાર (૬ થી ૯)	**મઈસુઅ**–મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાને
દુ–બે (૬–૭)	**ઓહિદુગે**–અવધિજ્ઞાન તથા અવધિદર્શને
પરિહારે–પરિહાર વિશુદ્ધિએ.	
કેવળદુગિ-કેવળદ્વિકે(કેવળજ્ઞાન	

અર્થ—મન:પર્યાયજ્ઞાને પ્રમત્તઆદિ સાત, સામાયક અને છેદોપસ્થાપનીયે ચાર, પરિહારવિશુદ્ધિ ચારિત્રે બે, કેવળદ્વિકે બે છેલ્લા ગુણઠાણા હોય. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિદ્વિકે અવિરતથી નવગુણઠાણા હોય. ૧૯.

વિવેચન—મન પર્યવજ્ઞાનીને પ્રમત્તાદિક (છઠ્ઠાથી બારમાલગે) સાત ગુણઠાણા હોય. ઓઘે ૬૫, પ્ર૦ ૬૩, અપ્ર૦ ૫૯ ઈત્યાદિ. સામાયિક, છેદોપસ્થાપનીય ચારિત્રને છઠ્ઠાથી નવમા લગે ચાર હોય. ઓ૦ ૬૫, પ્ર૦ ૬૩, અપ્ર૦ ૫૯ ઈત્યાદિ. પરિહારવિશુદ્ધિચારિત્રને છઠ્ઠું સાતમું એ બેજ હોય. ઓ૦ ૬૫, પ્ર૦ ૬૩, અપ્ર૦ ૫૯. કેવળજ્ઞાની ૧, કેવળદર્શની એ બેને છેલ્લાં બે ગુણઠાણાં હોય. સયોગી એક સાતા બાંધે; અયોગી અબંધક હોય. મતિજ્ઞાની ૧, શ્રુતજ્ઞાની ૨, અવધિજ્ઞાની ૩, અવધિદર્શની ૪, એ ચારને અવિરત સમ્યગ્દૃષ્ટી પ્રમુખ ક્ષીણમોહ લગે નવ ગુણઠાણાં હોય. તિહાં ઓઘે ૭૯, સમ્યકત્વે ૭૭, દેશે ૬૭, પ્રમત્તે ૬૩, અપ્ર૦ ૫૯, ઈત્યાદિ. ૧૯

અડ ઉવસમિ ચઉ વેઅગિ, ખઇએ ઇક્કાર મિચ્છતિગિ દેસે;
સુહુમિ સઠાણં તેરસ, આહારગિ નિઅનિઅગુણોહો ॥૨૦॥

અડ–આઠ (૪ થી ૧૧)	**દેસે**–દેશવિરતિચારિત્રે
ઉવસમિ–ઔપશમિક સમકિતે	**સુહુમિ**–સૂક્ષ્મસંપરાયે
ચઉ–ચાર (ચોથાથી સાતમું)	**સઠાણં**–પોતપોતાનું ગુણઠાણું
વેઅગિ–વેદકે (ક્ષાયોપશમિક સમ્યકત્વે)	**તેરસ**–તેર
	આહારગિ આહારક માર્ગણાએ
ખઇએ–ક્ષાયક (સમ્યકત્વે)	**નિઅનિઅ**-પોતપોતાના
ઇકકાર–અગિઆર (૪થી૧૪)	**ગુણ**–ગુણઠાણાને
મિચ્છાતગિ–મિથ્યાત્વત્રિકે	**ઓહો**–ઓઘબંધ

અર્થ—ઉપશમ સમ્યકત્વે આઠ, વેદક સમ્યકત્વે ચાર, ક્ષાયિકે અગ્યાર, મિથ્યાત્વત્રિકે, દેશવિરતિ ચારિત્રે અને સૂક્ષ્મ સંપરાય ચારિત્રે પોતપોતાના સ્થાનના ગુણઠાણા હોય. આહારકે તેર ગુણઠાણા હોય. પોતપોતાના ગુણઠાણાની ઓઘ પેઠે પ્રકૃતિ લેવી. ૨૦.

વિવેચન—ઔપશમિક સમ્યકત્વીને ચોથાથકી ઈગ્યારમા લગે આઠ ગુણઠાણાં હોય. વેદક તે ક્ષાયોપશમિક સમ્યકત્વને ચાર ગુણઠાણાં ચોથાથી તે સાતમા લગે હોય. ક્ષાયકસમ્યકત્વીને ચોથાથી ચૌદમા લગે ઈગ્યાર ગુણઠાણાં હોય. ઔપશમિક સમ્યકત્વ તે ઉપશમ શ્રેણીએ હોય તથા પ્રથમ સમ્યકત્વ પામે તિહાં હોય. ઉક્તં ચ–*उवसामगसेढिगयस्स, होइ उवसामियं तु सम्मत्त ॥ जो वा अकयतिपुंजो, अखवियमिच्छो लहइ सम्मं ॥१॥ તથા ઉપશમ સમ્યકત્વી જીવ

* ઉપશમ શ્રેણીને પ્રાપ્ત થયેલ જીવને ઔપશમિક સમ્યકત્વ હોય અથવા ત્રણ પુંજ કર્યા નથી જેણે અને મિથ્યાત્વ ખપાવ્યું નથી જેણે એવો જીવ ઔપશમિક સમ્યકત્વ પામે

પરભવાયુર્બંધ ૧, મરણ ૨, અનંતાનુબંધી કષાયનો બંધ ૩, અનંતાનુબંધીનો ઉદય ૪, એ ચાર વાનાં ન કરે. ત્યાંથી પડતો સાસ્વાદને એ ચારે વાનાં કરે તથા ઔપશમિકને નવું પામતાં ૪-૫-૬-૭ એ ચાર ગુણઠાણાં દેશવિરતિ સર્વવિરતિ સહિત પામે, તેથી નાના જીવની અપેક્ષાયે હોય અને ૮, ૯, ૧૦, ૧૧, એ ચાર (૪) ગુણઠાણાં ઉપશમ શ્રેણિએ હોય. ઓઘે ૭૫, સમ્યકત્વે ૭૫, દેશે ૬૬, પ્રમત્તે ૬૨, અપ્ર૦ ૫૮ ઇત્યાદિ જાણવી. દેવાયુ મનુષ્યાયુ ન બાંધે. હવે ઉદય આવ્યું મિથ્યાત્વ ક્ષય કરે અને અનુદિત ઉપશમાવે. તે ક્ષાયોપશમિક, તેને ૪ ગુણઠાણાં, તિહાં ઓઘે ૭૯, અવિ૦ ૭૭, દેશ૦ ૬૭, પ્ર૦ ૬૩, અને અ૦ ૫૯; તે પછી ઉપશમ શ્રેણિએ ઉપશમ સમ્યકત્વ હોય અને ક્ષપક શ્રેણિએ ક્ષાયિક હોય. ઉપશમિક અને ક્ષાયોપશમિકમાં શો વિશેષ છે? तत्रोच्यते- ઉપશમિકને મિથ્યાત્વનાં દળિયાંનુ વિપાકથી વેદન નથી અને પ્રદેશથી પણ વેદન નથી અને ક્ષાયોપશમિકને પ્રદેશ થકી વેદન છે यदुक्त-वेयइ संतकम्मं, खओवसमिएसु नाणुभावाम ॥ उवसंतकसाओ पुण, वेयइ न संतकम्मपि ॥ એ વિશેષ છે તથા च-खीणे दंसणमोहे, तिविहम्मि वि भवनियाणभूयम्मि ॥ निप्पच्चवाय मउल, सम्मत्त खाइयं होइ ।१। तम्मि य तइयचउत्थे, भवम्मि सिज्झंति खइयसम्मत्ते ॥ सुरनिरयजुयलिसु गई, इमतु जिणकालियनराण २ बद्धाउयाण एव, सिज्झंति उ तब्भवे अबद्धाऊ ॥ पट्ठवगो उ मणुस्सो, निट्ठवगा चउसु वि गईसु ३ અને ચોથાથી ચૌદમા લગે ગુણઠાણાં ૧૧ હોય, તિહાં ઓઘે ૭૯, અવિ૦ ૭૭, દેશ૦ ૬૭, પ્રમ૦ ૬૩, ઈત્યાદિ બાંધે; યાવત્ અયોગી અબંધક હોય. મિથ્યાત્વી, સાસ્વાદની, મિશ્રદૃષ્ટી, દેશવિરતિ, સૂક્ષ્મસંપરાયસંયમી એટલાને પોતપોતાને નામે એકેક ગુણઠાણું હોય. તિહાં મિથ્યાદૃષ્ટીને ૧૧૭

નો બંધ, સાસ્વાદન સમ્યકત્વીને ૧૦૧, મિશ્રદૃષ્ટીને ૭૪, દેશ-વિરતીને ૬૭, સૂક્ષ્મસંપરાયચારિત્રીને ૧૭ નો બંધ હોય. સમયે સમયે આહાર કરે તે આહારક (આહારી), તેને સયોગિ લગે તેર ગુણઠાણાં હોય; તિહાં ઓઘે ૧૨૦, મિથ્યાત્વે ૧૧૭ ઈત્યાદિ; યાવત્ સયોગી એક બાંધે. એ સર્વ પૂર્વે કહ્યા તે તે ગુણઠાણે પ્રકૃતિનો બંધ ઓઘ તે કર્મ્મ-સ્તવની પેરે કહેવો ॥ ૨૦ ॥

પરમુવસમિ વટ્ટંતા, આઉ ન બંધંતિ તેણ અજયગુણે;
દેવમણુઆઉહીણો,દેસાઇસુ પુણ સુરાઉ વિણા ॥ ૨૧ ॥

પરમ્-વિશેષ.
ઉવસમિ-ઔપશમિકે
વટ્ટંતા-વર્ત્તતા
આઉ-આયુષ્ય
ન બંધંતિ-ન બાંધે
તેણ-તે કારણે
અજયગુણે-અવિરતિ સમ્યક્દૃષ્ટિ ગુણઠાણે
દેસાઇસુ-દેશવિરતિ આદિને વિષે

અર્થ—પરંતુ ઔપશમિક સમ્યકત્વે વર્તતા જીવો આયુ બાંધે નહિ, તે માટે (તેમને) અવિરત ગુણસ્થાને દેવ અને મનુષ્યાયુવડે હીન ઓઘ બંધ હોય. દેશવિરતાદિમાં વળી દેવાયુ વિના બંધ જાણવો. ૨૧

વિવેચન—પણ એટલું વિશેષ છે જે ઔપશમિક સમ્યકત્વે વર્ત્તતા જીવ પરભવનું આયુ ન બાંધે, તે માટે અવિરત સમ્યકત્વ ગુણઠાણે દેવાયુ: ૧, મનુષ્યાયુ: ૨, એ બે પ્રકૃતિ ઓઘ માંહેથી હીન કરવી; એટલે ચોથે ગુણઠાણે ઓઘે ૭૭ છે, તે ઈહાં ઉપશમ સમ્યકત્વી ૭૫ બાંધે કેમકે નરક તિર્યંગાયુ તો ઓઘમાંજ ટાળ્યાં છે. દેશવિરતાદિક ગુણઠાણે એક દેવાયુજ હીન કરવું, ત્યારે દેશે ૬૬, પ્રમત્તે ૬૨, અપ્રમત્તે ૫૮, મનુષ્યાયુ તો ઓઘમાંજ ટાળ્યું છે. ૨૧

ઓહે અટ્ઠારસયં, આહારદુગૂણ-માઇલેસતિગે;
તં તિત્થોણું મિચ્છે, સાણાઇસુ સવ્વહિં ઓહો ॥૨૨॥

ઓહે-સામાન્યે	તિત્થોણું-તીર્થંકર નામકર્મ ઉણું
અઠ્ઠારસયં-એકસો અઢાર	મિચ્છે-મિથ્યાત્વે
આહારદુગૂણં-આહારકદ્વિકઉણું	સાણાઇસુ-સાસ્વાદનાદિકે
આઇલેસતિગે-આદિની ત્રણ લેશ્યાને વિષે	સવ્વહિં-સર્વત્ર, સર્વ ગુણઠાણે
તં-તે	

અર્થ—પહેલી ત્રણ લેશ્યાએ આહારકદ્વિક વર્જી એકસો આઠ પ્રકૃતિ ઓઘે હોય. તીર્થંકર નામ કર્મવિના તે બંધ મિથ્યાત્વે (૧૧૭)નો જાણવો. સાસ્વાદનથી માંડીને સર્વ ગુણઠાણે ઓઘબંધ જાણવો. ૨૨.

વિવેચન—કૃષ્ણ નીલ કાપોત એ ત્રણ લેશ્યાવંતને આહારકદ્વિક વિના ઓઘે એકસો અઢારનો બંધ હોય. એ ત્રણ લેશ્યા તો ચોથા તથા છઠ્ઠા ગુણઠાણા લગે છે અને આહારકદ્વિક સાતમે બંધાય, તે માટે તે વિના. તીર્થંકરનામ કર્મ વિના મિથ્યાત્વે ૧૧૭ બંધાય. સાસ્વાદનાદિક ગુણઠાણે તો સર્વ લેશ્યાવંતને ઓઘનીપેરે-કર્મ્મસ્તવનીપેરે બંધ કહેવો. ઈહાં ત્રણ લેશ્યાવંતને ચોથે ગુણઠાણે બે આયુનો બંધ કહ્યો, પણ એકજ મનુષ્યાયુનો બંધ ઘટે, જે ભણી નારકી દેવતા તો મનુષ્યાયુ બાંધે પણ મનુષ્ય અને તિર્યંચ દેવાયુ ન બાંધે. કારણ કે "જે લેશ્યામાં આયુ બંધાય તે લેશ્યામાં ઊપજવું જોઇએ" અને સમ્યક્દૃષ્ટી તો વૈમાનિકનુંજ આયુ બાંધે અને તે વૈમાનિકમાં તો કૃષ્ણ નીલ કાપોત નથી તે માટે અશુદ્ધ લેશ્યા-

વંત સમ્યક્દષ્ટી દેવાયુ ન બાંધે. એમજ ભગવતી સૂત્રના ત્રીશમા શતકને પહેલે ઉદ્દેશે કહ્યું છે કે ક્રિયાવાદી કૃષ્ણાદિ ૩ લેશ્યાવંત સમ્યક્દષ્ટી દેવાયુ ન બાંધે. દેવતા નારકી મનુષ્યાયુ બાંધે પણ મનુષ્ય તિર્યંચ એકે આયુ ન બાંધે, એમ કહ્યું છે અને ઘટે પણ એમજ, પછી ગ્રંથકારનો અભિપ્રાય તો બહુશ્રુત જાણે. ૨૨.

તેઊ નિરયનવૂણા ઉજ્જોઅચઉનિરયબારવિણુ સુક્કા;
વિણુનિરયબાર પમ્હા, અજિણાહારા ઇમા મિચ્છે. ૨૩

તેઊ–તેજોલેશ્યાએ.	**પમ્હા**–પદ્મલેશ્યાએ.
નિરય–નરકાદિક.	**અ**–નહિં (વર્જીને).
નવૂણા–નવ પ્રકૃતિએ ઉણો.	**જિણ**–જિનનામ કર્મ.
ઉજ્જોઅચઉ–ઉદ્યોત ચતુષ્ક.	**આહારા**–આહારકદ્વિક.
નિરયબાર–નરકત્રિકાદિ બાર.	**ઇમા**–આ (બંધો).
સુક્કા–શુકલલેશ્યાએ.	**મિચ્છે**–મિથ્યાત્વે.

અર્થ—તેજોલેશ્યાએ નરકાદિ નવ વિના (૧૧૧) પ્રકૃતિનો બંધ હોય. ઉદ્યોત ચતુષ્ક અને નરકાદિ બાર વિના (૧૦૪)નો બંધ શુકલ લેશ્યાએ જાણવો. જિનનામ અને આહારકદ્વિક વિના આ બંધો મિથ્યાત્વે જાણવા. ૨૩

વિવેચન—તેજોલેશ્યાવંત નરકત્રિક સુક્ષ્મત્રિક વિકળત્રિક એ [1]નવ વિના ઓઘે એકસો ઇગ્યાર બાંધે. ઉદ્યોતનામ, તિર્યંક્દ્વિક અને તિર્યંચાયુઃ એ ઉદ્યોત ચતુષ્ક[2] અને નર-

---

૧ એ નવપ્રકૃતિ કૃષ્ણાદિ અશુભલેશ્યા પ્રત્યયિક હોવાથી બંધાય નહિ.

૨ ઉદ્યોતાદિ પ્રકૃતિ તિર્યંચ અને નરકપ્રાયોગ્ય હોવાથી દેવ અને મનુષ્યપ્રાયોગ્ય બંધવાળા બાંધે નહિ.

કત્રિક, સુક્ષ્મત્રિક, વિકલત્રિક, એકેંદ્રિય, સ્થાવર અને આતપ એ નરકાદિ બાર; એ(૧૬)સોળ વિના [1]એકસો ચાર પ્રકૃતિ શુક્લલેશ્યાવંત બાંધે.ઈહાં છઠ્ઠા સાતમા આઠમા કલ્પના દેવતા તો સર્વ શુક્લ લેશ્યાવંત છે અને તે તો ઉદ્યોતચતુષ્ક બાંધે છે ત્યારે પંચેંદ્રિયતિર્યંચમાં ઊપજે છે તો ઈહાં ઉદ્યોત-ચતુષ્ક કેમ ટાળ્યું એ પણ સંશય બહુશ્રુતગમ્ય છે. તથા નરકાદિક બાર પ્રકૃતિ વિના [2]પદ્મ લેશ્યાવંત ઓઘે(૧૦૮)એ-કસો આઠ બાંધે. જિનનામ ૧, આહારકદ્વિક ૨, એ ત્રણ વર્જીને મિથ્યાત્વે તેજો, પદ્મ અને શુકલ લેશ્યાને પ્રકૃતિ કહેવા. તેકેમ ? તેજોલેશ્યાએ ઓઘે ૧૧૧,મિથ્યાત્વે ૧૦૮ અને સાસ્વાદનને૧૦૧ બાંધે;પછી ઓઘની પરે ગુણઠાણાં ૭ લગે બંધ જાણવો. પદ્મલેશ્યાને ઓઘે ૧૦૮, મિથ્યાત્વે ૧૦૫,સાસ્વાદને ૧૦૧, પછી ઓઘનીપરે ૭ ગુણઠાણા લગે બંધ જાણવો. શુકલ લેશ્યાવંતને ઓઘે ૧૦૪, મિથ્યાત્વે ૧૦૧, સાસ્વાદને નપુ મિચ્છ હુંડ છેવઠું એ ચાર ટાળ્યે૯૭ રહે,પછી ઓઘવત્ ૧૩ ગુ૦ લગે બંધ હોય.૨૩

સ૦વગુણભ૦વસન્નિસુ,ઓહુઅભ૦વાઅસન્નિમિચ્છિસમા;
સાસણિ અસન્નિ સન્નિ ૦વ, કમ્મણભંગો અણાહારે॥૨૪॥

સવ્વગુણ–સર્વે ગુણઠાણાં.	**અભવ્વા**–અભવ્યો.
ભવસન્નિસુ–ભવ્ય અને સંજ્ઞિને વિષે.	**અસન્નિ**–અસન્નિ.
ઓહુ–ઓઘનીપેરે.	**મિચ્છિસમા**–મિથ્યાત્વ ગુણઠાણા સરખા

૧ અહિ દેવદ્વિક અને મનુષ્યદ્વિકનો બંધ, મનુષ્ય અને તિર્યંચની અપેક્ષાએ લીધો છે.

૨ આ લેશ્યાવાળા સનત્કુમારાદિ દેવો તિર્યંચમાં જાય માટે તિર્યંચ પ્રાયોગ્ય ઉદ્યોતાદિ ચતુષ્ક બાંધે.

સાસણિ-સાસ્વાદને.	ભંગો-ભાંગો.
સન્નિંવ-સન્નિનીપેઠે.	અણાહારે-અણાહારમાર્ગણાએ
કમ્મણ-કાર્મણકાયયોગનો	

અર્થ—ભવ્ય અને સંજ્ઞિને વિષે સર્વ ગુણઠાણા અને કર્મસ્તવોક્ત બંધ હોય. અભવ્ય અને અસંજ્ઞિને મિથ્યાત્વ ગુણઠાણા સમાન બંધ જાણવો. સાસ્વાદને અસંજ્ઞિને સંજ્ઞિની પેઠે બંધ હોય. અણાહાર માર્ગણાએ કાર્મણકાય યોગનો ભાંગો (બંધનો) હોય. ૨૪

વિવેચન—ભવ્ય અને સંજ્ઞીને વિષે સર્વ ગુણઠાણાં હોય. તિહાં પ્રકૃતિનો બંધ ઓઘની પરે કહેવો. સિદ્ધાંત માંહે કેવળીને ભાવ મન નથી તે માટે નોસંજ્ઞીનોઅસંજ્ઞી કહ્યા છે તે અભિપ્રાયે તો સંજ્ઞીને (૧૨) બાર ગુણઠાણાં ઘટે પણ ઈહાં કેવળીને દ્રવ્ય મન છે તે વિવક્ષાએ સંજ્ઞી કહ્યો, તે માટે ૧૪ ગુણઠાણાં કહ્યાં. યત—[1]द्रव्यचित्त विना भावचित्त न स्यादसञ्ज्ञिवत् विनापि भावचित्त तु द्रव्यं केवलिनो भवेत् ॥१॥ इतिवचनात् ॥ તથા અભવ્ય અને અસંજ્ઞી-મન રહિત ઓઘે અને મિથ્યાત્વે ૧૧૭ બાંધે, અભવ્યને તો એકજ ગુણઠાણું હોય. [2]સાસ્વાદને અસંજ્ઞી તે સંજ્ઞીની પરે ૧૦૧ બાંધે,

---

૧ દ્રવ્યચિત્ત વિના ભાવ ચિત્ત ન હોય, અસજ્ઞિને નથી હોતુ તેમ; કેવળીને ભાવ ચિત્ત વિના પણ દ્રવ્ય ચિત્ત હોય

૨ અસજ્ઞિ એકેદ્રિયથી પચેદ્રિય પર્યંત જીવોને વિષે કોઇક સમ્યકત્વ વમતા અવતરે તેથી કરણઅપર્યાપ્તાવસ્થાએ સાસ્વાદન ગુણઠાણુ હોય.

અસંજ્ઞીને ગુણુઠાણા બેજ હોય. [1]અણાહારીને વિષે કાર્મ્મણુ કાયયોગીનો ભાંગો કહેવો. કાર્મ્મણુકાય યોગીજ અણાહારી હોય તે માટે ગુણુઠાણા ૧, ૨, ૪, ૧૩ એ ચાર હોય. તિહાં ઓઘે ૧૧૨, મિથ્યાત્વે ૧૦૭, સાસ્વા૦ ૯૪, અવિ૦ ૭૫, અને સયોગી એ ૧ હોય. ૨૪

તિસુ દુસુ સુક્કાઇગુણા, ચઉ સગ તેરત્તિ બંધસામિત્તં;
દેવિંદસૂરિરઇઅં, નેઅં કમ્મત્થયં સોઉં ॥ ૨૫ ॥

તિસુ–ત્રણ લેશ્યાએ (કૃષ્ણ, નીલ, કાપોત)	તેર ત્તિ–તેર એમ.
દુસુ–બે લેશ્યાએ (તેજો, પદ્મ)	બંધસામિત્તં-બંધસ્વામિત્વને.
સુક્કા–શુકલલેશ્યાએ.	દેવિંદસૂરિ–દેવેંદ્રસૂરિએ.
આઇગુણા–પહેલા ગુણઠાણાં.	રઇઅં–રચ્યું.
ચઉ–ચાર.	નેયં–જાણવું.
સગ–સાત.	કમ્મત્થયં–કર્મસ્તવને.
	સોઉં–સાંભળીને.

અર્થ—ત્રણ લેશ્યાએ પહેલા ચાર ગુણઠાણા, બે લેશ્યાએ સાત, અને શુકલ લેશ્યાએ તેર ગુણઠાણા હોય, એ પ્રકારે બંધસ્વામિત્વ દેવેન્દ્રસૂરિએ રચ્યું, તે કર્મસ્તવ સાંભળીને જાણવા યોગ્ય છે. ૨૫

---

૧ અણાહારીને અયોગીકેવળી સહિત પાચ ગુણુઠાણુ હોય, છતાં અહીં કાર્મણુની પેઠે ચાર કહ્યા તે બધ આશ્રયી સમજવુ. કેમકે અયોગિ અબંધક છે. વિગ્રહગતિમા ઔદારિક શરીરના અભાવે અણાહારી હોય તે અપેક્ષાએ પહેલુ ત્રીજુ અને ચોથુ ગુણઠાણું હોય અને કેવળી સમુદ્ઘાત કરે ત્યારે ત્રીજે ચોથે અને પાચમે સમયે અણાહારી હોય તે અપેક્ષાએ તેરમું જાણવુ.

વિવેચન—કૃષ્ણ ૧, નીલ ૨, કાપોત ૩, એ ત્રણ લેશ્યાને[1] વિષે ચાર (૪) ગુણઠાણાં હોય. તેજો ૧, પદ્મ ૨, એ બે લેશ્યાને વિષે સાત ગુણઠાણાં હોય, શુકલ લેશ્યાને વિષે તેર[2] ગુણઠાણાં હોય અને અયોગી તો અલેશી હોય. એટલે એ બંધસ્વામીપણું શ્રી તપાગચ્છાધિરાજ ભટ્ટારક શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વર પટ્ટપ્રભાકર શ્રી દેવેંદ્રસૂરિએ રચ્યું; એ બંધસ્વામિત્વ કર્મસ્તવ સંભારીને જાણવું. ૨૫

*શ્રીમત્કર્મ્મગ્રંથે, स्तबुकार्थो वृत्तित सुगमरीत्या ।
बुधजीवविजयविहितो, बंधस्वामित्वकस्य पूर्त्तिमगात् ॥१॥

---

૧ કૃષ્ણાદિ ત્રણ લેશ્યાવાળાને ચાર ગુણઠાણા કહ્યા તે બૃહત્ બંધ સ્વામિત્વને અનુસારે જાણવુ, ષડશીતિક નામા ચોથા કર્મગ્રથમાં તો પ્રથમના ૭ ગુણઠાણા કહ્યાં છે

૨ લેશ્યાના અસખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાય સ્થાનની અપેક્ષાએ મિથ્યાદ્રષ્ટિ વગેરેમાં શુકલાદિ લેશ્યા સભવે છે.

* શ્રી કર્મગ્રથને વિષે ટીકાનુસારે સુગમ રીતે પડિત જીવ વિજયજીનો રચેલો બંધસ્વામિત્વનો ટબાર્થ સપૂર્ણ થયો

ઇતિ બંધસ્વામિત્વાખ્યસ્તૃતીયઃ કર્મ્મગ્રંથઃ

બંધસ્વામિત્વયંત્રકં તૃતીયકર્મ્મગ્રંથે.

માર્ગણા	ગુણ૦ ૧૪	ઓઘે બંધ	મિ૦ ૧	સા૦ ૨	મિ૦ ૩	અ૦ ૪	દેશ. ૫	પ્ર૦ ૬	અ૦ ૭	અપૂ ૮	અનિ૦૯	સૂ૦૧૦	ઉપ૦૧૧	ક્ષી૦૧૨	સ૦૧૩	અ૦૧૪
નરકગતિ	૪	૧૦૧	૧૦૦	૯૬	૭૦	૭૨										
રત્ન પ્ર૦૩	૪	૧૦૧	૧૦૦	૯૬	૭૦	૭૨										
પક પ્ર૦૩	૪	૧૦૦	૧૦૦	૯૬	૭૦	૭૧										
તમ૦ પ્ર૦	૪	૯૯	૯૬	૯૧	૭૦	૭૦										
તિર્યંચપર્યા	૫	૧૧૭	૧૧૭	૧૦૧	૬૯	૭૦	૬૬									
તિ૦અપ૦	૧	૧૦૯	૧૦૯													
મનુ૦ પ૦	૧૪	૧૨૦	૧૧૭	૧૦૧	૬૯	૭૧	૬૭	૬૩	૫૯	૫૮	૨૨	૧૭	૧	૧	૧	૦
મ૦ અપ૦	૧	૧૦૯	૧૦૯													
દેવગતિ૦	૪	૧૦૪	૧૦૩	૯૬	૭૦	૭૨										
ભ વ્યં.જ્યો	૪	૧૦૩	૧૦૩	૯૬	૭૦	૭૧										
સૌધ. ઇશા	૪	૧૦૪	૧૦૩	૯૬	૭૦	૭૨										
સન૦થી૬	૪	૧૦૧	૧૦૦	૯૬	૭૦	૭૨										
આ થી૯ગ્રૈ	૪	૯૭	૯૬	૯૨	૭૦	૭૨										
અનુત્તર ૦	૧	૭૨				૭૨										
એકેંદ્રિય.	૨	૧૦૯	૧૦૯	૯૬/૯૪												
બેઇંદ્રિય.	૨	૧૦૯	૧૦૯	૯૬/૯૪												
તેઇંદ્રિય.	૨	૧૦૯	૧૦૯	૯૬/૯૪												
ચૌરિંદ્રિય.	૨	૧૦૯	૧૦૯	૯૬/૯૪												
પંચેંદ્રિય.	૧૪	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯	૫૮	૨૨	૧૭	૧	૧	૧	૦
પૃથ્વી૦	૨	૧૦૯	૧૦૯	૯૬/૯૪												
અપ્૦	૨	૧૦૯	૧૦૯	૯૬/૯૪												
તેઉ૦	૧	૧૦૫	૧૦૫													

વાયુ૦	૧	૧૦૫	૧૦૫													
વનસ્પ૦	૨	૧૦૯	૧૦૯	૯૬/૯૪												
ત્રસ૦	૧૪	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯	૫૮	૨૨	૧૭	૧	૧	૧	૦
મનોયો૦૪	૧૩	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯	૫૮	૨૨	૧૭	૧	૧	૧	૦
વચનયો ૪	૧૩	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯	૫૮	૨૨	૧૭	૧	૧	૧	
ઔદા૦કા.	૧૩	૧૨૦	૧૧૭	૧૦૧	૬૯	૭૧	૬૭	૬૩	૫૯	૫૮	૨૨	૧૭	૧	૧	૧	
ઔ.મિશ્ર	૪	૧૧૪	૧૦૯	૯૪		૭૫									૧	
વૈક્રિ૦	૪	૧૦૪	૧૦૩	૯૬	૭૦	૭૨										
વૈ૦ મિ૦	૩	૧૦૨	૧૦૧	૯૪		૭૧										
આ૦ કા૦	૧	૬૩						૬૩								
આ૦ મિ	૧	૬૩						૬૩								
કાર્મણ૦	૪	૧૧૨	૧૦૭	૯૪		૭૫									૧	
સ્ત્રીવેદી	૯	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯	૫૮	૨૨					
પુરૂષ.	૯	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯	૫૮	૨૨					
નપુંસક	૯	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯	૫૮	૨૨					
અનંતાનુ૦	૨	૧૧૭	૧૧૭	૧૦૧												
અપ્રત્યા ૪	૪	૧૧૮	૧૧૭	૧૦૧	૭૪	૭૭										
પ્રત્યા૦ ૪	૫	૧૧૮	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭									
સંજ્વ૦૩	૯	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯	૫૮	૨૨					
સંજ્વ.લો	૧૦	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯	૫૮	૨૨	૧૭				
મતિજ્ઞાની	૯	૭૯				૭૭	૬૭	૬૩	૫૯	૫૮	૨૨	૧૭	૧	૧		
શ્રુતજ્ઞાની	૯	૭૯				૭૭	૬૭	૬૩	૫૯	૫૮	૨૨	૧૭	૧	૧		
અવધિ૦	૯	૭૯				૭૭	૬૭	૬૩	૫૯	૫૮	૨૨	૧૭	૧	૧		
મન ૫૦	૭	૬૫						૬૩	૫૯	૫૮	૨૨	૧૭	૧	૧		
કેવલજ્ઞાની	૨	૧													૧	૦
મતિઅજ્ઞા	૩	૧૧૭	૧૧૭	૧૦૧	૭૪											
શ્રુતઅજ્ઞા	૩	૧૧૭	૧૧૭	૧૦૧	૭૪											
વિભંગ૦	૩	૧૧૭	૧૧૭	૧૦૧	૭૪											
સામાયિ૦	૪	૬૫						૬૩	૫૯	૫૮	૨૨					
છેદોપસ્થા	૪	૬૫						૬૩	૫૯	૫૮	૨૨					
પરિહાર૦	૨	૬૫						૬૩	૫૯							
સૂક્ષ્મસંપ.	૧	૧૭										૧૭				

યથાખ્યા૦	૪	૧											૧	૧	૧	૦
દેશવિર૦	૧	૬૭					૬૭									
અસયત૦	૪	૧૧૮	૧૧૭	૧૦૧	૭૪	૭૭										
ચક્ષુદર્શ૦	૧૨	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯	૫૮	૨૨	૧૭	૧	૧		૦
અચક્ષુદર્શ	૧૨	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯	૫૮	૨૨	૧૭	૧	૧		૦
અવધિદ૦	૯	૭૯				૭૭	૬૭	૬૩	૫૯	૫૮	૨૨	૧૭	૧	૧		૦
કેવલદર્શ૦	૨	૧													૧	૦
કૃષ્ણ લે૦	૪	૧૧૮	૧૧૭	૧૦૧	૭૪	૭૭										
નીલ લે૦	૪	૧૧૮	૧૧૭	૧૦૧	૭૪	૭૭										
કાપોત	૪	૧૧૮	૧૧૭	૧૦૧	૭૪	૭૭										
તેજો લે૦	૭	૧૧૧	૧૦૮	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯							
પદ્મ લે૦	૭	૧૦૮	૧૦૫	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯							
શુકલ લે૦	૧૩	૧૦૪	૧૦૧	૯૭	૭૪	૭૭	૬૭	૬૩	૫૯	૫૮	૨૨	૧૭	૧	૧	૧	૦
ભવ્ય૦	૧૪	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯	૫૮	૨૨	૧૭	૧	૧	૧	૦
અભવ્ય૦	૧	૧૧૭	૧૧૭													
ઔપશમિ	૮	૭૭				૭૫	૬૬	૬૨	૫૮	૫૮	૨૨	૧૭	૧			૦
સાસ્વાદન	૧	૧૦૧		૧૦૧												
ક્ષાયોપશ૦	૪	૭૯				૭૭	૬૭	૬૩	૫૯							
ક્ષાયિક	૧૧					૭૭	૬૭	૬૩	૫૯	૫૮	૨૨	૧૭	૧	૧	૧	૦
મિશ્ર.	૧	૭૪			૭૪											
મિથ્યાત્વ.	૧	૧૧૭	૧૧૭													
સન્ની	૪	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯	૫૮	૨૨	૧૭	૧	૧	૧	૦
અસન્ની	૨	૧૧૭	૧૧૭	૧૦૧												
આહારી	૧૩	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯	૫૮	૨૨	૧૭	૧	૧	૧	૦
અણાહારી	૫	૧૧૨	૧૦૯	૯૪	૦	૭૫									૧	૦

ॐ

ષડશીતિનામા* ચતુર્થ કર્મગ્રંથ.

મંગળ અને અભિધેય.

નમિઅ જિણં જિઅમગ્ગણ-ગુણઠાણુવઓગજોગલેસાઓ;
બંધપ્પબહૂ ભાવે, સંખિજ્જાઈ કિમવિ વુચ્છં ॥ ૧ ॥

નમિઅ-નમસ્કાર કરીને
જિણં-જિનેશ્વરને
જિઅ-જીવસ્થાનક.
મગ્ગણ-માર્ગણાદ્વાર.
ગુણઠાણ-ગુણસ્થાનક.
ઉવઓગ-ઉપયોગદ્વાર.
જોગ-યોગદ્વાર.
લેસાઓ-લેશ્યાદ્વાર.
બંધ-બંધ.
અપ્પબહુ-અલ્પબહુત્વદ્વાર.
ભાવે-ભાવ (ઉપશમાદિક પાંચ)
સંખિજ્જાઇ-સંખ્યાતાદિ.
કિમવિ-કાંઇક.
વુચ્છં-કહીશ.

અર્થ—જિનેશ્વરને નમસ્કાર કરીને જીવસ્થાનક, માર્ગણા સ્થાનક, ગુણ સ્થાનક, ઉપયોગ, યોગ, લેશ્યા, બંધ, અલ્પબહુત્વ, ભાવ અને સંખ્યાતા આદિ કંઈક કહીશ. ૧

---

* આ ગ્રથમા ૮૬ ગાથાઓ ગ્રથકારે રચી હોવાથી ષડશીતિક નામ આપવામા આવ્યું છે. नमिय जिणं वत्तव्वा ઇત્યાદિ ત્રણ ગાથાઓ પ્રક્ષેપ હોવાથી તેને જૂદા આંક આપવામા આવેલ છે.

વિવેચન—શ્રી જિનને નમસ્કાર કરીને જીવસ્થાનક-જીવના ૧૪ ભેદ ૧, ગત્યાદિ ૬૨ માર્ગણા સ્થાનક ૨, ૧૪ ગુણસ્થાનક ૩, ૧૨ ઉપયોગ ૪, ૧૫ યોગ ૫, ૬ લેશ્યા ૬, બંધ હેતુ તથા બંધ ઉદય ઉદીરણા સત્તા ૭, અલ્પબહુત્વ ૮, ઔપશમિકાદિક પાંચ ભાવ ૯ અને સંખ્યાતાદિકનો વિચાર ૧૦–કિમપિ સ્વલ્પમાત્ર એ દશ દ્વાર કહેશું. ૧

નમિય જિણં વત્તવ્વા, ચઉદસજિઅઠાણએસુ ગુણઠાણા;
જોગુવઓગો લેસા, બંધોદઓદીરણા સત્તા ॥ ૧ ॥

વત્તવ્વા–કહેવા.	**લેસા**–લેશ્યા.
ચઉદસ–ચઉદ.	**બંધ**–બંધ.
જિઅઠાણેસુ–જીવસ્થાનનેવિષે.	**ઉદઅ**–ઉદય.
ગુણઠાણા–ગુણઠાણા.	**ઉદીરણા**–ઉદીરણા.
જોગ–યોગ.	**સત્તા**–સત્તા.
ઉવઓગો–ઉપયોગ.	

અર્થ–જિનેશ્વરને નમસ્કાર કરીને ચૌદ જીવ સ્થાનકને વિષે ગુણઠાણા, યોગ, ઉપયોગ, લેશ્યા, બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા કહેવા. ૧

વિવેચન—પૂર્વોક્ત ગાથાએ ૧૦ દ્વાર કહ્યાં છે, તોપણ એ દ્વારનો અનુક્રમ સુગમ રીતે કહે છે—જિનને નમસ્કાર કરીને એ બોલ કહેવા–ચૌદ (૧૪) જીવસ્થાનકને વિષે ગુણઠાણાં ૧, યોગ ૨, ઉપયોગ ૩, લેશ્યા ૪, મૂળ પ્રકૃતિનો બંધ ૫, ઉદય ૬, ઊદીરણા ૭, સત્તા ૮; એ ૮ દ્વાર કહેશું. ૧

તહ મૂલચઉદમગ્ગણ–ઠાણેસુ બાસટ્ઠિઉત્તરેસું ચ;
જિઅ ગુણ જોગુવઓગા, લેસપ્પબહું ચ છટ્ઠાણા ॥ ૨ ॥

તહ-તેમજ.	જિઅ-જીવભેદ.
મૂલ-મૂળ.	ગુણ-ગુણઠાણાં.
ચઉદ-ચૌદ.	જોગ-યોગ.
મગ્ગણ-માર્ગણા,	ઉવઓગા-ઉપયોગ.
ઠાણેસુ-સ્થાનકને વિષે.	લેસ-લેશ્યા.
બાસઠ્ઠિ-બાસઠ.	અપ્પબહું-અલ્પબહુત્વ.
ઉત્તરેસું-ઉત્તર (માર્ગણાસ્થાન) ને વિષે.	છઠ્ઠાણા-એ છ સ્થાનક.

અર્થ—તેમજ મૂળ ચૌદ માર્ગણાસ્થાન અને બાસઠ ઉત્તર માર્ગણાસ્થાનને વિષે જીવભેદ, ગુણઠાણા, યોગ, ઉપયોગ, લેશ્યા અને અલ્પબહુત્વ એ છ સ્થાનક કહીશું. ૨

વિવેચન—તેમ વળી ચૌદ (૧૪) માર્ગણાસ્થાનક મૂળ અને બાસઠ (૬૨) ઉત્તર માર્ગણાને વિષે જીવભેદ ૧, ગુણઠાણાં ૨, યોગ ૩, ઉપયોગ ૪, લેશ્યા ૫, અલ્પબહુત્વ ૬, એ છ સ્થાનક કહેશું. ૨

ચઉદસગુણેસુ જિઅજો-ગુવઓગલેસા ય બંધહેઊ ય;
બંધાઇચઉ અપ્પાબ-હું ચ તો ભાવસંખાઇ.૩દારગાહા

ચઉદસ ગુણેસુ-ચૌદ ગુણઠાણાને વિષે.	બંધહેઉ-બંધ હેતુ.
જિઅ-જીવના ભેદ.	બંધાઇ ચઉ-બંધાદિક ચાર.
જોગ-યોગ.	અપ્પાબહું-અલ્પ બહુત્વ.
ઉવઓગ-ઉપયોગ.	તો-તે પછી.
લેસા-લેશ્યા.	ભાવ-ભાવ.
	સંખાઇ-સંખ્યાતાદિ.

અર્થ—ચૌદ ગુણઠાણાને વિષે જીવના ભેદ, યોગ, ઉપયોગ, લેશ્યા અને બંધ હેતુ તેમજ બંધાદિ ચાર અને તેમનું અલ્પ બહુત્વ તે પછી ભાવ અને સંખ્યાતાદિ કહીશું. ૩

વિવેચન—વળી ચૌદ ગુણઠાણાંને વિષે જીવના ભેદ ૧, યોગ ૨, ઉપયોગ ૩, લેશ્યા ૪, બંધહેતુ ૫, બંધ, ઉદય, ઉદીરણા, સત્તા ૯, એનું અલ્પબહુત્વ ૧૦, ત્યાર પછી પાંચ ભાવ ૧૧ અને સંખ્યાતાદિકનો વિચાર ૧૨; એ ત્રણ ગાથાએ ૨૬ દ્વાર કહ્યાં તે અનુક્રમે કહેશું. ૩

જીવસ્થાનોના નામ.

ઇહ સુહુમબાયરેગિં-દિબિતિચઉઅસન્નિસન્નિપંચિંદી;
અપજત્તા પજ્જત્તા, કમેણ ચઉદસ જિઅટ્ઠાણા ॥ ૨ ॥

ઇહ—આ જગતમાં.	અસન્નિ—અસન્નિ પંચેંદ્રિય.
સુહુમ—સૂક્ષ્મ.	સન્નિપંચિંદી—સન્નિપંચેંદ્રિય.
બાયર—બાદર.	અપજજત્તા—અપર્યાપ્તા.
એગિંદિ—એકેંદ્રિય.	પજજત્તા—પર્યાપ્તા.
બિ—બેઇંદ્રિય.	કમેણ—અનુક્રમે.
તિ—તેઇંદ્રિય.	ચઉદસ—ચૌદ.
ચઉ—ચૌરિંદ્રિય.	જિઅઠાણા—જીવનાં સ્થાનક.

અર્થ—આ જગતને વિષે સૂક્ષ્મ એકેંદ્રિય, બાદર એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય, અસંજ્ઞિ પંચેંદ્રિય અને સંજ્ઞિ પંચેંદ્રિય, એ અપર્યાપ્તા અને પર્યાપ્તા; એ અનુક્રમે ચૌદ જીવના સ્થાનકો છે.

વિવેચન—ઇહાં લોકને વિષે પૃથિવ્યાદિક પાંચ સ્થાવર ચઉદ રાજલોકને વિષે મસીની કૂંપીની પરે ઠાંસી ઠાંસીને

ભર્યા છે-સર્વ વ્યાપીછે, નજરે દેખાય તેવા નથી, તે સુક્ષ્મએકેં-દ્રિય ૧ અને જે પૃથિવ્યાદિક પાંચ નજરે દીસે છે તે બાદર એકેં-દ્રિય ૨, બેઇંદ્રિય શંખાદિક ૩, તે ઇંદ્રિય ગોમી (કાનખજુરા) પ્રમુખ ૪, ચઉરિંદ્રિય વૃશ્ચિક (વિછુ) આદિક ૫, મન રહીત સમુચ્છિંમ તે અસંજ્ઞી પંચેંદ્રિય ૬, મન સહીત તે સંજ્ઞિ પંચેં-દ્રિય ૭, જેણે ઉપજતાં આપઆપણી પર્યાપ્ત પૂરી નથી કરી તે અપર્યાપ્તા સાત અને જેણે આપઆપણી પર્યાપ્તિ પૂરી કરી છે તે પર્યાપ્તા ૭, એમ અનુક્રમે અપર્યાપ્તા પર્યાપ્તા થઇને ચૌદ (૧૪) ભેદ જીવના જાણવા. સંસારી જીવ સર્વ એ ૧૪ ભેદ માંહે આવ્યા. ૨

જીવસ્થાનને વિષે ગુણઠાણા.

બાયરઅસન્નિવિગલે, અપજ્જિજ પઢમબિઅસન્નિઅપજત્તે
અજયજુઅ સન્નિપજ્જે, સવ્વગુણા મિચ્છ સેસેસુ ॥૩॥

બાયર-બાદર એકેંદ્રિય (તેઉ-કાય, વાઉકાયવિના.)
અસન્નિ-અસન્નિ પંચેંદ્રિય.
વિગલે-વિકલેંદ્રિયને વિષે.
અપજ્જિજ-અપર્યાપ્તા.
પઢમબિઅ-પહેલું બીજું.
સન્નિઅપજત્તે-સન્નિ અપર્યાપ્તાને વિષે.
અજયજુઅ-અવિરતિયુક્ત ત્રણ ગુણઠાણા.
સન્નિપજ્જે-સન્નિપર્યાપ્તાનેવિષે.
સવ્વગુણા-સર્વ ગુણસ્થાનક.
મિચ્છ-મિથ્યાત્વ ગુણઠાણુ (હોય.)
સેસેસુ-શેષ જીવોને.

અર્થ—અપર્યાપ્તા એવા બાદર એકેંદ્રિય, અસંજ્ઞિપં-ચેંદ્રય અને વિકલેંદ્રિયને વિષે પહેલું અને બીજું ગુણ-ઠાણું હોય; અપર્યાપ્તા સંજ્ઞિ પંચેંદ્રિયને વિષે અવિરતિ સહિત

(ત્રણ ગુણઠાણા) હોય; સંજ્ઞિ પર્યાપ્તાને વિષે સર્વ ગુણઠાણા હોય અને બાકીના જીવ સ્થાનકને વિષે મિથ્યાત્વ ગુણઠાણું હોય. ૩

વિવેચન—હવે એ ૧૪ જીવસ્થાનકને વિષે ગુણઠાણા કહે છે.–બાદર એકેંદ્રિય અપર્યાપ્તા ૧,અસંજ્ઞા પંચેંદ્રિય અપર્યાપ્તા ૨, ત્રણ વિકળેંદ્રિય અપર્યાપ્તા ૫, એ પાંચને વિષે મિથ્યાત્વ અને સાસ્વાદન એ પહેલાં બે ગુણઠાણાં હોય. તિહાં મિથ્યાત્વ તો એ સર્વ જીવ સદાય છે જ પણ કોઈક જીવને પરભવથી સમ્યકત્વ વમીને આવતાં ઘંટાલાલા ન્યાયે સમ્યક્ત્વનો લેશ આસ્વાદતાં ઉત્પત્તિકાળે અપર્યાપ્તાવસ્થાએ સાસ્વાદનપણું પામીએ, પણ પછી ન હોય. ઇહાં એ કરણ અપર્યાપ્તો જાણવો પણ લબ્ધિ અપર્યાપ્તો નહો. લબ્ધિ અપર્યાપ્તાને તો સાસ્વાદન હોયજ નહી. અપર્યાપ્ત સૂક્ષ્મએકેંદ્રિયમાં પણ સાસ્વાદન ન હોય. સાસ્વાદન તો લગારેક શુભપરિણામરૂપ છે અને સૂક્ષ્મમા તો અતિ સંકિલષ્ટ પરિણામી ઉપજે તે માટે. ઇહાં કોઇક કહે છે કે આગમ માંહે એકેંદ્રિયને સાસ્વાદન નથી કહ્યું, એકેંદ્રિય સર્વ અજ્ઞાનીજ કહ્યા છે અને વિકલેંદ્રિયમાં સાસ્વાદન કહ્યું છે તે છતાં અજ્ઞાની કહ્યા છે; તો ઈહાં એકેંદ્રિય અપર્યાપ્તાને સાસ્વાદન કેમ કહો છો ? એહનો ઉત્તર આગળ સાસણભાવે નાણ એ ગાથાએ ગ્રંથકારજ કહેશે, તિહાંથી જાણવો. તથા સંજ્ઞિપંચેંદ્રિય અપર્યાપ્તાને વિષે અવિરત સમ્યગ્દૃષ્ટિયુક્ત એટલે પહેલું બીજું ચોથું એ ત્રણ ગુણઠાણાં હોય–સમ્યકત્વ સહિત જીવને ઉપજતાં ચોથું હોય[૧], પણ અપર્યા-

---

૧ સમ્યક્ત્વ વમતો અવતરે ત્યારે શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં બીજુ ગુણસ્થાન હોય.

પ્તાને મિશ્રગુણઠાણું ન હોય. મિશ્ર થકો કાળ ન કરે તે માટે (*न सम्ममिच्छो कुणइ काल इतिवचनात्). સંજ્ઞિ પર્યાપ્તાને વિષે સર્વે ચૌદ (૧૪) ગુણઠાણા હોય. તેને સર્વ શુભાશુભ પરિણામ હોય તે માટે. શેષ સુક્ષ્મ અપર્યાપ્તા ૧, સુક્ષ્મપર્યાપ્તા ૨, બાદર એકેંદ્રિય પર્યાપ્તા ૩. બેઇંદ્રિય તેઇંદ્રિય ચઉરિંદ્રિય પર્યાપ્તા ૬, અસંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તા ૭; એ સાતેને એકજ મિથ્યાત્વ ગુણઠાણું હોય. ॥ ૩ ॥

જીવસ્થાનને વિષે યોગ.

અપજ્જત્તછક્કિ કમ્મુર–લમીસ જોગા અપજ્જ સન્નિસુ;
તે સવિઉવ્વમીસ એસુ, તણુપજ્જેસુ ઉરલ–મન્ને ॥૪॥

અપજ્જત્તછક્કિ–અપર્યાપ્તા છ જીવને વિષે.
કમ્મ–કાર્મણ.
ઉરલમીસ–ઔદારિક મિશ્ર.
જોગા–યોગ.
અપજ્જસન્નીસુ–અપર્યાપ્તા સન્નિને વિષે.
તે–તે બે યોગો.
સવિઉવ્વમીસ–વૈક્રિય મિશ્રે સહિત ત્રણ યોગ.
એસુ–એમાં વળી.
તણુપજ્જેસુ–શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને વિષે.
ઉરલં–ઔદારિક યોગ.
અન્ને–અન્ય આચાર્યો (શીલાંકાચાર્ય આદિ માને છે.)

અર્થ—અપર્યાપ્તા છ જીવ ભેદને વિષે કાર્મણ અને ઔદારિક મિશ્ર યોગ હોય, અપર્યાપ્તા સંજ્ઞિ પંચેંદ્રિયને વિષે તે (બે યોગ) વૈક્રિયમિશ્ર સહિત (ત્રણ) હોય; એમાં વળી શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને વિષે ઔદારિક કાયયોગ અન્ય આચાર્યો માને છે. ૪

* મિશ્રસમ્યકત્વી કાળ કરે નહિ

વિવેચન—હવે યોગ ૧૫ કહે છે,-સત્ય મનોયોગ: ૧, મૃષા મનોયોગ: ૨, સત્યામૃષા મનોયોગ ૩, અસત્યામૃષા મનોયોગ: ૪, એમ ૪ વચનયોગ. એવં ૮, ઔદારિક કાયયોગ ૯, ઔદારિકમિશ્ર૦ ૧૦, વૈક્રિય૦ ૧૧, વૈક્રિયમિશ્ર૦ ૧૨, આહારક૦ ૧૩, આહારકમિશ્ર૦ ૧૪, અને કાર્મણ કાયયોગ ૧૫. હવે એનો અર્થ કહે છે-અસ્તિ જીવ: ઇત્યાદિ તથા સર્વને હિતચિંતન તે સત્યમન: ૧, નાસ્તિ જીવ: ઈત્યાદિ તથા પરને વિપ્રતારણ બુદ્ધિ તે મૃષા મન ૨, તે બંને મિશ્ર તે સત્યામૃષા મન-કાંઈક સત્ય કાંઈક મૃષા ૩, સત્ય પણ નહીં અસત્ય પણ નહીં વિચારણારૂપ તે અસત્યામૃષા મન ૪, એજ પ્રમાણે ૪ ભેદે વચનયોગ; એવં ૮, મનુષ્ય તિર્યંચને ઔદારિક કાયયોગ ૯, તેજ મનુષ્ય તિર્યંચને ઉપજતાં એક સમય પછી શરીર પર્યાપ્તિ પૂરી કરે ત્યાં લગે કાર્મણ સાથે મિશ્રપણું તે ઔદારિક મિશ્ર તથા કેવલી સમુદ્ઘાતે બીજે છઠ્ઠે સાતમે સમયે ઔદારિકમિશ્ર કાય યોગ ૧૦, દેવતા નારકીને તથા લબ્ધિવંત મનુષ્ય પંચેંદ્રિય તિર્યંચ અને વાયુને વૈક્રિય કાયયોગ ૧૧, તેજ દેવ નારકીને ઉપજતાં કાર્મણ સાથે વૈક્રિય તે વૈક્રિયમિશ્ર હોય તથા મનુષ્ય અને તિર્યંચને વૈક્રિયારંભ કાળે અને છાંડવાને કાળે ઔદારિક સાથે વૈક્રિયમિશ્ર કાયયોગ ૧૨, ચૌદ પૂર્વધારી આહારક શરીર કરે ત્યારે આહારક કાયયોગ ૧૩, તેને પ્રારંભકાળે અને છાંડવાને કાળે ઔદારિક સાથે આહારકમિશ્ર કાયયોગ હોય ૧૪, અષ્ટકર્મનો જે વિકાર તે કાર્મ્મણ કાયયોગ, તે જીવને અંતરાલ ગતિએ અને ઉપજવાને પહેલે સમયે તથા કેવલિસમુદ્ઘાતને ત્રીજે ચોથે પાંચમે સમયે હોય, તૈજસ તો કાર્મણ ભેળું જ ગણ્યું છે; પૃથક્ (જુદું) નહીં. ઇતિ પંદર (૧૫) યોગ સ્વરૂપ. જીવને પરિસ્પંદ-

નાદિક વીર્ય તે યોગ કહીએ. સૂક્ષ્મ એકેંદ્રિય ૧, બાદર એકેંદ્રિય ૨, બેઇંદ્રિય ૩, તેઇંદ્રિય ૪, ચૌરિંદ્રિય ૫, અસંજ્ઞી પંચેંદ્રિય ૬, એ છ અપર્યાપ્તાને વિષે કાર્મ્મણ ૧ અને ઔદારિક મિશ્ર ૨, એ બે યોગ હોય. અંતરાલ ગતિએ અને ઉત્પત્તિને પહેલે સમયે કાર્મ્મણ યોગ હોય અને પછી શરીર પર્યાપ્તિ પૂરી થયા પહેલાં ઔદારિક મિશ્ર યોગ હોય, એવં ૨. સંજ્ઞી પંચેંદ્રિય અપર્યાપ્તાને વિષે પૂર્વોક્ત બે યોગ અને વૈક્રિયમિશ્ર સહિત, એવં ૩ યોગ હોય. તિહાં મનુષ્ય તિર્યંચ અપર્યાપ્તાને કાર્મ્મણ અને ઔદારિક મિશ્ર એ બે યોગ હોય અને દેવતા તથા નારકીને કાર્મ્મણ અને વૈક્રિય મિશ્ર એ બે યોગ હોય, બંનેને મળીને ૩ ત્રણ હોય. એ સાતે અપર્યાપ્તાને શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને ઔદારિક યોગ પણ હોય, એમ અનેરા આચાર્ય કહે છે; તે મતે છ અપર્યાપ્તાને ૩ યોગ હોય અને સંજ્ઞી અપર્યાપ્તાને વિષે ૪ યોગ હોય. ગ્રંથકારે એ મતાંતર કહ્યું પણ શરીર પર્યાપ્તાને મિશ્રપણું ટળ્યું ત્યારે ઔદારિક યોગ હોય જ માટે એ મત ખરૂં જણાય છે. ૪.

સવ્વે સન્નિપજત્તે, ઉરલં સુહુમે સભાસુ તં ચઉસુ;
બાયરિ સવિઉવ્વિદુગં, પજસન્નિસુ બાર ઉવઓગા. ૫

સવ્વે–સર્વે (યોગ)	સભાસુ–ભાષા સહિત.
સન્નિપજત્તે–સંજ્ઞી પર્યાપ્તાને વિષે	તં–તે
ઉરલં–ઔદારિક કાયયોગ.	ચઉસુ–ચાર (વિગલત્રિક અને અસન્નિપંચેંદ્રિય) ને વિષે.
સુહુમે–સૂક્ષ્મ (એકેંદ્રિય)માં	

બાયરિ–બાદર (એકેંદ્રિય પર્યાપ્તા) ને વિષે	**પજ્જસન્નિસુ**–પર્યાપ્તા સન્નિને વિષે.
સવિઉવ્વિદુગં–વૈક્રિયદ્વિક સહિત (હોય).	**બાર ઉવઓગા**–બાર ઉપયોગો.

અર્થ—સંજ્ઞિ પંચેંદ્રિય પર્યાપ્તાનેવિષે સર્વ યોગ હોય, સૂક્ષ્મ એકેંદ્રિયમાં ઔદારિક કાયયોગ હોય, તે ચાર (વિકલેંદ્રિય અને અસંજ્ઞિ પંચેંદ્રિય) ને વિષે ભાષા (અસત્યામૃષા વચનયોગ) સહિત (બે યોગ) હોય, બાદર એકેંદ્રિય પર્યાપ્તાને વિષે વૈક્રિયદ્વિક સહિત (ત્રણ યોગ) હોય. પર્યાપ્તા સંજ્ઞિ પંચેંદ્રિયને બાર ઉપયોગ હોય. ૫

વિવેચન—સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તાને વિષે સર્વ એટલે ૧૫ યોગ હોય. ઔદારિક મિશ્ર ૧ અને કાર્મ્મણ ૨, એ બે યોગ તો કેવળિ સમુદ્ઘાતે હોય અને વૈક્રિયમિશ્ર, મનુષ્ય તિર્યંચને ઉત્તર વૈક્રિય કરતાં હોય અને શેષ ૧૨ બાર યોગ તો યથાયોગ્યે હોય જ. સૂક્ષ્મ એકેંદ્રિય પર્યાપ્તાને એક જ ઔદારિક કાયયોગ હોય. બેઇંદ્રિય ૧, તેઇંદ્રિય ૨, ચૌરિંદ્રિય ૩ અને અસંજ્ઞિપંચેંદ્રિય ૪, એ ચાર પર્યાપ્તાને ચોથી ભાષા સહીત ઔદારિક એટલે ૨ યોગ હોય. બાદર એકેંદ્રિય પર્યાપ્તાને વિષે ઔદારિક ૧, વૈક્રિય ૨, વૈક્રિયમિશ્ર ૩, એવં ત્રણ યોગ હોય, વાયુને વૈક્રિયદ્વિક હોય માટે.

હવે ૧૪ ચૌદ જીવ સ્થાનકને વિષે ઉપયોગ કહે છે.—જીવ લક્ષણરૂપ અવબોધ તે ઉપયોગ કહીએ. તે પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ચાર દર્શન એમ ૧૨ જાણવા. પર્યાપ્તા સંજ્ઞી પંચેંદ્રિયને વિષે એ બારે ઉપયોગ હોય. અનુક્રમે હોય પણ સમકાળે ન હોય. जुगव दो नत्थि उवओगा. इति[1] वचनात्. ૫

---

૧ એક સાથે બે ઉપયોગ ન હોય

જીવ સ્થાનને વિષે ઉપયોગ.

પજ્જચઉરિંદિઅસન્નિસુ,દુદંસ દુઅનાણદસસુ ચખ્ખુવિણા;
સન્નિઅપજ્જે મણનાણ,-ચખ્ખુકેવલદુગ વિહુણા. ૬

પજ્જચઉરિંદિ-પર્યાપ્તા ચૌરિંદ્રિય
અસન્નિસુ -અસન્નિ પંચેંદ્રિય (પર્યાપ્તા)ને વિષે
દુ દંસ-બે દર્શન
દુ અનાણ-બે અજ્ઞાન
દસસુ-દશને વિષે
ચખ્ખુવિણા-ચક્ષુ દર્શન વિના (ત્રણ)
સન્નિ અપજ્જે-સંજ્ઞી અપર્યાપ્તાને વિષે
મણનાણ-મન પર્યવ જ્ઞાન,
ચખ્ખુ-ચક્ષુ દર્શન
કેવળદુગ-કેવળદ્વિક
વિહૂણા-વિના (આઠ)

અર્થ—પર્યાપ્તા ચૌરિંદ્રિય અને પર્યાપ્તા અસંજ્ઞિ પંચેંદ્રિયને વિષે બે દર્શન અને બે અજ્ઞાન હોય, દશ જીવ ભેદને વિષે ચક્ષુદર્શન વિના ત્રણ ઉપયોગ હોય; સંજ્ઞિ પંચેંદ્રિય અપર્યાપ્તાને વિષે મનઃપર્યવજ્ઞાન, ચક્ષુદર્શન અને કેવળદ્વિક વિના (આઠ) ઉપયોગ હોય. ૬

વિવેચન—ચૌરિંદ્રિય પર્યાપ્તા ૧, અને અસંજ્ઞી પર્યાપ્તા ૨, એ બેને વિષે બે દર્શન અને બે અજ્ઞાન એવં ૪ ઉપયોગ હોય; તે ચક્ષુ દર્શન ૧, અચક્ષુ દર્શન ૨, મતિઅજ્ઞાન ૩, શ્રુત અજ્ઞાન ૪, એમ ચાર હોય. ચાર એકેંદ્રિય ૪, બે બેઇંદ્રિય ૬, બે તેઇંદ્રિય ૮, ચૌરિંદ્રિય અપર્યાપ્તો ૯, અસંજ્ઞી પંચેંદ્રિય અપર્યાપ્તો ૧૦, એ દશને વિષે ચક્ષુદર્શન વિના એટલે અચક્ષુદર્શન ૧, મતિ અજ્ઞાન ૨, શ્રુતઅજ્ઞાન ૩, એ ત્રણ હોય. સંજ્ઞી પંચેંદ્રિય અપર્યાપ્તાને વિષે મનઃપર્યવ જ્ઞાન

૧, ચક્ષુદર્શન ૨, કેવળજ્ઞાન ૩, કેવળદર્શન ૪, એ ચાર વિના શેષ ૮ ઉપયોગ હોય. "પંચ સંગ્રહ" મતે ચૌરિંદ્રિય, અસંજ્ઞિ-સંજ્ઞિપંચેંદ્રિય, એ ત્રણ અપર્યાપ્તાને પણ ઇંદ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયે ચક્ષુદર્શન કહ્યું છે. ॥ ૬ ॥

જીવ સ્થાનને વિષે લેશ્યા તથા બંધ, ઉદીરણા, સત્તા અને ઉદયના સ્થાન.

સન્નિદુગિ છલેસ અપજ્જ બાયરે પઢમચઉ તિ સેસેસુ;
સત્તટ્ઠ બંધુદીરણ, સંતુદયા અટ્ઠ તેરસસુ ॥ ૭ ॥

સન્નિદુગિ—બે સન્નિને વિષે	**સત્તટ્ઠ**—સાત અથવા આઠ કર્મનો
છ લેસ—છ લેશ્યા	**બંધુદીરણ**—બંધ તથા ઉદીરણા
અપજ્જ—અપર્યાપ્ત	**સંતુદયા**—સત્તા તથા ઉદય
બાયરે—બાદર એકેંદ્રિયને વિષે	**અટ્ઠ**—આઠ કર્મની
પઢમ ચઉ—પ્રથમની ચાર	**તેરસસુ**—તેર જીવ સ્થાનને વિષે.
તિ—ત્રણ	
સેસેસુ—બાકીનાને વિષે	

અર્થ—સંજ્ઞિદ્વિક (પર્યાપ્તા અપર્યાપ્તા)ને વિષે છ લેશ્યા હોય, અપર્યાપ્તા બાદર એકેંદ્રિયને વિષે પ્રથમની ચાર લેશ્યા હોય અને બાકીના જીવ સ્થાનને વિષે પ્રથમની ત્રણ લેશ્યા હોય, સાત અથવા આઠ કર્મનો બંધ તથા ઉદીરણા અને સત્તા તથા ઉદય આઠ કર્મના તેર જીવસ્થાનને વિષે હોય. ૭

વિવેચન—હવે ૧૪ જીવ સ્થાનકે લેશ્યા કહે છે,-સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તો અપર્યાપ્તો એ બેને વિષે છ એ લેશ્યા હોય. અપર્યાપ્તા બાદર એકેંદ્રિયને વિષે પહેલી ચાર લેશ્યા હોય.

કૃષ્ણ નીલ કાપોત એ ૩ તો સર્વને હોયજ પણ કોઈક તેજો-લેશ્યાવંત દેવતા મરીને પૃથ્વી અપ્ વનસ્પતિમાં ઉપજે તેને અપર્યાપ્તપણે તેજો લેશ્યા હોય તે માટે (૪) ચાર લેશ્યા કહી. શેષ (૧૧) અગીયાર જીવસ્થાનકે કૃષ્ણ ૧, નીલ ૨, કાપોત એ ત્રણ લેશ્યા હોય.

लेश्या इति कोऽर्थ ? लिश्यते-श्लिष्यते कर्म्मणा सह जीवोऽनयेति लेश्या । यत -कृष्णादिद्रव्यसाचिव्यात्, परिणामो य आत्मन । स्फाटिकस्येव तत्राऽय, लेश्याशब्द प्रवर्त्तते ॥ १ ॥ તે લેશ્યા ૭ છે-, કૃષ્ણ ૧, નીલ ૨, કાપોત ૩, તેજો ૪, પદ્મ ૫, શુકલ ૬, એનું સ્વરૂપ જાંબૂ ફળખાદક ષટ્ પુરૂષ તથા ગામનો નાશ કરવાંનીકળેલા ૭ પુરૂષને દૃષ્ટાંતે જાણવું. तद्यथा-मूल १ साह २ पसाहा ३, गुच्छ ४ फलच्छिद ५ पडिय भक्खणया ६ । सव्व १ माणुस २ पुरिसा ३, साउह ४ जुझत ५ धणहरणा* ६ ॥ १ ॥

---

* લેશ્યાના પરિણામની માહોમાહે તરતમતા જણાવવા માટે જાંબૂ ફળ ખાનારા ૭ પુરૂષનુ દ્રષ્ટાત આ પ્રમાણે જાણવુ.—કોઇ ૭ પુરૂષો જાબુ ફળ ખાવા માટે તે વૃક્ષ પાસે ગયા. ત્હાં પહેલાનો વિચાર મૂળથી વૃક્ષ ઉખેડવાનો થયો, બીજાએ શાખા કાપવાનુ જણાવ્યુ, ત્રીજાએ નાની ડાળી કાપવાનુ કહ્યુ, ચોથાએ ફળવાળા ગુચ્છા તોડવા કહ્યુ, પાંચમાએ ફળો તોડવા કહ્યુ અને છટ્ઠાએ ભોય ઉપર પડેલા ફળો ખાવા જણાવ્યુ, એ ૭ પુરૂષના અધ્યવસાયો મુજબ અનુક્રમે કૃષ્ણાદિ ૭ લેશ્યાવાળાના અધ્યવસાય જાણવા. બીજું ગામનો નાશ કરવાને નીકળેલા ૭ પુરૂષનું દ્રષ્ટાંત આ પ્રમાણે જાણવુ—કોઇ ૭ પુરૂષ ગામ નાશ કરવાને નીકળ્યા તેમાં પહેલાએ મનુષ્ય ઢોર વગેરે સર્વને મારવાનો વિચાર દર્શાવ્યો,

હવે ચૌદ જીવસ્થાનકે મૂળ પ્રકૃતિની બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા કહે છે,—

સંજ્ઞી પચેંદ્રિય પર્યાપ્તા વર્જીને શેષ તેર જીવસ્થાનકને વિષે સાત અથવા આઠ પ્રકૃતિનો બંધ અને ઊદીરણા હોય. તે કેમ? આયુર્બંધ કાલે આઠે કર્મ્મનો બંધ હોય અને આયુ ન બાંધતો હોય ત્યારે સાતનો બંધ હોય, એક ભવે આયુર્બંધ એક જ વાર હોય અને સાત કર્મ્મ તો જીવ સદાયે સમયે સમયે બાંધે છે. તથા જ્યારે ભોગવતા ભવનું આયુ ૧ આવલિકા શેષ (બાકી) હોય ત્યારે તે આયુની ઊદીરણા ન હોય, માટે ત્યાં સાતની ઊદીરણા હોય તે શિવાય સર્વત્ર ૮ની ઊદીરણા હોય. તથા તેરે(૧૩) જીવસ્થાનકને વિષે આઠે કર્મ્મ સત્તાએ અને ઊદયે હોય. તે કેમ? ઉપશાંતમોહ લગે આઠે કર્મ્મની સત્તા છે અને સૂક્ષ્મ સંપરાય લગે આઠેનો ઊદય છે અને એ તેરે (૧૩) જીવસ્થાનકને વિષે પહેલું બીજું અને ચોથું ગુણઠાણું પામીએ તે માટે હોઈ શકે. ૭

સત્તટ્ઠ છેગ બંધા, સંતુદયા સત્ત અટ્ઠ ચત્તારિ;
સત્તટ્ઠ છ પંચ દુગં, ઉદીરણા સન્નિપજ્જત્તે ॥ ૮ ॥

બીજાએ મનુષ્યોને મારવા જણાવ્યુ, ત્રીજાએ પુરૂષોને મારવા જણાવ્યુ, ચોથાએ હથીયારબંધ હોય તેવા પુરૂષોને મારવા જણાવ્યું, પાંચમાએ લડવાને તૈયાર હોય—લડતા હોય તેવાને મારવા જણાવ્યું અને છઠ્ઠાએ ફક્ત ધન લુટી લેવા જણાવ્યું. એ ૭ પુરૂષના અધ્યવસાય મુજબ કૃષ્ણાદિ ૭ લેશ્યાવાળાના અધ્યવસાયો જાણવા.

સત્તટ્ઠ–સાત આઠ	ચત્તારિ–ચાર.
છેગ–૭ તથા એક	પંચદુગં–પાંચ અને બે
બંધા–બંધો	ઉદીરણા–ઉદીરણા
સંત–સત્તા	સન્નિ પજ્જત્તે–સન્નિ પર્યાપ્તાને વિષે
ઉદયા–ઉદય	

અર્થ– સંજ્ઞિ પંચેંદ્રિય પર્યાપ્તાને વિષે સાત, આઠ, ૭ અને એક કર્મનો બંધ હોય; સત્તા અને ઉદય સાત, આઠ અને ચાર કર્મના હોય અને ઉદીરણા સાત, આઠ, ૭, પાંચ અને બે કર્મની હોય. ૮

વિવેચન—સંજ્ઞિ પંચેંદ્રિય પર્યાપ્તાને વિષે ચારભેદે બંધ છે. તે કયા?સાતનો બંધ૧,આઠનો બંધ ૨, છનો બંધ૩,એકનોબંધ ૪, તેમાં આયુવર્જીને સાતનો બંધ તે જઘન્યથી અંતર્મુહુર્ત્ત લગે અને ઉત્કૃષ્ટો છમાસે ઊણાં ૩૩સાગરોપમ તે વળી અંતર્મુહુર્ત ઉણ પૂર્વકોડીને ત્રીજે ભાગે અધિક[1] એટલો રહે, આઉખાને બંધ કાળે આઠનો બંધ તે જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત્ત રહે. આઉખાનો બંધકાળ અંતર્મુહૂર્ત્તજ હોય તે માટે. તથા આયુ અને મોહનીય વર્જીને સૂક્ષ્મસંપરાયે છનો બંધ હોય, તે જઘન્ય ૧ સમય રહે. કોઇક જીવ તિહાં એક સમય રહીને અનુત્તર વિમાને જાય, તિહાં અવિરતિ ગુણઠાણે અવશ્ય સાત (૭) નો બંધક થાય, તે માટે છનો બંધક જઘન્ય એક સમય રહે, ઉત્કૃષ્ટો અંતર્મુહૂર્ત્ત રહે. સૂક્ષ્મ સંપરાયનું

૧ પૂર્વ કોડી વર્ષના આયુષ્યવાળા જીવે આયુષ્યનો ત્રીજો ભાગ શેષ હોય ત્યારે સર્વાર્થસિદ્ધ વિમાનના દેવનુ ૩૩ સાગરોપમનુ આયુષ્ય બાંધ્યુ હોય તે આશ્રયી સાત પ્રકૃતિનો ઉત્કૃષ્ટ બંધ જાણવો.

એટલુંજ માન છે, પછી એકનો બંધક થાય અથવા સાતનો બંધક થાય; તથા તે છમાંહેથી પાંચ પ્રકૃતિના બંધને વ્યવચ્છેદે એક સાતાવેદનીયનો બંધક હોય, તે જઘન્યથી એક સમય ઉપશમશ્રેણિએ હોય, ઉત્કૃષ્ટપણે દેશે ઊણી પૂર્વકોડી લગે તેરમે ગુણઠાણે રહે. એ જીવ પહેલાથી સાતમા ગુણઠાણા લગે સાત તથા આઠનો બંધક, ત્રીજે આઠમે નવમે સાતનોજ બંધક, દશમે છનો બંધક, અને અગ્યારમે બારમે તેરમે એકનો બંધક હોય.તથા સંજ્ઞીપંચેંદ્રિય પર્યાપ્તાને સત્તા અને ઊદય આશ્રયીને ત્રણ સ્થાનક હોય. તે એક સાત (૭) નું ૧, આઠનું ૨, ચારનું ૩, તિહાં આઠની સત્તા અભવ્યને અનાદિ અનંત અને ભવ્ય આશ્રયી અનાદિ સાંત હોય. તથા મોહને ક્ષયે ક્ષીણમોહ ગુણઠાણે સાતની સત્તા. તે જઘન્ય અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત્ત હોય. સયોગિ ગુણઠાણે ઘાતિકર્મ્મ ૪ ને ક્ષયે ચારની સત્તા, તે જઘન્ય અંતર્મુહૂર્ત્ત. ઉત્કૃષ્ટપણે નવ વરસે ઊણી પૂર્વકોડિ હોય. તથા આઠનો ઉદય અભવ્ય આશ્રયીને અનાદિ અનંત, ભવ્ય આશ્રયીને અનાદિસાંત, ઉપશાંતમોહથી પતિત ભવ્ય આશ્રયીને સાદિસાંત, તે ઉદય ઉપશમ શ્રેણિથકી પડીને અંતર્મુહુર્ત્ત ફરી શ્રેણિ પડિવજે તેને હોય. જઘન્યથી અંતર્મુહૂર્ત્ત સુધી અને ઉત્કૃષ્ટો દેશે ઊણો અર્દ્ધપુદ્ગળ પરાવર્ત્ત–એટલે કાળે ફરી શ્રેણિ કરે તે માટે. મોહનીય વર્જીને સાતનો ઉદય તે ઉપશાંતમોહે તથા ક્ષીણમોહે પામીએ.તિહાં જઘન્ય એક સમય–ઉપશાંતમોહે ૧ સમય સાતનો ઊદયી થઈને ભવક્ષયે પડે તે પાછો આઠનો ઊદયી થાય; ઉત્કૃષ્ટો અંતર્મુહૂર્ત્ત–ઉપશાંતમોહ અને ક્ષીણમોહનું માન અંતર્મુહૂર્ત્તનું છે, પછી આઠનો ઉદયી અથવા ચાર ૪ નો ઊદયી થાય. ચાર ઘાતિકર્મ્મને ક્ષયે ચારનો ઊદયી તેરમે ચૌદમે ગુણઠાણે હોય; તે જઘન્ય અંતર્મુહૂર્ત્ત,

ઉત્કૃષ્ટ નવ વરસે ઊણી પૂર્વકોડિ હોય. એ સંબંધી વિશેષ કહેછે- મિથ્યાત્વથી માંડીને ઉપશાંતમોહ લગે આઠની સત્તા, ક્ષીણમોહે સાતની સત્તા અને સયોગી અયોગીએ ચાર (૪)ની સત્તા. તથા મિથ્યાત્વથકી સૂક્ષ્મસંપરાય લગે આઠનો ઊદય, ઉપશાંતમોહ અને ક્ષીણમોહે સાતનો ઊદય, સયોગીએ તથા અયોગીએ ચારનો ઉદય હોય.

તથા સઙ્ગી પંચેંદ્રિય પર્યાપ્તાને ઊદીરણા સ્થાનક પાંચ હોય તે કેમ ? ૭, ૮, ૬,૫, ૨, તિહાં જ્યારે ભોગવતા ભવનું આયુ એક આવલિકા શેષ હોય ત્યારે આયુ: કર્મની ઊદીરણા ન હોય ત્યારે સાતની ઊદીરણા હોય, તે વિના આઠની ઊદીરણા હોય. તિહાં મિથ્યાત્વથી પ્રમત્તલગે સાત અથવા આઠની ઊદીરણા અને મિશ્રે તો સદૈવ આઠનીજ હોય, *મરણામાવાત. તથા અપ્રમત્ત થકી સૂક્ષ્મસંપરાયની એક આવલિકા થાકતી(બાકી) હોય ત્યાં લગે વેદનીય આયુ: વર્જીને છની ઊદીરણા, તે આવલિકા થાકતે મોહનીયની ઊદીરણા ન હોય, આવલિકા પ્રવિષ્ટ માટે. તિહાંથી યાવત્ બારમાની આવલિકા થાકતી હોય ત્યાં લગે પાંચની ઊદીરણા, તે ક્ષીણમોહની આવલિકા થાકતે જ્ઞાનાવરણીય ૧, દર્શનાવરણીય ૨ અને અંતરાય ૩, એ ત્રણની આવલિકા પ્રવિષ્ટ થયા માટે ઊદીરણા ન હોય. ત્યારે નામ ૧, ગોત્ર ૨; એ બેની ઊદીરણા હોય. એમ સયોગીએ પણ બેની ઊદીરણા અને અયોગીએ અનુદીરક હોય. યદ્યપિ અયોગીએ ભવોપગ્રાહી (૪) ચાર કર્મનો ઊદય છે તોપણ યોગને અભાવે ઊદીરણા ન હોય, ઊદીરણા તો યોગ વશ છે તે માટે. ૮

---

* મરણનો અભાવ છે માટે

ચતુર્દશજીવસ્થાનેષુ દ્વારાષ્ટક યંત્રકં અલ્પબહુત્વં ચાત્રગ્રંથેડનુક્તમપિ પ્રજ્ઞાપનાનુસારેણ લિખિતમસ્તીતિ.

	જીવસ્થાનેષુ.	ગુણસ્થાન ૧૪	યોગ ૧૫	ઉપ૦ ૧૨	લેશ્યા ૬	કર્મ બંધ	ઉદય	ઉદીરણા.	સત્તા.	અલ્પ બહુત્વં.	
૧	એકેંદ્રિય સૂક્ષ્મ અપર્યાપ્તા.	૧	૨ઽ૩	૩	૩	૭ઽ૮	૮	૭ઽ૮	૮	અસખ્યાતગુણા	૧૩
૨	એકેંદ્રિય સૂક્ષ્મ પર્યાપ્તા.	૧	૧	૩	૩	૭ઽ૮	૮	૭ઽ૮	૮	સખ્યાતગુણા	૧[illegible]
૩	એકેંદ્રિય બાદર અપર્યાપ્તા	૧ઽ૨	૨ઽ૩	૩	૪	૭ઽ૮	૮	૭ઽ૮	૮	અસંખ્યાત ગુણા	૧[illegible]
૪	એકેંદ્રિય બાદર પર્યાપ્તા.	૧	૩	૩	૩	૭ઽ૮	૮	૭ઽ૮	૮	અનતગુણા ગુણા	[illegible]
૫	બેઈંદ્રિય અપર્યાપ્તા.	૧ઽ૨	૨ઽ૩	૩	૩	૭ઽ૮	૮	૭ઽ૮	૮	વિશેષાધિક	૧[illegible]
૬	બેઈંદ્રિય પર્યાપ્તા.	૧	૨	૩	૩	૭ઽ૮	૮	૭ઽ૮	૮	વિશેષાધિક	[illegible]
૭	તેઈંદ્રિય અપર્યાપ્તા.	૧ઽ૨	૨ઽ૩	૩	૩	૭ઽ૮	૮	૭ઽ૮	૮	વિશેષાધિક	[illegible]
૮	તેઈંદ્રિય પર્યાપ્તા.	૧	૨	૩	૩	૭ઽ૮	૮	૭ઽ૮	૮	વિશેષાધિક	[illegible]
૯	ચઉરિંદ્રિય અપર્યાપ્તા.	૧ઽ૨	૨ઽ૩	૩	૩	૭ઽ૮	૮	૭ઽ૮	૮	વિશેષાધિક	[illegible]
૧૦	ચઉરિંદ્રિય પર્યાપ્તા.	૧	૨	૪	૩	૭ઽ૮	૮	૭ઽ૮	૮	સખ્યાતગુણા	[illegible]
૧૧	પંચેંદ્રિય સમુ૦ અપર્યા૦	૧ઽ૨	૨ઽ૩	૩	૩	૭ઽ૮	૮	૭ઽ૮	૮	અસખ્યાતગુણા	૩
૧૨	અસન્ની પચેંદ્રિય પર્યાપ્તા	૧	૨	૪	૩	૭ઽ૮	૮	૭ઽ૮	૮	વિશેષાધિક	૪
૧૩	સન્ની પચેંદ્રિય અપર્યાપ્તા	૧,૨,૪	૩ઽ૪	૮	૬	૭ઽ૮	૮	૭ઽ૮	૮	અસખ્યાતગુણા	૨
૧૪	સન્ની પચેંદ્રિય પર્યાપ્તા	૧૪	૧૫	૧૨	૬	૭ઽ૮ઽ૬ઽ૧	૭ઽ૮ઽ૪	૭ઽ૮ઽ૬।૫।૨	૭।૮।૪	સર્વ્વ થોવા (સર્વથી થોડા.)	૧

માર્ગણાસ્થાન.

ગઇઇંદિએ ય કાએ, જોએ વેએ કસાયનાણેસુ;
સંજમ દંસણ લેસા, ભવ સમ્મે સન્નિ આહારે ॥ ૯॥

ગઇ ઇંદિએ-ગતિ અને ઇંદ્રિયમાં	**સંજમ**-સંયમમાં
કાએ-કાયમાં	**દંસણ**-દર્શનમાં
જોએ-યોગમાં	**લેસા**-લેશ્યામાં
વેએ-વેદમાં	**ભવ**-ભવ્યમાં
કસાય-કષાયમાં	**સમ્મે**-સમ્યકત્વમાં
નાણેસુ-જ્ઞાનમાં	**સન્નિ**-સન્નિમાં
	આહારે-આહારમાં

વિવેચન—હવે ૧૪ માર્ગણાસ્થાન કહે છે. ૪ ગતિદ્વાર ૧, ૫ ઇંદ્રિયદ્વાર ૨, ૬ કાયદ્વાર ૩, ૩ યોગદ્વાર ૪, ૩ વેદદ્વાર ૫, ૪ કષાયદ્વાર ૬, ૮ જ્ઞાનદ્વાર ૭, ૭ સંયમદ્વાર ૮, ૪ દર્શનદ્વાર ૯, ૬ લેશ્યાદ્વાર ૧૦, ૨ ભવ્યદ્વાર ૧૧, ૬ સમ્યકત્વદ્વાર ૧૨, ૨ સંજ્ઞિદ્વાર ૧૩, ૨ આહારીદ્વાર૧૪, એ એકેકા માર્ગણાદ્વારને વિષે સર્વજીવ આવે. ૯

ચૌદમાર્ગણાના બાસઠ ઉત્તર ભેદ.

સુરનરતિરિનિરયગઈ,ઇગબિઅતિઅચઉપણિંદિ છક્કાયા;
ભૂજલજલણાનિલવણ-તસા ય મણવયણતણુજોગા. ૧૦

સુર-દેવગતિ	**બિઅ**-બેઇંદ્રિય
નર-મનુષ્ય ગતિ	**તિઅ**-તેઇંદ્રિય
તિરિ-તિર્યંચ ગતિ	**ચઉ**-ચઉરિંદ્રિય
નિરયગઈ-નરક ગતિ	**પણિંદિ**-પંચેંદ્રિય
ઇગ-એકેંદ્રિય	**છક્કાયા**-છકાયો

ભૂ-પૃથ્વીકાય	ય-અને
જલ-અપ્કાય	મણુ-મનોયોગ
જલણુ-તેઉકાય	વયણુ-વચનયોગ
અનિલ-વાઉકાય	તણુજોગા-કાય યોગ (એ ત્રણ યોગ)
વણુ-વનસ્પતિકાય	
તસા-ત્રસકાય	

વિવેચન—હવે એ ૧૪ મૂળભેદના ૬૨ ઉત્તર માર્ગણાદ્વાર કહે છે. દેવગતિ ૧, મનુષ્યગતિ ૨, તિર્યંચગતિ ૩, નરકગતિ ૪, એ ચાર ભેદે ગતિમાર્ગણા. એક સ્પર્શનેંદ્રિયવંત તે એકેંદ્રિય ૧, સ્પર્શન અને રસન એ બે ઇંદ્રિયવંત તે બેઇંદ્રિય ૨, રસન, સ્પર્શન અને ઘ્રાણવંત તે તેઇંદ્રિય ૩, સ્પર્શન, રસન, ઘ્રાણ અને ચક્ષુવત તે ચૌરિંદ્રિય ૪, સ્પશન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોતવંત તે પંચેંદ્રિય ૫, એ પાંચ ભેદે ઇંદ્રિયમાર્ગણા કહીએ. પૃથ્વીકાય ૧, અપ્કાય ૨, તેઊકાય ૩, વાયુકાય, ૪, વનસ્પતિકાય ૫ અને ત્રસકાય તે બેંદ્રિયાદિક, એ છ કાય કહી. મનોયોગી તે સંજ્ઞીપંચેંદ્રિય ૧, વચનયોગી તે બે ઇંદ્રિયાદિક ૨, કાયયોગી તે સર્વ સંસારી ૩, એ ત્રણભેદે યોગ માર્ગણા જાણવી (૪). ૧૦

વેઅ નરિત્થિનપુંસા, કસાય કોહમયમાયલોભત્તિ ॥
મઇ સુઅવહિ મણ કેવલ, વિભંગમઇસુઅનાણસાગારા.

વેઅ-વેદ (ત્રણ)	સુઅ-શ્રુતજ્ઞાન
નર-પુરૂષવેદ	અવહિ-અવધિ જ્ઞાન
ઇત્થિ-સ્રીવેદ	મણુ-મન પર્યવજ્ઞાન

નપુંસા–નપુંસકવેદ
કસાય–કષાય (ચાર)
કોહ–ક્રોધ
મય–માન
માય–માયા
લોભત્તિ–લોભ એમ
મઇ–મતિજ્ઞાન
કેવલ–કેવલ જ્ઞાન
વિભંગ–વિભંગ જ્ઞાન
મઇ–મતિ અજ્ઞાન
સુઅનાણુ–શ્રુત અજ્ઞાન (તે)
સાગારા–સાકારોપયોગ જાણવાં

વિવેચન—હવે ત્રણ ભેદે વેદમાર્ગણા—પુરૂષવેદી ૧, સ્ત્રીવેદી ૨, નપુંસકવેદી ૩. હવે ચાર ભેદે કષાય માર્ગણા–ક્રોધ કષાયી ૧, માન કષાયી ૨, માયા કષાયી ૩, લોભ કષાયી ૪. હવે જ્ઞાનમાર્ગણા કહે છે–મતિજ્ઞાની ૧, શ્રુતજ્ઞાની ૨, અવધિજ્ઞાની ૩, મનઃપર્યવજ્ઞાની ૪, કેવળજ્ઞાની ૫, વિભંગજ્ઞાની ૬, મતિઅજ્ઞાની ૭ અને શ્રુતઅજ્ઞાની ૮. મિથ્યાત્વ પંકે મલિન તે અજ્ઞાન–જ્ઞાન તે વિશેષોપયોગ માટે સાકારોપયોગ કહીએ. અને આગળ દર્શન કહેશે તે સામાન્યોપયોગ માટે અનાકારોપયોગ કહીએ. ઈહાં સંસારમાંહે સર્વવસ્તુનું જાણવું તે બે ભેદે હોય. સામાન્યપણે અને વિશેષપણે, તિહાં સામાન્યપણે વૃક્ષ માત્ર દીઠું તે અનાકાર દર્શન કહીએ અને તે તાલતમાલાદિક વિશેષપણે ધારવું તે સાકારજ્ઞાન કહીએ. એ આઠ જ્ઞાન માંહે સર્વ જીવ આવ્યા. ૧૧

સામાઇઅછેઅપરિહાર, સુહુમઅહખ્ખાયદેસજયઅજયા;
ચખ્ખુ અચખ્ખુ ઓહી–કેવલદંસણ અણાગારા ॥૧૨॥

સામાઇઅ–સામાયિક ચારિત્ર
છેઅ–છેદોપસ્થાપનીય
પરિહાર–પરિહારવિશુદ્ધિ
સુહુમ–સૂક્ષ્મસંપરાય

અહખાય–યથાખ્યાત
દેસજય–દેશવિરતિ
અજયા–અવિરતિ (એ સાત સંયમ)
ચખ્ખુ–ચક્ષુદર્શન
અચખ્ખુ–અચક્ષુદર્શન
ઓહી–અવધિદર્શન
કેવળદંસણુ–કેવળ દર્શન (એ ચાર દર્શન)
અણાગારા–તે અનાકારોપયોગ જાણવા.

વિવેચન—હવે સાત ભેદે સંયમમાર્ગણા કહે છે–સામાયક સયમી ૧, છેદોપસ્થાપનીય સંયમી ૨, પરિહારવિશુદ્ધિ સંયમી ૩, સક્ષ્મ સંપરાય સંયમી ૪, યથાખ્યાત સંયમી ૫, દેશસંયમી તે દેશવિરતિ ૬, અસંયમી તે અવિરતિ ૭, એ સાત ભેદે સંયમ માર્ગણા જાણવી. હવે એનું વિવેચન કહે છે.–સમભાવ તે રાગ દ્વેષ રહિતપણુ તેનો આય-લાભ છે જ્યાં તે સામાયિક કહિયે, તે સામાયિક બે ભેદે છે,–[1]ઈત્વરિક ૧, [2]યાવત્કથિત ૨; તિહાં શ્રી ઋષભ અને વીર તીર્થે દીક્ષાના દિવસે સામાયિક ચારિત્ર ઉચ્ચરે, તે ઉપસ્થાપના લગે જ રહે; તે માટે ઈત્વરિક કહીએ અને બાવીશ તીર્થંકરના વારે તથા મહાવિદેહક્ષેત્રમાં દીક્ષાના દિવસે સામાયિક ઉચ્ચરે તે યાવજ્જીવ લગે રહે; તે યાવત્કથિત કહીએ. ઇત્વરિકને પંચમહાવ્રત પ્રતિક્રમણ સહીત અને સ્થિત કલ્પ હોય. અને યાવત્કથિતને ચાર મહાવ્રત અને અસ્થિત કલ્પ હોય ૧. પૂર્વ પર્યાય છેદીને અનેરા વિશુદ્ધ પર્યાયનું ઉપસ્થાપન કરવું તે છેદોપસ્થાપનીય કહીએ. અને તે બે ભેદે-સાતિચાર ૧, નિરતિચાર ૨, તિહાં મૂળ ગુણને ભંગે પૂર્વ પર્યાયનો છેદ કરીને ફરી ઉપસ્થાપના-વ્રતારોપણ કરે તે સાતિચાર કહીએ. અને શ્રી ઋષભ અને વીર તીર્થે દીક્ષા પછી યોગોદ્વહનાવસરે ફરી ઉપસ્થાપના કરે ત્યારે પૂર્વ પર્યાયનો

---

૧ થોડો કાળ રહે તેવુ. ૨ કાયમ રહે તેવુ

છેદ કરે, તથા તીર્થ થકી અન્ય તીર્થે સંક્રમણ કરે ત્યારે, જેમ શ્રી પાર્શ્વનાથના સાધુ કેશી ગાંગેય પ્રમુખે શ્રી વીરના શાસનમાં આવી પંચ મહાવ્રત ઉચ્ચરી પૂર્વ પર્યાય છેદીને નવો પર્યાય ગ્રહ્યો, એ નિરતિચાર કહીએ. એ છેદોપસ્થાપનીય ચારિત્ર ભરત ઐરવત ક્ષેત્રે પહેલા છેલ્લા જિનને વારે જ હોય ૨ પરિહાર તે તપ વિશેષ તેણે કરીને વિશુદ્ધિ છે જે ચારિત્રને વિષે તે પરિહારવિશુદ્ધિ કહીએ. તે બે ભેદ-"નિવિશમાન" ૧, "નિર્વિષ્ટકાયિક" ૨, તિહાં ચારિત્રના ધરણહાર તે નિર્વિશમાન અને તે ચારિત્રિયાની સેવાના કરનાર તે નિર્વિષ્ટકાયિક કહીએ. તે કેમ? ઇહાં નવ જણા ઉત્કૃષ્ટ પરિણામી વજ્રર્ષભનારાચ સંઘયણવંત જઘન્યથી ઓગણત્રીશ વરસના ગૃહસ્થ પર્યાય અને વીશ વરસના દીક્ષા પર્યાયવંત, ઉત્કૃષ્ટા પૂર્વ કોડિના પર્યાયવાળા, ગચ્છથી જુદા નીકળે તે નવનો જ ગચ્છ થાપે, તિહાં એક વાચનાચાર્ય અને ચાર નિર્વિશમાન તે વિશેષ તપના કરનાર અને ચાર તેના અનુચારી હોય. તિહાં નિર્વિશમાન તે ઉન્હાળે જઘન્ય ચતુર્થ, મધ્યમ છઠ્ઠ, ઉત્કૃષ્ટો અઠ્ઠમ કરે. શીયાળે જઘન્ય [1]છઠ્ઠ, મધ્યમ [2]અઠ્ઠમ, ઉત્કૃષ્ટો [3]દશમ કરે. વર્ષાકાળે જઘન્ય અઠ્ઠમ, મધ્યમ દશમ, ઉત્કૃષ્ટો [4]દુવાલસ ભક્ત કરે, પારણે અભિગ્રહ સહિત આંબિલ કરે અને તેના સેવક તે નિત્યે આંબિલ કરે; એમ છમાસલગે કરીને પછી પારહારિક તે અનુચર થાય, અને અનુચર તે પરિહારિક થાય, એમ છમાસ લગે તે તપ કરે. ત્યારપછી વાચનાચાર્ય તે પ્રકારે તપ કરે અને આઠમાંથી એકને વાચનાચાર્ય થાપે, અને છમાસલગે સાત સેવાકારી થાય. એમ અઢાર માસે એ તપ પૂર્ણથયે વળી ફરી એજ તપ આદરે કે જિનકલ્પ આદરે અથવા ગચ્છમાં આવે. એ

---

૧ બે ઉપવાસ ૨ ત્રણ ઉપવાસ ૩ ચાર ઉપવાસ. ૪ પાચ ઉપવાસ.

ચારિત્રિયા તીર્થંકરના શિષ્ય અથવા શિષ્યના શિષ્ય હોય પણ પાછળના ન હોય. પ્રથમ અંતિમ જિનને વારે ભરત ઐરવતેજ હોય ૩. સૂક્ષ્મ–અંશમાત્ર છે સંપરાય-કષાય જ્યાં તે સૂક્ષ્મસંપરાય ચારિત્ર. તે બે ભેદે–સંકિલશ્યમાન ૧, વિશુદ્ધમાન ૨, ઉપશમ શ્રેણિથી પડતાં સંકિલશ્યમાન હોય અને શ્રેણિએ ચઢતાં વિશુદ્ધમાન હોય ૪. યથાતથ્યપણે કરીને કષાય રહિતપણા માટે ખ્યાત–પ્રસિદ્ધ તે યથાખ્યાત ચારિત્ર; તે બે ભેદે–છદ્મસ્થ ૧, કેવળી ૨. છદ્મસ્થ બે ભેદે–ઉપશાંત મોહ ૧, ક્ષીણમોહ ૨. કેવળી બે ભેદે–સયોગી ૧, અયોગી ૨, ૫. નિરપરાધી ત્રસજીવનો સંકલ્પીને નિરપેક્ષપણે વધ ન કરે તે દેશયતિ–દેશ વિરતિ કહીએ, પાંચમે ગુણઠાણે વર્તતાં, વીશ વિશ્વા જીવદયાવંત સાધુધર્મની અપેક્ષાએ શ્રાવકને સવા વિશ્વાની દયા હોય તે માટે દેશસંયત—*जीवा सुहुमा थूला, सकप्पारंभओ य ते दुविहा॥ सावराह निरवराहा, साविख्खा चेव निरविख्खा ॥ १ ॥ ૬. નથી લગારે વિરતિ જેને એવો સર્વથા વિરતિ રહિત તે અયત–

---

* સાધુને વીશ વિશ્વાની દયા હોય તે અપેક્ષાએ ગૃહસ્થને દશ વિશ્વાની દયા હોય, તે આ પ્રમાણે–સાધુ સૂક્ષ્મ (સ્થાવર)અને બાદર(ત્રસ) બંને પ્રકારના જીવોનો વધ ન કરે પરંતુ ગૃહસ્થો સૂક્ષ્મ જીવોની દયા પાળી શકે નહિ તેથી દશ વિશ્વા બાકી રહ્યા. બાદર જીવની વિરાધનાના સંકલ્પથી અને આરંભથી એવા બે ભેદ છે, તેમાં આરંભથી દયા ગૃહસ્થ પાળી શકે નહિ માટે પાંચ વિશ્વા રહ્યા. સંકલ્પ બે પ્રકારે છે–અપરાધી અને નિરપરાધી. તેમાં અપરાધીની દયા ગૃહસ્થ પાળી શકે નહિ તેથી ૨ા વિશ્વા બાકી રહ્યા. નિરપરાધીના બે ભેદ સાપેક્ષ અને નિરપેક્ષ. તેમાં સાપેક્ષની દયા ગૃહસ્થ પાળી શકતા નથી તેથી સવા વિશ્વાની દયા રહી.

અસંયત કહીએ. મિથ્યાત્વી અને સમ્યગ્દૃષ્ટિ પણ ચોથા ગુણઠાણા લગે વર્ત્તતા સર્વજીવ અસંયત કહિયે ૭. એ સાત સંયમનો વિચાર લેશથી કહ્યો. એ સાત ભેદ માંહે સર્વ જીવ આવ્યા માટે એ સંયમ માર્ગણા કહીએ.

ચક્ષુદર્શની ૧, અચક્ષુદર્શની ૨, અવધિદર્શની ૩, અને કેવલ દર્શની ૪, એ ચાર ભેદે દર્શન માર્ગણા. સામાન્ય એટલે નથી વિશિષ્ટ વ્યક્ત આકાર જ્યાં તે અનાકારોપયોગ કહીએ, તે દર્શન જાણવું. ॥ ૪ ॥ ૧૨ ॥

કિણ્હા નીલા કાઊ, તેઊ પમ્હા ય સુક્ક ભવ્વિઅરા;
વેઅગ ખઇગુવસમ મિચ્છ મીસ સાસાણ સન્નિઅરે. ૧૩

કિણ્હા–કૃષ્ણલેશ્યા	વેઅગ–વેદક સમ્યક્ત્વ
નીલા–નીલલેશ્યા	ખઇગ–ક્ષાયક સમ્યક્ત્વ
કાઊ–કાપોતલેશ્યા	ઉવસમ–ઔપશમિક સમ્યક્
તેઊ–તેજોલેશ્યા	મિચ્છ મિથ્યાત્વ
પમ્હા–પદ્મલેશ્યા	મીસ–મિશ્ર
સુક્ક–શુકલલેશ્યા	સાસાણ–સાસ્વાદન સમ્યકત્વ
ભવ્વ–ભવ્ય	સન્નિ–સન્નિ
ઇઅરા–અભવ્ય	ઇઅરે–અસન્નિ

વિવેચન– કૃષ્ણલેશ્યા ૧, નીલલેશ્યા ૨, કાપોતલેશ્યા ૩, તેજોલેશ્યા ૪, પદ્મલેશ્યા ૫ અને શુકનલેશ્યા ૬, એ લેશ્યા માર્ગણા. ભવ્ય ૧, ઈતર તે અભવ્ય ૨, એ ભવ્ય માર્ગણા. સમ્યકત્વ પુદ્ગળ વેદે તે વેદક-ક્ષાયોપશમિક સમ્યકત્વ ૧, ત્રણ દર્શન મોહનીય ક્ષય કરે તે ક્ષાયિક ૨, ઉદીર્ણ મિ-

થ્યાત્વનો ક્ષય થયે અને અનુદીર્ણનો ઉપશમ થયે જેમાં પ્રદેશવેદન અને વિપાકવેદન ન હોય તે ઔપશમિક સમ્યક્ત્વ કહીએ, તે બે ભેદે-ગ્રંથિભેદસંભવ ૧ અને ઉપશમશ્રેણિ સંભવ ૨, એ ત્રીજું ૩, અશુદ્ધ પુદ્ગળરૂપ અવળી મતિવંત તે મિથ્યાત્વ ૪, અર્દ્ધ શુદ્ધ પુદ્ગળિક તે મિશ્ર ૫, ઔપશમિક સમ્યક્ત્વ વમતાં સ્વાદ માત્ર હોય તે સાસ્વાદન ૬, એ છ માંહે સર્વ જીવ આવ્યા, એ સમ્યક્ત્વ માર્ગણા. દીર્ઘકાલિકી સંજ્ઞાવંત મન સહિત તે સંજ્ઞી ૧, તેથી ઇતર મનરહિત તે અસંજ્ઞી ૨; એ સંજ્ઞી માર્ગણા. ॥ ૧૩ ॥

માર્ગણાને વિષે જીવ ભેદ.

આહારેઅર ભેઆ,સુરનિરયવિભ ગમઇસુઓહિદુગે;
સમ્મત્તતિગે પમ્હા,સુક્કા સન્નીસુ સન્નિદુગં ॥ ૧૪ ॥

આહાર-આહારક
ઇઅર-ઇતર (અણાહારક)
ભેઆ-ભેદો (થાય છે)
સુર-દેવગતિ
નિરય-નરકગતિ
વિભંગ-વિભંગજ્ઞાન
મઇ-મતિજ્ઞાન
સુઅ-શ્રુતજ્ઞાન
ઓહિદુગે-અવધિજ્ઞાન અને અવધિદર્શનને વિષે
સમ્મત્તતિગે સમ્યક્ત્વત્રિકમાં
પમ્હા-પદ્મલેશ્યા
સુક્કા-શુક્લલેશ્યા (અને)
સન્નીસુ-સંજ્ઞીમાં
સન્નિદુગં-સંજ્ઞિદ્વિક (સંજ્ઞિપંચેદ્રિય પર્યાપ્તા અને અપર્યાપ્તા) હોય.

અર્થ—આહારી અને અણાહારી (એ ચૌદ માર્ગણાના પૂર્વોક્ત ૬૨) ભેદો જાણવા. દેવગતિ, નરકગતિ, વિભંગ જ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, અવધિદર્શન, સમ્યક્ત્વ

ત્રિક, પદ્મલેશ્યા, શુકલ લેશ્યા અને સંજ્ઞિપંચેંદ્રિયને વિષે સંજ્ઞિપંચેંદ્રિય પર્યાપ્તા અને સંજ્ઞિપંચેંદ્રિય અપર્યાપ્તા એ બે જીવ ભેદ હોય છે. ૧૪

વિવેચન—[૧]ઓજે, [૨]લોમે, [૩]કવળે, આહાર લે તે આહારી ૧, વિગ્રહગતિએ કેવળિ સમુદ્ઘાતે આહાર ન લે તે અણાહારી ૨, એ આહારમાર્ગણા. એ પ્રકારે ચૌદ મૂળ માર્ગણાના પૂર્વોક્ત ૬૨ ઉત્તર માર્ગણા ભેદ હોય. એકેકી મૂળ માર્ગણા માંહે સર્વ જીવ આવે. હવે એને વિષે જીવ સ્થાનક કહે છે.—દેવગતિને વિષે ૧, નરકગતિને વિષે ૨, [૪]વિભંગજ્ઞાનીને વિષે ૩, મતિજ્ઞાનીને વિષે ૪, શ્રુતજ્ઞાનીને વિષે ૫, અવધિજ્ઞાની ૬ તથા અવધિદર્શનીને વિષે ૭, ઔપશમિક ૧, ક્ષાયોપશમિક ૨, ક્ષાયિક ૩, એ ત્રણ સમ્યકત્વને વિષે ૧૦, પદ્મલેશ્યાને વિષે ૧૧, શુકલ લેશ્યાને વિષે ૧૨ અને સંજ્ઞીને વિષે ૧૩; એ તેર માર્ગણાને વિષે સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તો ૧ અને અપર્યાપ્તો ૨, એ બે જીવના ભેદ હોય.* ઈહાં અપર્યાપ્તો તે સર્વત્ર કરણઅપર્યાપ્તો

---

૧ ઉત્પત્તિ સમયે કાર્મણ શરીરવડે આહાર લેવાય છે તે. ૨ રોમ—રૂવાડાના સ્પર્શવડે આહાર લેવાય તે. ૩ કોળીયાવડે આહાર લેવાય તે.

૪ मनस મનનો सर्वत સર્વ બાજુથી परिच्छेदः અવબોધ (જ્ઞાન) તે मन पर्यव મન પર્યવ જ્ઞાન જાણવુ અને मनसः મનનો पर्याय ધર્મ તે સબધિ જ્ઞાન તે मन पर्याय મન.પર્યાય જ્ઞાન જાણવું.

* એ તેર માર્ગણાને વિષે સજ્ઞિપંચેંદ્રિય જીવ ઉપજે માટે પર્યાપ્તો અને અપર્યાપ્તો એ બે ભેદ કહ્યા. લબ્ધિ અપર્યાપ્તા તથાવિધ શુદ્ધિને અભાવે એ તેર માર્ગણામાં ન હોય માટે કરણ અપર્યાપ્તા લેવા. પંચસંગ્રહમા વિભગજ્ઞાને સજ્ઞિપર્યાપ્તનો એક જ જીવ ભેદ હોય

જાણુવો પણ લબ્ધિ અપર્યાપ્તો નહીં. ઈહાં ત્રણ સમ્યકત્વને વિષે જીવના ભેદ ૨ કહ્યા પણ ઔપશમિક સમ્યકત્વને વિષે અપર્યાપ્તો સંજ્ઞી પંચેંદ્રિય કેમ હોય? ટીકાકારે લખ્યું છે જે ઉપશમ સમ્યકત્વવંત મરીને અનુત્તર વિમાને જાય ત્યાં અપર્યાપ્તપણે ઔપશમિક સમ્યકત્વ હોય; પછી ક્ષાયિક પામે. પણ વળી ટીકામાં કહ્યું જે-ઔપશમિક સમ્યકત્વી મરે નહીં તેમ આયુ ન બાંધે, ત્યારે તે અપર્યાપ્તો કેમ હોય? તથા વળી અન્ય ગ્રંથે કહ્યું છે જે ઉપશમ શ્રેણિથી ઉપશમ સમ્યકત્વી તે અદ્ધા (કાળ) ક્ષયેજ પડે. અને ભવ ક્ષયે મરે તે ક્ષાયિકજ હોય. તે મરીને અનુત્તર વિમાને જાય. यतः-उवसमसेढिं पत्ता, मरंति उवसमगुणेसु जे सत्ता॥ ते लवसत्तमदेवा, सव्वट्ठे खयसमत्तजुआ[1] ॥१॥ ઈહાં ઘણું વિચારવા યોગ્ય છે. ૧૪

તમસન્નિ અપજ્જજુયં,નરે સબાયરઅપજ્જ તેઊએ;
થાવરઇગિદિ પઢમા,ચઉ બાર અસન્નિ દુ દુ વિગલે. ૧૫

એમ કહ્યુ છે, તે અસંજ્ઞિમાથી આવેલા દેવતા નારકીને અપર્યાપ્તાવસ્થાએ વિભંગજ્ઞાન ન હોય તે અપેક્ષાએ જાણવુ કેટલાક સમ્યગ્દૃષ્ટિ જીવો ત્રણ જ્ઞાનસહિત સંજ્ઞિપચેંદ્રિયમાં અવતરે છે, માટે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને અવધિદર્શનને વિષે સંજ્ઞિ અપર્યાપ્તાનો ભેદ ગણ્યો છે બદ્ધાયુ ક્ષાયિક સમ્યકત્વી સમ્યકત્વ સહિત સંજ્ઞિ પચેદ્રિયમા અવતરે તે અપેક્ષાએ સંજ્ઞિઅપર્યાપ્તો લીધો છે.

[1] ઉપશમ શ્રેણીએ ચડેલા ઉપશાંત મોહ ગુણઠાણાને પ્રાપ્ત થયેલા જે જીવો મરણ પામે છે તે લવસત્તમ દેવો (સાત લવ આયુષ્ય ઓછુ હોવાથી સર્વાર્થસિદ્ધ વિમાનમા ઉત્પન્ન થયેલા દેવો) સર્વાર્થસિદ્ધ વિમાનમા ક્ષાયિકસમ્યકત્વ સહિત હોય છે.

તં-તે બે ભેદ	થાવર-સ્થાવર (પાંચ)માં
અસન્નિ-અસન્ની	એગિંદિ-એકેંદ્રિયમાં
અપજ્જ-લબ્ધિ અપર્યાપ્તા	પઢમાચઉ-પહેલા ચાર (જીવ ભેદ)
જુઅં-યુક્ત, સહિત	બાર-પ્રથમના બાર (ભેદ)
નરે-મનુષ્યગતિને વિષે	અસન્નિ-અસંજ્ઞીમાં (હોય)
સબાયરઅપજ્જ-બાદર એકેંદ્રિય અપર્યાપ્તા સહિત (ત્રણ)	દુ દુ-બે બે જીવભેદ
તેઉએ-તેજોલેશ્યામાં હોય	વિગલે-પ્રત્યેક વિકલેંદ્રિયમાં (હોય)

અર્થ—તે (બે ભેદ) લબ્ધિ અપર્યાપ્તા અસંજ્ઞિએ યુક્ત (ત્રણ જીવ ભેદ) મનુષ્યગતિને વિષે હોય. બાદર એકેંદ્રિય અપર્યાપ્તા સહિત (ત્રણ) તેજો લેશ્યાને વિષે હોય. પાંચ સ્થાવર અને એકેંદ્રિયને વિષે પ્રથમના ચાર જીવ ભેદ હોય. અસંજ્ઞીમાર્ગણાને વિષે બાર જીવભેદ હોય. વિકલેંદ્રિય માર્ગણાને વિષે બબે જીવભેદ હોય. ૧૫

વિવેચન-ગર્ભજ મનુષ્યમાં સંજ્ઞીપર્યાપ્તો ૧, અપર્યાપ્તો ૨, એ બ ભેદ હોય અને સંમૂચ્છિમ મનુષ્યમાં અસંજ્ઞી અપર્યાપ્તો એ એક ભેદ હોય. એવં મનુષ્યમાં ૩ જીવના ભેદ હોય. તેજોલેશ્યામાંહે સંજ્ઞી અપર્યાપ્તો પર્યાપ્તો એ બે, અને બાદર એકેંદ્રિય અપયાપ્તો, એ ૩ ભેદ હોય. તેજોલેશ્યાવંત દેવતા એકેંદ્રિયમાં ઉપજે તેને અપર્યાપ્તપણે તેજોલેશ્યા હોય તે માટે. પાંચ સ્થાવરકાય અને એકેંદ્રિય એ છ બોલને વિષે પહેલા ચાર ભેદ હોય તે એ કે-સૂક્ષ્મ પર્યાપ્તો, અપર્યાપ્તો, બાદર પર્યાપ્તો, અપર્યાપ્તો, એવં ૪. અસંજ્ઞીને વિષે સંજ્ઞીપર્યાપ્તો, અપર્યાપ્તો,

એ બે ટાળીને શેષ બાર (૧૨) જીવના ભેદ હોય. વિકળેદ્રિય એકેકા માંહે બે બે ભેદ હોય-અપર્યાપ્તા ૧, પર્યાપ્તા ૨, એ એ. બેઇંદ્રિય તેઇંદ્રિય પર્યાપ્તા, અપર્યાપ્તા; ચૌરિંદ્રિય પર્યાપ્તા, અપર્યાપ્તા ૨ ॥ ૧૫ ॥

દસચરિમતસે અજયા–હારગતિરિતણુકસાયદુઅનાણે;
પઢમતિલેસાભવિઅર,–અચખ્ખુનપુમિચ્છિ સવ્વેવિ. ૧૬

દસ ચરિમ–દશ છેલ્લા	**તિલેસા**-ત્રણ લેશ્યા માર્ગણામાં
તસે–ત્રસકાયમાર્ગણાએ	**ભવિઅર**–ભવ્ય તથા અભવ્ય માર્ગણાએ
અજય–અવિરતિ માર્ગણાએ	**અચખ્ખુ**–અચક્ષુ દર્શન માર્ગણાએ
આહારકે–આહારક માર્ગણાએ	**નપુ**–નપુંસક વેદ માર્ગણાએ
તિરિ–તિર્યંચગતિ માર્ગણાએ	**મિચ્છિ**–મિથ્યાત્વ માર્ગણાએ
તણુ–કાયયોગ માર્ગણાએ	**સવ્વે વિ**–સર્વે જીવભેદ (હોય)
કસાય–કષાય માર્ગણાએ	
દુઅનાણે–બે અજ્ઞાનમાર્ગણાએ	
પઢમ–પ્રથમની	

અર્થ—ત્રસકાયને વિષે છેલ્લા દશ જીવસ્થાનો હોય. અવિરતિ ચારિત્ર, આહારી, તિર્યંચગતિ, કાયયોગ, કષાય, બે અજ્ઞાન, પ્રથમની ત્રણ લેશ્યા, ભવ્ય, અભવ્ય, અચક્ષુ દર્શન, નપુંસક વેદ અને મિથ્યાત્વને વિષે સર્વે જીવસ્થાનો હોય. ૧૬

વિવેચન—ત્રસકાયને વિષે છેલ્લા દશ ભેદ હોય-બેઇંદ્રિય ૧, તેઇંદ્રિય ૨, ચૌરિંદ્રિય ૩, અસંજ્ઞી પંચેંદ્રિય ૪, સંજ્ઞી

પંચેંદ્રિય, એ પાંચ પર્યાપ્તા, અપર્યાપ્તા એવં ૧૦. અસંયત-અવિરતિ ૧, આહારી ૨, તિર્યંચગતિ ૩, કાયયોગી ૪, ચારે કષાયી ૮, મતિ અજ્ઞાની ૯, શ્રુતઅજ્ઞાની ૧૦, પહેલી ત્રણ (૩) લેશ્યા-કૃષ્ણ, નીલ, કાપોત ૧૩, ભવ્ય ૧૪, ઈતર તે અભવ્ય ૧૫, અચક્ષુદર્શની ૧૬, નપુંસકવેદી ૧૭ અને મિથ્યાત્વી ૧૮; એ અઢાર (૧૮) બોલને વિષે સર્વે (૧૪) જીવના ભેદ હોય. ॥ ૧૬ ॥

પજસન્ની કેવલદુગે,સંજમમણનાણદેસમણમીસે;
પણચરિમપજજવયણે,તિય છ વ પજ્જિઅર ચખ્ખુંમિ૧૭.

પજ્જસન્ની પર્યાપ્તાસંજ્ઞી	**પણચરિમ**–પાંચ છેલ્લા
કેવળદુગે–કેવળજ્ઞાન તથા કેવળ દર્શનમાં	**પજ્જ**–પર્યાપ્તા
સંજમ–સંયમ માર્ગણાએ	**વયણે**–વચન માર્ગણા વિષે
મણનાણ–મનઃપર્યવજ્ઞાનમાં	**તિય**–ત્રણ
દેસ–દેશવિરતિમાં	**છવ**–અથવા છ જીવભેદ
મણ–મનોયોગે	**પજ્જિઅર**–પર્યાપ્તા અને ત્રણ અપર્યાપ્તા
મીસે–મિશ્રદૃષ્ટિમાર્ગણાએ	**ચખ્ખુંમિ**–ચક્ષુદર્શનમાર્ગણાએ

અર્થ—કેવળજ્ઞાન, કેવળદર્શન, પાચ સંયમ, મનઃપર્યવજ્ઞાન, દેશવિરતિ ચારિત્ર, મનોયોગ, અને મિશ્ર સમ્યકત્વને વિષે પર્યાપ્તા સંજ્ઞીપંચેંદ્રિય જીવ હોય. વચનયોગને વિષે પાંચ છેલ્લા પર્યાપ્તા જીવસ્થાનો હોય. ચક્ષુદર્શનને વિષે પર્યાપ્તા

ત્રણ જીવ સ્થાન અથવા ત્રણ પર્યાપ્તા અપર્યાપ્તા મળી છ જીવ સ્થાનો હોય ૧૭

વિવેચન—કેવળજ્ઞાની ?, કેવળદર્શની ૨, પાંચ સંયમી-ચારિત્રિયા ૭, મનઃપર્યવજ્ઞાની ૮, દેશવિરતિ ૯, મનોયોગી ૧૦ અને મિશ્રદૃષ્ટિ ૧૧. એ અગીયાર બોલને વિષે સંજ્ઞી પંચેદ્રિય [1]પર્યાપ્તાનો એકજ ભેદ હોય. પાંચ છેલ્લા તે બેઇંદ્રિય ૧, તેઇંદ્રિય ૨, ચૌરિંદ્રિય ૩, સંજ્ઞી ૪, અસંજ્ઞી ૫, એ પાંચે પર્યાપ્તા ભેદ વચનયોગીને વિષે હોય. ચક્ષુદર્શનીને વિષે ત્રણ અથવા છ ભેદ હોય-ચૌરિંદ્રિય ૧, અસંજ્ઞી પંચેંદ્રિય ૨, સંજ્ઞી પંચેંદ્રિય એ ત્રણ પર્યાપ્તા હોય અને ત્રણ અપર્યાપ્તા પણ ભેળા ગણીએ ત્યારે છ ભેદ પણ હોય કેમકે એ ત્રણે અપર્યાપ્તાને પણ ઇંદ્રિય પર્યાપ્તિ પૂરી થયે થકે ચક્ષુદર્શન હોય એમ પંચસંગ્રહની મૂળ ટીકામાં પણ કહ્યું છે. ૧૭

થીનરપણિંદિ ચરમા,ચઉ અણહારે દુસન્નિ છઅપજ્જા;
તે સુહુમઅપજ્જ વિણા,સાસણિ ઇત્તો ગુણે વુચ્છં. ૧૮

થીનરપણિંદિ-સ્ત્રીવેદ, પુરૂષ વેદ તથા પચેંદ્રિયમાં	**સુહુમઅપજ્જવિણા**-સૂક્ષ્મ અપર્યાપ્તા વિના(સાત)
ચરમાચઉ-છેલ્લા ચાર જીવભેદ	**સાસણિ**-સાસ્વાદન માર્ગણાએ (હોય)
અણહારે-અણાહારકમાર્ગણાએ	**ઇત્તો**-હવે પછી
દુસન્નિ-બે સંજ્ઞી (અને)	**ગુણે, વુચ્છં**-ગુણઠાણા, કહીશું
છઅપજ્જા-છ અપર્યાપ્તા	
તે-તે (આઠ ભેદ)	

[1] કરણપર્યાપ્તો અને લબ્ધિપર્યાપ્તો.

અર્થ—સ્ત્રીવેદ, પુરૂષવેદ અને પંચેંદ્રિયને વિષે છેલ્લા ચાર જીવ સ્થાન હોય. અણાહારીને વિષે બે સંજ્ઞિ (પર્યાપ્ત અપર્યાપ્ત) અને છ અપર્યાપ્તા એ આઠ જીવ સ્થાન હોય. સૂક્ષ્મ અપર્યાપ્તાવિના તે સાત જીવસ્થાન સાસ્વાદન સમ્યકત્વે હોય. હવે પછી ગુણઠાણા કહીશું. ૧૮

વિવેચન—સ્ત્રીવેદી ૧, પુરૂષવેદી ૨, પંચેંદ્રિય ૩, એ ત્રણને વિષે છેલ્લા—અસંજ્ઞી પંચેંદ્રિય ૧, સંજ્ઞી પંચેંદ્રિય ૨, એ બે અપર્યાપ્તા (કરણ અપર્યાપ્તા) અને પર્યાપ્તા એવં ૪ ભેદ હોય. ઇહાં સ્ત્રીવેદી, પુરૂષવેદીમાંહે સંજ્ઞીનાજ બે ભેદ હોય. અસંજ્ઞી તો સર્વ નપુંસકજ હોય, એમ સિદ્ધાંત માંહે કહ્યું છે, તેથી ઈહાં અસંજ્ઞીમાં લિંગાકાર માત્રજ આશ્રયીને કહ્યું દીસે છે પણ ઘટે નહીં; એ વિચારવાયોગ્ય છે. અણાહારીને વિષે છ અપર્યાપ્તા અને સંજ્ઞી અપર્યાપ્તો પર્યાપ્તો એવં ૮ ભેદ હોય. સાતે અપર્યાપ્તા વિગ્રહગતિએ અણાહારી હોય અને સંજ્ઞી પર્યાપ્તો કેવળી સમુદ્ઘાતે અણાહારી હોય માટે. સૂક્ષ્મ એકેંદ્રિય અપર્યાપ્તા વિના તેજ સાત ભેદ સાસ્વાદન સમ્યકત્વીને વિષે હોય. સૂક્ષ્મ એકેંદ્રિય તે અતિ સંકિલષ્ટ પરિણામી છે તે માટે તેમાં સાસ્વાદની ન ઊપજે; એ ૬૨ માર્ગણાસ્થાનકને વિષે જીવ સ્થાનક કહ્યાં.

હવે ૬૨ માર્ગણાને વિષે ગુણઠાણાં કહીએ છીએ. ॥૧૮॥

માર્ગણાને વિષે ગુણસ્થાન.

પણ તિરિચઉ સુરનિરએ, નરસન્નિ પણિંદિભવ્વતસિ સવ્વે;
ઇગવિગલભૂદગવણે, દુ દુ એગં ગઇતસઅભવ્વે. ॥૧૯॥

પણ-પાંચ ગુણઠાણાં.
તિરિ-તિર્યંચગતિને વિષે(હોય)
ચઉ-ચાર ગુણઠાણાં.
સુરનિરએ-દેવતા તથા નાર
કીને વિષે હોય.
નર-મનુષ્યગતિ,
સન્નિ-સંજ્ઞી માર્ગણા,
પણિંદિ-પંચેંદ્રિયમાર્ગણા,
ભવ્વ-ભવ્યમાર્ગણા (અને)
તસિ-ત્રસકાય માર્ગણાને વિષે
સવ્વે-સર્વ ગુણઠાણાં હોય.

ઇગ-એકેંદ્રિય માર્ગણા,
વિગલ-વિકલેંદ્રિય માર્ગણા,
ભૂ-પૃથ્વીકાય માર્ગણા,
દગ-અપૂકાય માર્ગણા (અને)
વણે-વનસ્પતિકાય માર્ગણાને
વિષે
દુ દુ-બે બે ગુણઠાણાં હોય.
એગં-એક ગુણઠાણું
ગઇતસ-ગતિત્રસ (તેઉકાય
તથા વાઉકાય) અને
અભવ્વે-અભવ્ય માર્ગણાને વિષે

અર્થ-તિર્યંચ ગતિને વિષે પહેલાં પાંચ ગુણઠાણા હોય.દેવતા અને નારકીને વિષે ચાર ગુણઠાણા હોય મનુષ્યગતિ,સંજ્ઞા, પંચેંદ્રિય, ભવ્ય અને ત્રસકાયને વિષે સર્વ ગુણઠાણા હોય. એકેંદ્રિય, વિગલેંદ્રિય, પૃથ્વીકાય, અપૂકાય અને વનસ્પતિ-કાયને વિષે બે બે ગુણઠાણા હોય. ગતિત્રસ અને અભવ્યને વિષે એક ગુણઠાણું હોય. ૧૯

વિવેચન—દેશવિરતિ લગે, ઘુરિલાં (પ્રથમનાં) પાંચ ગુણઠાણાં તિર્યંચગતિને વિષે હોય. ઘુરિલાં ચાર ગુણઠાણાં દેવ-ગતિ નરકગતિને વિષે હોય, તેઓ અવિરતી છે માટે. મનુષ્ય-ગતિ ૧, સંજ્ઞી ૨, પંચે દ્રિય ૩, ભવ્ય ૪, ત્રસકાય ૫, એ પાંચને વિષે સર્વે (૧૪) ગુણઠાણા હોય. એકેંદ્રિય ૧, વિકલેંદ્રિય તે બેઇંદ્રિય ૨, તેઇંદ્રિય ૩, ચૌરિંદ્રિય ૪, પૃથ્વીકાય ૫, અપ્-કાય ૬, વનસ્પતિકાય ૭, એ સાતને વિષે મિથ્યાત્વ ૧ અને

સાસ્વાદન એ બે ગુણઠાણાં હોય. ગતિત્રસ તે તેઊકાય ૧, વાયુકાય ૨, અને અભવ્ય ૩, એ ત્રણને વિષે એક મિથ્યાત્વ ગુણઠાણું હોય. ॥ ૧૯ ॥

વેઅતિકસાય નવ દસ, લોભે ચઉ અજઇ દુતિ અનાણતિગે;
બારસ અચખ્ખુચખ્ખુસુ, પઢમા અહખાઈ ચરિમચઉ. ૨૦

વેઅ–ત્રણ વેદે	**અનાણતિગે**–અજ્ઞાનત્રિકે
તિકસાય–ત્રણ કષાયે	**બારસ**–બાર ગુણઠાણાં
નવ–નવ ગુણઠાણાં	**અચખ્ખુ**–અચક્ષુ દર્શને
દસ–દશ ગુણઠાણાં	**ચખ્ખુસુ**–ચક્ષુ દર્શને
લોભે–લોભ માર્ગણાએ	**પઢમા**–પ્રથમનાં (ગુણઠાણાં)
ચઉ–ચાર ગુણઠાણાં	**અહખાઈ**–યથાખ્યાત ચારિત્રે
અજઇ–અવિરતિ માર્ગણાએ	**ચરિમચઉ**–છેલ્લાં ચાર ગુણઠાણા હોય.
દુતિ–બે અથવા ત્રણ ગુણઠાણાં	

અર્થ—ત્રણ વેદ અને ત્રણ કષાયને વિષે નવ ગુણઠાણા હોય, લોભે દશ ગુણઠાણા હોય, અવિરતિ ચારિત્રને વિષે ચાર ગુણઠાણા હોય, અજ્ઞાનત્રિકે બે અથવા ત્રણ ગુણઠાણાં હોય અને ચક્ષુદર્શન તથા અચક્ષુદર્શનને વિષે પ્રથમના બાર ગુણઠાણા હોય. યથાખ્યાતચારિત્રને વિષે છેલ્લા ચાર ગુણઠાણા હોય. ૨૦

વિવેચન—ત્રણવેદ તે પુરૂષ વેદ ૧, સ્ત્રી વેદ ૨, નપુંસકવેદ ૩, ત્રણ કષાય તે ક્રોધ ૧, માન ૨, માયા ૩, એ છને વિષે નવ ગુણઠાણાં હોય. લોભકષાયને વિષે દશ ગુણઠાણાં હોય અવિરતિને પ્રથમનાં ચાર (૪) ગુણઠાણાં હોય. મતિ અજ્ઞાની ૧, શ્રુત અજ્ઞાની ૨, વિભંગજ્ઞાની* ૩, એ

૧ વિપરીતો વિપરીત છે भग–परिच्छित्तप्रकारो બોધ यस्य જેનો तद् તે विभगं વિભંગ જ્ઞાન જાણવું.

ત્રણને વિષે મિથ્યાત્વ ૧, સાસ્વાદન ૨, મિશ્ર ૩, એ ત્રણ ગુણઠાણાં હોય. વિશુદ્ધપણા રહિત છે માટે મિશ્રે મિશ્રિત જ્ઞાન તે અજ્ઞાનજ કહીએ; તેથી કેટલાએક કહે છે કે-અજ્ઞાનીને બેજ ગુણઠાણાં હોય, યદ્યપિ મિશ્રે યથાસ્થિત તત્વનો નિર્ણય નથી તોપણ ત્યાં જ્ઞાનનો લેશ છે તે માટે નિશ્ચે અજ્ઞાન ન કહીએ. તથા સિદ્ધાંતે તો અજ્ઞાનીને એકજ ગુણઠાણું કહ્યું છે. સાસ્વાદન તો સમ્યકત્વ છે ત્યાં તો જ્ઞાન કહ્યાં છે પછી તો બહુશ્રુત કહે તે ખરૂં. અચક્ષુદર્શની ૧, ચક્ષુદર્શની ૨, એ બેને વિષે ક્ષીણમોહસુધી પહેલાં બાર ગુણઠાણાં હોય. યથાખ્યાત ચારિત્રને વિષે અગ્યારમાથી ચૌદમાલગે છેલ્લા ચાર (૪) ગુણઠાણાં હોય. ૨૦

મણનાણિ સગ જયાઇ,સમઇઅ છેઅ ચઉ દુન્નિ પરિહારે;
કેવલદુગિ દો ચરિમા,-જયાઇ નવ મઇસુઓહિદુગે.૨૧

મણનાણિ-મનઃપર્યવજ્ઞાને
સગ-સાત
જયાઇ-પ્રમત્તાદિ
સમઇઅ-સામાયિકે
છેઅ-છેદોપસ્થાપનીયે
ચઉ-ચાર.
દુન્નિ-બે
પરિહારે-પરિહાર વિશુદ્ધિ ચારિત્રે
કેવલદુગિ-કેવળદ્વિકે (કેવળ જ્ઞાન તથા કેવળ દર્શને)
દો ચરિમા-બે છેલ્લાં ગુણઠાણા
અજયાઇનવ-અવિરતિ આદિ નવ ગુણઠાણાં
મઇસુ--મતિજ્ઞાન શ્રુતજ્ઞાન માર્ગણાને વિષે
ઓહિદુગે-અવધિજ્ઞાન અને અવધિ દર્શનને વિષે

અર્થ—મન પર્યવજ્ઞાને પ્રમત્તાદિ સાત ગુણઠાણા હોય સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્રે ચાર (પ્રમત્તાદિ) ગુણઠાણા હોય, કેવળદ્વિકે છલ્લા બે ગુણઠાણા હોય, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિદ્વિકે અવિરતિ આદિ નવ ગુણઠાણા હોય. ૨૧

વિવેચન—મન:પર્યવજ્ઞાનીનેવિષે પ્રમત્તસંયતથી માંડીને બારમા લગે સાત ગુણઠાણાં હોય. સામાયિક ચારિત્ર ૧, છેદોપસ્થાપનીય ૨, એ બેને વિષે પ્રમત્તાદિક ચાર હોય, નવમા લગે. પરિહારવિશુદ્ધિ ચારિત્રને વિષે પ્રમત્ત અપ્રમત્ત ૨, એ બે હોય. કેવળજ્ઞાની ૧, કેવળદર્શની ૨, એ બેને વિષે છેલ્લાં બે ગુણઠાણાં હોય. મતિજ્ઞાન ૧, શ્રુત જ્ઞાન ૨, અવધિજ્ઞાન ૩, અવધિ દર્શન ૪, એ ચારને વિષે અવિરતાદિક નવ ગુણઠાણાં હોય; બારમા લગે. ઇહાં અવધિદર્શનનેવિષે પહેલાં ૩ ગુણઠાણાં વાર્યાં તે શું જાણીએ શા હેતુએ વાર્યા હશે, તેની ખબર પડતી નથી. સિદ્ધાંતમાં તો મિથ્યાત્વે વિભંગજ્ઞાનીને પણ અવધિ દર્શન કહ્યું છે અને ઘટે પણ ખરૂ. *तथा च भगवत्यगे–ओहिदंसणअणागारोवउत्ताण भंते ! किं नाणी अन्नाणी ? गोयमा ! नाणी वि अन्नाणी वि । जे नाणी ते तिन्नाणी अत्थेगइया चउनाणी, जे अन्नाणी ते मइअन्नाणी सुयअन्नाणी विभंगनाणी । श० ८ उ० २.

* શ્રી ભગવતી સૂત્રને વિષે આઠમા શતકના બીજા ઉદ્દેશામા કહ્યુ છે કે—હે ભગવન્! અવધિ દર્શનરૂપ અનાકાર ઉપયોગવાળા જીવો જ્ઞાની કે અજ્ઞાની ? ભગવત ઉત્તર આપે છે કે—હે ગૌતમ! જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે. જે જ્ઞાની છે તે ત્રણ જ્ઞાનવાળા તેમજ કેટલાક ચાર જ્ઞાનવાળા છે. જે અજ્ઞાની છે તે મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાની અને વિભગ જ્ઞાની જાણવા.

ઈહાં જે અજ્ઞાની એટલે કે મિથ્યાત્વાદિક ૩ ગુણઠાણે વર્ત્તતા જે વિભંગ જ્ઞાની તેને અવધિદર્શન કહ્યું અને ઈહાં કર્મ-ગ્રંથે ના કહી એ સંદેહાસ્પદ છે. ૨૧

અડ ઉવસમિ ચઉ વેઅગિ, ખઇએ ઇક્કાર મિચ્છતિગિ દેસે;
સુહુમે અ સઠાણં તેર જોગઆહારસુક્કાએ ॥ ૨૨ ॥

અડ-આઠ ગુણઠાણાં
ઉવસમિ-ઔપશમિકે
ચઉ-ચાર ગુણઠાણાં
વેઅગિ-વેદક સમ્કત્વે
ખઇએ-ક્ષાયક સમકિતે
ઇક્કાર-અગિયાર ગુણઠાણાં
મિચ્છતિગિ-મિથ્યાત્વત્રિકે
દેસે-દેશવિરતિએ
સુહુમે-સૂક્ષ્મ સંપરાયે
સઠાણં-પોતપોતાનાં ગુણસ્થાનક હોય.
તેર(સ)-તેર ગુણઠાણાં
જોગ-ત્રણ યોગ માર્ગણાએ
આહાર-આહાર માર્ગણાએ
સુક્કાએ-શુકલલેશ્યામાર્ગણાએ

અર્થ—ઔપશમિક સમ્યકત્વે આઠ (અવિરતિઆદિ) ગુણઠાણા હોય, વેદક સમ્યકત્વે ચાર ગુણઠાણા હોય અને ક્ષાયિક સમ્યકત્વે (અવિરતાદિ) અગ્યાર ગુણઠાણા હોય મિ-થ્યાત્વત્રિક (મિથ્યાત્વ, સાસ્વાદન અને મિશ્ર), દેશવિરતિ અને સૂક્ષ્મસંપરાયે પોત પોતાના ગુણઠાણા હોય. ત્રણ યોગ માર્ગણાએ, આહારી માર્ગણાએ અને શુકલ લેશ્યા માર્ગણાએ તેર ગુણઠાણા હોય. ૨૨

વિવેચન—ઉપશમ સમ્યકત્વીને ચોથાથી અગ્યારમા-લગે આઠ ગુણઠાણાં હોય. વેદક તે ક્ષાયોપશમ સમ્યકત્વ તેને ચોથાથી સાત લગે ચાર ગુણઠાણાં હોય. ક્ષાયિક સમ્યકત્વીને ચોથાથી ચૌદમા લગે અગ્યાર ગુણઠાણાં હોય. મિથ્યા-

ત્વીને મિથ્યાત્વ ગુણઠાણું ૧, સાસ્વાદન સમ્યક્ત્વીને સાસ્વાદન ગુણઠાણું, મિશ્રદૃષ્ટિને મિશ્ર ગુણઠાણું, દેશવિરતિને દેશ વિરત ગુણઠાણુ, સૂક્ષ્મ સંપરાય ચારિત્રીયાને સૂક્ષ્મસંપરાય ગુણઠાણું; એ રીતે એ પાંચને સ્વસ્થાન તે પોતપોતાનું એકેક ગુણઠાણું હોય. મનોયોગી ૧, વચનયોગી ૨, કાયયોગી ૩, આહારી ૪ અને શુકલ લેશ્યાવંત ૫, એ પાંચને તેર ગુણઠાણાં હોય. ચૌદમે ગુણઠાણે તો અયોગી અણાહારી અલેશી હોય. ॥ ૨૨ ॥

અસન્નિસુ પઢમદુગં,પઢમતિલેસાસુ છચ્ચ દુસુ સત્ત;
પઢમંતિમદુગ અજયા,અણહારે મગ્ગણાસુ ગુણા ॥૨૩॥

અસન્નિસુ–અસંજ્ઞી માર્ગણાએ	**પઢમંતિમદુગ**–પહેલાં બે અને છેલ્લાં બે
પઢમદુગં–પહેલાં બે ગુણઠાણાં	**અજયા**–અવિરતિ ગુણઠાણું
પઢમતિલેસાસુ–પહેલી ત્રણ લેશ્યાએ	**અણહારે**–અણાહારક માર્ગણાએ
છચ્ચ–છ ગુણઠાણાં	**મગ્ગણાસુ**–માર્ગણા દ્વારનેવિષે
દુસુ-તેજો અને પદ્મ લેશ્યાએ	**ગુણા**–ગુણઠાણા જાણવા.
સત્ત–સાત ગુણઠાણાં	

અર્થ—અસંજ્ઞીને વિષે પહેલા બે ગુણસ્થાનક હોય, પહેલી ત્રણ લેશ્યાએ છ ગુણસ્થાનક હોય,બે(તેજો પદ્મ) લેશ્યાએ સાત ગુણસ્થાનક હોય, અનાહારક માર્ગણાએ પહેલાં બે, છેલ્લાં બે અને અવિરતિ એ પાંચ ગુણસ્થાનક હોય. એ પ્રકારે માર્ગણાને વિષે ગુણઠાણાં કહ્યાં. ૨૩

વિવેચન—અસંજ્ઞાને વિષે પહેલાં બે ગુણઠાણા હોય. પહેલી ૩-કૃષ્ણ ૧, નીલ ૨, કાપોત ૩, લેશ્યાને વિષે પહેલાં છ ગુણઠાણાં હોય. ત્રીજે કર્મ્મગ્રંથે ૪ કહ્યાં અને ઈહાં

૭ કહ્યાં તે શું? તત્રોત્તર પૂર્વપ્રતિપન્ન પાંચમા છઠ્ઠા ગુણઠાણાવંતને કૃષ્ણાદિક ત્રણ લેશ્યા પણ આવે પરંતુ કૃષ્ણાદિક ૩ લેશ્યાવંત પાંચમું છઠું ગુણઠાણું ન પામે, તે માટે વિરોધ નહીં. યત –*सम्मत्तसुअ सव्वासु । लहइ सुद्धासु तिसु य चारित्त। पुव्वपडिवन्नओ पुण, अन्नयरीए उ लेसाए ॥ १ ॥ ૧ તેજોલેશ્યા, ૨ પદ્મલેશ્યા, એ બે લેશ્યાને ૭ ગુણઠાણાં હોય. પહેલાં બે, છેલ્લાં બે અને ચોથું અવિરતિ સમ્યગ્દૃષ્ટિએ પાંચ ગુણઠાણાં અણાહારીને હોય. પહેલું, બીજું અને ચોથું ગુણઠાણું વિગ્રહ ગતિએ હોય. તેરમું કેવળિ સમુદ્ઘાતે અને ચૌદમું તો અણાહારી જ છે. એ ૬૨ માર્ગણાને વિષે ગુણઠાણાં કહ્યાં. ૨૩

માર્ગણાને વિષે યોગસંખ્યા.

સચ્ચેઅર મીસ અસચ્ચ,મોસ મણ વય વિઉવ્વિઆહારા;
ઉરલં મીસા કમ્મણ,ઇઅ જોગા કમ્મઅણાહારે ॥૨૪॥

સચ્ચ–સત્ય મનોયોગ.
ઇઅર–અસત્ય મનોયોગ.
મીસ–મિશ્ર (સત્યાસત્ય મનોયોગ)
અસચ્ચમોસમણ–અસત્યા મૃષા (વ્યવહાર) મનોયોગ
વય–વચન યોગ (ઉપર પ્રમાણે ચાર)
વિઉવ્વિ–વૈક્રિયયોગ

---

* સમ્યકત્વસામાયિક અને શ્રુતસામાયિક સર્વ લેશ્યાને વિષે પ્રાપ્ત થાય છે અને ચારિત્ર ત્રણ શુદ્ધ લેશ્યા (તેજો, પદ્મ અને શુકલ) ને વિષે પ્રાપ્ત થાય છે. વળી પૂર્વ પ્રતિપન્ન (ચારિત્ર પ્રાપ્ત થયું હોય તેવો જીવ) છમાંથી ગમે તે લેશ્યાએ હોય.

આહારા–આહારક યોગ	**ઇઅ**–એમ
ઉરલં–ઔદારિક યોગ	**જોગા**–યોગો
મીસા–ઔદારિકાદિમિશ્ર યોગ	**કમ્મ**–કાર્મણયોગ
કમ્મણ–કાર્મણ યોગ	**અણુહારે**–અનાહારી માર્ગણાએ

અર્થ—સત્ય, અસત્ય, મિશ્ર અને અસત્યામૃષા (એ ચાર ચાર પ્રકારે) મનયોગ અને વચનયોગ, વૈક્રિય કાયયોગ, ઔદારિક કાયયોગ, મિશ્રકાયયોગો (વૈક્રિયમિશ્ર, આહારકમિશ્ર ઔદારિકમિશ્ર) અને કાર્મણ કાયયોગ એ યોગો જાણવા. અણાહારી માર્ગણાએ કાર્મણ કાયયોગ હોય. ૨૪

વિવેચન—૧ સત્યમનોયોગ, ૨ અસત્યમનોયોગ, ૩ સત્યાસત્ય મનોયોગ, ૪ અસત્યામૃષામનોયોગ; એ ચાર મનના યોગ. ૫ સત્ય વચનયોગ, ૬ અસત્ય વચનયોગ, ૭ સત્યાસત્ય વચનયોગ, ૮ અસત્યામૃષા વચનયોગ; એ ચાર વચનના યોગ, એવં આઠ. ૯ વૈક્રિય કાયયોગ, ૧૦ આહારક કાયયોગ, ૧૧ ઔદારિક કાયયોગ, એ ત્રણના મિશ્ર તે ૧૨ વૈક્રિયમિશ્ર કાયયોગ, ૧૩ આહારક મિશ્ર કાયયોગ, ૧૪ ઔદારિક મિશ્ર કાયયોગ અને ૧૫ કાર્મણ કાયયોગ; એ પંદર યોગ કહીએ. યોગ તે આત્માનો વીર્ય વ્યાપાર સ્ફુરણાદિક. અણાહારીને વિષે એક કાર્મણ કાયયોગ કહીએ, વિગ્રહ ગતિએ અને કેવળિ સમુદ્ઘાતે વર્તતા જીવો અણાહારી જાણવા. ॥ ૨૪ ॥

નરગઇ પણિંદિ તસતણુ,અચક્ખુનરનપુકસાયસમ્મદુગે;
સન્નિ છલેસાહારગ,ભવમઇસુઅઓહિદુગિ સવ્વે ॥૨૫॥

નરગઇ–મનુષ્ય ગતિમાં	સન્નિ–સંજ્ઞીમાર્ગણાએ
પણિંદિ–પંચેંદ્રિયમાં	છલેસા–છલેશ્યાએ
તસ–ત્રસકાયમાં	આહારગ–આહારક માર્ગણાએ
તણુ–કાય યોગમાં	ભવ–ભવ્યમાર્ગણાએ
અચખ્ખુ–અચક્ષુ દર્શનમાં	મઇ–મતિજ્ઞાન માર્ગણાએ
નર–પુરૂષ વેદમાં	સુઅ–શ્રુતજ્ઞાન માર્ગણાએ
નપુ–નપુંસક વેદમાં	ઓહિદુગિ–અવધિજ્ઞાન તથા અવધિદર્શનમાર્ગણાએ
કસાય–કષાયમાં	
સમ્મદુગે–સમ્યકૂત્વદ્વિકે	સવ્વે–સર્વ (યોગો હોય)

અર્થ—મનુષ્યગતિ, પંચેંદ્રિયજાતિ, ત્રસકાય, કાયયોગ, અચક્ષુદર્શન, પુરૂષવેદ, નપુંસકવેદ, કષાયમાર્ગણા અને સમ્યક્ત્વદ્વિક (ક્ષાયોપશમિક-ક્ષાયિક) ને વિષે તેમજ સંજ્ઞી, છલેશ્યા, આહારી, ભવ્ય, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિદ્વિકનેવિષે સર્વ યોગ હોય. ૨૫

વિવેચન—૧ મનુષ્યગતિ, ૨ પંચેંદ્રિય, ૩ ત્રસકાય, ૪ કાયયોગી, ૫ અચક્ષુદર્શની, ૬ પુરૂષવેદી, ૭ નપુંસકવેદી, ૮-૧૧ ચાર કષાયવાળા, ૧૨ ક્ષાયોપશમિક સમ્યક્ત્વી, ૧૩ ક્ષાયિક સમ્યકત્વી, ૧૪ સંજ્ઞી, ૧૫-૨૦ છ લેશ્યાવંત, ૨૧ આહારી, ૨૨ ભવ્ય, ૨૩ મતિજ્ઞાની, ૨૪ શ્રુતજ્ઞાની, ૨૫ અવધિજ્ઞાની અને ૨૬ અવધિદર્શની; એ છવીશ માર્ગણાને વિષે (૧૫) પન્નર યોગ હોય. ॥ ૨૫ ॥

તિરિઇત્થિઅજયસાસણ,અનાણઉવસમઅભવ્વમિચ્છેસુ;
તેરાહારદુગૂણા,તે ઉરલદુગૂણ સુરનિરએ ॥ ૨૬ ॥

તિરિ–તિર્યંચગતિમાર્ગણાએ	મિચ્છેસુ–મિથ્યાત્વમાર્ગણાએ
ઇત્થિ–સ્રીવેદ માર્ગણાએ	તેર–તેર (યોગ હોય)
અજય–અવિરતિમાર્ગણાએ	આહારદુગુણા–આહારક દ્વિકરહિત
સાસણ–સાસ્વાદન માર્ગણાએ	તે–તે (તેર યોગ)
અનાણ–ત્રણઅજ્ઞાન માર્ગણાએ	ઉરલદુગૂણ–આહારિકાદ્વક વિના
ઉવસમ–ઔપશમિકસમ્યક્ત્વ માર્ગણાએ	સુરનિરએ–દેવતા અને નારકીને વિષે
અભવ્વ–અભવ્ય માર્ગણાએ	

અર્થ—તિર્યંચગતિ, સ્રીવેદ, અવિરતિ ચારિત્ર, સાસ્વાદન સમ્યકત્વ, ત્રણ અજ્ઞાન, ઉપશમ સમ્યકત્વ, અભવ્ય અને મિથ્યાત્વને વિષે આહારકદ્વિકરહિત તેર યોગ હોય. દેવતા અને નારકીને વિષે તે ઔદારિકદ્વિક વિના (અગ્યાર યોગ) હોય. ૨૬

વિવેચન—તિર્યંચગતિ, સ્રીવેદી,[1] અવિરતિ, સાસ્વાદન સમ્યકત્વી, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, વિભંગજ્ઞાની, ઉપશમ સમ્યકત્વી, અભવ્ય અને મિથ્યાત્વી એ દશ દ્વારને વિષે આહારકદ્વિક વિના (૧૩) તેર યોગ હોય એટલે આહારક કાયયોગ અને આહારકમિશ્રકાયયોગ એ બે યોગ[1] ન હોય. તે મધ્યેથી વળી ઔદારિકમિશ્ર કાયયોગ વિના

૧ આહારક દ્વિક ચૌદ પૂર્વી મુનિનેજ પ્રાપ્ત થાય છે માટે આ દશ માર્ગણાને વિષે ન હોય. સ્રીઓને દૃષ્ટિવાદ સૂત્ર ભણવાનો નિષેધ હોવાથી ચૌદ પૂર્વનો અભ્યાસ તેને નથી તેથી તેને આહારક દ્વિક ન હોય. તુચ્છ સ્વભાવવાળી, બહુ ગારવવાળી, ચપલ ઇંદ્રિયવાળી અને બુદ્ધિએ હીન હોવાથી અતિશયવાળા અધ્યયનો અને ભૂતાવાદ ભણવાનો સ્રીને અધિકાર નથી.

શેષ અગ્યાર યોગ દેવતા તથા નારકીને વિષે હોય, કારણ કે તેમને ઔદારિક શરીર ન હોય. અહીંઆ ઓપશમિક સમ્યકત્વીને તેર યોગ કહ્યા પણ ઔદારિકમિશ્ર, વૈક્રિયમિશ્ર અને કાર્મણ એ ત્રણ યોગ ઘટે નહીં, શેષ દશાજ ઘટે. જે માટે ઉપશમ સમ્યકત્વવંત થકો મરે નહીં ત્યારે એ ત્રણ યોગ કેમ હોય? કદાચિત્ મતાંતરે ઉપશમ શ્રેણીએ ઉપશમ સમ્યકત્વી મરી અનુત્તર વિમાને જાય તો વૈક્રિયમિશ્ર અને કાર્મણ કાયયોગ પામીએ પણ ઔદારિકમિશ્રકાયયોગનું ઠામ તો કયાંઇ લાધે નહીં, એ વિચારવા યોગ્ય છે. ૨૬

કમ્મુરલદુગં થાવરિ,તે સવિઉવ્વિદુગ પંચ ઇગિ પવણે;
છ અસન્નિ ચરિમવઇજુઅ,તે વિઉવદુગૂણ ચઉ વિગલે ૨૭

કમ્મુરલદુગં–કાર્મણ તથા ઔદારકદ્વિક	છ–છ યોગ
થાવરિ–સ્થાવર કાયમાં	અસન્નિ–અસન્નિ માર્ગણાને વિષે
તે–તે (ત્રણ) યોગ	ચરિમ–છેલા
સવિઉવ્વિદુગ–વૈક્રિયદ્વિક સહિત કરતાં	વઇજુઅ–વચનયોગ યુક્ત
પંચ–પાંચયોગ	વિઉવદુગૂણ–વૈક્રિયદ્વિક ઉણા કરતાં
ઇગિ–એકેંદ્રિયને વિષે	ચઉ–ચાર યોગ
પવણે–વાઉકાયને વિષે	વિગલે–વિકલેંદ્રિયને વિષે

અર્થ—કાર્મણ કાયયોગ અને ઔદારિકદ્વિક (એ ત્રણ યોગ) સ્થાવરને વિષે હોય. તે (ત્રણ યોગ) વૈક્રિયદ્વિક સહિત એટલે પાંચ યોગ એકેંદ્રિય જાત અને વાઉકાયને

વિષે હોય. છેલ્લા વચન (અસત્યામૃષા) યોગ સહિત ૭ યોગ અસંજ્ઞીને વિષે હોય. તે (૭ યોગ) વૈક્રિયદ્વિક રહિત ચાર યોગ વિકલેંદ્રિયને વિષે હોય. ૨૭

વિવેચન—૧ કાર્મણ, ૨ ઔદારિક, ૩ ઔદારિકમિશ્ર, એ ત્રણ યોગ-પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, અને વનસ્પતિકાય એ ચાર સ્થાવરને વિષે હોય. તે કાર્મણ, ઔદારિક અને ઔદારિકમિશ્રકાય યોગને વૈક્રિય અને વૈક્રિયમિશ્રકાયયોગે સહિત કરીએ એટલે પાંચ યોગ એકેંદ્રિય અને વાયુકાયને વિષે હોય. એ પાંચ યોગ અસત્યામૃષા વચન યોગે સહિત એવં ૭ યોગ અસંજ્ઞીને વિષે હોય; વાયુ[1] સહિત માટે. તે ૭ યોગ મધ્યેથી વૈક્રિયદ્વિકે ઉણા એટલે ઔદારિક, ઔદારકમિશ્ર, કાર્મણ અને અસત્યામૃષા વચન યોગ એ ચાર યોગ-બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિયને વિષે હોય. ॥ ૨૭ ॥

કમ્મુરલમીસવિણુ મણ,વઇસમઇઅછેઅચખ્ખુમણનાણે;
ઉરલદુગ કમ્મ પઢમં,-તિમમણવઇ કેવલદુગંમિ ॥૨૮॥

કમ્મ-કાર્મણ
ઉરલમીસ-ઔદારિકમિશ્ર
વિણુ-વિના (તેર)
મણ-મનયોગે
વઇ-વચનયોગે
સમઇઅ-સામાયક ચારિત્રે
છેઅ-છેદોપસ્થાપનીયચારિત્રે
ચખ્ખુ-ચક્ષુદર્શને
મણનાણે-મનઃપર્યવજ્ઞાને
ઉરલદુગ-ઔદારિકદ્વિક
કમ્મ-કાર્મણ
પઢમંતિમ-પહેલા અને છેલ્લાં
મણવઇ-મનયોગ તથા વચનયોગ
કેવલદુગંમિ-કેવળદ્વિકે(હોય.)

---

૧ કેટલાક વાઉકાયને વૈક્રિય શરીર હોવાથી વૈક્રિય અને વૈક્રિય મિશ્ર યોગ ગણ્યા.

અર્થ—મનયોગ, વચનયોગ, સામાયિક ચારિત્ર, છેદોપસ્થાપનીય ચારિત્ર, ચક્ષુદર્શન અને મનઃપર્યંવ જ્ઞાનને વિષે કાર્મણુ અને ઔદારિકમિશ્ર વિના (તેર યોગ) હોય. કેવળદ્વિકને વિષે ઔદારિકદ્વિક, કાર્મણુ કાયયોગ અને પહેલા છેલ્લા મન-વચન યોગ હોય. ૨૮

વિવેચન—કાર્મણુ કાયયોગ અને ઔદારિકમિશ્ર કાયયોગ એ બે યોગ[1] વિના શેષ ૧૩ યોગ–૧ મનોયોગી, ૨ વચનયોગી, ૩ સામાયક ચારિત્રવંત ૪, છેદોપસ્થાપનીય ચારિત્રવંત, ૫ ચક્ષુદર્શની અને ૬ મનઃપર્યવજ્ઞાની; એ છ માર્ગણા વિષે હોય. ૧ ઔદારિક કાયયોગ, ૨ ઔદારિકમિશ્ર કાયયોગ, ૩ કાર્મણુ કાયયોગ, ૪ સત્ય મનોયોગ, ૫ અસત્યામૃષામનોયોગ, ૬ સત્ય વચનયોગ અને ૭ અસત્યામૃષા વચનયોગ; એવં સાત યોગ કેવળજ્ઞાની અને કેવળદર્શનીને વિષે હોય. ॥ ૨૮ ॥

મણુવઇઉરલા પરિહારિ, સુહુમિ નવ તે ઉ મીસિ સવિઉવ્વા;
દેસે સવિઉવ્વિદુગા, સકમ્મુરલમીસ અહખાએ ॥ ૨૯ ॥

મણુવઇ–મનોયોગ તથા વચનયોગ	નવ–નવ યોગ
ઉરલા–ઔદારિક કાયયોગ	તે ઉ–તે વળી
પરિહારિ–પરિહાર વિશુદ્ધિ ચારિત્રે	મીસિ–મિશ્ર સમકિત માર્ગણાએ
સુહુમિ–સૂક્ષ્મ સંપરાય ચારિત્રે	સવિઉવ્વા–વૈક્રિયયોગ સહિત
	દેસે–દેશવિરતિ માર્ગણાએ

[1] એ બે યોગ અપર્યાપ્તાવસ્થાએ હોય છે તેથી આ છ માર્ગણાએ ન હોય, કેમકે અપર્યાપ્તાવસ્થાએ આ છ માર્ગણાના અસંભવ છે.

સવિઉવ્વિદુગા–વૈક્રિય દ્વિક સહિત	ઔદારિકમિશ્ર સહિત
સકમ્મુરલમીસ–કાર્મણ અને	અહખાએ–યથાખ્યાત ચારિત્ર માર્ગણાએ

અર્થ—મનયોગો, વચનયોગો અને ઔદારિક કાયયોગ એ નવ યોગ પરિહારવિશુદ્ધિ ચારિત્ર અને સૂક્ષ્મસંપરાય ચારિત્રને વિષે હોય. તે વળી વૈક્રિય કાયયોગ સહિત (દશ યોગ) મિશ્ર માર્ગણાએ હોય. વૈક્રિયદ્વિક સહિત (અગ્યાર) દેશવિરતિ ચારત્રે હોય. કાર્મણ અને ઔદારિકમિશ્ર કાયયોગ સહિત (અગ્યાર યોગ) યથાખ્યાત ચારિત્રને વિષે હોય. ૨૯

વિવેચન– ચાર મનના, ચાર વચનના અને ઔદારિક કાયયોગ એવં ૯ યોગ[૧], પરિહાર વિશુદ્ધિ ચારિત્રીય અને સુક્ષ્મસંપરાય સંયમી એ બેને વિષે હોય. તે નવ યોગ વૈક્રિય કાયયોગે સહીત એટલે દશ યોગ મિશ્રદૃષ્ટિને હોય. અહીંઆ વૈક્રિયમિશ્ર ન કહ્યો તે મિશ્રપણે વૈક્રિય પ્રારંભ દીસતો નથી માટે. તેજ નવ યોગ વૈક્રિયદ્વિકે સહિત એવં ૧૧ યોગ, દેશવિરતિને હોય. તેજ નવ યોગ કાર્મણ અને ઔદારિક મિશ્રે સહિત એવં ૧૧ યોગ, યથાખ્યાત ચારિ-

---

૧ ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન દશ પૂર્વી હોય તેને પરિહારવિશુદ્ધિ ચારિત્ર હોય તેથી આહારક દ્વિક તેને ન હોય. વળી અત્યંત વિશુદ્ધિએ અપ્રમત્તપણે ચારિત્રને તેઓ પાળનારા હોવાથી વૈક્રિયનો આરંભ કરે નહિ તેથી વૈક્રિયદ્વિક પણ ન હોય. સૂક્ષ્મસંપરાય ચારિત્રવાળા અત્યંત વિશુદ્ધિવડે કલ્લોલ વગરના સમૂદ્રની પેઠે સ્થિરતાવાળા હોવાથી વૈક્રિયાદિનો આરંભ કરે નહિ, તેથી તેને આહારકદ્વિક અને વૈક્રિયદ્વિક ન હોય.

ત્રીજે હોય. કાર્મણ અને ઔદારિકમિશ્ર તે કેવળિ સમુદ્ઘાતે જાણવા. એ યોગ કહ્યા. ॥ ૨૯ ॥

બાસઠ માર્ગણાને વિષે ઉપયોગ.

તિઅનાણનાણપણચઉ,દંસણબારજિઅલક્ખણુવઓગા;
વિણુ મણનાણદુકેવળ,નવ સુરતિરિનિરયઅજએસુ. ૩૦

જિઅ—જીવના
લક્ખણુ—લક્ષણરૂપ
ઉવઓગા—ઉપયોગો
વિણુ—વિના
મણનાણ—મન પર્યવજ્ઞાન
દુકેવળ—કેવળ જ્ઞાન તથા કેવળ દર્શન
નવ—નવ ઉપયોગ
સુરતિરિનિરય—દેવતા, તિર્યંચ, નારકી (અને)
અજએસુ—અવિરતિ ચારિત્ર માર્ગણાએ

અર્થ—ત્રણ અજ્ઞાન, પાંચ જ્ઞાન અને ચાર દર્શન એ બાર જીવના લક્ષણરૂપ ઉપયોગો છે. મનઃપર્યવ જ્ઞાન અને કેવળદ્વિકવિના નવ ઉપયોગ-દેવતા, તિર્યંચ, નારકી અને અવિરતિ ચારિત્રને વિષે હોય. ૩૦

વિવેચન—ત્રણ અજ્ઞાન તે ૧ મતિઅજ્ઞાન, ૨ શ્રુતઅજ્ઞાન અને ૩ વિભંગજ્ઞાન; પાંચ જ્ઞાન તે ૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન અને ૫ કેવળ જ્ઞાન; ચાર દર્શન તે ૧ ચક્ષુદર્શન, ૨ અચક્ષુદર્શન, ૩ અવધિદર્શન અને ૪ કેવળદર્શન; એવં ૩ અજ્ઞાન, ૫ જ્ઞાન અને ૪ દર્શન એ બાર ઉપયોગ તે જીવનું મુખ્ય લક્ષણ છે. યદુક્ત—*जीवो उवओगलक्खणो इतिवचनात् ત્યાં

---

*ઉપયોગ છે લક્ષણ જેનુ તે જીવ જાણવો.

૫ જ્ઞાન, ૩ અજ્ઞાન, એ આઠ તે સાકાર ઉપયોગ અને ૪ દર્શન તે નિરાકારઉપયોગ કહીએ. તિહાં ૧ મનઃપર્યવજ્ઞાન, ૨ કેવળજ્ઞાન, ૩ કેવળદર્શન, એ ત્રણ વિના શેષ ૯ ઉપયોગ–૧ દેવતા, ૨ નારકી, ૩ અસંયત ચારિત્ર અને ૪ તિર્યંચ એ ચારને વિષે હોય. ॥ ૩૦ ॥

તસ જોઅ વેઅ સુક્કા–હાર નર પણિંદિ સન્નિ ભવિ સવ્વે;
નયણેઅર પણ લેસા, કસાય દસ કેવળદુગૂણા ॥ ૩૧ ॥

તસ–ત્રસકાયમાં
જોઅ–ત્રણયોગમાં
વેઅ–ત્રણવેદમાં
સુક્ક–શુકલલેશ્યાએ
આહાર–આહારી માર્ગણાએ
નર–મનુષ્યગતિમાં
પણિંદિ–પંચેંદ્રિય જાતિમાં
સન્નિ–સંજ્ઞીમાર્ગણામાં
ભવિ–ભવ્ય માર્ગણામાં
સવ્વે–સર્વ ઉપયોગ (હોય.)
નયણેઅર–ચક્ષુદર્શને, અચક્ષુ દર્શને
પણલેસા–પાંચ લેશ્યાએ
કસાય–કષાયે
દસ–દશ ઉપયોગ
કેવલદુગૂણા–કેવળદ્વિક રહિત

અર્થ—ત્રસકાય, યોગ, વેદ, શુકલલેશ્યા, આહારી, મનુષ્યગતિ, પંચેંદ્રિયજાતિ, સંજ્ઞી અને ભવ્ય માર્ગણાને વિષે સર્વ ઉપયોગ હોય. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, પાંચ લેશ્યા અને કષાયમાર્ગણાને વિષે કેવળદ્વિક રહિત દશ ઉપયોગ હોય. ૩૧

વિવેચન—૧ ત્રસકાય, ૨-૪ ત્રણયોગ, ૫-૭ ત્રણવેદ, ૮ શુક્લ લેશ્યા, ૯ આહારી, ૧૦ મનુષ્યગતિ, ૧૧ પંચેંદ્રિય, ૧૨ સંજ્ઞી અને ૧૩ ભવ્ય; એ તેર માર્ગણાને વિષે ૧૨ ઉપયોગ હોય. અહીંઆ ૩ વેદને તો ઉપયોગ ૧૦ હોય અને નવ ગુણઠાણાં લગેજ વેદોદય હોય, તો કેવળદ્વિક ક્યાંથી હોય? પણ અહીંઆ ગ્રંથકારે વેદને લિંગાકાર માત્રજ વિવક્ષ્યો છે તે માટે તેને કેવળદ્વિક પણ હોય. જેમ "ઇત્થિલિંગ સિદ્ધા પુરિસલિંગ સિદ્ધા" તેમ આ પણ જાણવું. નયન તે ૧ ચક્ષુ દર્શની, ઇતર તે ૨ અચક્ષુ દર્શની, ૩-૭ કૃષ્ણાદિ પાંચ લેશ્યા (કૃષ્ણ, નીલ, કાપોત, તેજો અને પદ્મ), ૮-૧૧ ચાર કષાય, એવં ૧૧ માર્ગણાએ કેવળદ્વિક વિના ૧૦ ઉપયોગ હોય. ॥ ૩૧ ॥

ચઉરિંદિઅસન્નિદુઅન્નાણદુદંસઇગબિતિથાવરિઅચક્ખુ
તિઅનાણ દંસણદુગં, અનાણતિગિ અભવિ મિચ્છદુગે.૩૨

ચઉરિંદિ—ચોરિંદ્રિયમાં	તિઅનાણ—ત્રણ અજ્ઞાન
અસંનિ—અસન્નિમાં	દંસણદુગં—બેદર્શન
દુ અન્નાણ—બે અજ્ઞાન	અનાણતિગિ—ત્રણ અજ્ઞાન માર્ગણાએ
દુદંસ—બે દર્શન	અભવિ—અભવ્ય માર્ગણાએ
ઇગબિતિ—એકેંદ્રિય, બેઇંદ્રિય અને તેઇંદ્રિયમાં	મિચ્છદુગે—મિથ્યાત્વ તથા સાસ્વાદને
થાવરિ—પાંચે સ્થાવરમાં	
અચક્ખુ ચક્ષુદર્શનવિના (ત્રણ)	

અર્થ—ચોરિંદ્રિય અને અસંજ્ઞીને વિષે બે અજ્ઞાન (મતિ-શ્રુત અજ્ઞાન) અને બે દર્શન (ચક્ષુ-અચક્ષુ દર્શન)

હોય. એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય અને સ્થાવરકાયને વિષે ચક્ષુદર્શન વિના (ત્રણ ઉપયોગ) હોય. ત્રણ અજ્ઞાન, અભવ્ય અને મિથ્યાત્વદ્વિકનેવિષે ત્રણ અજ્ઞાન અને બે દર્શન હોય. ૩૨

વિવેચન—૧ ચૌરિંદ્રિય, ૨ અસંજ્ઞી, એ બેને વિષે બે અજ્ઞાન તે મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને બે દર્શન તે ચક્ષુ દર્શન અને અચક્ષુ દર્શન એ ચાર ઉપયોગ હોય. ૧ એકેંદ્રિય, ૨ બેઇંદ્રિય, ૩ તેઇંદ્રિય અને ૪-૮ પાંચ સ્થાવર એવં આઠ માર્ગણાને વિષે બે અજ્ઞાન અને એક અચક્ષુ દર્શન એવં ત્રણ ઉપયોગ હોય. ત્રણ અજ્ઞાન, ચક્ષુ દર્શન અને અચક્ષુ દર્શન એવં ૫ ઉપયોગ તે ૧-૩ ત્રણ અજ્ઞાન, ૪ અભવ્ય, ૫ મિથ્યાત્વી અને ૬ સાસ્વાદની એ છ માર્ગણાને વિષે જાણવા. અહીંઆ પણ સાસ્વાદનીને અજ્ઞાન કહ્યાં અને સિદ્ધાંતે બે જ્ઞાન કહ્યાં તે સંદેહ અને વિભંગ જ્ઞાનીને અહીંઆ અવધિદર્શન ન કહ્યું તે પણ સંદેહ છે. ॥ ૩૨ ॥

કેવલદુગે નિઅદુગં,નવ તિઅનાણુવિણુ ખઇઅઅહખાએ;
દંસણનાણતિગં દેસિ,મીસિ અન્નાણમીસં તં ॥ ૩૩ ॥

કેવલદુગે—કેવલદ્વિકે	દંસણનાણતિગં—ત્રણદર્શન તથા ત્રણજ્ઞાન
નિઅદુગં—નિજદ્વિક	દેસિ—દેશવિરતિ માર્ગણાએ
નવ—નવ ઉપયોગ	મીસિ—મિશ્ર માર્ગણાએ
તિઅનાણુવિણુ—ત્રણ અજ્ઞાનવિના	અન્નાણમીસં—અજ્ઞાને કરી મિશ્ર.
ખઇઅ—ક્ષાયક સમકિતે	તં—તે (છ)
અહખાએ-યથાખ્યાત ચારિત્રે	

અર્થ—કેવળદ્વિકે પોતાનું દ્વિક (કેવળ જ્ઞાન-દર્શન) હોય. ક્ષાયિક સમ્યકત્વ અને યથાખ્યાત ચારિત્રે ત્રણ અજ્ઞાન વિના નવ ઉપયોગ હોય. દેશવિરતિએ ત્રણ દર્શન અને ત્રણ જ્ઞાન હોય. મિશ્ર માર્ગણાને વિષે તે (૭ ઉપયોગ) અજ્ઞાને મિશ્રિત હોય. ૩૩

વિવેચન—કેવળજ્ઞાની અને કેવળ દર્શની એ બેને વિષે નિજદ્વિક તે ૧ કેવળ જ્ઞાન અને ૨ કેવળ દર્શન એજ બે ઉપયોગ હોય, શેષ ૧૦ ઉપયોગ ન હોય. કેવળજ્ઞાન ઉત્પન્ન થયે બીજાં છાદ્મસ્થિક જ્ઞાન રહે નહીં. 'नट्ठम्मिअ-छाउमत्थिए नाणे'* इति वचनात् ॥ ત્રણ અજ્ઞાન વિના શેષ ૯ ઉપયોગ ક્ષાયિક સમ્યકત્વી અને યથાખ્યાત ચારિત્રી એ બેને વિષે હોય. ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન એ ૭ ઉપયોગ દેશ વિરતિને વિષે હોય. મિશ્રદૃષ્ટિને એજ ૭ ઉપયોગ હોય પણ ત્રણ જ્ઞાન તે અજ્ઞાને મિશ્રિત હોય, શુદ્ધ ન હોય. અહીંઆ મિશ્રને અવધિ દર્શન કહ્યું, તે સિદ્ધાંતનો અભિપ્રાય લીધો અન્યથા "અજયાઈ નવ મઈસુ ઓહિદુગે" ત્યાં પોતેજ અવધિ દર્શનને મિશ્રગુણઠાણું નથી કહ્યું. ॥૩૩॥

મણનાણચક્ખુવજ્જા, અણહારે તિન્નિદંસ ચઉનાણા;
ચઉનાણસંજમોવસમ,—વેઅગે ઓહિદંસે અ ॥ ૩૪ ॥

મણનાણ—મનઃપર્યવજ્ઞાન	ચઉનાણ—ચાર જ્ઞાન અને
ચક્ખુ—ચક્ષુદર્શન	સંજમ—ચાર સંયમને વિષે
વજ્જા—વર્જીને	ઉવસમ—ઉપશમ સમ્યકત્વે
અણહારે—અણાહાર માર્ગણાએ	વેઅગે—વેદક સમ્યકત્વે
તિન્નિદંસ—ત્રણ દર્શન	ઓહિદંસે—અવધિદર્શને

---

* છાદ્મસ્થિક જ્ઞાન નષ્ટ થયે છતે કેવળજ્ઞાન થાય.

અર્થ—મનઃપર્યવ જ્ઞાન અને ચક્ષુ દર્શન વર્જીને (દશ ઉપયોગ) અણાહારીને હોય. ચાર જ્ઞાન, ચાર સંયમ, ઉપશમ સમ્યક્ત્વ, વેદક સમ્યક્ત્વ અને અવધિ દર્શનને વિષે ત્રણ દર્શન અને ચાર જ્ઞાન હોય. ૩૪

વિવેચન—મનઃપર્યવજ્ઞાન અને ચક્ષુદર્શન એ બે વર્જીને શેષ ૧૦ ઉપયોગ અણાહારીને વિષે હોય; વિગ્રહગતિએ તથા કેવળિ સમુદ્ઘાતે અણાહારી હોય, તિહાં મનઃપર્યવજ્ઞાન અને ચક્ષુ દર્શનનો સંભવ નથી માટે. ત્રણ દર્શન અને ચાર જ્ઞાન એવં ૭ ઉપયોગ તે-૧ મતિજ્ઞાન, ૨ શ્રુત જ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મન પર્યવજ્ઞાન, ૫ સામાયિકચારિત્ર, ૭ છેદોપસ્થાપનીય ચારિત્ર, ૭ પરિહારવિશુદ્ધિ ચારિત્ર, ૮ સૂક્ષ્મસંપરાય ચારિત્ર, ૯ ઉપશમ સમ્યક્ત્વ, ૧૦ વેદક તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અને ૧૧ અવધિદર્શન; એ અગ્યાર માર્ગણાને વિષે હોય ॥ ૩૪ ॥

દો તેર તેર બારસ, મણે કમા અટ્ઠ દુ ચઉ ચઉ વયણે;
ચઉ દુ પણ તિન્નિ કાયે, જિઅગુણજોગોવઓગન્ને ॥૩૫॥

દો—બે જીવ સ્થાનક	પણ—પાંચ
તેર—તેર ગુણઠાણા	તિન્નિ—ત્રણ
તેર—તેર યોગ	કાએ—કાયયોગે
બારસ—બાર ઉપયોગ	જિઅ—જીવસ્થાન
મણે—મન યોગને વિષે	ગુણ—ગુણસ્થાન
કમા—અનુક્રમે	જોગ—યોગ
અટ્ઠ—આઠ	ઉવઓગ—ઉપયોગ
ચઉ—ચાર	અન્ને—બીજા આચાર્ય કહે છે.
વયણે—વચન યોગે	

અર્થ—મનોયોગે બે, તેર, તેર અને બાર; વચનયોગે આઠ, બે, ચાર અને ચાર; કાયયોગે ચાર, બે, પાંચ અને ત્રણ; એમ અનુક્રમે જીવસ્થાન, ગુણસ્થાનક, યોગ અને ઉપયોગ હોય; એમ અન્ય આચાર્ય કહે છે. ૩૫

વિવેચન—હવે ત્રણ યોગને વિષે જીવસ્થાન, ગુણસ્થાન, યોગ અને ઉપયોગ આશ્રયીને મતાંતર કહે છે. પૂર્વે યોગ કહ્યા તેમાં કાયયોગ સર્વ જીવને કહ્યો, વચનયોગ બેઇંદ્રિયાદિક સર્વને કહ્યો અને મનોયોગ સંજ્ઞી પંચેંદ્રિયને કહ્યો. પણ અહીંઆ મતાંતરે અનેરા આચાર્ય કહે છે જે એક યોગ હોય તેને બીજો યોગ ન કહીએ. સંજ્ઞી પંચેંદ્રિયને મનોયોગ છે, તેને વચનયોગ કાયયોગ નહીં. વિકલેંદ્રિય અને અસંજ્ઞી પંચેંદ્રિયને વચનયોગ એકજ અને એકેંદ્રિયને કાયયોગ એકજ કહીએ; ત્યારે તેમને મતે મનોયોગીને જીવના ભેદ ૧ સંજ્ઞી પર્યાપ્તો, ૨ અપર્યાપ્તો, એ બે હોય; ગુણઠાણાં ૧૩ હોય; ૧ ઔદારિકમિશ્ર, ૨ કાર્મણ એ બે વિના યોગ તેર હોય, કારણ કે એ બે તો ઉપજતાં તથા કેવળિ સમુદ્ઘાતે હોય અને ત્યાં મનોયોગ ન હોય તે માટે અને ઉપયોગ બાર હોય. વચનયોગીને જીવના ભેદ ૮ તે બેઇંદ્રિયના ૨, તેઇંદ્રિયના ૨, ચૌરિંદ્રિયના ૨ અને અસંજ્ઞી પંચેંદ્રિયના ૨, એવં ૮ ભેદ હોય; ગુણઠાણાં ૨ હોય; યોગ ચાર તે ૧ ઔદારિક, ૨ ઔદારિકમિશ્ર, ૩ કાર્મણ અને ૪ અસત્યામૃષાવચન એવં ૪ હોય; ઉપયોગ ૪ તે બે અજ્ઞાન અને બે દર્શન એવં ચાર હોય. કાયયોગીને જીવના ભેદ ચાર—એકેંદ્રિય સુક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તા એવં ચાર હોય; ગુણઠાણાં ૨—પહેલું અને બીજું હોય; યોગ પાંચ તે ઔદારિકદ્વિક વૈક્રિયદ્વિક અને કાર્મણ કાયયોગ એવં પાંચ,

હોય; ઉપયોગ ત્રણ તે બે અજ્ઞાન અને અચક્ષુ દર્શન એવં ત્રણ હોય; એ પ્રકારે જીવના ભેદ, ગુણઠાણાં, યોગ અને ઉપયોગ અનેરા આચાર્ય કહે છે. ત્રણ યોગને વિષે એ મતાંતર માંહે તો પ્રત્યક્ષ દોષ દીસે છે–કેમકે મનોયોગીને જીવના ભેદ બે કહ્યા, તે અપર્યાપ્તાને મન કેમ હોય? મન-પર્યાપ્તિ બાંધે ત્યારે મનોયોગી થાય અને તે તો પર્યાપ્તો કહેવાય અને કદાચિત્ મનલબ્ધિવંત અપર્યાપ્તાને મન કહીએ તો તેને યોગ ૧૫ જોઈએ. ઔદારિકમિશ્ર અને કાર્મણ શા માટે ન હોય, એ દોષ; તથા વચનયોગીને પણ જીવના ભેદ આઠ કહ્યા તે કેમ ઘટે? અપર્યાપ્તાને ભાષાપર્યાપ્તિ પૂરી કર્યા વિના વચનયોગ કેમ કહીએ? એ પણ દોષ. ॥૩૫॥

બાસઠ માર્ગણાને વિષે લેશ્યા.

છસુ લેસાસુ સઠાણું, એગિંદિઅસન્નિભૂદગવણેસુ;
પઢમા ચઉરો તિન્નિઉ, નારયવિગલગ્ગિપવણેસુ ॥૩૬॥

છસુલેસાસુ–છ લેશ્યા દ્વારે	પઢમાચઉરો–પ્રથમની ચાર લેશ્યા
સઠાણું–સ્વસ્થાન (પોતપોતાની લેશ્યા)	તિન્નિઉ–ત્રણ લેશ્યા
એગિંદિ–એકેંદ્રિયમાં	નારય–નારકીમાં
અસન્નિ-અસંજ્ઞીમાં	વિગલ–વિકલેંદ્રિયમાં
ભૂ–પૃથ્વીકાયમાં	અગ્ગિ–અગ્નિકાયમાં
દગ–અપ્કાયમાં	પવણેસુ–વાઉકાયમાં
વણેસુ–વનસ્પતિકાયમાર્ગણાએ	

અર્થ—છ લેશ્યા માર્ગણાને વિષે પોતપોતાની લેશ્યા

હોય. એકેંદ્રિય, અસંજ્ઞી, પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયને વિષે પહેલી ચાર લેશ્યા હોય. નારકી, વિકલેંદ્રિય, તેઉકાય અને વાઉકાયને વિષે ત્રણ લેશ્યા હોય. ૩૬

વિવેચન—લેશ્યા માર્ગણાએ ૭ એ લેશ્યાને વિષે સ્વ સ્થાને આપઆપણી એકેકી લેશ્યા હોય. ૧ એકેંદ્રિય, ૨ અસંજ્ઞી, ૩ પૃથ્વીકાય, ૪ અપ્કાય, અને ૫ વનસ્પતિકાય; એ પાંચને વિષે ધુરલી (પહેલી) ચાર લેશ્યા હોય. તીહાં કૃષ્ણ, નીલ, કાપોત એ ત્રણ લેશ્યા તો ભવપ્રત્યયી સદાય હોય. અને તેજો લેશ્યાવંત દેવતા મરીને એકેંદ્રિયમાં ઉપજે ત્યારે ઉપજતાં થોડી વેળા લગે તેજો લેશ્યા હોય. ધુરલી (પહેલી) ત્રણ લેશ્યા—૧ નારકી, ૨-૪ વિકલેદ્રિય, ૫ તેઉકાય અને ૬ વાયુકાય; એ ૭ માર્ગણાને વિષે હોય. ॥ ૩૬ ॥

અહખાયસુહુમકેવલ,—દુગિ સુક્કા છાવિ સેસઠાણેસુ;
નરનિરયદેવતિરિઆ, થોવા દુ અસંખણંતગુણા ॥૩૭॥

અહખાય—યથાખ્યાત ચારિત્રે	નિરય—નારકી
સુહુમ—સૂક્ષ્મસંપરાયચારિત્રે	દેવ—દેવ
કેવલદુગિ—કેવળજ્ઞાનઅને દર્શને	તિરિઆ—તિર્યંચ
સુક્કા—શુકલલેશ્યાએ	થોવા—થોડા
છાવિ—૭ એ લેશ્યા	દુ—બે
સેસઠાણેસુ—બાકીના (૪૧ માર્ગણા) સ્થાનકે	અસંખ—અસંખ્યાતગુણા
નર—મનુષ્ય	અણંતગુણા—અનંતગુણા

અર્થ—યથાખ્યાત ચારિત્ર, સૂક્ષ્મસંપરાય ચારિત્ર અને કેવળદ્વિકને વિષે શુક્લ લેશ્યા હોય. બાકીની માર્ગણા (૪૧) ને વિષે છએ લેશ્યા હોય. મનુષ્ય થોડા હોય, નારકી અને દેવતા અસંખ્યાત ગુણા હોય અને તિર્યંચ તેથી અનંત ગુણા હોય. ૩૭

વિવેચન—૧ યથાખ્યાત ચારિત્ર, ૨ સુક્ષ્મસંપરાય ચારિત્ર, ૩ કેવળજ્ઞાન અને ૪ કેવળ દર્શન; એ ચાર માર્ગણાને વિષે એક શુક્લ લેશ્યા હોય અને શેષ ૪૧ માગણાને[1] વિષે છ એ લેશ્યા હોય. એ લેશ્યાદ્વાર કહ્યું. હવે ૬૨ માગણાસ્થાનકને વિષે અલ્પ બહુત્વ કહે છે, તિહાં પ્રથમ ગતિ ૪ માહે સર્વથી થોડા મનુષ્ય છે. તે કેમ ? મનુષ્ય બે ભેદે છે-૧ સમુર્છિમ અને ૨ ગર્ભજ. તેમાં સમુર્છિમ તે ગર્ભજ મનુષ્યના મળ, મૂત્ર, શુક્ર, શોણિત, માંસ, પરૂ અને કલેવર પ્રમુખ, અપવિત્ર ૧૪ સ્થાનકને વિષે ઉપજે છે. તે અંતર્મુહૂર્ત્તાયુવાળા છે અને ચર્મચક્ષુએ દેખાતા નથી. તેને જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટપણે ૨૪ મુહુર્તે ઉપજવા ચ્યવવાનો વિરહકાળ હોય અને તે અંતર્મુહૂર્ત્તે નિર્લેપ થાય. તે માટે સમુર્છિમ મનુષ્ય કોઈ વખત હોય પણ ખરા અને કોઈ વખતે ન પણ હોય, અને ગર્ભજ મનુષ્ય તો સદૈવ હોય જ. તે સંખ્યાતાજ હોય પણ અસંખ્યાતા ન હોય. તિહાં

---

[1] દેવગતિ, મનુષ્ય ગતિ, તિર્યંચગતિ, ૫ ચેંદ્રિય, ત્રણ યોગ, ત્રસકાય, ત્રણ વેદ, ચાર કષાય, સાત જ્ઞાન, પાંચ સંયમ, ત્રણ દર્શન, ભવ્ય અભવ્ય, ૭ સમ્યકત્વ, સંજ્ઞી, આહારી અને અણાહારી એ ૪૧ માર્ગણાને વિષે છ લેશ્યા હોય. અભવ્યાદિકને અશુદ્ધ પરિણામ હોવાથી અશુદ્ધ લેશ્યા હોવી જોઈએ પરંતુ વ્યવહારે શુભ પ્રવૃત્તિએ કરીને અને શુદ્ધદ્રવ્યક્રિયાએ કરીને અભવ્ય નવમા ગ્રૈવેયક સુધી જાય તે માટે એને શુક્લ લેશ્યા કહી છે

સંખ્યાતાના સંખ્યાતા ભેદ છે તે માટે મનુષ્ય કેટલા છે તેનું વિવેચન કહે છે જે-કોઇક રાશિ તેજ રાશિ સાથે ગુણીએ તે વર્ગ કહીએ. તિહાં એકનો તો વર્ગ ન હોય, एकेन गणितं तदेव इतिवचनात्[1] તે માટે બેનો વર્ગ ચાર એ પહેલો વર્ગ; ચારનો વર્ગ ૧૬ એ બીજો વર્ગ; સોળનો વર્ગ ૨૫૬ એ ત્રીજો વર્ગ; એનો વર્ગ ૬૫૫૩૬ એ ચોથો વર્ગ; એનો વર્ગ ૪૨૯૪૯૬૭૨૯૬ એ પાંચમો વર્ગ; એનો વર્ગ ૧૮૪૪૬૭૪૪૦૭૩૭૦૯૫૫૧૬૧૬ એ છઠ્ઠો વર્ગ; छट्ठो वग्गो पचमवग्गपडुपन्नो इति प्रज्ञापनावचनात् માટે છઠ્ઠો વર્ગ તે પાંચમા વર્ગ સાથે ગુણીએ ત્યારે ૭, ૯૨, ૨૮, ૧, ૬૨, ૫૧, ૪૨, ૬, ૪૩, ૩૭, ૫૯, ૩, ૫૪, ૩૯, ૫૦, ૩, ૩૬, થયા. એ અંક બોલવાની યુક્તિ પ્રાચીન રીતે આ પ્રમાણે છે-સાત કોડાકોડી કોડાકોડી, બાણુલાખ કોડાકોડી કોડી, અઠ્ઠાવીશ હજાર કોડાકોડી કોડિ, એકસો કોડાકોડી કોડી, બાસઠ કોડાકોડી કોડી, એકાવન લાખ કોડાકોડી, બેંતાળીશ હજાર કોડાકોડી, છશે કોડા કોડી, ત્રેંતાળીશ કોડાકોડી, સાડત્રીશ લાખ કોડા, ઓગણ સાઠ હજાર કોડી, ત્રણશે કોડી, ચોપન કોડી, ઓગણચાળીશ લાખ પચાસ હજાર ત્રણશેં અને છત્રીશ, અથવા એકડાને છન્નુંવાર ઠાણ બમણો કરીએ[2] તો પણ એજ રાશિ થાય. छन्नवइ छेअणगदायरासि इति वचनात् એટલા જઘન્ય પદે ગર્ભજ મનુષ્ય હોય અને જયારે સમૂર્છિમ હોય ત્યારે ઉત્કૃષ્ટપદે અસંખ્યાતા હોય. અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણીના સમય જેટલા. એટલે ક્ષેત્ર થકી સાત રાજ પ્રમાણ ઘનીકૃત લોકની એક પ્રદેશની શ્રેણિના અંગુલ

---

૧ એકે ગુણતા, હોય તેજ આવે, માટે એકનો વર્ગ ન થાય.

૨ એક દુ બે, બે દુ ચાર, ચાર દુ આઠ, એમ અનુક્રમે છન્નુવખત બમણા કરતા જવુ.

પ્રમાણ ક્ષેત્રને વિષે જેટલા પ્રદેશ હોય તેના પ્રથમ વર્ગમૂળ ને,ત્રીજાવર્ગ મૂળના પ્રદેશ સાથે ગુણીએ તે ગુણતાં જેટલા પ્રદેશ થાય તેટલા પ્રદેશનું એકેક ખંડુક કલ્પીએ, ઈહાં અંગુલ પ્રમાણ સૂચી ક્ષેત્રને વિષે આકાશપ્રદેશ અસંખ્યાતા છે. પણ અસત્કલ્પનાએ ૨૫૬ કલ્પીએ, તેનું વર્ગમૂળ ૧૬, બીજું ૪ અને ત્રીજું બે. પહેલું વર્ગમૂળ ત્રીજા વર્ગમૂળ સાથે ગુણીએ ત્યારે ૩૨ થયા, એટલા પ્રદેશનું ખંડુક લેવું. હવે એકેક ખંડુકે એકેક મનુષ્ય અપહરતાં જો એક મનુષ્ય અધિકું હોત તો સમગ્ર એક શ્રેણિ અપહરાત એટલાજ ઉત્કૃષ્ટપદે સમુર્છિમ અને ગર્ભજ બંને મળીને મનુષ્ય હોય તે માટે નારકી પ્રમુખ સર્વ થકી મનુષ્ય થોડા હોય. તે મનુષ્ય થકી નારકી અસંખ્યાત ગુણા અધિકા હોય, કાળ થકી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણીના સમય જેટલા છે. ક્ષેત્રથકી પ્રતરને અસંખ્યાતમે ભાગે અસંખ્યાતી શ્રેણીના જેટલા આકાશ પ્રદેશ હોય તેટલા છે. તે કેમ? અંગુલ પ્રમાણ પ્રતર ક્ષેત્રને વિષે જેટલી શ્રેણી હોય તેના વર્ગમૂળ અસંખ્યાતા ઉઠે, ત્યાં પહેલું વર્ગમૂળ બીજા વર્ગમૂળ સાથે ગુણીએ. જેમકે અસત્ કલ્પનાએ અંગુળપ્રમાણ પ્રતરને વિષે ૨૫૬ શ્રેણી છે તેનું પહેલું વર્ગમૂળ ૧૬, બીજું ૪, તે સોળને ચારે ગુણતાં ૬૪ થાય; એ ચોસઠ તે અસંખ્યાતી જાણવી. એટલી શ્રેણીની પોહોળપણે સૂચી ઈહાં ગ્રહવી; એટલી શ્રેણીમાંહે જેટલા આકાશપ્રદેશ હોય તેટલા નારકી છે, તે માટે મનુષ્ય થકી અસંખ્ય ગુણા હોય.

તે થકી દેવતા અસંખ્યાત ગુણા છે તે કેમ? અંગુ-

ળમાત્ર ક્ષેત્રના પ્રદેશનું પહેલું વર્ગમૂળ, તેને અસંખ્યાતમે ભાગે જેટલી શ્રેણી, તેના જેટલા આકાશપ્રદેશ હોય તેટલા તો અસુરકુમાર દેવતા છે; તેટલા વળી નાગકુમાર છે; યાવત્ એટલા સ્તનિતકુમાર છે તથા સંખ્યાત યોજન પ્રમાણ આકાશપ્રદેશની સૂચી રૂપ ખંડુકે કરી એકેક વ્યંતર અપહરીએ તો ઘનીકૃત લોકનો માંડાને આકારે સમગ્ર પ્રતર અપહરાય તેટલા વ્યંતર દેવતા છે, તથા બશેં છપ્પન્ન અંગુલ પ્રમાણ આકાશપ્રદેશની સૂચીરૂપ જેટલે ખંડુકે કરી એકેક જયોતિષી અપહરીએ તો ઘનીકૃત લોકનો સમગ્ર પ્રતર અપહરાય તેટલા જયોતિષી દેવતા છે; તથા એક અંગુળ માત્ર ક્ષેત્રના પ્રદેશનું ત્રીજું વર્ગમૂળ તેનો ઘન કરીએ તથા બીજા વર્ગમૂળ સાથે ગુણીએ તેટલી ઘનીકૃત લોકની એક પ્રદેશની શ્રેણીના જેટલા પ્રદેશ હોય તેટલા વૈમાનિક દેવતા છે; એમ સકળ ભુવનપતિ, વ્યંતર, જયોતિષ્ક, વૈમાનિક દેવતા મળીને નારકી થકી અસંખ્યાતગુણા છે.

તે થકી તિર્યંચ અનંત ગુણા છે. તે તિર્યંચ માંહે વનસ્પતિના જીવ અનંત લોકાકાશપ્રદેશપ્રમાણ છે. અહીં સંખ્યાતાના સંખ્યાતા ભેદ છે, અસંખ્યાતાના અસંખ્યાતા ભેદ છે અને અનંતાના અનંતા ભેદ છે. તેથી ઉક્તવિરોધ જાણવું નહીં. એ ગતિ આશ્રયી અલ્પ બહુત્વ કહ્યું ॥ ૩૭॥

પણ ચઉ તિ દુ એગિંદી, થોવા તિન્નિઅહિયા અણંતગુણા,
તસ થોવ અસંખગ્ગી, ભૂજલનિલઅહિય વણ ણંતા ॥૩૮॥

તિન્નિ–ત્રણ (ચૌરિંદ્રિય, તેઇંદ્રિય, બેઇંદ્રિય.)	અગ્નિકાય
અહિઆ–અધિક	ભૂ–પૃથ્વીકાય
અણંતગુણા–અનંતગુણા	જલ–અપ્કાય
તસ–ત્રસ	અનિલ–વાયુકાય
થોવ–થોડા	અહિઅ–અધિક
અસંખગ્ગી–અસંખ્યાતગુણા	અણંતા–અનંતગુણા

અર્થ—પંચેંદ્રિય થોડા હોય; ચૌરિંદ્રિય, તેઇંદ્રિય અને બેઇંદ્રિય એ ત્રણ અનુક્રમે એક એકથી અધિક હોય; એકેંદ્રિય તેથી અનંતગુણા હોય. ત્રસ થોડા હોય; અગ્નિકાય અસંખ્યાત ગુણા હોય; પૃથ્વીકાય, અપ્કાય અને વાઉકાય એકેકથી અધિક હોય અને વનસ્પતિકાય તેથી અનંતા હોય. ૩૮

વિવેચન—હવે ઇંદ્રિય આશ્રયી અલ્પ બહુત્વ કહે છે.—૧ સર્વ થકી થોડા પંચેંદ્રિય, ૨ તે થકી ચૌરિંદ્રિય વિશેષાધિક, ૩ તેથકી તેઇંદ્રિય વિશેષાધિક, ૪ તે થકી બેઇંદ્રિય વિશેષાધિક, એ ચાર બોલ પ્રતરની અસંખ્યાત કોડા કોડી યોજન પ્રમાણ એક પ્રદેશિકી શ્રેણીની સૂચી તેના જેટલા આકાશ પ્રદેશ તેટલા તે દરેક જીવો છે. અને એકેક થકી વિશેષાધિક છે. તે થકી એકેંદ્રિય અનંતગુણા છે, કારણ કે વનસ્પતિકાયના જીવ અનંતા છે.

હવે કાયઆશ્રયી અલ્પબહુત્વ કહે છે–

૧ સર્વ થકી થોડા ત્રસકાઈઆ છે, અસંખ્યાત કોડાકોડિ યોજન પ્રમાણ આકાશ શ્રેણીની સૂચી તેમાં જેટલા આકાશપ્રદેશ હોય તેટલા ત્રસ જીવો છે, તે માટે. ૨ તે થકી તેઉકાઈઆ અસંખ્યાતગુણા છે; અસંખ્યાતા લોકના

જેટલા આકાશપ્રદેશ હોય તેટલા છે માટે. ૩ તે થકી પૃથ્વીકાઇયા જીવ વિશેષાધિક છે. ૪ તે થકી અપ્કાઈઆ વિશેષાધિક છે. ૫ તે થકી વાયુકાઈઆ જીવ વિશેષાધિક છે. ૬ તે થકી વનસ્પતિકાય જીવ અનંતગુણા છે કેમકે તેઓ અનંતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. ॥ ૩૮ ॥

મણુવયણુકાયજોગી, થોવા અસંખગુણ અણુંતગુણા;
પુરિસા થોવા ઇત્થી, સંખગુણાણંતગુણ કીવા ॥૩૯॥

મણુ-મનયોગી	પુરિસા-પુરૂષ વેદવાળા
વયણ-વચનયોગી	ઇત્થી-સ્ત્રીવેદવાળા
કાયજોગી-કાયયોગી	કીવા-નપુંસક વેદવાળા
અસંખગુણા-અસંખ્યાતગુણા	

અર્થ—મનયોગી થોડા હોય, વચન યોગી અસંખ્યાત ગુણા હોય અને કાયયોગી અનંત ગુણા હોય. પુરૂષો થોડા હોય, સ્ત્રીઓ તેથી સંખ્યાત ગુણ હોય અને તેથી અનંત-ગુણ નપુંસકો હોય. ૩૯

વિવેચન—હવે યોગ આશ્રયી અલ્પ બહુત્વ કહે છે.- ૧ સર્વ થકી થોડા મનોયોગી છે, સંજ્ઞીપંચેંદ્રિયનેજ મનો-યોગ હોય તે માટે. ૨ તે થકી વચનયોગી અસંખ્યાત ગુણા, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચોરિંદ્રિય અને અસંજ્ઞી પંચેંદ્રિયને પણ વચનયોગ હોય તે માટે. ૩ તે થકી કાયયોગી અનંત-ગુણા; એકેંદ્રિયને પણ કાયયોગ હોય અને તે અનંતા છે, તે માટે.

૧ સર્વ થકી થોડા પુરૂષ વેદી છે. ૨ તે થકી સ્ત્રીવેદી

સંખ્યાત ગુણા છે; તિર્યંચમાં પુરૂષ થકી ત્રિગુણી અને ત્રણ અધિક, મનુષ્યમાં ૨૭ ગુણી અને સત્યાવીશ અધિક અને દેવતામાં બત્રીશ ગુણી અને ૩૨ અધિક સ્ત્રીઓ હોય તે માટે. ૩ તે થકી નપુંસક અનંત ગુણા અધિક હોય, એકેંદ્રિય સર્વ નપુંસક છે અને વળી તેઓ અનંતા છે તે માટે.

માણી કોહી માયી, લોભી અહિઅ મણનાણિણો થોવા;
ઓહિ અસંખા મઇસુઅ,અહિઅ સમ અસંખ વિબ્ભંગા.

માણી–માની	**ઓહિ**–અવધિજ્ઞાની
કોહી–ક્રોધી	**અસંખા**–અસંખ્યાતગુણા
માઇ–માયી (કપટી)	**મઇ**–મતિજ્ઞાની
લોભી–લોભી	**સુઅ**–શ્રુતજ્ઞાની
અહિઅ-અધિક	**સમ**–સરખા
મણનાણિણો–મનઃપર્યવજ્ઞાની	**અસંખ**–અસંખ્યાતગુણા
થોવા–થોડા	**વિબ્ભંગા**–વિભંગજ્ઞાની

અર્થ—માની, ક્રોધી, માયી અને લોભી એક એકથી અધિક હોય છે, મનઃપર્યવજ્ઞાની થોડા હોય; અવધિજ્ઞાની તેથી અસંખ્યાત ગુણા હોય; મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાની તેથી અધિક હોય અને માંહોમાંહે સરખા હોય; વિભંગજ્ઞાની તેથી અસંખ્યાત ગુણા હોય. ૪૦

વિવેચન—હવે [૧]કષાયદ્વારે અલ્પ બહુત્વ કહેછે-૧ સર્વથી થોડા માનકષાયી. ૨ તે થકી ક્રોધી વિશેષાધિક.

---

૧ દેવતાને લોભ વધારે હોય, નારકીને ક્રોધ વધારે હોય, મનુષ્યને માન વધારે હોય અને તિર્યંચને માયા વધારે હોય.

માનથકી ક્રોધ પરિણામનો કાળ અધિક છે માટે. ૩ તે થકી માયાવંત વિશેષાધિક; બહુકાળ રહે તે માટે. ૪ તે થકી લોભકષાયી વિશેષાધિક; સર્વને સદાય લોભ પરિણામ હોય છે માટે.

હવે જ્ઞાનદ્વારે અલ્પબહુત્વ કહે છે–

૧ મનઃપર્યવજ્ઞાની સવ થકી થોડા; લબ્ધિવંત કોઇક સંયતનેજ તે જ્ઞાન હોય તે માટે ૨ તેથકી અવધિજ્ઞાની અસંખ્યાત ગુણા; સમ્યગ્દૃષ્ટિ દેવતા નારકીને હોય તે માટે. ૩-૪ તે થકી મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની વિશેષાધિક છે; તિર્યંચ મનુષ્યમાહે અવધિવિના સમ્યક્ દૃષ્ટિ છે તે અધિક છે માટે. અને માંહો માંહે તે (મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાની) બંને તુલ્ય છે, સહચારી છે માટે, * जत्थ मइनाण तत्थ सुयनाण जत्थ सुयनाणं तत्थ मइनाण इतिवचनात् ૫ તે થકી વિભંગજ્ઞાની અસંખ્યાત ગુણા છે; સમ્યગ્દૃષ્ટિ દેવતા નારકી થકી મિથ્યાદૃષ્ટિ દેવતા નારકી અસંખ્યાત ગુણા છે અને તે સર્વને વિભંગજ્ઞાન હોય તે માટે. ॥ ૪૦ ॥

કેવલિણોણંતગુણા, મઇસુઅઅન્નાણિણંતગુણ તુલ્લા;
સુહુમા થોવા પરિહાર,સંખ અહખાય સંખગુણા ॥૪૧॥

કેવલિણો–કેવલજ્ઞાની જીવ	પરિહાર-પરિહારવિશુદ્ધિવાળા
અણંતગુણા–અનંતગુણા	સંખ–સંખ્યાતગુણા
મઇ–મતિઅજ્ઞાની	અહખાય–યથાખ્યાત ચારિત્રવાળા
સુયઅન્નાણિ–શ્રુતઅજ્ઞાની	
તુલ્લા–બરોબર	સંખગુણા–સંખ્યાતગુણા
સુહુમા–સૂક્ષ્મ સંપરાયવાળા	

* જ્યાં મતિજ્ઞાન હોય ત્યા શ્રુતજ્ઞાન હોય અને જ્યા શ્રુતજ્ઞાન હોય ત્યાં મતિ જ્ઞાન હોય.

અથ—કેવળજ્ઞાની અનંત ગુણ હોય; મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની તેથી અનંત ગુણ છે અને માંહોમાંહે બંને સરખા છે. સુક્ષ્મસંપરાય ચારિત્રવાળા થોડા હોય; પરિહાર વિશુદ્ધિ ચારિત્રવાળા તેથી સંખ્યાત ગુણા હોય; યથાખ્યાત ચારિત્રવાળા તેથી સંખ્યાત ગુણા હોય. ૪૧

વિવેચન—૬ તે (વિભંગ જ્ઞાની) થકી કેવળી અનંત ગુણા છે, સિદ્ધ અનંતા માટે. ૭-૮ તે થકી મતિઅજ્ઞાની શ્રુતઅજ્ઞાની, અનંતગુણા છે; સિદ્ધ થકી પણ વનસ્પતિકાય અનંત ગુણા છે માટે. એ બે માંહોમાંહે તુલ્ય છે.

હવે સયમ દ્વારે અલ્પબહુત્વ કહે છે—

૧ સૂક્ષ્મ સંપરાય સંયમી સર્વ થકી થોડા છે; ઉત્કૃષ્ટા પણ શત પૃથકત્વ પામીએ તે માટે. ૨ તે થકી પરિહાર વિશુદ્ધિ સંયમી સંખ્યાત ગુણા છે; ઉત્કૃષ્ટા સહસ્રપૃથક્ત્વ પામીએ તે માટે. તેથકી યથાખ્યાત સંયમી સંખ્યાત ગુણા છે; કોટી પૃથક્ત્વ કેવળી સહાય હોય માટે ॥ ૪૧ ॥

છેય સમઇય સંખા, દેસ અસંખગુણ ણંતગુણ અજયા;
થોવ અસંખ દુ ણંતા, ઓહિ નયણ કેવલ અચખ્ખૂ. ૪૨

છેય—છેદોપસ્થાપનીય ચારિત્રવાળા	**થોવ**—થોડા
સમઇય—સામાયક ચારિત્રીયા	**અસખ**—અસંખ્યાતગુણા
સંખા—સંખ્યાતગુણા	**દુ ણંતા**—બે અનંતા
દેસ—દેશવિરતિ	**ઓહી**—અવધિદર્શની
અસંખગુણા—અસંખ્યાતગુણા	**નયણ**—ચક્ષુદર્શની
અણંતગુણ—અનંતગુણા	**કેવલ**—કેવલદર્શની
અજયા—અવિરતિ	**અચખ્ખુ**—અચક્ષુદર્શની

અર્થ—છેદોપસ્થાપનીય ચારિત્રવાળા સંખ્યાત ગુણા હોય અને સામાયિક ચારિત્રવાળા તેથી સંખ્યાત ગુણ હોય. દેશવિરતિ અસંખ્યાત ગુણ હોય અને અવિરતિ અનંત ગુણ હોય. અવધિ દર્શની થોડા હોય, ચક્ષુ દર્શની અસંખ્યાત ગુણ હોય અને કેવળદર્શની તથા અચક્ષુદર્શની એ એ અનંત ગુણ હોય. ૪૨

વિવેચન—૪ તે (યથાખ્યાત સંયમી) થકી છેદોપસ્થાપનીય સંયમી સંખ્યાત ગુણા હોય; કોટીશત પૃથકત્વ પામીએ માટે ૫ તે થકી સામાયિક સંયમી સંખ્યાત ગુણા હોય; કોટિ સહસ્રપૃથકત્વ સદાયે હોય માટે. ૬ તે થકી દેશ વિરતિ અસંખ્યાત ગુણા છે; તિર્યંચમાં દેશવિરતિ અસંખ્યાતા પામીએ તે માટે. ૭ તે થકી અવિરતિ અસંયમી અનંતગુણા છે; મિથ્યાદૃષ્ટિ અનંતા છે માટે.

હવે દર્શનદ્વારે અલ્પબહુત્વ કહે છે—

૧ સર્વ થકી થોડા અવધિદર્શની છે; દેવતા, નારકી, મનુષ્ય અને તિર્યંચમાં કેટલાએક હોય તે માટે. ૨ તે થકી ચક્ષુદર્શની અસંખ્યાત ગુણા હોય; ચૌરિંદ્રિય અને પંચેંદ્રિય સર્વને હોય તે માટે ૩ તે થકી કેવળ દર્શની અનંત ગુણા છે; સિદ્ધ અનંતા છે તે માટે. ૪ તે થકી અચક્ષુ દર્શની અનંતગુણા છે, સર્વ સંસારી જીવને અચક્ષુદર્શન છે તે માટે. ॥ ૪૨ ॥

પચ્છાણુપુવ્વિ લેસા, થોવા દો સંખ ણંત દો અહિઆ;
અભવિઅર થોવ ણંતા, સાસણ થોવોવસમસંખા ॥૪૩॥

પચ્છાણુપુવ્વિ-પશ્ચાનુપૂર્વિ (છેલ્લેથી પહેલે આવવું)	**અહિઆ**-વિશેષાધિક
લેસા-લેશ્યા (કહેવી)	**અભવ**-અભવ્યો
થોવા-થોડા	**ઇઅર**-ભવ્યો
દો-બે લેશ્યાવાળા	**થોવ**-થોડા
અસંખ-અસંખ્યાતગુણા	**અણંતા**-અનંતગુણા
અણંત-અનંતગુણા	**સાસણ**-સાસ્વાદની
દો-બે લેશ્યાવંત	**ઉવસમ**-ઔપશમિકવાળા
	સંખા-સંખ્યાતગુણા

અર્થ—લેશ્યાવાળા પશ્ચાનુપૂર્વીએ ગણવા એટલે શુકલ લેશ્યાવાળા સૌથી થોડા હોય, પદ્મ અને તેજો એ બે લેશ્યાવાળા અસંખ્યાત ગુણ હોય, કાપોત લેશ્યાવાળા અનંત ગુણ હોય અને નીલ તથા કૃષ્ણ લેશ્યાવાળા અધિક અધિક હોય. અભવ્ય થોડા અને ભવ્ય અનંત ગુણા હોય. સાસ્વાદન સમ્યકત્વી થોડા હોય, ઉપશમ સમ્યકત્વી સખ્યાત ગુણા હોય. ૪૩

વિવેચન—હવે લેશ્યાદ્વારે અલ્પબહુત્વ કહે છે—પશ્ચાનુપુર્વીએ લેશ્યા કહેવી. તે આ પ્રમાણે—૧ સર્વ થકી થોડા શુકલ લેશ્યાવંત છે; લાંતકાદિક ઉપરના દેવતા સર્વ અને કોઇક મનુષ્ય તિર્યંચમાં હોય તે માટે. ૨ પદ્મ લેશ્યાવંત અસંખ્યાત ગુણા છે, કોઈક મનુષ્ય તિર્યંચ અને સનત્કુમાર, માહેંદ્ર અને બ્રહ્મલોક કલ્પના દેવતાને હોય અને તે દેવતા ઉપરનાથી અસંખ્યાત ગુણા છે, તે માટે. ૩ તે થકી તેજો લેશ્યાવંત અસંખ્યાત ગુણા છે; જ્યોતિષી, સૌધર્મ અને ઇશાનના સર્વ દેવતા; કેટલાએક ભુવનપતિ, વ્યંતર, મનુષ્ય અને તિર્યંચમાં તેજો લેશ્યાવંત હોય તે માટે. ૪ તે

થકી કાપોત લેશ્યાવંત અનંતગુણા છે; તે લેશ્યા અનંતકાયમાં પણ છે તે માટે. ૫ તે થકી નીલ લેશ્યાવંત વિશેષાધિક છે; ઘણાને તે લેશ્યા હોય છે તે માટે. ૬ તે થકી કૃષ્ણ લેશ્યાવંત વિશેષાધિક છે, ઘણાને હોય છે તે માટે.

હવે ભવ્યદ્વારે અલ્પ બહુત્વ કહે છે—

૧ અભવ્ય થોડા છે; જઘન્ય યુક્તાનંત પ્રમાણ છે તે માટે. ૨ તે થકી ભવ્ય એટલે મોક્ષ ગમન યોગ્ય તે અનંતગુણા છે.

હવે સમ્યકત્વદ્વારે અલ્પ બહુત્વ કહેછે—

૧ સાસ્વાદન સમ્યકત્વી સર્વથી થોડા હોય; ઉપશમ સમ્યકત્વ વમતાં કોઈકને હોય તે માટે. ૨ તે થકી ઔપશમિક સમ્યકત્વી સંખ્યાત ગુણા હોય. ॥ ૪૩ ॥

મીસા સંખા વેઅગ,અસંખગુણ ખઇઅ મિચ્છ દુ અણંતા;
સન્નિઅર થોવ ણંતા,-ણુહાર થોવેઅર અસંખા ॥૪૪॥

મીસા-મિશ્રદૃષ્ટિ	સન્નિ-સંજ્ઞી
સંખા-સંખ્યાતગુણા	ઇઅર-અસંજ્ઞી
વેઅગ-ક્ષાયોપશમિક સમકિતી	થોવ-થોડા
ખઇઅ-ક્ષાયક સમ્યકત્વી	અણુહાર-અણાહારી
મિચ્છ-મિથ્યાદૃષ્ટિ	ઇઅર-આહારી
દુ-(એ) બે	અસંખા-અસંખ્યાતગુણા
અણંતા-અનંતગુણા	

અર્થ—મિશ્રદૃષ્ટિ સંખ્યાત ગુણ હોય, ક્ષાયોપશમ સમ્યકત્વવાળા અસંખ્યાત ગુણ હોય અને ક્ષાયિક સમ્યકત્વવાળા તથા મિથ્યાત્વી એ બે અનંતગુણા હોય. સંજ્ઞી થોડા હોય અને અસંજ્ઞી અનંતા હોય. અણાહારી થોડા હોય અને આહારી અસંખ્યાત ગુણ હોય. ૪૪

વિવેચન—૩ તે (ઔપશમિક) થકી મિશ્રદૃષ્ટિ સંખ્યાતગુણા હોય. ૪ તે થકી વેદક તે ક્ષાયોપશમિક સમ્યકત્વી અસંખ્યાત ગુણા હોય. ૫ તે થકી ક્ષાયિક સમ્યકત્વી અનંત ગુણા હોય, સિદ્ધ અનંતા છે માટે. ૬ તે થકો મિથ્યાદૃષ્ટિ અનંત ગુણાછે; સિદ્ધ થકી પણ વનસ્પતિકાય અનંતાછે માટે.

હવે સંજ્ઞીદ્વારે અલ્પ બહુત્વ કહે છે—

૧ સંજ્ઞી થોડા હોય; પંચેંદ્રિયમાંજ સંજ્ઞી હોય તે માટે. ૨ ઈતર અસંજ્ઞી તે અનંત ગુણા હોય; એકેંદ્રિય અનંતા છે માટે.

હવે આહારદ્વારે અલ્પ બહુત્વ કહે છે—

૧ અનાહારી થોડા છે; વિગ્રહ ગતિએ વર્તતા જીવ, કેવળી સમુદ્ઘાતી, અયોગી કેવળી અને સિદ્ધ એટલાજ અણાહારી હોય તે માટે. ૨ તે થકી આહારી અસંખ્યાત ગુણા હોય; અણાહારીથી બીજા સર્વ આહારી હોય તે માટે. અહીં અણાહારી થકી આહારી અનંતગુણા કેમ ન કહ્યા? तत्राह તે કહે છે–પ્રતિસમયે સદાયે એક નિગોદના અસંખ્યાતમા ભાગ પ્રમાણ વિગ્રહ ગતિએ વર્તતા જીવ પામીએ; તે સર્વ અણાહારી છે તે માટે અસંખ્યાત ગુણાજ યુક્ત છે ॥ ૪૪ ॥

૬૨	માર્ગણાસ્થાનેષુ	જીવસ્થાનક ૧૪	ગુણસ્થાનક ૧૪	યોગ ૧૫	ઉપયોગ ૧૨	લેશ્યા ૬	અલ્પબહુત્વ	સંખ્યાંક
૧	દેવગતિ	૨	૪	૧૧	૯	૬	અસખ્યાત ગુણા	૩
૨	મનુષ્યગતિ	૩	૧૪	૧૫	૧૨	૬	સર્વથી થોડા	૧
૩	તિર્યંચગતિ	૧૪	૫	૧૩	૯	૬	અનત ગુણા	૪
૪	નરકગતિ	:	૪	૧૧	૯	૩	અસખ્યાતગુણા	૨
૫	એકેંદ્રિય	૪	૨	૫	૩	૪	અનત ગુણા	૫
૬	બેઇંદ્રિય	૨	૨	૪	૩	૩	વિશેષાધિક	૪
૭	તેઇંદ્રિય	૨	૨	૪	૩	૩	વિશેષાધિક	૩
૮	ચૌરિંદ્રિય	૨	૨	૪	૪	૩	વિશેષાધિક	૨
૯	પંચેંદ્રિય	/	૧૪	૧૫	૧૨	૬	સર્વથી થોડા	૧
૧૦	પૃથ્વીકાઇયા	૪	૨	૩	૩	૪	વિશેષાધિક	૩
૧૧	અપ્કાઇયા	૪	૨	૩	૩	૪	વિશેષાધિક	૪
૧૨	તેઊકાઇયા	૪	૧	૩	૩	૩	અસખ્યાત ગુણા	૨
૧૩	વાયુકાઇયા	૪	૧	૫	૩	૩	વિશેષાધિક	૫
૧૪	વનસ્પતિકાય	૪	૨	૩	૩	૪	અનત ગુણા	૬
૧૫	ત્રસકાઇયા	૧૦	૧૪	૧૫	૧૨	૬	સર્વથી થોડા	૧
૧૬	મનોયોગી	૧ ૨	૧૩	૧૫-૧૩	૧૨	૬	સર્વથી થોડા	૧
૧૭	વચનયોગી	૫/૮	૧૩/૨	૧૩/૪	૧૨/૪	૬	અસખ્યાત ગુણા	૨
૧૮	કાયયોગી	૧૪/૪	૧૩/૨	૧૫/૫	૧૨/૩	૬	અનંત ગુણા	૩
૧૯	પુરૂષવેદી	૨	૯	૧૫	૧૨	૬	સર્વથી થોડા	૧
૨૦	સ્ત્રીવેદી	૨	૯	૧૩	૧૨	૬	સખ્યાત ગુણા	૨
૨૧	નપુસકવેદી	૧૪	૯	૧૫	૧૨	૬	અનત ગુણા	૩
૨૨	ક્રોધકષાયી	૧૪	૯	૧૫	૧૦	૬	વિશેષાધિક	૨
૨૩	માનકષાયી	૧૪	૯	૧૫	૧૦	૬	સર્વથી થોડા	૧
૨૪	માયાકષાયી	૧૪	૯	૧૫	૧૦	૬	વિશેષાધિક	૩
૨૫	લોભકષાયી	૧૪	૧૦	૧૫	૧૦	૬	વિશેષાધિક	૪
૨૬	મતિ જ્ઞાની	૨	૯	૧૫	૭	૬	અસખ્યાત ગુણા	૩
૨૭	શ્રુત જ્ઞાની	૨	૯	૧૫	૭	૬	બરાબર	૪
૨૮	અવધિજ્ઞાની	૨	૯	૧૫	૭	૬	અસખ્યાત ગુણા	૨
૨૯	મન પર્યવજ્ઞાની	૧	૭	૧૩	૭	૬	સર્વથી થોડા	૧

૩૦	કેવળ જ્ઞાની	૧	૨	૭	૨	૧	અનંતગુણા	·
૩૧	મતિ અજ્ઞાની	૧૪	[illegible]	૧૩	૫	૬	અનંતગુણા	૭
૩૨	શ્રુત અજ્ઞાની	૧૪	[illegible]	૧૩	૫	૬	સરખા	૮
૩૩	વિભંગ જ્ઞાની	૨	[illegible]	૧૩	૫	૬	અસંખ્યાતગુણા	૫
૩૪	સામાયિક ચારિત્રી	૧	૪	૧૩	૭	૬	સંખ્યાતગુણા	૫
૩૫	છેદોપસ્થાપનીય	૧	૪	૧૦	૭	૬	સંખ્યાતગુણા	૪
૩૬	પરિહારવિશુદ્ધિ	૧	૨	૯	૭	૬	સંખ્યાતગુણા	૨
૩૭	સૂક્ષ્મસંપરાય	૧	૧	૯	૭	૧	સર્વથી થોડા	૧
૩૮	યથાખ્યાતચારિત્રી	૧	૪	૧૧	૯	૧	સંખ્યાતગુણા	૩
૩૯	દેશવિરતિ	૧	૧	૧૧	૬	૬	અસંખ્યાતગુ૦	૬
૪૦	અવિરતિ	૧૪	૪	૧૩	૯	૬	અનંતગુણા	૭
૪૧	ચક્ષુદર્શની	૩/૬	૧૨	૧૩	૧૦	૬	અસંખ્યાતગુ૦	૨
૪૨	અચક્ષુદર્શની	૧૪	૧૨	૧૫	૧૦	૬	અનંતગુણા	૪
૪૩	અવધિદર્શની	૨	૯	૧૫	૭	૬	સર્વથી થોડા	૧
૪૪	કેવળદર્શની	૧	૨	૭	૨	૧	અનંતગુણા	૩
૪૫	કૃષ્ણલેશ્યાવંત	૧૪	૬	૧૫	૧૦	૧	વિશેષાધિક	૬
૪૬	નીલલેશ્યાવંત	૧૪	૬	૧૫	૧૦	૧	વિશેષાધિક	૫
૪૭	કાપોતલેશ્યાવંત	૧૪	૬	૧૫	૧૦	૧	અનંતગુણા	૪
૪૮	તેજોલેશ્યાવંત	૩	૭	૧૫	૧૦	૧	અસંખ્યાતગુણા	૩
૪૯	પદ્મલેશ્યાવંત	૨	૭	૧૫	૧૦	૧	અસંખ્યાતગુણા	૨
૫૦	શુક્લલેશ્યાવંત	૨	૧૩	૧૫	૧૨	૧	સર્વથી થોડા	૧
૫૧	ભવ્ય	૧૪	૧૪	૧૫	૧૨	૬	અનંતગુણા	૨
૫૨	અભવ્ય	૧૪	૧	૧૩	૫	૬	સર્વથી થોડા	૧
૫૩	ક્ષાયોપશમિક	૨	૪	૧૫	૯	૬	અસંખ્યાતગુણા	૪
૫૪	ક્ષાયિકસમ્યકૃત્વી	૨	૧૧	૧૫	૯	૬	અનંતગુણા	૫
૫૫	ઔપશમિકસ૦	૨	૮	૧૩	૭	૬	સંખ્યાતગુણા	૨
૫૬	મિશ્રદૃષ્ટિ	૧	૧	૧૦	૫/૬	૬	સંખ્યાતગુણા	૩
૫૭	સાસ્વાદનસ૦	૭	૧	૧૩	૫	૬	સર્વથા થોડા	૧
૫૮	મિથ્યાત્વી	૧૪	૧	૧૩	૫	૬	અનંતગણા	૬
૫૯	સંજ્ઞી	૨	૧૪	૧૫	૧૨	૬	સવથી થોડા	૧
૬૦	અસંજ્ઞી	૧૨	૨	૬	૪	૪	અનંતગુણા	૨
,૧	આહારી	૧૪	૧૩	૧૫	૧૨	૬	અસંખ્યાતગુણ	૨
૬૨	અણાહારી	૮	૫	૧	૧૦	૬	સર્વથી થોડા	૧

ગુણઠાણાને વિષે જીવસ્થાન.

સવ્વજિઅઠાણ મિચ્છે,સગ સાસણિપણઅપજ્જસન્નિદુગં;
સમ્મે સન્ની દુવિહો, સેસેસું સન્નિપજ્જત્તો ॥ ૪૫ ॥

સવ્વજિઅઠાણ–સર્વ જીવ સ્થાન	**સન્નિદુગં**–સંજ્ઞિદ્વિક
મિચ્છે–મિથ્યાત્વ ગુણઠાણે	**સમ્મે**–(અવિરતિ)સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે
સગ–સાત	**સન્નીદુવિહો**–બે પ્રકારે સંજ્ઞી
સાસણિ–સાસ્વાદને	**સેસેસું**–બાકીના ગુણસ્થાનને વિષે
પણ–પાંચ	
અપજ્જ–અપર્યાપ્તા	**સન્નિપજ્જતો**-સંજ્ઞીપર્યાપ્તો

અર્થ—મિથ્યાત્વ ગુણઠાણે સર્વ જીવસ્થાન હોય, પાંચ અપર્યાપ્તા અને સંજ્ઞદ્વિક મળી સાત જીવસ્થાન સાસ્વાદન ગુણઠાણે હોય અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે બે પ્રકારના સંજ્ઞી હોય. બાકીના ગુણસ્થાનકને વિષે સંજ્ઞી પર્યાપ્તો હોય. ૪૫

વિવેચન—હવે ચૌદ ગુણઠાણાનેવિષે દશ દ્વાર કહે છે, ત્યાં પ્રથમ જીવસ્થાન કહે છે. મિથ્યાત્વ ગુણઠાણે સર્વે (ચૌદ) જીવના ભેદ હોય. સાસ્વાદન ગુણઠાણે સાત જીવના ભેદ હોય; તે કયા ? તે કહે છે-૧ બાદર એકેંદ્રિય, ૨ બેઇંદ્રિય, ૩ તેઇંદ્રિય, ૪ ચૌરિંદ્રિય અને ૫ અસંજ્ઞી પંચેંદ્રિય; એ પાંચ અપર્યાપ્તા અને સંજ્ઞિ પંચેંદ્રિય પર્યાપ્તા અપર્યાપ્તા એવં સાત હોય.* ઈહાં સઘળે અપર્યાપ્તો કહ્યો તે કરણઅપ-

---

* એકેંદ્રિયાદિકમા સમ્યક્ત્વ વમતો આંતરે તેથા અપર્યાપ્ત અવસ્થાએ સાસ્વાદન ગુણઠાણું હોય અને સંજ્ઞીપંચેંદ્રિયને ગ્રંથી ભેદ કર્યા પછી પડતા સાસ્વાદન ગુણઠાણું હોય.

ર્યાપ્તો જાણવો પણ લબ્ધિઅપર્યાપ્તો નહીં. જે ભણી લબ્ધિ અપર્યાપ્તામાં સાસ્વાદન ગુણઠાણું હોય નહીં. સમ્યકત્વ ગુણઠાણે સંજ્ઞિપંચેંદ્રિય પર્યાપ્તો અને અપર્યાપ્તો એ બે ભેદ હોય. શેષ મિશ્ર, દેશવિરતિ પ્રમુખ ૧૧ ગુણઠાણે, સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તો એ એકજ જીવનો ભેદ હોય. ૪૫

ગુણઠાણાને વિષે યોગ.

મિચ્છદુગિ અજઇ જોગા—હારદુગૂણા અપુવ્વપણગે ઉ;
મણવઇઉરલં સવિઉવ્વિ, મીસિ સવિઉવ્વિદુગ દેસે. ૪૬

મિચ્છદુગિ—મિથ્યાત્વ અને સાસ્વાદને	મણ—મનના (ચાર)
અજઇ—અવિરતિ સમ્યકદૃષ્ટિએ	વઇ—વચનના (ચાર)
જોગા—યોગો	ઉરલં—ઔદારિક કાયયોગ
આહારદુગ—આહારકયોગ અને આહારકમિશ્રયોગ	સવિઉવ્વિ—વૈક્રિયસહિત
ઊણા—ઓછા	મીસિ—મિશ્ર ગુણઠાણે
અપુવ્વપણગે ઉ—અપૂર્વાદિક પાચ ગુણઠાણે તો	સવિઉવ્વિદુગ—વૈક્રિયદ્વિક સહિત
	દેસે—દેશવિરતિ ગુણઠાણે.

અર્થ—મિથ્યાત્વદ્વિક (મિથ્યાત્વ અને સાસ્વાદન) ને વિષે અને અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે આહારકદ્વિક વિના (તેર) યોગ હોય. અપૂર્વકરણાદિ પાંચ ગુણઠાણે તો મનના (૪), વચનના (૪) અને ઔદારિકકાય (એ નવ) યોગ હોય. વૈક્રિયકાયયોગ સહિત (દશ યોગ) મિશ્ર ગુણઠાણે હોય. દેશવિરતિ ગુણઠાણે વૈક્રિયદ્વિક સહિત (અગ્યાર યોગ) હોય. ૪૬

વિવેચન—૧ મિથ્યાત્વ, ૨ સાસ્વાદન, ૩ અવિરતિ સમ્યગ્ દૃષ્ટિ, એ ત્રણ ગુણઠાણે આહારકદ્વિક વિના ૧૩ યોગ હોય આહારકદ્વિક તો સંયતને જ હોય તે માટે અપૂર્વાદિક ૮-૯-૧૦-૧૧-૧૨ એ પાંચ ગુણઠાણે ચાર મનના, ચાર વચનના અને ઔદારિક કાયયોગ એવં નવ યોગ હોય. અહીં લબ્ધિનું પ્રયુંજવું[1] ન હોય તે માટે વૈક્રિયદ્વિક અને આહારકદ્વિક એ બે યોગ ન હોય.[2] મિશ્રગુણઠાણે પૂર્વોક્ત નવ યોગ વૈક્રિય કાયયોગ સહિત એટલે દશ યોગ હોય, વૈક્રિયવંતને મિશ્ર ગુણઠાણું હોય પણ મિશ્રે વૈક્રિય પ્રારંભ ન કરે તે માટે વૈક્રિય મિશ્ર ન હોય. દેશવિરતિ ગુણઠાણે પૂર્વોક્ત નવ યોગ વૈક્રિયદ્વિક[3] સહિત એટલે ૧૧ યોગ હોય. ॥૪૬॥

સાહારદુગ પમત્તે, તે વિઉવાહારમીસ વિણુ ઇઅરે;
કમ્મુરલદુગંતાઇમ–મણવયણ સજોગિ ન અજોગી. ૪૭

સાહારદુગ–આહારકદ્વિક સહિત	**કમ્મ**–કાર્મણ કાયયોગ
પમત્તે–પ્રમત્ત ગુણઠાણે	**ઉરલદુગ**–ઔદારિકદ્વિક
તે-તે (તેર યોગ)	**અંતાઇમ**–પહેલા અને છેલ્લા
વિઉવાહારમીસ–વૈક્રિય મિશ્ર તથા આહારકમિશ્ર	**મણવયણ**–મનયોગ અને વચનયોગ.
વિણુ–વિના	**સજોગિ**–સયોગી ગુણઠાણે
ઇઅરે–અપ્રમત્ત ગુણઠાણે	**ન**–ન હોય
	અજોગી–અયોગી ગુણઠાણે

---

૧ અતિ વિશુદ્ધ ચારિત્ર હોવાથી. ૨ અહીં અપર્યાપ્તો ન હોય તેથી ઔદારિક મિશ્ર ન હોય અને કાર્મણકાયયોગ તો અંતરાળ ગતિમા હોય તેથી અહીં ન હોય. વળી સમુદ્ઘાત અવસ્થા પણ અહીં નથી માટે તે બને યોગ ન હોય. ૩ અંબડ શ્રાવકની પેઠે કેટલાક વૈક્રિય લબ્ધિવાળાને વૈક્રિય પ્રારંભનો સંભવ છે માટે હોય.

અર્થ-પૂર્વોક્ત અગ્યાર યોગ આહારકદ્વિક સહિત(તેર યોગ) પ્રમત્ત ગુણઠાણે હોય. તે તેરયોગ વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર વિના (એટલે અગ્યાર યોગ) અપ્રમત્ત ગુણઠાણે હોય. કાર્મણ કાયયોગ, ઔદારિકદ્વિક, છેલ્લા અને પહેલા મનના તથા વચનના (બે બે) યોગ (એ સાત) સયોગી કેવળીને હોય અને અયોગી કેવળીને યોગ ન હોય.૪૭

વિવેચન—પ્રમત્ત ગુણઠાણે પૂર્વોક્ત ૧૧ તે આહારકદ્વિકે સહિત એવં તેર યોગ હોય; અહીંઆ આહારક શરીર કરે તે માટે. ઇતર તે અપ્રમત્ત ગુણઠાણે પૂર્વોક્ત તેર યોગ વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર એ બે યોગ વિના એટલે ૧૧ યોગ હોય; પ્રમત્ત થકો વૈક્રિય આહારક કરીને સાતમે આવે ત્યારે વૈક્રિય આહારક યોગ હોય પણ અપ્રમત્ત થકો વૈક્રિય આહારક કરે પણ નહીં અને છાંડે પણ નહીં, તે માટે અપ્રમત્તને વૈક્રિયમિશ્ર આહારકમિશ્ર ન હોય. ૧ કાર્મ્મણ કાયયોગ, ૨ ઔદારિકમિશ્ર કાયયોગ, એ બે યોગ કેવળિ સમુદ્દઘાતે હોય અને ઔદારિક કાયયોગ, પહેલાં અને છેલ્લાં મન અને વચનના યોગ; એ પાંચ તો સ્હેજે હોય, એવં સાત યોગ સયોગી ગુણઠાણે કેવળીને હોય. અયોગી ગુણઠાણે એકે યોગ ન હોય; યોગનો રોધ કરીને અયોગી થયા માટે ॥ ૪૭ ॥

ગુણઠાણાને વિષે ઉપયોગ.

તિઅનાણ દુદંસાઇમ,–દુગે અજઇ દેસિ નાણદંસતિગં;
તે મીસિ મીસા સમણા,જયાઇ *કેવળદુ અંતદુગે ॥૪૮॥

* ' કેવળિદુગંતદુગે ' ઇતિ પાઠાંતરમ્.

તિઅનાણુ–ત્રણ અજ્ઞાન	**મીસિ**–મિશ્ર ગુણઠાણે
દુદંસ–ચક્ષુ, અચક્ષુ બે દર્શન	**મીસા**–અજ્ઞાને મિશ્ર (હોય)
આઇમદુગે–આદિના બે ગુણઠાણે	**સમણા**–મન'પર્યવજ્ઞાન સહિત
અજય–અવિરતિએ	**જયાઇ**–પ્રમત્તાદિ (સાત) ગુણઠાણે
દેસિ–દેશવિરતિએ	**કેવલદુ**–કેવળ જ્ઞાન તથા કેવળ દર્શન
નાણદંસતિગં–જ્ઞાન દર્શનત્રિક (છ)	**અંતદુગે**-છેલ્લાં બે ગુણઠાણે
તે–તે (છ ઉપયોગ)	

અર્થ:—પહેલા બે ગુણઠાણે ત્રણ અજ્ઞાન અને બે દર્શન (ચક્ષુ-અચક્ષુ) હોય. અવિરતિ અને દેશવિરતિ ગુણઠાણે ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન હોય. તે છ ઉપયોગ, મિશ્ર ગુણઠાણે અજ્ઞાને કરી મિશ્ર હોય. મન:પર્યવજ્ઞાન સહિત (સાત ઉપયોગ) પ્રમત્તાદિ (સાત) ગુણઠાણે હોય. અને છેલ્લા બે ગુણઠાણે કેવળદ્વિક હોય. ૪૮

વિવેચન—મિથ્યાત્વ અને સાસ્વાદન એ બે ગુણઠાણે ત્રણ અજ્ઞાન અને ચક્ષુ, અચક્ષુ એ બે દર્શન એવં પાંચ ઉપયોગ હોય. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિ એ બે ગુણઠાણે ત્રણ જ્ઞાન, ચક્ષુ, અચક્ષુ, અને અવધિદર્શન એવં ૬ ઉપયોગ હોય. મિશ્ર ગુણઠાણે એજ છ ઉપયોગ તે અજ્ઞાને કરી મિશ્રિત હોય. કોઈવારે સમ્યકત્વ બાહુલ્ય હોય ત્યારે જ્ઞાન બાહુલ્ય અને કોઈવારે મિથ્યાત્વ બાહુલ્ય હોય ત્યારે અજ્ઞાન બાહુલ્ય હોય. અહીંઆ મિશ્ર ગુણઠાણે જે અવધિદર્શન કહ્યું તે સિદ્ધાંતને અભિપ્રાયે જાણવું પણ એ કર્મ્મગ્રથનો અભિપ્રાય નહીં. પ્રમત્તથી બારમા લગે સાત ગુણઠાણે પૂર્વોક્ત છ ઉપયોગ મન:પર્યવ જ્ઞાને

સહિત એટલે સાત ઉપયોગ હોય. અંતદ્વિક એટલે છેલ્લાં બે સયોગી અને અયોગી ગુણઠાણાને વિષે કેવળજ્ઞાન અને કેવળ દર્શન એ બે ઉપયોગ હોય, શેષ ૧૦ છાદ્મસ્થિક ઉપયોગ છે તે ઇહાં ન હોય. नट्ठंमिय छाउमत्थिए नाणे इति वचनात् ॥ ૪૮ ॥

સાસણભાવે નાણં, વિઉવ્વગાહારગે ઉરલમિસ્સં;
નેગિંદિસુ સાસાણો, નેહાહિગયં સુયમયં પિ ॥ ૪૯ ॥

સાસણભાવે–સાસ્વાદનભાવે	**એગિંદિસુ**–એકેંદ્રિયને વિષે
નાણં–મતિ–શ્રુતજ્ઞાન	**સાસાણો**–સાસ્વાદનપણું
વિઉવ્વગાહારગે–વૈક્રિય અને આહારક શરીરે	**નેહાહિગયં**–અહીં ગ્રહણ કર્યું નથી
ઉરલમિસ્સં–ઔદારિક મિશ્ર યોગ	**સુઅમયંપિ**–સૂત્રને વિષે માન્યું છે પણ
ન–નથી	

અર્થ—સાસ્વાદનપણું છતે જ્ઞાન, વૈક્રિય અને આહારક શરીરે ઔદારિકમિશ્ર કાયયોગ અને એકેંદ્રિયને વિષે સાસ્વાદનપણું નથી; એ પ્રકારે સૂત્રને વિષે માનેલું છે છતાં અહીં (કર્મગ્રંથમાં) ગ્રહણ કર્યું નથી. ૪૯

વિવેચન—હવે અહીં આ સૂત્રને સંમત છે પણ કેટલાએક બોલ કર્મગ્રંથે નથી લીધા તે કહે છે–સિદ્ધાંતે સાસ્વાદન હોય ત્યાં જ્ઞાન કહ્યું છે, તે માટે બેઇંદ્રિયાદિકને ઉપજતાં સાસ્વાદનપણે જ્ઞાની કહ્યા છે; તે કર્મગ્રંથે જ્ઞાન ન કહ્યું. તેનો અભિપ્રાય એ છે કે જે સાસ્વાદન છે તે સ-

મ્યકત્વથી પડતાં હોય, તે મિથ્યાત્વને સન્મુખ છે માટે મેલું સમ્યકત્વ છે, ત્યાં જ્ઞાન પણ મલીન છે; તે માટે અજ્ઞાનજ કહ્યું. તથા 'પન્નવણા, ભગવતિ' પ્રમુખે વૈક્રિય અને આહારકને પ્રારંભકાળે ઔદારિક સાથે મિશ્રભાવે આદારિકમિશ્ર કહ્યું છે પણ તે કર્મગ્રંથે અંગીકાર ન કર્યું. તેનો એ હેતુ જે ગુણપ્રત્યયિક લબ્ધિને બલવત્તરપણે કરીને કરવા માંડે તેનું પ્રાધાન્યપણું હોય, તે માટે અહીંઆ વૈક્રિયાહારકનું પ્રાધાન્યપણું વિવક્ષ્યું તેથી ઔદારિકમિશ્ર યોગ ન ગ્રહ્યો પણ વૈક્રિયાહારકને પ્રારંભકાળે તથા પરિત્યાગ કાળે વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્રજ કહ્યા. તથા સિદ્ધાંતે એકેંદ્રિય માંહે સાસ્વાદન ગુણઠાણું નથી એમ કહ્યું છે અને કર્મગ્રંથવાળે એકેંદ્રિયમાં સાસ્વાદન કહ્યું છે; એનું કારણ કાંઇ જણાતું નથી. જે સિદ્ધાંતે સ્પષ્ટ (ચોખ્ખી) ના કહી તે કર્મગ્રંથવાળે કેમ આદર્યું એનો તત્ત્વ કેવળી જાણે. તથા વળી અહીંઆ ગાથા માંહે નથી કહ્યું પણ ભગવતી પન્નવણા જીવાભિગમ પ્રમુખ સિદ્ધાંત માંહે વિભંગજ્ઞાનીને પણ અવધિદર્શન કહ્યું છે તે માટે પહેલાથી માંડી બારમા ગુણઠાણા લગે અવધિદર્શન હોય અને અહીંઆ કર્મગ્રંથના મતે વિભંગજ્ઞાનીને અવધિદર્શન ન કહ્યું, તે માટે ચોથા ગુણઠાણાથી ઉપરના ગુણઠાણેજ અવધિદર્શન હોય એમ કહ્યું છે. ॥ ૪૯ ॥

ગુણઠાણાને વિષે લેશ્યા.

છસુ સવ્વા તેઉતિગં, ઇગિ છસુ સુક્કા અજોગિ અલ્લેસા
બંધસ્સ મિચ્છ અવિરઇ,કસાય જોગત્તિ ચઉ હેઊ॥૫૦॥

છસુ-છગુણઠાણાને વિષે	**અલ્લેસા**-લેશ્યા રહિત હોય.
સવ્વા-સર્વ લેશ્યા હોય	**બંધસ્સ**-બંધનાં
તેઉતિગં-તેજો, પદ્મ અને શુકલ એ ત્રણ	**મિચ્છ**-મિથ્યાત્વ
ઇગિ-એક (અપ્રમત્ત) ને વિષે	**અવિરઇ**-અવિરતિપણું
સુક્કા-શુકલ લેશ્યા	**કસાય**-કષાય
અજોગિ-અયોગી કેવળી	**જોગ ત્તિ**-યોગ એમ
	ચઉહેઉ-ચાર હેતુ હોય છે.

અર્થઃ—(પહેલા) છ ગુણઠાણાને વિષે સર્વ લેશ્યા હોય; એક (અપ્રમત્ત) ગુણઠાણાને વિષે તેજો આદિ ત્રણ લેશ્યા હોય; છ (અપૂર્વકરણાદિ) ગુણઠાણાને વિષે શુકલ લેશ્યા હોય અને અયોગી કેવળી લેશ્યારહિત છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એમ ચાર હેતુ બંધના હોય છે ૫૦

વિવેચન—છ ગુણઠાણાને વિષે છ એ લેશ્યા હોય. અહીંઆ પ્રત્યેક (એકેકી) લેશ્યાના અસંખ્યાતા લોકાકાશપ્રદેશપ્રમાણ અધ્યવસાયસ્થાનક છે, તે માટે પ્રમત્તે પણ કૃષ્ણ લેશ્યાના અધ્યવસાય હોય; તે વિરોધ નહીં. સાતમે અપ્રમત્ત ગુણઠાણે ૧ તેજો, ૨ પદ્મ અને ૩ શુકલ લેશ્યા હોય, આઠમાથી તેરમા લગે છ ગુણઠાણે એક શુકલ લેશ્યા હોય અને અયોગી ગુણઠાણે લેશ્યા ન હોય (અલેશી હોય.)

હવે કર્મબંધના હેતુ કહે છે—

કર્મ બાંધવાના ૧ મિથ્યાત્વ, ૨ અવિરતિ, ૩ કષાય અને ૪ યોગ એ ચાર મૂળ હેતુ છે. મદ્ય વિષયાદિ પ્રમાદ તે પણ કર્મબંધના હેતુ છે પણ તે અવિરતિને યોગ માંહે આવ્યા માટે જુદા કહ્યા નથી. ૫૦

અભિગહિઅમણભિગહિઆભિનિવેસિયસંસઇયમણાભોગં
પણમિચ્છ બારઅવિરઇ, મણકરણાનિઅમુ છજિઅવહો.

અભિગહિઅં—અભિગ્રહિક	બારઅવિરઇ—બાર અવિરતિ
અણભિગહિઅ—અનભિગ્રહિક	મણ—મન
અભિનિવેસિય—આભિનિવેશિક	કરણ—ઇંદ્રિયોને
સંસઇયં—સાંશયિક	અનિયમુ—અનિયમન (તાબામા રાખે નહિં તે)
અણાભોગા—અનાભોગ	છજિઅવહો—છકાય જીવનો વધ
પણમિચ્છ—એ પાંચ મિથ્યાત્વ	

અર્થ—અભિગ્રહિક, અનભિગ્રહિક, આભિનિવેશિક, સાંશયિક અને અનાભોગ એ પાંચ મિથ્યાત્વ. મન અને ઇંદ્રિયોનું છૂટાપણું અને છકાય જીવનો વધ એ બાર અવિરતિ. ૫૧

વિવેચન—૧ પોતે માનેલું એજ દર્શન સારૂં ઈત્યાદિ અભિગ્રહિક મિથ્યાત્વ, ૨ સર્વે દર્શન સારાં ઈત્યાદિ અનભિગ્રહિક મિથ્યાત્વ, ૩ પોતે ખોટું જાણે તોપણ ગોષ્ઠામાહિલાદિકની પેરે પકડયો મત મૂકે નહી તે આભિનિવેશિક મિથ્યાત્વ, ૪ જિનપ્રણીત વચનને વિષે સંશય રાખે તે સાંશયિક મિથ્યાત્વ અને ૫ એકેંદ્રિયાદિકની પેરે અજાણપણું તે અનાભોગ મિથ્યાત્વ; એ પાચ ભેદે મિથ્યાત્વ જાણવું. હવે બાર ભેદે અવિરતિ કહે છે-પાંચ ઈંદ્રિય અને છઠું મન એ છ પોતપોતાને વિષયે પ્રવર્તે તેનું અનિવારણ (અનિયંત્રણ-છૂટાપણું) અને પૃથ્વીકાયાદિ છ જીવકાયનો વધ (હણવું) એ બાર ભેદ અવિરતિના જાણવા. ॥૫૧॥

નવ સોલ કસાયા પનર, જોગ ઇઅ ઉત્તરા ઉ સગવન્ના;
ઇગ ચઉ પણ તિગુણેસુ,ચઉતિદુઇગપચ્ચઓ બંધો ॥૫૨॥

નવસોલકસાયા-નવ તથા સોળ (મળી પચીશ)કષાય	પાંચ, ત્રણ
પનરજોગ-પંદર યોગ	**ગુણેસુ**-ગુણઠાણાને વિષે (અનુક્રમે)
ઇઅ ઉત્તરાઉ-એ પ્રકારે ઉત્તર ભેદ વળી	**ચઉ તિ દુ ઇગ**-ચાર, ત્રણ, બે, એક
સગવન્ના-સત્તાવન	**પચ્ચઓ બંધો**-પ્રત્યયિક બંધ હોય.
ઇગ ચઉ પણુતિ-એક, ચાર,	

અર્થ:—નવ (નોકષાય) અને સોળ (કષાય) કષાયો, પંદર યોગ, એ પ્રકારે ઉત્તર ભેદ વળી સત્તાવન થાય છે. એક, ચાર, પાંચ અને ત્રણ ગુણઠાણાને વિષે અનુક્રમે ચાર, ત્રણ, બે અને એક હેતુપ્રત્યયિક બંધ હોય. ૫૨

વિવેચન—હાસ્યાદિક નવ નોકષાય અને સોળ કષાય, એવં ૨૫ કષાય અને પૂર્વે વર્ણવેલા પન્નર યોગ; એ સર્વ મળીને બંધના મૂળહેતુના ૫૭ ઉત્તરહેતુ જાણવા. હવે ગુણઠાણે મૂળ ચાર હેતુ કહે છે-પહેલે મિથ્યાત્વ ગુણઠાણે ચારે હેતુ પ્રત્યયિક બંધ હોય; સાસ્વાદનાદિક ચાર ગુણઠાણે મિથ્યાત્વ ટાળીને ત્રણ પ્રત્યયિક બંધ હોય, અહીં આ મિથ્યાત્વ ટળ્યું છે તે માટે; પ્રમત્તાદિક પાંચ ગુણઠાણે કષાય અને યોગ એ બે પ્રત્યયિક બંધ હોય, અવિરતિ પણ ટળી છે તે માટે; તથા ઉપશાંતમોહાદિક ત્રણ ગુણઠાણે એકજ યોગપ્રત્યયિક બંધ હોય, કષાય પણ ટળ્યા છે માટે અને અયોગી તો હેતુના અભાવે અબંધક હોય. ॥ ૫૨ ॥

૧૨૦ ઉત્તર પ્રકૃતિને વિષે મૂળ બંધ હેતુ.

ચઉમિચ્છમિચ્છઅવિરઇ,-પચ્ચઇઆ સાય સોલ પણતીસા
જોગવિણુ તિપચ્ચઇઆ,-હારગજિણવજ્જ સેસાઓ ॥૫૩॥

ચઉ–ચાર પ્રત્યયિકી	**જોગવિણુ**–યોગવિના
મિચ્છ–મિથ્યાત્વ પ્રત્યયિકી	**તિ**–ત્રણ (બંધહેતુ)
મિચ્છ અવિરઇ પચ્ચઇઆ–મિથ્યાત્વ અને અવિરતિ પ્રત્યયિકી	**પચ્ચઇઆ**–પ્રત્યયિકી હોય.
સાય–સાતા વેદનીય	**આહારગ**–આહારક દ્વિક
સોલ–સોળ પ્રકૃતિ	**જિણ**–જિનનામકર્મ
પણતીસા–પાત્રીશ પ્રકૃતિ	**વજ્જ**–વર્જીને
	સેસાઓ–શેષ પ્રકૃતિઓ

અર્થ:—ચાર હેતુ પ્રત્યયિકી સાતા વેદનીય, મિથ્યાત્વ પ્રત્યયિકી સોળ પ્રકૃતિ અને મિથ્યાત્વ તથા અવિરતિ પ્રત્યયિકી પાંત્રીશ પ્રકૃતિ હોય. જોગ વિના ત્રણ બંધહેતુ પ્રત્યયિકી, આહારકદ્વિક અને જિનનામ વર્જીને બાકીની પ્રકૃતિ જાણવી. ૫૩

વિવેચન—એક સાતાવેદનીય ચાર હેતુએ બંધાય, મિથ્યાત્વથી સયોગી લગે બંધાય છે તે માટે. નરકત્રિક, જાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક, હુંડક સંસ્થાન, આતપ નામ કર્મ, છેવટ્ઠું સંઘયણ, નપુંસક વેદ અને મિથ્યાત્વ; એ સોળ પ્રકૃતિ એક મિથ્યાત્વ હેતુએજ બંધાય, એનો મિથ્યાત્વ ગુણઠાણેજ બંધ છે ઉપરના ગુણઠાણે નથી તે માટે. તથા તિર્યંચત્રિક, થીણદ્ધિત્રિક, દુર્ભગત્રિક, અનંતાનુબંધી ચતુષ્ક, મધ્યાકૃતિચતુષ્ક, મધ્યસંઘયણચતુષ્ક, નીચગોત્ર, ઉદ્યોત

નામકર્મ, અશુભ વિહાયોગતિ, સ્ત્રીવેદ એ પચીશ પ્રકૃતિ સાસ્વાદનને અંતે ટળે અને વજ્રઋષભનારાચ સંઘયણ, મનુષ્યત્રિક, બીજા ચાર કષાય અને ઔદારિકદ્વિક એ દશ પ્રકૃતિ અવિરતિને અંતે ટળે; એવં ૩૫ પ્રકૃતિ, મિથ્યાત્વ અને અવિરતિ એ બે હેતુએ બંધાય; અવિરતિ ટળ્યે એનો બંધ ટળે તે માટે. એ (૫૨) પ્રકૃતિ કહી શેષ ૬૮ રહી તે માંહેથી આહારકદ્વિક અને જિનનામકર્મ એ ત્રણ ટાળીને શેષ ૬૫ પ્રકૃતિ-યોગ વિના મિથ્યાત્વ અવિરતિ અને કષાય એ ત્રણ હેતુએ બંધાય; મિથ્યાત્વથી સૂક્ષ્મસંપરાય લગે એનો યથાયોગ્ય બંધ છે, પછી કેવળયોગ રહ્યો ત્યાં એનો બંધ નહીં તે માટે યોગ ટાળ્યો. આહારકદ્વિક અને જિનનામકર્મ એ ત્રણ પ્રકૃતિ તો એ ચાર હેતુ માંહિ કોઇ હેતુએ ન બંધાય. સમ્યક્ત્વ ગુણે કરીને તીર્થંકર નામ બંધાય અને સંયમ ગુણે કરીને આહારકદ્વિક બંધાય. 'समत्तगुणनिमित्त तित्थयर सजमेण आहार' इति वचनात् ॥ ૫૩ ॥

ગુણઠાણાને વિષે ઉત્તર બંધહેતુ.

પણપન્નપન્ના તિઅછહિઅ,-ચત્ત ગુણચત્ત છચઉદુગવીસા;
સોલસ દસ નવ નવ સ-ત્ત હેઉણો ન ઉ અજોગિંમિ ॥૫૪॥

પણપન્ન-પંચાવન	સોલસ-સોલ
પન્ના-પચાસ	દસ-દશ
તિઅછહિઅચત્ત-તેંતાલીશ, છેંતાલીશ	નવ-નવ
	સત્ત-સાત
ગુણચત્ત-ઓગણચાલીશ	હેઉણો-બંધહેતુઓ (જાણવા)
છચઉદુગવીસા-છવીશ, ચોવીશ અને બાવીશ.	ન ઉ-નથી વળી
	અજોગિંમિ-અજોગી ગુણઠાણે

અર્થ:—અનુક્રમે પંચાવન, પચાસ, તેંતાલીશ, છેંતાલીશ, ઓગણચાળીશ, છવીશ, ચોવીશ, બાવીશ, સોળ, દશ, નવ, નવ અને સાત ઉત્તરબંધ હેતુઓ તેર ગુણઠાણાને વિષે જાણવા. અયોગી ગુણઠાણે વળી બંધહેતુ નથી. ૫૪

વિવેચન—મિથ્યાત્વે ૫૫ બંધ હેતુ હોય, સાસ્વાદને ૫૦, મિશ્રે ૪૩, અવિરતિ સમ્યક્ત્વે ૪૬, દેશવિરતિ ગુણઠાણે ૩૯, પ્રમત્તે ૨૬, અપ્રમત્તે ૨૪, અપૂર્વકરણે ૨૨, અનિવૃત્તિ બાદરે ૧૬, સૂક્ષ્મસંપરાયે ૧૦, ઉપશાંતમોહે ૯, ક્ષીણમોહે ૯ અને સયોગીએ ૭ બંધહેતુ હોય. અને અજોગી ગુણઠાણે હેતુ નહીં, બંધનો અભાવ છે માટે. ॥ ૫૪ ॥

પણપન્ન મિચ્છિ હારગ દુગૂણ–સાસાણિ પન્ન મિચ્છ વિણા;
મીસદુગકમ્મઅણ વિણુ, તિચત્ત મીસે અહ છચત્તા. ૫૫

પણપન્ન–પંચાવન
મિચ્છિ–મિથ્યાત્વ ગુણઠાણે
આહારગદુગૂણુ–આહારકદ્વિકે-હીન
સાસાણિ–સાસ્વાદને
પન્ન–પચાસ
મિચ્છવિણા–મિથ્યાત્વ વિના
મીસદુગ–મિશ્રદ્વિક (આદારિક મિશ્ર, વૈક્રિયમિશ્ર)
કમ્મ–કાર્મણ કાયયોગ
અણ–અનંતાનુબંધિ
વિણુ–વિના
તિચત્ત–તેંતાલીશ
મીસે–મિશ્ર ગુણઠાણે
અહ–હવે
છચત્તા–છેતાલીશ

અર્થ—આહારકદ્વિક વિના ૫૫ બંધહેતુ મિથ્યાત્વ ગુણઠાણે હોય. સાસ્વાદને પાંચ મિથ્યાત્વ વિના ૫૦ બંધહેતુ હોય. મિશ્રદ્વિક (ઔદારિક મિશ્ર–વૈક્રિયમિશ્ર), કાર્મણ કાય-

યોગ અને અનંતાનુબંધી કષાય (એ સાત) વિના ૪૩ બંધહેતુ મિશ્ર ગુણઠાણે હોય. પછી ૪૬ બંધ હેતુ હોય. ૫૫

વિવેચન—મિથ્યાત્વ ગુણઠાણે આહારકદ્વિકનો ઉદય ન હોય તે માટે ૫૫ બંધહેતુ હોય. સાસ્વાદન ગુણઠાણે પાંચ મિથ્યાત્વ વિના ૫૦ બંધહેતુ હોય; પાંચ મિથ્યાત્વ તો મિથ્યાત્વ ગુણઠાણે રહ્યા તે માટે. આ ૫૦ બંધહેતુ માંહેથી ૧ ઔદારિક મિશ્ર, ૨ વૈક્રિયમિશ્ર, ૩ કાર્મ્મણકાયયોગ અને ચાર અનંતાનુબંધી કષાય, એ સાત વિના મિશ્ર ગુણઠાણે ૪૩ હેતુ હોય. ૧ ઔદારિકમિશ્ર, ૨ વૈક્રિયમિશ્ર અને ૩ કાર્મણ, એ ત્રણ તો ઉપજતી વેળાએ અને ગત્યંતરાળે હોય પણ મિશ્ર ગુણઠાણે કોઈ જીવ મરે નહીં તે માટે ન હોય અને અનંતાનુબંધીનો ઉદય તો સાસ્વાદન લગેજ હોય, તે માટે પણ અહીં ન હોય. હવે છેતાળીશ હોય. (ક્યાં હોય તે આગળની ગાથામાં કહે છે.) ૫૫

સદુમીસકમ્મ અજએ,અવિરઇકમ્મુરલમીસ બિકસાએ;
મુત્તુ ગુણચત્ત દેસે, છવીસ સાહારદુ પમત્તે ॥ ૫૬ ॥

સ–સહિત
દુમીસ–બે મિશ્ર (ઔદારિક વૈક્રિય)
કમ્મ–કાર્મણયોગ
અજએ–અવિરતિ ગુણઠાણે
અવિરઇ–ત્રસકાયનું અવિરતિપણું
કમ્મ–કાર્મણયોગ
ઉરલમીસ–ઔદારિકમિશ્ર
બિકસાએ–બીજા (અપ્રત્યાખ્યાનીય ચાર) કષાય
મુત્તુ–મૂકીને
ગુણચત્ત–ઓગણચાલીશ
દેસે–દેશાવરતિ ગુણઠાણે
છવીસ–છવીશ
સાહારદુ–આહારકદ્વિક સહિત
પમત્તે–પ્રમત્ત ગુણઠાણે

અર્થ—એ મિશ્ર અને કાર્મણ કાયયોગ સહિત (૪૬ બંધ હેતુ) અવિરતિ ગુણઠાણે હોય. ત્રસકાયની અવિરતિ, કાર્મણ કાયયોગ, ઔદારિકમિશ્ર અને બીજા (અપ્રત્યાખ્યાનીય) કષાય મૂકીને ૩૯ બંધહેતુ દેશવિરતિ ગુણઠાણે હોય પ્રમત્ત ગુણઠાણે ૨૬ બંધહેતુ હોય; આહારકદ્વિક સહિત અને, ૫૬

વિવેચન—પૂર્વોક્ત ૪૩ હેતુને ૧ ઔદારિકમિશ્ર, ૨ વૈક્રિયમિશ્ર અને ૩ કાર્મણ એ ત્રણ સહિત કરતાં અયત* ગુણઠાણે ૪૬ હેતુ હોય; એ ત્રણ હેતુ ગત્યંતરાળે હોય અને ગત્યંતરાળે પણ ચોથું ગુણઠાણું હોય તે માટે. તે મધ્યેથી ૧ ત્રસકાયની અવિરતિ, ૨ કાર્મણ, ૩ ઔદારિકમિશ્ર અને અપ્રત્યાખ્યાનીય ચાર કષાય, એ સાત હેતુ ટાળીએ ત્યારે દેશ વિરતિ ગુણઠાણે ૩૯ હેતુ હોય. પ્રમત્ત ગુણઠાણે ૨૬ બંધ હેતુ હોય; આહારકદ્વિકનો ઉદય હોય તે માટે તે બે સહિત કરીએ એટલે, ॥ ૫૬ ॥

અવિરઇઇગારતિકસાય,વજ્જ અપમત્તિ મીસદુગરહિઆ;
ચઉવીસ અપુવ્વે પુણ, દુવીસ અવિઉવ્વિઆહારે ॥૫૭॥

અવિરઇ-અવિરતિ	**રહિઆ**-રહિત
ઇગાર-અગિયાર	**ચઉવીસ**-ચોવીશ
તિકસાય-ત્રીજા (પ્રત્યાખ્યાનીય) ચાર કષાય	**અપુવ્વે**-અપૂર્વ કરણે
	પુણ-વળી
વજ્જ-રહિત	**દુવીસ**-બાવીશ
અપમત્તિ-અપ્રમત્ત ગુણઠાણે	**અવિઉવ્વિઆહારે**-વૈક્રિય
મીસદુગ-મિશ્રદ્વિક	અને આહારક વિના

---

* અવિરત સમ્યગ્દષ્ટિ.

અર્થ—અગ્યાર અવિરતિ અને ત્રીજા (પ્રત્યાખ્યાનીય) કષાય રહિત (૨૬ હેતુ) હોય અપ્રમત્ત ગુણઠાણે મિશ્રદ્વિક રહિત ચોવીશ બંધ હેતુ હોય. અપૂર્વકરણ ગુણઠાણે વળી વૈક્રિય અને આહારક વિના ૨૨ બંધ હેતુ હોય. ૫૭

વિવેચન—૪૧ હેતુ માંહેથી ૧૧ અવિરતિ અને પ્રત્યાખ્યાનીય ચાર કષાય, એ ૧૫ હેતુ ટાળીએ ત્યારે પ્રમત્ત ગુણઠાણે ૨૬ હેતુ હોય. અપ્રમત્ત થકો વૈક્રિય આહારકનો પ્રારંભ ન કરે તે માટે ૧ વૈક્રિયમિશ્ર અને ૨ આહારકમિશ્ર એ બે હેતુ ટાળીને ૨૪ હેતુ હોય. અપૂર્વકરણ ગુણઠાણે વૈક્રિય અને આહારક પણ ન હોય તે માટે ૨૨ હેતુ હોય. ॥૫૭॥

અછહાસ સોલ બાયરિ, સુહુમે દસ વેઅસંજલણુતિ વિણા ।
ખીણુવસંતિ અલોભા, સજોગિ પુવ્વુત્ત સગ જોગા ॥૫૮॥

અછહાસ—હાસ્યાદિક છ વિના	**વિણા**—વિના
સોલ—સોલ	**ખીણુવસંતિ**—ક્ષીણમોહ તથા ઉપશાતમોહે
બાયરિ—બાદર સંપરાયે	**અલોભા**—લોભવિના (નવ)
સુહુમે—સૂક્ષ્મ સંપરાયે	**સજોગિ**—સયોગી ગુણઠાણે
દસ—દશ	**પુવ્વુત્ત**—પૂર્વોક્ત
વેઅ—વેદ ત્રણ	**સગજોગા**—સાત યોગ
સંજલણુતિ—સંજવલન ત્રણ	

અર્થ—હાસ્ય ષટક વિના સોળ બંધહેતુ બાદર સંપરાયે હોય. સૂક્ષ્મસંપરાયે ત્રણ વેદ અને સંજ્વલનત્રિક (ક્રોધ, માન, માયા) વિના દશ બંધ હેતુ હોય. ક્ષીણ મોહ ગુણઠાણે લોભ વિના (નવ બંધ હેતુ) હોય. સયોગી કેવળી ગુણઠાણે પૂર્વોક્ત સાત યોગ હોય. ૫૮

વિવેચન--પૂર્વોક્ત ૨૨ હેતુમાંહેથી હાસ્યાદિ ૭ વર્જીને ૧૬ હેતુ અનિવૃત્તિબાદર ગુણઠાણે હોય. તે માંહેથી ત્રણ વેદ અને સંજ્વલનાત્રક એ ૬ હેતુ ટાળીને સૂક્ષ્મસંપરાય ગુણઠાણે ૧૦ હેતુ હોય. તે માંહેથી સંજ્વલનનો લોભ ટાળીને ઉપશાંતમોહ તથા ક્ષીણમોહ એ બ ગુણઠાણે ૯ હેતુ હોય. સયોગી ગુણઠાણે પહેલું તથા છેલ્લું મન, પહેલું તથા છેલ્લું વચન, ઔદારિક કાયયોગ, ઔદારિકમિશ્ર કાયયોગ અને કાર્મણ કાયયોગ એ સાત હેતુ હોય.

ઈહાં ચૌદ ગુણઠાણે ઉત્તર બંધહેતુ કહ્યા, તે સર્વજીવ આશ્રયીને સમુચ્ચય પદે કહ્યા, પણ એકેક જીવ આશ્રયીને વિવક્ષીએ ત્યારે તેના ૪૭૧૩૦૧૦ ભાગા થાય. ત્યાં પ્રથમ મિથ્યાત્વ ગુણઠાણે ૩૪૭૭૬૦૦ ભાંગા થાય, તે આ પ્રમાણે-મિથ્યાત્વ ગુણઠાણે આહારકદ્વિક વિના ૫૫ હેતુ સમુચ્ચયપદે કહ્યા પણ એક જીવને તો જઘન્યથી ૧૦, મધ્યમથી ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭ અને ઉત્કૃષ્ટથી ૧૮ હેતુ; એમ નવ વિકલ્પ હોય. ત્યાં પાચ મિથ્યાત્વમાથી એક જીવને એક સમયે એક જ મિથ્યાત્વ હોય, પાંચ ઇંદ્રિય મધ્યે એક ઇંદ્રિયનો વિષય હોય અને મનની અવિરતિ તો યોગ મધ્યેજ ગણી છે માટે અહીંઆ ગણવી નહીં. તથા છકાય મધ્યે કોઇક જીવ કોઇવારે એક કાયનો વધ કરે એટલે પૃથ્વીનો જ વધ કરે અથવા અપ્નોજ વધ કરે, એવં છ કાયના ૬ ભાંગા થાય. કોઈક જીવ બે કાયનો વધ કરે, તેના દ્વિસંયોગી ૧૫ ભાંગા થાય. કોઈક જીવ ત્રણ કાયનો વધ કરે, તેના ત્રિસંયોગી ૨૦ ભાંગા થાય. એમ ચતુ:સંયોગી ૧૫ ભાંગા, પંચ સંયોગી ૬ ભાંગા અને ષટ્ સયોગી એક ભાગો થાય. જ્યાં જેટલી કાયનો વધ વિવક્ષીએ ત્યાં તેટલા ભાંગા સાથે પાંચ

મિથ્યાત્વે ગુણીએ, તેને પાંચ ઇંદ્રિયે ગુણીએ, તેને બે યુગળ સાથે ગુણીએ, તેને ત્રણ વેદ ગુણીએ, તેને ચાર કષાયે ગુણીએ, તેને વળી યોગ સાથે ગુણીએ એટલે જ્યાં જેટલા મિથ્યાત્વ વગેરે હોય તેટલા સાથે અનુક્રમે ગુણીએ ત્યારે ત્યાં ભાંગા થાય. એ ભાંગા ઉપજાવવાની વિધિઃ-હવે પ્રથમ મિથ્યાત્વે જઘન્યપદે એક કાયનો વધ, ૨ એક મિથ્યાત્વ, ૩ એક ઇંદ્રિય, ૪ એક યુગળ, ૫ એક વેદ, ૬-૯ ક્ષાયોપશમિક સમ્યકત્વી પડતો મિથ્યાત્વે આવે ત્યારે બંધાવલિકા અને સંક્રમાવલિકા લગે અનંતાનુબંધી ઉદયે ન હોય ત્યારે એક કષાયના ત્રણજ ભેદ હોય અને અનંતાનુબંધીના ઉદય વિના મિથ્યાત્વી મરે નહીં તેથી અપર્યાપ્તાવસ્થાભાવી ૧ કાર્મણ, ૨ ઔદારિકમિશ્ર, ૩ વૈક્રિયમિશ્ર, એ ત્રણ યોગ પણ ન હોય, ત્યારે ૧૦ યોગ માંહેલો એક યોગ એ ૧૦ હેતુ હોય. એક કાયના ભાંગા ૬ તેને પાંચ મિથ્યાત્વ સાથે ગુણતાં ૩૦ થયા. તેને પાંચ ઇંદ્રિય સાથે ગુણતાં ૧૫૦ થયા. તેને ૨ યુગળ સાથે ગુણતાં ૩૦૦ થયા. તેને ત્રણ વેદ સાથે ગુણતાં ૯૦૦ થયા. તેને ૪ કષાય સાથે ગુણતાં ૩૬૦૦ થયા. તેને દશ યોગ સાથે ગુણતાં ૩૬૦૦૦ થયા. એ દશ હેતુના ભાંગા થયા.

હવે એ દશ માંહે ભય ભેળવીએ ત્યારે ૧૧ હેતુ થાય, ત્યાં પણ એમજ ૩૬૦૦૦ ભાંગા થાય. અથવા કુચ્છા (જુગુપ્સા) ભેળવીએ તોપણ ૩૬૦૦૦ ભાંગા થાય. તથા બે કાયનો વધ વિવક્ષીએ તોપણ ૧૧ હેતુ થાય; ત્યાં કાય ભાંગા ૧૫ સાથે પૂર્વોક્ત રીતિએ ગણીએ ત્યારે ૯૦૦૦૦ ભાંગા થાય. તથા અનંતાનુબંધીનો ઉદય હોય ત્યારે ૪ કષાયે ૧૧ હેતુ હોય, ત્યાં

યોગ ૧૩ છે તેથી ત્યાં ભાંગા[1] ૪૬૮૦૦ થાય. એ ૧૧ હેતુના ૪ વિકલ્પ ભેળા કરીએ ત્યારે ૨૦૮૮૦૦ ભાંગા થાય.

હવે પૂર્વોક્ત ૧૦ મધ્યે ભય અને કુચ્છા ભેળવીએ ત્યારે ૧૨ હેતુ થાય, ત્યાં ૩૬૦૦૦ ભાંગા થાય. તથા ભય અને બે કાય લેખવીએ ત્યારે બે કાયના ૧૫ ભાંગા સાથે ગુણતાં ૯૦૦૦૦ ભાંગા થાય. કુચ્છા અને બે કાય સાથે ૯૦૦૦૦ થાય. ત્રણે કાય લેખવીએ ત્યારે ૨૦ ભાંગા સાથે ગુણતાં ૧૨૦૦૦૦ થાય. અનંતાનુબંધીનો ઉદય હોય ત્યારે અનંતાનુબંધી અને ભય ભેળવીયે ત્યાં યોગ ૧૩ હોય, ત્યારે ૪૬૮૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી અને કુચ્છા ભેળવતાં ૪૬૮૦૦ ભાંગા થાય. તથા અનંતાનુબંધી અને બે કાય લેખવતાં ૧૧૭૦૦૦ ભાંગા થાય. એ બાર હેતુના ૭ વિકલ્પે થઈને ૫૪૬૬૦૦ ભાંગા થયા.

હવે પૂર્વોક્ત ૧૦ મધ્યે ભય તથા કુચ્છા ભેળવીએ અને *બે કાય લેખવીએ ત્યારે ૧૩ હેતુ થાય, ત્યાં ૯૦૦૦૦ ભાંગા થાય. ભય અને ત્રણ કાય લેખવીએ ત્યારે ૧૨૦૦૦૦ ભાંગા થાય. કુચ્છા અને ત્રણ કાયે પણ ૧૨૦૦૦૦ ભાંગા થાય. ૪ કાય લેખવીએ ત્યારે ૯૦૦૦૦ ભાંગા થાય તથા અનંતાનુબંધીને ઉદયે ભય, કુચ્છા ભેળવીએ ત્યારે યોગ ૧૩ હોય, તેથી ૪૬૮૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી ભય અને બે કાય લેખવતાં ૧૧૭૦૦૦ ભાંગા થાય; તેમજ અનંતાનુબંધી કુચ્છા અને બે કાય ભેળવતાં ૧૧૭૦૦૦ ભાંગા થાય. અનં-

---

૧ ચાર કષાય સુધી ગુણતાં પૂર્વોક્ત રીતે ૩૬૦૦ ભાગા થયા, તેને તેર યોગ સાથે ગુણતાં ૪૬૮૦૦ ભંગ થાય.

* એક કાય પ્રથમના દશ હેતુમા ગણાયેલ છે તેથી બે કાય ગણતાં ફક્ત એક હેતુ વધ્યો એમ બધે સમજવું.

તાનુબંધી અને ત્રણકાય લઇએ ત્યારે ૧૫૬૦૦૦ ભાંગા થાય. એ ૧૩ હેતુના આઠ વિકલ્પે થઈને ૮૫૬૮૦૦ ભાંગા થયા.

હવે પૂર્વોક્ત ૧૦ મધ્યે ભય, કુચ્છા ભેળવીએ અને ત્રણ કાય લેખવીએ ત્યારે ૧૪ હેતુ થાય, ત્યાં ૧૨૦૦૦૦ ભાંગા થાય. ભય ભેળવીને ૪ કાય લેખવીએ ત્યારે ૯૦૦૦૦ ભાંગા થાય. પાંચ કાય ગણીયે ત્યારે ૩૬૦૦૦ ભાંગા થાય. અનંતાનુબંધીને ઉદયે ભય કુચ્છા અને બે કાય ગણીયે ત્યારે યોગ ૧૩ હોય, ત્યારે ૧૧૭૦૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી ભય અને ત્રણ કાય ગણતાં ૧૫૬૦૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી કુચ્છા અને ત્રણ કાય ભેળવીએ ત્યારે ૧૫૬૦૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી અને ચાર કાય ભેળવીએ ત્યારે ૧૧૭૦૦૦ ભાંગા થાય. એ ચૌદ હેતુના આઠ વિકલ્પે થઇને ૮૮૨૦૦૦ ભાંગા થયા.

હવે પૂર્વોક્ત ૧૦ મધ્યે ભય, કુચ્છા ભેળવીએ અને ૪ કાય ગણીએ એટલે ૧૫ હેતુ હોય; ત્યાં ૯૦૦૦૦ ભાંગા થાય. ભય અને ૫ કાયના ૩૬૦૦૦ ભાંગા થાય, કુચ્છા અને ૫ કાયના ૩૬૦૦૦ ભાંગા થાય અને છ કાય ભેળવીયે ત્યારે ૬૦૦૦ ભાંગા થાય. અનંતાનુબંધીને ઉદયે યોગ ૧૩ હોય તેથી અનંતાનુબંધી, ભય અને કુચ્છા ભેળવીએ અને ત્રણ કાય ગણીએ ત્યારે ૧૫૬૦૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી તથા ભય ભેળવીએ અને ૪ કાય ગણીયે ત્યારે ૧૧૭૦૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી, કુચ્છા અને ૪ કાય ભેળવીએ ત્યારે ૧૧૭૦૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી અને ૫ કાય ગણીયે ત્યારે ૪૬૮૦૦ ભાંગા થાય. એ ૧૫ હેતુના આઠ વિકલ્પે થઇને ૬૦૪૮૦૦ ભાંગા થયા.

હવે પૂર્વોક્ત ૧૦ મધ્યે ભય, કુચ્છા અને ૫ કાય

મેળવીએ એટલે ૧૬ હેતુ થાય; ત્યાં ૩૬૦૦૦ ભાંગા થાય. ભય અને ૭ કાયના ૬૦૦૦ ભાંગા થાય. કુચ્છા અને ૭ કાયના ૬૦૦૦ ભાંગા થાય. અનંતાનુબંધીને ઉદયે યોગ ૧૩ હોય તેથી અનંતાનુબંધી, ભય, કુચ્છા અને ૪ કાય ગણીએ ત્યાં ૧૧૭૦૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી, ભય અને ૫ કાય ગણીએ ત્યારે ૪૬૮૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી, કુચ્છા અને ૫ કાય ભેળવીયે, ત્યારે ૪૬૮૦૦ ભાંગા થાય, અનંતાનુબંધી અને ૬ કાય ભેળવીએ ત્યારે ૭૮૦૦ ભાંગા થાય. એ સોળ હેતુના ૭ વિકલ્પે થઇને ૨૬૬૪૦૦ ભાંગા થયા.

હવે પૂર્વોક્ત ૧૦ મધ્યે ભય, કુચ્છા અને ૭ કાય લઇએ ત્યારે ૧૭ હેતુ હોય, ત્યાં ૬૦૦૦ ભાંગા થાય. અનંતાનુબંધીને ઉદયે ભય કુચ્છા અને ૫ કાય ગણીએ ત્યારે ૪૬૮૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી, ભય અને કાય ૬ હોય, ત્યાં ૭૮૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી, કુચ્છા અને ૬ કાય હોય ત્યારે ૭૮૦૦ ભાંગા થાય. એ ૧૭ હેતુના ચાર વિકલ્પે થઇને ૬૮૪૦૦ ભાંગા થયા.

હવે ૬ કાય, ૧ મિથ્યાત્વ, ૧ ઇંદ્રિય, ૪ કષાય, ૨ યુગળ–હાસ્યાદિ, ૧ વેદ, ૧ યોગ, ભય અને કુચ્છા, એ ૧૮ હેતુના ૭૮૦૦ ભાંગા થાય. એવં મિથ્યાત્વ ગુણઠાણે ૧૦ થી ૧૮ હેતુના ૯ વિકલ્પે થઇને ૩૪૭૭૬૦૦ ભાંગા થાય.

હવે બીજા સાસ્વાદન ગુણઠાણે ૩૮૩૦૪૦ ભાંગા ઉપજે, તે આ પ્રમાણે—પાંચ મિથ્યાત્વ ટાળતાં સાસ્વાદન ગુણઠાણે સર્વ જીવ આશ્રયીને ૫૦ હેતુ કહ્યા પણ એક જીવને તો જઘન્ય ૧૦, મધ્યમ ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ અને

ઉત્કૃષ્ટા ૧૭ હેતુ એક સમયે હોય; એ આઠ વિકલ્પ હોય. અનંતાનુબંધી ઉદયે અવશ્ય હોય, મિથ્યાત્વ પાંચે ન હોય, જઘન્યપદે કાય ૧નો વધ, ઇંદ્રિય ૧, કષાય ૪, હાસ્યાદિયુગળ ૨, વેદ ૧ અને યોગ ૧૩ માંહેલો એક; એ દશ હેતુ હોય. એક કાયના ભાંગા ૬ તેને પાંચ ઈંદ્રિય સાથે ગુણતાં ૩૦ થાય, તેને ચાર કષાય સાથે ગુણતાં ૧૨૦ થાય, તેને બે યુગળ સાથે ગુણીએ ત્યારે ૨૪૦ થાય, તેને ૩ વેદ સાથે ગુણીએ ત્યારે ૭૨૦ થાય, તેને ૧૩ યોગ સાથે ગુણીએ ત્યારે ૯૩૬૦ થાય; સાસ્વાદને નપુંસકવેદે વૈક્રિયમિશ્ર યોગ ન હોય કેમકે સાસ્વાદની નારકીમાં ન ઉપજે. તે માટે ૯૩૬૦ માંથી ૨૪૦ ભાંગા ઓછા કરીએ ત્યારે ૯૧૨૦ ભાંગા ૧૦ હેતુના થાય. તે ૧૦ હેતુ માંહે ભય ભેળવીએ ત્યારે ૧૧ હેતુ થાય; ત્યાં પણ ૯૧૨૦ ભાંગા થાય. એમ દશહેતુમાં કુચ્છા ભેળવીએ ત્યારે પણ ૧૧ હેતુના ૯૧૨૦ ભાંગા થાય. તથા કાય ૨ લઈએ ત્યારે ત્યાં ભાંગા ૨૨૮૦૦ થાય. એમ ૧૧ હેતુના ત્રણ વિકલ્પે ૪૧૦૪૦ ભાંગા થયા.

હવે પૂર્વોક્ત ૧૦ હેતુ માંહે ભય અને કુચ્છા ભેળવીએ ત્યારે ૧૨ હેતુ થાય, ત્યારે ૯૧૨૦ ભાંગા થાય. ભય અને કાય ૨ લઈએ ત્યારે ભાંગા ૨૨૮૦૦ થાય. કુચ્છા અને કાય ૨ લઇએ ત્યારે ૨૨૮૦૦ ભાંગા થાય. ફક્ત ૩ કાય લેતાં ૩૦૪૦૦ ભાંગા થાય. એ ૧૨ હેતુના ૪ વિકલ્પે ૮૫૧૨૦ ભાંગા થયા.

હવે પૂર્વોક્ત ૧૦ હેતુ માંહે ભય અને કુચ્છા ભેળવીએ અને કાય ૨ લઇએ ત્યારે ૧૩ હેતુ થાય, ત્યાં ૨૨૮૦૦ ભાંગા થાય. ભય અને કાય ૩ લઈએ ત્યારે ૩૦૪૦૦ ભાંગા થાય. કુચ્છા અને કાય ૩ લઈએ ત્યારે ૩૦૪૦૦ ભાંગા થાય. ફક્ત

૪ કાયજ લઈએ ત્યારે ૨૨૮૦૦ ભાંગા થાય. એ ૪ વિકલ્પે ૧૩ હેતુના ૧૦૬૪૦૦ ભાંગા થયા.

હવે પૂર્વોક્ત ૧૦ હેતુ માંહે ભય, કુચ્છા અને કાય ૩ ભેળવીએ ત્યારે ૧૪ હેતુ થાય, ત્યાં ૩૦૪૦૦ ભાગા થાય. ભય અને કાય ૪ લઇએ ત્યારે ૨૨૮૦૦ ભાંગા થાય. કુચ્છા અને કાય ૪ લઈએ ત્યારે ૨૨૮૦૦ ભાંગા થાય. ફક્ત ૫ કાયજ લઇએ ત્યારે ૯૧૨૦ ભાંગા થાય. એ ૪ વિકલ્પે ૧૪ હેતુના ૮૫૧૨૦ ભાંગા થયા.

હવે પૂર્વોક્ત ૧૦ હેતુ માંહે ભય, કુચ્છા અને કાય ૪ ભેળવીએ ત્યારે ૧૫ હેતુ થાય, ત્યાં ૨૨૮૦૦ ભાંગા થાય. ભય અને ૫ કાય લઇએ ત્યારે ૯૧૨૦ ભાંગા થાય. કુચ્છા અને પાંચ કાય લઈએ ત્યારે ૧૯૨૦ ભાંગા થાય. ફક્ત છ કાય લઇએ ત્યારે ૧૫૨૦ ભાંગા થાય. એમ ૧૫ હેતુના ૪ વિકલ્પે ૪૨૫૬૦ ભાગા થયા.

હવે પૂર્વોક્ત ૧૦ હેતુ માંહે ભય, કુચ્છા અને ૫ કાય ભેળવીએ ત્યારે ૧૬ હેતુ થાય, ત્યાં ૯૧૨૦ ભાંગા થાય. ભય અને ૬ કાય ભેળવીએ ત્યારે ૧૫૨૦ ભાંગા થાય, કુચ્છા અને છકાય ભેળવીએ ત્યારે ૧૫૨૦ ભાંગા થાય. એવં ૩ વિકલ્પે ૧૬ હેતુના ૧૨૧૬૦ભાંગા થયા.

હવે છ કાય, ૧ ઇંદ્રિય, ૪ કષાય, ૨ યુગલ, ૧ વેદ, ૧ ભય, ૧ કુચ્છા, ૧ યોગ, એ ૧૭ હેતુના ૧૫૨૦ ભાંગા થાય. એ પ્રકારે સાસ્વાદન ગુણઠાણે આઠ વિકલ્પે થઇને ૩૮૩૦૪૦ ભાંગા થયા.

હવે મિશ્ર ગુણઠાણે ૩૦૨૪૦૦ભાંગા હોય, તે આ પ્રમાણે—મિશ્રે ૪૩ હેતુ કહ્યા તે ૪ અનંતાનુબંધી ૧, ઔદારિક મિશ્ર ૧, વૈક્રિય મિશ્ર અને કાર્મણ એ ૭ હેતુ સાસ્વાદન

કરતાં ઓછા હોય એટલે ૪૩ હેતુ હોય. એક જીવને તો જઘન્યથી ૯, મધ્યમ ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ઉત્કૃષ્ટ ૧૬ હેતુ હોય. ત્યાં જઘન્યથી ૧ કાય, ૧ ઇંદ્રિય, ૩ કષાય, ૨ હાસ્યાદિ, ૧ વેદ અને યોગ ૧૦ માંહેલો ૧, એ નવ હેતુ હોય. એક કાયના ભાંગા ૬ તેને પાંચ ઇંદ્રિય સાથે ગુણતાં ૩૦ થાય, તેને ૪ કષાય સાથે ગુણતાં ૧૨૦ થાય, તેને બે યુગળ સાથે ગુણતાં ૨૪૦ થાય, તેને ૩ વેદ સાથે ગુણતાં ૭૨૦ થાય, તેને ૧૦ યોગ સાથે ગુણતાં ૭૨૦૦ ભાંગા ૯ હેતુના થાય. તે નવમાં ભય ભેળવીએ ત્યારે ૭૨૦૦ ભાંગા થાય. કુચ્છા ભેળવીએ ત્યારે ૭૨૦૦ ભાંગા થાય. અને ૨ કાય લઇયે ત્યારે ૧૮૦૦૦ ભાગા થાય. એ દશ હેતુના ૩ વિકલ્પે ૩૨૪૦૦ ભાંગા થયા.

પૂર્વોક્ત ૯ માંહે ભય અને કુચ્છા ભેળવીએ ત્યારે ૧૧ હેતુ થાય, ત્યારે ૭૨૦૦ ભાગા થાય. ભય અને કાય બે લઇએ ત્યારે ૧૮૦૦૦ ભાંગા થાય. કુચ્છા અને ૨ કાય લઇએ ત્યારે ૧૮૦૦૦ ભાંગા થાય. ત્રણ કાયજ લઈએ ત્યારે ૨૪૦૦૦ ભાંગા થાય એ ૧૧ હેતુના ૪ વિકલ્પે ૬૭૨૦૦ભાંગા થયા.

હવે પૂર્વોક્ત ૯ માંહે ભય, કુચ્છા અને ૨ કાય લઈએ ત્યારે ૧૨ હેતુના ૧૮૦૦૦ ભાંગા થાય. ભય અને ૩ કાય લઇએ ત્યારે ૨૪૦૦૦ ભાંગા થાય. કુચ્છા અને ૩ કાય લઇએ ત્યારે ૨૪૦૦૦ ભાંગા થાય. કાય ૪ લઇએ ત્યારે ૧૮૦૦૦ ભાંગા થાય. એ ૧૨ હેતુના ચાર વિકલ્પે ૮૪૦૦૦ ભાંગા થયા.

પૂર્વોક્ત ૯ માંહે ભય કુચ્છા અને કાય ૩ લઇએ ત્યારે ૧૩ હેતુના ૨૪૦૦૦ભાંગા થાય. ભય અને કાય ૪ લઇએ ત્યારે ૧૮૦૦૦

ભાંગા; કુચ્છા અને કાય ૪ લઈએ ત્યારે ૧૮૦૦૦ ભાંગા; પાંચ કાયજ લઈએ ત્યારે ૭૨૦૦ ભાંગા; એ ૧૩ હેતુના ૪ વિકલ્પે ૬૭૨૦૦ ભાંગા થયા

હવે પૂર્વોક્ત ૯ માંહે ભય, કુચ્છા અને કાય ૪ મેળવીએ ત્યારે ૧૮૦૦૦ ભાંગા થાય. ભય અને ૫ કાય લઈએ ત્યારે ૭૨૦૦ ભાગા, કુચ્છા અને ૫ કાય લઇએ ત્યારે પણ ૭૨૦૦ ભાંગા, છ કાયજ લઇએ ત્યારે ૧૨૦૦ ભાંગા; એ ૪ વિકલ્પે ૧૪ હેતુના ૩૩૬૦૦ ભાંગા થયા.

હવે પૂર્વોક્ત ૯માંહે ભય, કુચ્છા અને પાંચ કાય મેળવીએ ત્યારે ૧૫ હેતુના ૭૨૦૦ ભાંગા થાય. ભય અને છ કાય લઇએ ત્યારે ૧૨૦૦ ભાંગા. કુચ્છા અને છ કાય લઇએ ત્યારે ૧૨૦૦ ભાંગા. એ ૧૫ હેતુના ૩ વિકલ્પે ૯૬૦૦ ભાંગા થયા. ૬ કાય, ૧ ઇંદ્રિય, ૩ કષાય, ૨ હાસ્યાદિ, ૧ વેદ, ૧ યોગ, ભય અને કુચ્છા; એ પ્રકારે ૧૬ હેતુના ૧૨૦૦ ભાંગા થાય એ આઠ વિકલ્પે થઇને મિશ્ર ગુણઠાણે ૩૦૨૪૦૦ ભાંગા થયા.

હવે ચોથે અવિરતિ ગુણઠાણે ૩૮૩૦૪૦ ભાંગા ઉપજે તે આ પ્રમાણે—અવિરતિ ગુણઠાણે યોગ તેર હોય તેથી ૪૬ હેતુ હોય એક જીવને જઘન્ય ૯, મધ્યમ ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ઊત્કૃષ્ટા ૧૬ હેતુ હોય ત્યાં જઘન્યથી ૧ કાય, ૧ ઇંદ્રિય, ૩ કષાય, ૨ હાસ્યાદિ, ૧ વેદ અને ૧ યોગ; એ નવ હેતુ હોય. અહીંયા સર્વત્ર ભાંગા સાસ્વાદનની પેરેજ કહેવા સાસ્વાદને જેમ નપુંસક વેદે વૈક્રિય મિશ્ર ન હોય, તેમ અહીંઆં અવિરતિ નપુંસક વેદીને ઔદારિકમિશ્ર યોગ ન હોય; સમ્યગ્દૃષ્ટિ જીવ નપુંસક નર

તિર્યંચમાં ન જાય તે માટે. અહિંઆ કોઇ કહે છે જે સ્ત્રી-વેદીને પ્રાયે અપર્યાપ્તા અવસ્થાએ ચોથું ગુણઠાણું ન હોય તે માટે સ્ત્રીવેદીને ચોથે ગુણઠાણેજ ૧ ઔદારિકમિશ્ર, ૨ વૈક્રિયમિશ્ર અને ૩ કાર્મ્મણ એ ત્રણ યોગ ન હોય; ત્યારે તેના ભાંગા પણ ઓછા થાય. નવ હેતુના ૮૪૦૦, દશ હેતુના ૩૭૮૦૦, અગ્યાર હેતુના ૭૮૪૦૦, બાર હેતુના ૯૮૦૦૦, તેર હેતુના ૭૮૪૦૦, ચૌદ હેતુના ૩૯૨૦૦, પન્નર હેતુના ૧૧૨૦૦ અને સોળ હેતુના ૧૪૦૦ ભાંગા થાય. એ સર્વ મળીને ૩૫૨૮૦૦ ભાંગા થયા. પણ એ મત બહુ સમ્મત નથી; જે માટે બ્રાહ્મી, સુંદરી, શ્રીમલ્લિનાથ, રાજી મતી પ્રમુખ અનુત્તર વિમાનથી અહીંઆ સ્ત્રીવેદે અવતર્યા તેને અપર્યાપ્તપણે ચોથું ગુણઠાણું કેમ નહિં હોય? તે માટે એ વિચારવા યોગ્ય છે તત્ત્વ તો બહુશ્રુત જાણે.

હવે પાંચમે દેશવિરતિ ગુણઠાણે ૧૬૩૬૮૦ ભાંગા ઉપજે તે આ પ્રમાણે—અવિરતિ ગુણઠાણે ૪૬ હેતુ હતા તે માંહેથી ૪ અપ્રત્યાખ્યાનીય કષાય, ૧ ત્રસકાયની અવિરતિ, ઔદારિકમિશ્ર અને કાર્મ્મણ; એ ૭ હેતુ ટાળતાં શેષ ૩૯ હેતુ દેશ-વિરતિ ગુણઠાણે હોય, ત્રસથી વિરમ્યા માટે એક કાયના ૫ ભાંગા, ૧૦ દ્વિસંયોગી, ૧૦ ત્રિસંયોગી, ૫ ચતુઃસંયોગી અને ૧ પંચસંયોગી એ પ્રકારે ભાંગા જાણવા અહીંયા એક જીવ આશ્રયી જઘન્યથી ૮, મધ્યમ ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩ અને ઉત્કૃષ્ટા ૧૪ હેતુ હોય; એમ સાત વિકલ્પ છે ત્યાં જઘન્યથી ૧ કાય, ૧ ઈંદ્રિય, ૨ કષાય, ૨ હાસ્યાદિ, ૧ વેદ અને યોગ ૧૧ માંહેલો ૧; એ આઠ હેતુ હોય. ત્યાં ૧ કાયના ભાંગા ૫ તેને પાંચ ઈંદ્રિય સાથે ગુણતાં ૨૫ થાય, તેને ૪ કષાયે ગુણતાં ૧૦૦ થાય, તેને બે યુગળ સાથે ગુણતાં ૨૦૦ થાય, તેને ૩ વેદ

સાથે ગુણતાં ૬૦૦ થાય, તેને ૧૧ યોગ સાથે ગુણતાં ૬૬૦૦ ભાંગા, આઠ હેતુના થાય.

તે આઠ હેતુમાં ભય મેળવીએ ત્યારે ૬૬૦૦ ભાંગા, કુચ્છા મેળવીએ ત્યારે ૬૬૦૦ ભાંગા અને કાય ૨ લઇએ ત્યારે ૧૩૨૦૦ ભાંગા થાય. એ નવ હેતુના ૩ વિકલ્પે થઇને ૨૬૪૦૦ ભાંગા થયા.

પૂર્વોક્ત આઠ હેતુમાંહે ભય અને કુચ્છા મેળવીએ ત્યારે ૬૬૦૦ ભાંગા, ભય અને કાય ૨ લઇએ ત્યારે ૧૩૨૦૦ ભાંગા, કુચ્છા અને ૨ કાય લઈએ ત્યારે ૧૩૨૦૦ ભાંગા અને ૩ કાયજ લઈએ ત્યારે ૧૩૨૦૦ ભાંગા થાય. એ દશ હેતુના ૪ વિકલ્પે થઈને ૪૬૨૦૦ ભાંગા થયા.

હવે પૂર્વોક્ત ૮ માંહે ભય, કુચ્છા અને ૨ કાય લઈએ ત્યારે ૧૩૨૦૦ ભાંગા, ભય અને ૩ કાય લઇએ ત્યારે ૧૩૨૦૦ ભાંગા, કુચ્છા અને ૩ કાય લઇએ ત્યારે ૧૩૨૦૦ ભાંગા અને ચાર કાયજ લઇએ ત્યારે ૬૬૦૦ ભાંગા થાય. એ ૧૧ હેતુના ૪ વિકલ્પે થઈને ૪૬૨૦૦ ભાંગા થયા

પૂર્વોક્ત ૮ માંહે ભય, કુચ્છા અને ૩ કાય લઈએ ત્યારે ૧૩૨૦૦ ભાંગા, ભય અને ૪ કાય લઈએ ત્યારે ૬૬૦૦ભાંગા, કુચ્છા અને ૪ કાય લઈએ ત્યારે ૬૬૦૦ ભાંગા અને પાંચ કાયજ લઈએ ત્યારે ૧૩૨૦ ભાંગા થાય. એ બાર હેતુના ૪ વિકલ્પે થઇને ૨૭૭૨૦ ભાંગા થયા

પૂર્વોકત ૮ માંહે ભય કુચ્છા અને ચાર કાય લઇયે ત્યારે ૬૬૦૦ ભાંગા અને પાંચ કાય લઈએ ત્યારે ૧૩૨૦ અને કુચ્છા અને ૫ કાય લઇએ ત્યારે ૧૩૨૦ ભાંગા થાય. એ તેર હેતુના ૩ વિકલ્પે થઇને ૯૨૪૦ ભાંગા થયા. પૂર્વોક્ત ૮ માંહે ભય, કુચ્છા અને ૫ કાય લઈએ ત્યારે ૧૪ હેતુ થયા તેના ૧૩૨૦ ભાગા થાય.

એ પ્રકારે પાંચમે ગુણઠાણે સાત વિકલ્પે થઈને ૧૬૩૬૮૦ ભાંગા થયા.

હવે છઠ્ઠે પ્રમત્તગુણઠાણે ૧૧૮૪ ભાંગા ઉપજે, તે આ પ્રમાણે—અહીંયા પાંચમે ગુણઠાણે ૩૯ હેતુ છે તે માંહેથી ૧૧ અવિરતિ અને ૪ પ્રત્યાખ્યાનીય કષાય એ ૧૫ ટાળીએ અને આહારકદ્વિકનો ઉદય થયો તેને સહીત કરીએ એટલે૨૬ હેતુ હોય. એક જીવને ૫, ૬, ૭ હેતુ હોય. જઘન્યથી ૧ કષાય, ૨ હાસ્યાદિ, ૧ વેદ, ૧ યોગ, એવં ૫ હેતુ હોય. કષાય ૪ ને યુગળ બે સાથે ગુણતાં ૮, તેને ૩ વેદ સાથે ગુણતાં ૨૪, તેને યોગ ૧૩ સાથે ગુણતાં ૩૧૨ થાય; પણ સ્રીવેદીને આહારકદ્વિક ન હોય તેથી તેના૧૬ઓછા કરીએ ત્યારે પાચહેતુના ૨૯૬ ભંગા થાય, ભય ભેળવીએ ત્યારે ૨૯૬, કુચ્છા ભેળવીયે ત્યાર ૨૯૬; એ છ હેતુના બે વિકલ્પે ૫૯૨ ભાંગા થાય. ભય અને કુચ્છા ભેળવીએ ત્યારે સાત હેતુના ૨૯૬ ભાંગા થાય. એમ ત્રણ વિકલ્પે થઈને ૧૧૮૪ ભાંગા પ્રમત્ત ગુણઠાણે હોય.

હવે સાતમે અપ્રમત્ત ગુણઠાણે ૧૦૨૪ ભાંગા હોય, તે આ પ્રમાણે—અહીંઆ અવિરતિ એકે ન હોય. ઔદારિકમિશ્ર, વૈક્રિયમિશ્ર, આહારકમિશ્ર, અને કાર્મ્મણ એ ચાર પણ ન હોય, તેથી યોગ ૧૧, સંજવલનના કષાય ૪ અને નવ નોકષાય એ ૨૪ હેતુ હોય. એક જીવને ૫, ૬, ૭, હેતુ હોય તેના ભાંગા પ્રમત્તની પેરે ગણવા. પણ સ્રીવેદીને આહારકવિના ૧૦ યોગ હતુ હોય તેથી એક યોગના ૧૬૦ ભાંગા ઓછા કરીએ ત્યારે ત્રણે વિકલ્પે ૧૦૨૪ ભાંગા અપ્રમત્ત ગુણઠાણે થાય.

હવે અપૂર્વકરણ ગુણઠાણે ૮૬૪ ભાંગા ઉપજે તે આ પ્રમાણે—પૂર્વોક્ત સાતમે ગુણઠાણે ૨૪ હેતુ કહ્યા તેમાંથી આહારક કાયયોગ તથા વૈક્રિયકાય યોગ ટાળતાં ૨૨ હેતુ હોય. એક જીવને ૫, ૬, ૭, હેતુ હોય. ૧ કષાય, ૨ હાસ્યાદિ, ૧ યોગ, ૧ વેદ, એ પાચ હેતુ હોય; ત્યાં ૪ કષાયને બે યુગળ સાથે ગુણતાં ૮, તેને ૯ યોગ સાથે ગુણતાં ૭૨, તેને ત્રણવેદ સાથે ગુણતાં ૨૧૬ ભાંગા થાય. ભય ભેળવીએ ત્યારે ૨૧૬, કુચ્છા ભેળવીએ ત્યારે ૨૧૬ અને ભય કુચ્છા બે ભેળવીએ ત્યારે ૨૧૬ ભાંગા થાય. એ પ્રમાણે સર્વમળી ૮૬૪ ભાંગા થયા.

હવે અનિવૃત્તિબાદર ગુણઠાણે ૧૪૪ ભાંગા ઉપજે તે આ પ્રમાણે—પૂર્વોક્ત આઠમે ગુણઠાણે ૨૨ હેતુ કહ્યા છે તે માંહેથી હાસ્ય ષટક્ ટાળીએ ત્યારે(૧૬)સોળ હેતુ હોય. એક જીવને ૨, ૩, હેતુ હોય. ૪ કષાયને ૯ યોગ સાથે ગુણતા ૩૬ભાંગા થાય અને વેદોદય હોય ત્યારે ત્રણ વેદે ગુણતાં ૧૦૮ ભાંગા થયા. બંને મળીને ૧૪૪ ભાંગા થયા.

ઉપશાંતમોહ ગુણઠાણે ૪ મનના, ૪ વચનના અને ઔદારિક કાયયોગ, એ ૯ યોગજ હોય, એક જીવને એકજ યોગ હોય તેથી ભાંગા ૯ હોય. બારમે ક્ષીણમોહ ગુણઠાણે પણ પૂર્વોક્ત ૯ ભાંગા હોય. પૂર્વોક્ત સયોગી ગુણઠાણે પહેલું છેલ્લું મન તથા વચન એ ૪, ઔદારિકદ્વિકઅને ૧ કાર્મ્મણ કાય એ ૭ યોગ હોય, તેના ભાંગા ૭ જાણવા.

અયોગી ગુણઠાણે હેતુ ન હોય. એ સર્વ મળીને ચૌદ ગુણઠાણે ૪૭૧૩૦૧૦ ભાંગા થયા.

આ પ્રમાણે કર્મ્મબંધના હેતુ અને ઉત્તર હેતુના ભાંગા કહ્યા. ૫૮

ગુણઠાણે ઉત્તર બંધહેતુના એક જીવ આશ્રયી

ગુણસ્થાને	[illegible]	[illegible]	બંધ હેતુના સ્થાનક	સર્વ વિકલ્પ * ના ભાગા	જે જે બંધ હેતુના			
					૮ હે૦	૯ હેતુના	૧૦ હેતુના	૧૧ હેતુના
મિથ્યાત્વે	૫૫	૯	૧૦–૧૧ ૧૨–૧૩ ૧૪–૧૫ ૧૬–૧૭ ૧૮	૩૪૭૭૬૦૦	૦	૦	૬૬૦૦૦	૨૦૮૮૦૦
સાસ્વાદને	૫૦	૮	૧૦–૧૧ ૧૨–૧૩ ૧૪–૧૫ ૧૬–૧૭	૩૮૩૦૪૦	૦	૦	૯૧૨૦	૪૧૦૪૦
મિશ્રે	૪૩	૮	૯–૧૦ ૧૧–૧૨ ૧૩–૧૪ ૧૫–૧૬	૩૦૨૪૦૦	૦	૭૨૦૦	૩૨૪૦૦	૬૭૨૦૦
અવિરતે	૪૬	૮	૯–૧૦ ૧૧–૧૨ ૧૩–૧૪ ૧૫–૧૬	૩૮૩૦૪૦	૦	૯૧૨૦	૪૧૦૪૦	૮૫૧૨૦
દેશવિરતે	૩૯	૭	૮–૯ ૧૦–૧૧ ૧૨–૧૩ ૧૪	૧૬૩૬૮૦	૦૦ હેતુ	૨૬૪૦૦	૪૬૨૦૦	૪૬૨૦૦

*સર્વ વિકલ્પના બધા ગુણસ્થાને મળીને કુલ ૪૭૧૮૦૧૦ ભાંગા થાય છે.

વિકલ્પના ભાંગાનું યંત્ર.

સ્થાનકે જેટલા ભાંગા છે તેની સંખ્યા.

૧૨ હેતુના	૧૩ હેતુના	૧૪ હેતુના	૧૫ હેતુના	૧૬ હેતુના	૧૭ હેતુના	૧૮ હેતુના
૫૪૬૬૦૦	૮૫૬૮૦૦	૮૮૨૦૦૦	૬૦૪૮૦૦	૨૬૬૪૦૦	૬૮૪૦૦	૭૮૦૦
૮૫૧૨૦	૧૦૬૪૦૦	૮૫૧૨૦	૪૨૫૬૦	૧૨૧૬૦	૧૫૨૦	૦
૮૪૦૦૦	૬૧૨૦૦	૩૩૬૦૦	૯૬૦૦	૧૨૦૦	૦	૦
૧૦૬૪૦૦	૮૫૧૨૦	૪૨૫૬૦	૧૨૧૬૦	૧૫૨૦	૦	૦
૨૭૭૨૦	૯૨૪૦	૧૩૨૦	૦	૦	૦	૦

પૃષ્ઠ ૨૮૬—૨૮૭ ના કોષ્ટકનું અનુસંધાન.

ગુણસ્થાને	ઓઘહેતુ	વિકલ્પ	સ્થાનક	સર્વ વિકલ્પના ભાગા	૨ હેતુ	૩ હેતુ	૫ હેતુ	૬ હેતુ	૭ હેતુ
પ્રમત્તે	૨૬	૩	૫–૬–૭	૧૧૮૪	૦	૦	૨૫૬	૫૧૨	૨૫૬
અપ્રમત્તે	૨૪	૩	૫–૬–૭	૧૦૨૪	૦	૦	૨૫૬	૫૧૨	૨૫૬
અપૂર્વકરણે	૨૨	૩	૫–[illegible]–૭	૮૬૪	૦	૦	૨૧૬	૪૩૨	૨૧૬
અનિવૃત્તિમા	૧૬	૨	૨–૩	૧૪૪	૩૬	૧૦૮	૦	૦	૦
સૂક્ષ્મસંપરાયે	૧૦	૧	૨	૯	૦	૦	૦	૦	૦
ઉપશાતમોહે	૯	૧	૧	૯	૦	૦	૦	૦	૦
ક્ષીણમોહે	૯	૧	૧	૯	૦	૦	૦	૦	૦
સયોગી	૭	૧	૧	૭	૦	૦	૦	૦	૦

ગુણઠાણાને વિષે મૂળ પ્રકૃતિ બંધ.

અપમત્તંતા સત્તટ્ઠ, મીસઅપુવ્વબાયરા સત્ત;
બંધઇ છસ્સુહુમો એ-ગમુવરિમાબંધગાજોગી ॥ ૫૯ ॥

અપમત્તંતા—અપ્રમત્ત ગુણઠાણાપર્યંત.
સત્તટ્ઠ-સાત, આઠ કર્મ.
મીસ—મિશ્ર ગુણઠાણાવાળા.
અપુવ્વ—અપૂર્વકરણ ગુણઠાણાવાળા.
બાયરા—બાદર સંપરાય ગુણઠાણાવાળા.
સત્ત—સાત કર્મ.
બંધઇ—બાંધે.
છ—છ કર્મ.
સુહુમો—સૂક્ષ્મ સંપરાયવાળા
એગં—એક કર્મ
ઉવરિમા—ઉપરના (૧૧-૧૨-૧૩) ગુણઠાણાવાળા
અબંધગા—અબંધક
અજોગી—અયોગી ગુણઠાણાવાળા

અર્થઃ—અપ્રમત્ત ગુણઠાણા પર્યંત સાત કે આઠ કર્મ બાંધે છે; મિશ્ર, અપૂર્વકરણ અને બાદર સંપરાય ગુણઠાણાવાળા સાત કર્મ બાંધે; સૂક્ષ્મ સંપરાય ગુણઠાણાવાળા છ કર્મ બાંધે; ઉપરના (૧૧-૧૨-૧૩) ગુણઠાણાવાળા એક કર્મ બાંધે અને અયોગી ગુણઠાણાવાળા અબંધક છે. ૫૯

વિવેચન—મિથ્યાત્વથી માંડીને અપ્રમત્તલગે સાત અથવા આઠ કર્મ બાંધે; આયુર્બંધ કાળે આઠ અન્યથા સાત કર્મ સદા સર્વ જીવ બાંધે. મિશ્ર, અપૂર્વકરણ અને અનિવૃત્તિ બાદર એ ૩ ગુણઠાણે સાત કર્મ બાંધે; અહીંયા ૩ ગુણઠાણે આયુષ્ય ન બંધાય તે માટે. સૂક્ષ્મસંપરાય ગુણઠાણે મોહનીય અને આયુ એ બે વર્જીને ૬ કર્મ બાંધે. ઉપશાંતમોહ, ક્ષીણમોહ અને સયોગી એ ત્રણ ગુણઠાણાવાળા જીવ એક સાતા વેદનીયજ બાંધે. અયોગી ગુણઠાણે અબંધક હોવાથી કોઈ જીવ કર્મ ન બાંધે. ૫૯.

ગુણઠાણે ઉદય અને સત્તા.

આસુહુમં સંતુદએ, અટ્ઠવિ મોહવિણુ સત્ત ખીણંમિ;
ચઉ ચરિમદુગે અટ્ઠ ઉ, સંતે ઉવસંતિ સત્તુદએ ॥૬૦॥

આસુહુમં-સૂક્ષ્મ સંપરાય ગુણઠાણાલગે	**ચઉ**-ચાર કર્મ પ્રકૃતિ
સંતુદયે-સત્તા તથા ઉદયમાં	**ચરિમદુગે**-છેલા બે ગુણઠાણે
અટ્ઠવિ-આઠે કર્મ પ્રકૃતિ	**અટ્ઠ ઉ**-આઠ વળી
મોહવિણુ-મોહનીય વિના	**સંતે**-સત્તામા
સત્ત-સાત કર્મ પ્રકૃતિ	**ઉવસંતિ**-ઉપશાંત મોહે
ખીણંમિ-ક્ષીણમોહે	**સત્તુદયે**-સાત પ્રકૃતિ ઉદયે (હોય.)

અર્થ:—સૂક્ષ્મસંપરાય ગુણઠાણા સુધી સત્તા અને ઉદયને વિષે આઠે કર્મ પ્રકૃતિઓ હોય; મોહનીય કર્મ વિના સાત કર્મ પ્રકૃતિ ક્ષીણમોહ ગુણસ્થાને (સત્તા અને ઉદયમાં) હોય; છેલ્લા બે ગુણઠાણે ચાર કર્મ પ્રકૃતિ (સત્તા અને ઉદયમાં) હોય અને ઉપશાંતમોહ ગુણઠાણે વળી આઠ કર્મ પ્રકૃતિ સત્તામાં અને સાત પ્રકૃતિ ઉદયમાં હોય.૬૦

વિવેચન—મિથ્યાત્વથી માંડીને સૂક્ષ્મસંપરાય લગે આઠે કર્મ પ્રકૃતિ ઉદયે અને સત્તાએ હોય. બારમે ક્ષીણમોહ ગુણઠાણે મોહનીય વર્જીને સાત કર્મ ઉદયે અને સત્તાએ હોય. સયોગી અને અયોગી એ બે ગુણઠાણે ૪ કર્મ ઉદયે અને સત્તાએ હોય. અગ્યારમે ઉપશાંતમોહ ગુણઠાણે સત્તાએ આઠ અને ઉદયે મોહનીય વર્જીને સાત કર્મ હોય. ૬૦

ગુણઠાણે મૂળ પ્રકૃતિની ઉદીરણા.

ઉઇરંતિ પમત્તંતા, સગટ્ઠ મીસટ્ઠ વેઅઆઉ વિણા;
છગ અપમત્તાઇ તઓ, છ પંચ સુહુમો પણુવસંતો. ૬૧

ઉઇરંતિ–ઉદીરણા કરે છે.	છગ–છ કર્મને
પમત્તંતા–પ્રમત્ત ગુણઠાણા સુધીના	અપમત્તાઇ–અપ્રમત્તાદિ ત્રણ ગુણઠાણાવાળા
સગટ્ઠ–સાત, આઠ	તઓ–તે પછી
મીસટ્ઠ–મિશ્રદ્રષ્ટિ આઠને	છપંચ–છ અથવા પાંચ કર્મને
વેઅ–વેદનીય કર્મ	સુહુમો–સૂક્ષ્મ સંપરાયવાળો
આઉ–આયુ કર્મ	પણ–પાંચ
વિણા–વિના	ઉવસંતો–ઉપશાંત મોહવાળો

અર્થ—પ્રમત્ત ગુણસ્થાન સુધીના જીવો સાત અથવા આઠ કર્મની ઉદીરણા કરે છે. મિશ્રદૃષ્ટિ ગુણઠાણાવાળા આઠ કર્મની ઉદીરણા કરે, વેદનીય અને આયુ વિના છ કર્મની ઉદીરણા અપ્રમત્તાદિ ત્રણ ગુણઠાણાવાળા કરે, તે પછી સૂક્ષ્મ સંપરાય વાળા છ અથવા પાંચ કર્મની ઉદીરણા કરે અને ઉપશાંત–મોહવાળા પાચ કર્મની ઉદીરણા કરે છે. ૬૧

વિવેચન—મિથ્યાત્વથી માંડીને પ્રમત્ત ગુણઠાણા લગે સાત કે આઠ કર્મ ઉદીરે; આયુની છેલ્લી આવલિકાએ આયુની ઉદીરણા ન હોય તેથી સાત ઉદીરે અન્યથા સદાય આઠ ઉદીરે. મિશ્રે મરે નહીં તેથી ત્યાં આઠ ઉદીરે. વેદનીય અને આયુ એ બે વર્જીને અપ્રમત્તાદિક ત્રણ એટલે ૭, ૮, ૯ ગુણઠાણે ૬ કર્મ ઉદીરે. સૂક્ષ્મસંપરાયે ૬ કે પાંચ ઉદીરે; આવલિકા થાકતી હોય ત્યાં લગે છ ઉદીરે

અને આવલિકા એક શેષ રહે ત્યારે મોહનીયની ઉદીરણા મટે ત્યારે પાંચ ઉદીરે. ઉપશાંત મોહે વેદનીય, મોહનીય અને આયુ ટાળીને શેષ ૫ કર્મ ઉદીરે. ॥ ૬૧ ॥

ગુણઠાણે અલ્પબહુત્વ.

પણ દો ખીણ દુ જોગી, ણુદીરગુ અજોગિ થોવ ઉવસંતા;
સંખગુણ ખીણ સુહુમા-નિઅટ્ટિઅપુવ્વ સમ અહિઆ ૬૨.

પણ દો–પાંચ તથા બે	**સંખગુણ**–સંખ્યાતગુણા
ખીણ–ક્ષીણ મોહવાળો	**ખીણ**–ક્ષીણમોહવાળા
દુ–(એજ) બે કર્મને	**સુહુમ**–સૂક્ષ્મ સંપરાયવાળા
જોગી–સયોગી	**અનિઅટ્ટિ**–અનિવૃત્તિ બાદરવાળા
અણુદીરગુ–અનુદીરક	
અજોગિ–અયોગી કેવળી	**અપુવ્વ**–અપૂર્વ કરણવાળા
થોવ–થોડા	**સમ**–સરખા
ઉવસંતા–ઉપશાત મોહવાળા	**અહિઆ**–વિશેષાધિક

અર્થ:—ક્ષીણમોહવાળા પાંચ અથવા બે કર્મને ઉદીરે, સયોગી કેવળી બે કર્મને ઉદીરે અને અયોગી કેવળી અનુદીરક હોય. ઉપશાંતમોહ ગુણસ્થાને વર્તવાવાળા જીવો સર્વથી થોડા હોય; ક્ષીણમોહવાળા સંખ્યાત ગુણા હોય; સૂક્ષ્મ સંપરાય, અનિવૃત્તિ બાદર સંપરાય અને અપૂર્વકરણ ગુણઠાણાવાળા (માંહોમાંહે) સરખા હોય અને (ક્ષીણમોહથી) વિશેષાધિક હોય. ૬૨

વિવેચન—ક્ષીણમોહે પાંચ ઉદીરે અને એક આવલિકા થાકતે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અને અંતરાય એ ૩ ની

ઉદીરણા મટે ત્યારે નામ અને ગોત્ર એ બે કર્મ ઉદીરે. સયોગી ગુણઠાણે નામ અને ગોત્ર એ બે કર્મ ઉદીરે અને અયોગી ગુણઠાણે અનુદીરક હોય. અહીં સર્વ કર્મની ઉદય સત્તાની સ્થિતિ એક આવલિકા થાકતી (શેષ) હોય, ત્યારે ઉદીરણા ટળે એ પરમાર્થ છે.

હવે ૧૪ ગુણઠાણાનું અલ્પ બહુત્વ કહે છે–સર્વ થકી થોડા ઉપશાંતમોહ ગુણઠાણી હોય; વિવક્ષિત કાળે ઉત્કૃષ્ટા પડિવજતા ૫૪ પામીએ તે માટે. તે થકી ક્ષીણમોહ ગુણઠાણી સંખ્યાત ગુણા હોય; વિવક્ષિત સમયે પડિવજતા ઉત્કૃષ્ટા એકસો આઠ પામીએ અને પૂર્વ પ્રતિપન્ન શતપૃથક્ત્વ પામીએ તે માટે. એ ઉત્કૃષ્ટ પદે અલ્પબહુત્વ જાણવું, અન્યથા ક્ષીણમોહ થોડા અને ઉપશાંતમોહ ઘણા એમ પણ હોય. તે થકી સૂક્ષ્મસંપરાય, અનિવૃત્તિબાદર અને અપૂર્વકરણ એ ૩ ગુણઠાણાવાળા પરસ્પર (માંહોમાંહે) સરખા[1] અને ક્ષીણમોહથી વિશેષાધિક હોય; વિવક્ષિત સમયે પડિવજતા ઉત્કૃષ્ટા ઔપશમિક ૫૪ અને ક્ષપક ૧૦૮, એ પ્રકારે ૧૬૨ પામીએ અને પૂર્વપ્રતિપન્ન શતપૃથક્ત્વ પામીએ તે માટે. એ પાંચ ગુણઠાણાવાળા કોઇવાર કહ્યાથી થોડા પણ હોય અને કોઇ વારે ન પણ હોય. એ અલ્પ બહુત્વ ઉત્કૃષ્ટ પદે જાણવું. ॥ ૬૨ ॥

જોગિ અપમત્ત ઇઅરે, સંખગુણા દેસસાસણામીસા;
અવિરઇ અજોગિમિચ્છા, અસંખ ચઉરો દુવે ણંતા ॥૬૩॥

---

૧ સર્વ જીવને શ્રેણીએ ચડતાં એ ત્રણ ગુણઠાણા હોય માટે સરખા કહ્યા.

જોગિ–સયોગી ગુણુઠાણુાવાળા	**મીસા**–મિશ્ર ગુણુઠાણુાવાળા
અપમત્ત–અપ્રમત્ત ગુણુઠાણુાવાળા	**અવિરઇ**–અવિરતિ
ઇયરે-ઇતર–પ્રમત્ત ગુણુઠાણુાવાળા	**અજોગી**–અયોગી કેવળી
સંખગુણા–સંખ્યાત ગુણા	**મિચ્છા**–મિથ્યા દૃષ્ટિ
દેસ–દેશવિરતિવાળા	**અસંખ**–અસંખ્યાતગુણા
સાસણા–સાસ્વાદનવાળા	**ચઉરો**–ચાર (પદે)
	દુવેણુંતા–બે (પદે) અનંતા

અર્થ:--સયોગી, અપ્રમત્ત અને પ્રમત્ત ગુણઠાણુાવાળા સંખ્યાત ગુણા હોય, દેશવિરતિ, સાસ્વાદન, મિશ્ર અને અવિરતિ એ ચાર ગુણઠાણુાવાળા અસંખ્યાત ગુણા હોય; અયોગી કેવળી અને મિથ્યાદૃષ્ટિ એ બે અનંતા હોય. ૬૩

વિવેચન—તે થકી સયોગી કેવળી સંખ્યાત ગુણા, કોટિ પૃથકત્વ સદાય પામીએ તે માટે. તે થકી અપ્રમત્ત સંયત સંખ્યાતગુણા, કોટિશત પૃથકત્વ સદાય પામીએ તે માટે. તે થકી પ્રમત્તસંયત સંખ્યાત ગુણા, કોટિ સહસ્ર પૃથક્ત્વ હોય તે માટે. તે થકી દેશવિરતિ અસંખ્યાત ગુણા, તિર્યંચમાંહે અસખ્યાતા હોય તે માટે. તે થકી સાસ્વાદની અસંખ્યાત ગુણા, ચારે ગતિમાં હોય તે માટે. તે થકી મિશ્ર ગુણઠાણી અસંખ્યાત ગુણા, સાસ્વાદન થકી મિશ્રનો કાળ ઘણો તે માટે. એ સાસ્વાદની અને મિશ્ર પણ કોઈવારે કહ્યાથી થોડા પણ હોય, કોઈવારે હોય પણ નહિ. તે થકી

અવિરતિ સમ્યગ્દૃષ્ટિ અસંખ્યાત ગુણા, ચારે ગતિને વિષે સદાય હોય તે માટે. તે થકી અયોગી કેવલી અનંત ગુણા, સિદ્ધ અનંતા છે તે માટે. તે થકી મિથ્યાદૃષ્ટિ અનંતગુણા, સિદ્ધથી સંસારી જીવ અનંતગુણા છે અને તેમાં મિથ્યાત્વી ઘણા છે તે માટે એ પ્રમાણે ૧૪ ગુણઠાણે વર્ત્તતા જીવ આશ્રયી અલ્પ બહુત્વ જાણવું, તે પ્રાય: ઉત્કૃષ્ટપણા આશ્રયી જાણવું. સદાય નિશ્ચે ન હોય, કોઇ વારે વિપરીતપણે પણ હોય. જે માટે ૧, ૪, ૫, ૬, ૭, ૧૩, એ છ ગુણઠાણે વર્ત્તતા જીવ તો સદાય ઘણા પામીએ અને શેષ ૮ ગુણઠાણે તો જીવ કોઈવારે પામીએ અને કોઇવારે ન પામીએ; શૂન્ય પણ હોય. જઘન્યથી ૧, ૨ હોય અને ઉત્કૃષ્ટા કહ્યા તેટલા હોય, તે માટે એ અલ્પ બહુત્વનો તંત નથી. જ્યારે પૂર્વોક્ત છ ગુણઠાણેજ સર્વ જીવ હોય અને શેષ ૮ ગુણઠાણે કોઇ જીવ ન હોય ત્યારે તેનો અસંયોગી એક ભાંગો થાય. જ્યારે પૂર્વોક્ત ૬ અને એક અન્ય ગુણઠાણે જીવ હોય ત્યારે તેના એક સંયોગી ૮ ભાંગા ઉપજે, એમ દ્વિસંયોગે ભાંગા ૨૮, ત્રિસંયોગે ભાંગા ૫૬, ચતુસંયોગે ભાંગા ૭૦, પંચ સંયોગે ભાંગા ૫૬, ષટ્ સંયોગે ભાંગા ૨૮, સપ્ત સંયોગે ભાંગા ૮ અને સર્વ ગુણઠાણે વર્ત્તતા જીવ હોય ત્યારે અષ્ટ સંયોગે ભાંગો ૧ હોય; એવં સર્વ મળીને ૨૫૬ ભાંગા હોય. અહીંયા ભાંગાઓ માંહે અયોગી તે ભવસ્થ લેવા, સિદ્ધ તો સદાયે છે જ તે માટે નહીં. એકત્ર બહુત્વે વળી એના ઘણા ભાંગા થાય, તે સાથેના યંત્રથી જાણવા. એ ગુણઠાણાના દ્વાર કહ્યાં. ૬૩

ગુણસ્થાનેષુ જીવભેદાદિનાં યંત્રકમ્.

	૧૪ ગુણઠાણાને વિષે	જીવ ભેદ.	યોગ.	ઉપયોગ	લેશ્યા	મૂળ બંધહેતુ	ઉત્તર બંધહેતુ	મિથ્યાત્વ.	અવિરતિ	કષાય.	યોગ.	બંધ કર્મ પ્રકૃતિ	ઉદય કર્મ પ્રકૃતિ	ઉદીરણા કર્મ પ્રકૃતિ	સત્તા કર્મ પ્રકૃતિ	અલ્પ બહુત્વ.	અલ્પબહુ૦તાનુક્રમ
૧	મિથ્યાત્વે	૧૪	૧૩	૫	૬	૪	૫૫	૫	૧૨	૨૫	૧૩	૭ ૮	૮	૭ ૮	૮	અનતગુ૦	૧૪
૨	સાસ્વાદને	૭	૧૩	૫	૬	૩	૫૦	૦	૧૨	૨૫	૧૩	૭-૮	૮	૭ ૮	૮	અસ ૦ ગુ	૧૦
૩	મિશ્રે	૧	૧૦	૬	૬	૩	૪૩	૦	૧૨	૨૧	૧૦	૭	૮	૮	૮	અસ ૦ ગુ.	૧૧
૪	અવિરતે	૨	૧૩	૬	૬	૩	૪૬	૦	૧૨	૨૧	૧૩	૭ ૮	૮	૭ ૮	૮	અસ ૦ ગુ	૧૨
૫	દેશવિરતે	૧	૧૧	૬	૬	૩	૩૯	૦	૧૧	૧૭	૧૧	૭ ૮	૮	૭-૮	૮	અસ ૦ ગુ	૯
૬	પ્રમત્ત સંયતે	૧	૧૩	૭	૬	૨	૨૬	૦	૦	૧૩	૧૩	૭ ૮	૮	૭-૮	૮	સખ્યાત ગુણા	૮
૭	અપ્રમત્ત સયતે	૧	૧૧	૭	૩	૨	૨૪	૦	૦	૧૩	૧૧	૭ ૮	૮	૬	૮	સખ્યાત ગુણા	૭
૮	અપૂર્વ ક૦	૧	૯	૭	૧	૨	૨૨	૦	૦	૧૩	૯	૭	૮	૬	૮	તુલ્ય.	૫
૯	અનિવૃત્તિ બાદરે	૧	૯	૭	૧	૨	૧૬	૦	૦	૭	૯	૭	૮	૬	૮	તુલ્ય	૪
૧૦	સૂક્ષ્મ સપરાયે	૧	૯	૭	૧	૨	૧૦	૦	૦	૧	૯	૬	૮	૬ ૫	૮	વિશેષાધિક.	૩
૧૧	ઉપશાત મોહે	૧	૯	૭	૧	૧	૯	૦	૦	૦	૯	૧	૭	૫	૮	સર્વથી થોડા	૧
૧૨	ક્ષીણમોહે.	૧	૯	૭	૧	૧	૯	૦	૦	૦	૯	૧	૭	૫-૨	૭	સ ૦ગુ	૨
૧૩	સયોગી કેવલિ	૧	૭	૨	૧	૧	૭	૦	૦	૦	૭	૧	૪	૨	૪	સખ્યાત ગુણા	૬
૧૪	અયોગી કેવળિ	૧	૦	૨	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૪	૦	૪	અનત ગુણા	૧૩

* સાસ્વાદન, મિશ્ર, અપૂર્વકરણ, અનિવૃત્તિ, સૂક્ષ્મસંપરાય, ઉપશાંતમોહ, ક્ષીણમોહ, અને અયોગી એ આઠ ગુણસ્થાને નિપજતા એક જીવ આશ્રયી અને એક અનેક આશ્રયી ભાંગાની સંખ્યાનું કોષ્ટક.

સયોગી ભાગા	એક જીવ આશ્રયા ભાંગા.	એક જીવ આશ્રયીના દરેક ભાગાએનીપજતા એક અનેક આશ્રયી ભાગા	એક અનેક આશ્રયી કુલ ભાંગા
અસયોગી	૧	૧	૧
એક સયોગી.	૮	૨	૧૬
દ્રિસયોગી	૨૮	૪	૧૧૨
ત્રિસયોગી.	૫૬	૮	૪૪૮
ચતુ સયોગી	૭૦	૧૬	૧૧૨૦
૫ ચસયોગી	૫૬	૩૨	૧૭૯૨
ષટ્સયોગી.	૨૮	૬૪	૧૭૯૨
સપ્તસયોગી	૮	૧૨૮	૧૦૨૪
અષ્ટસયોગી.	૧	૨૫૬	૨૫૬
કુલ ભાગા	૨૫૬	૫૧૧	૬૫૬૧

* આ આઠ ગુણઠાણાના સયોગી ભાગા કરવામાં સંક્ષેપને માટે તેની ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, અને ૮, એવી સંજ્ઞા રાખવામા આવી છે આ આઠ ગુણઠાણે કયારેક કોઇ જીવ હોય અને કયારેક ન પણ હોય, કયારેક એક ગુણઠાણે હોય અને કયારેક એકથી

દ્વિસંયોગી ભાંગા ૨૮.

૧-૨	૧-૭	૨-૬	૩-૬	૪-૭	૬-૭
૧-૩	૧-૮	૨-૭	૩-૭	૪-૮	૬-૮
૧-૪	૨-૩	૨-૮	૩-૮	૫-૬	૭-૮
૧-૫	૨-૪	૩-૪	૪-૫	૫-૭	
૧-૬	૨-૫	૩-૫	૪-૬	૫-૮	

ત્રિસંયોગી ભાંગા ૫૬.

૧-૨-૩	૧-૪-૬	૨-૩-૬	૨-૬-૮	૩-૭-૮
૧-૨-૪	૧-૪-૭	૨-૩-૭	૨-૭-૮	૪-૫-૬
૧-૨-૫	૧-૪-૮	૨-૩-૮	૩-૪-૫	૪-૫-૭
૧-૨-૬	૧-૫-૬	૨-૪-૫	૩-૪-૬	૪-૫-૮
૧-૨-૭	૧-૫-૭	૨-૪-૬	૩-૪-૭	૪-૬-૭
૧-૨-૮	૧-૫-૮	૨-૪-૭	૩-૪-૮	૪-૬-૮
૧-૩-૪	૧-૬-૭	૨-૪-૮	૩-૫-૬	૪-૭-૮
૧-૩-૫	૧-૬-૮	૨-૫-૬	૩-૫-૭	૫-૬-૭
૧-૩-૬	૧-૭-૮	૨-૫-૭	૩-૫-૮	૫-૬-૮
૧-૩-૭	૨-૩-૪	૨-૫-૮	૩-૬-૭	૫-૭-૮
૧-૩-૮	૨-૩-૫	૨-૬-૭	૩-૬-૮	૬-૭-૮
૧-૪-૫				

વધારે ગુણુઠાણે હોય, તેથી તેના ૨૫૬ ભાગા થયા વળી તે ૨૫૬ ભાગામા કોઇ ભાગે એક જીવ હોય અને કોઇ ભાગે અનેક જીવ હોય તેથી તેના એક અનેક જીવ આશ્રયી ૬૫૬૦ ભાગે જીવ વર્ત્તે છે. આ આઠ શિવાય બાકીના ૭ ગુણુઠાણે કાયમ અનેક જીવો હોય જ તેથી તેના ભાંગા પડ્યા નથી એક જીવ આશ્રયી દ્વિસંયોગી આદિ ભાગાની સખ્યા જે ઉપર જણાવી છે તે ભાગા આ સાથે જુદા જુદા કોષ્ટકોમા બતાવ્યા છે, તથા તે દરેક ભાગા દીઠ એક અનેક જીવ આશ્રયી જેટલા જેટલા ભાંગા પડે તે પણુ બતાવેલ છે. આ આઠે ગુણુઠાણે કોઈ જીવ ન હોય તેનો અસંયોગી એક ભાગો જણાવ્યો છે.

ચતુઃસંયોગી ભાંગા ૭૦.

૧-૨-૩-૪	૧-૨-૭-૮	૧-૪-૬-૭	૨-૩-૬-૭	૩-૪-૫-૭
૧-૨-૩-૫	૧-૩-૪-૫	૧-૪-૬-૮	૨-૩-૬-૮	૩-૪-૫-૮
૧-૨-૩-૬	૧-૩-૪-૬	૧-૪-૭-૮	૨-૩-૭-૮	૩-૪-૬-૭
૧-૨-૩-૭	૧-૩-૪-૭	૧-૫-૬-૭	૨-૪-૫-૬	૩-૪-૬-૮
૧-૨-૩-૮	૧-૩-૪-૮	૧-૫-૬-૮	૨-૪-૫-૭	૩-૪-૭-૮
૧-૨-૪-૫	૧-૩-૫-૬	૧-૫-૭-૮	૨-૪-૫-૮	૩-૫-૬-૭
૧-૨-૪-૬	૧-૩-૫-૭	૧-૬-૭-૮	૨-૪-૬-૭	૩-૫-૬-૮
૧-૨-૪-૭	૧-૩-૫-૮	૨-૩-૪-૫	૨-૪-૬-૮	૩-૫-૭-૮
૧-૨-૪-૮	૧-૩-૬-૭	૨-૩-૪-૬	૨-૪-૭-૮	૩-૬-૭-૮
૧-૨-૫-૬	૧-૩-૬-૮	૨-૩-૪-૭	૨-૫-૬-૭	૪-૫-૬-૭
૧-૨-૫-૭	૧-૩-૭-૮	૨-૩-૪-૮	૨-૫-૬-૮	૪-૫-૬-૮
૧-૨-૫-૮	૧-૪-૫-૬	૨-૩-૫-૬	૨-૫-૭-૮	૪-૫-૭-૮
૧-૨-૬-૭	૧-૪-૫-૭	૨-૩-૫-૭	૨-૬-૭-૮	૪-૬-૭-૮
૧-૨-૬-૮	૧-૪-૫-૮	૨-૩-૫-૮	૩-૪-૫-૬	૫-૬-૭-૮

પંચસંયોગી ભાંગા ૫૬.

૧-૨-૩-૪-૫	૧-૨-૪-૬-૮	૧-૩-૫-૭-૮	૨-૩-૫-૬-૮
૧-૨-૩-૪-૬	૧-૨-૪-૭-૮	૧-૩-૬-૭-૮	૨-૩-૫-૭-૮
૧-૨-૩-૪-૭	૧-૨-૫-૬-૭	૧-૪-૫-૬-૭	૨-૩-૬-૭-૮
૧-૨-૩-૪-૮	૧-૨-૫-૬-૮	૧-૪-૫-૬-૮	૨-૪-૫-૬-૭
૧-૨-૩-૫-૬	૧-૨-૫-૭-૮	૧-૪-૫-૭-૮	૨-૪-૫-૬-૮
૧-૨-૩-૫-૭	૧-૨-૬-૭-૮	૧-૪-૬-૭-૮	૨-૪-૫-૭-૮
૧-૨-૩-૫-૮	૧-૩-૪-૫-૬	૧-૫-૬-૭-૮	૨-૪-૬-૭-૮
૧-૨-૩-૬-૭	૧-૩-૪-૫-૭	૨-૩-૪-૫-૬	૨-૫-૬-૭-૮
૧-૨-૩-૬-૮	૧-૩-૪-૫-૮	૨-૩-૪-૫-૭	૩-૪-૫-૬-૭
૧-૨-૩-૭-૮	૧-૩-૪-૬-૭	૨-૩-૪-૫-૮	૩-૪-૫-૬-૮
૧-૨-૪-૫-૬	૧-૩-૪-૬-૮	૨-૩-૪-૬-૭	૩-૪-૫-૭-૮
૧-૨-૪-૫-૭	૧-૩-૪-૭-૮	૨-૩-૪-૬-૮	૩-૪-૬-૭-૮
૧-૨-૪-૫-૮	૧-૩-૫-૬-૭	૨-૩-૪-૭-૮	૩-૫-૬-૭-૮
૧-૨-૪-૬-૭	૧-૩-૫-૬-૮	૨-૩-૫-૬-૭	૪-૫-૬-૭-૮

ષટ્‌સંયોગી ભાંગા ૨૮.

૧–૨–૩–૪–૫–૬	૧–૨–૩–૫–૬–૮	૧–૨–૫–૬–૭–૮	૨–૩–૪–૫–૬–૭
૧–૨–૩–૪–૫–૭	૧–૨–૩–૫–૭–૮	૧–૩–૪–૫–૬–૭	૨–૩–૪–૫–૬–૮
૧–૨–૩–૪–૫–૮	૧–૨–૩–૬–૭–૮	૧–૩–૪–૫–૬–૮	૨–૩–૪–૫–૭–૮
૧–૨–૩–૪–૬–૭	૧–૨–૪–૫–૬–૭	૧–૩–૪–૫–૭–૮	૨–૩–૪–૬–૭–૮
૧–૨–૩–૪–૬–૮	૧–૨–૪–૫–૬–૮	૧–૩–૪–૬–૭–૮	૨–૩–૫–૬–૭–૮
૧–૨–૩–૪–૭–૮	૧–૨–૪–૫–૭–૮	૧–૩–૫–૬–૭–૮	૨–૪–૫–૬–૭–૮
૧–૨–૩–૫–૬–૭	૧–૨–૪–૬–૭–૮	૧–૪–૫–૬–૭–૮	૩–૪–૫–૬–૭–૮

સપ્તસંયોગી ભાંગા ૮.

૧–૨–૩–૪–૫–૬–૭	૧–૨–૩–૫–૬–૭–૮
૧–૨–૩–૪–૫–૬–૮	૧–૨–૪–૫–૬–૭–૮
૧–૨–૩–૪–૫–૭–૮	૧–૩–૪–૫–૬–૭–૮
૧–૨–૩–૪–૬–૭–૮	૨–૩–૪–૫–૬–૭–૮

અષ્ટસંયોગી ભાંગો ૧.

૧–૨–૩–૪–૫–૬–૭–૮

એકાનેક આશ્રયી દ્વિસંયોગી વગેરે ભાંગાના કોષ્ટકો.

×દ્વિસંયોગી.	ત્રિસંયોગી		ચતુ સંયોગી.
(૪)	(૮)		(૧૬)
૧–૧	૧–૧–૧	૩–૧–૧	૧–૧–૧–૧
૧–૩	૧–૧–૩	૩–૧–૩	૧–૧–૧–૩
૩–૧	૧–૩–૧	૩–૩–૧	૧–૧–૩–૧
૩–૩	૧–૩–૩	૩–૩–૩	૧–૧–૩–૩

+ એક જીવ આશ્રયી દ્વિસયોગી ૨૮ ભાગા છે તે દરેક ભાંગાના ચાર ચાર ભાગા આ કોષ્ટકમાં જણાવ્યા મુજબ એક અનેક જીવ આશ્રયીના થાય છે. આ પ્રમાણે ત્રિસંયોગી વગેરેમા

૧-૩-૧-૧	**પંચસંયોગી.**		૩-૧-૩-૧-૧
૧-૩-૧-૩	(૩૨)		૩-૧-૩-૧-૩
૧-૩-૩-૧	૧-૧-૧-૧-૧	૧-૩-૧-૩-૧	૩-૧-૩-૩-૧
૧-૩-૩-૩	૧-૧-૧-૧-૩	૧-૩-૧-૩-૩	૩-૧-૩-૩-૩
૩-૧-૧-૧	૧-૧-૧-૩-૧	૧-૩-૩-૧-૧	૩-૩-૧-૧-૧
૩-૧-૧-૩	૧-૧-૧-૩-૩	૧-૩-૩-૧-૩	૩-૩-૧-૧-૩
૩-૧-૩-૧	૧-૧-૩-૧-૧	૧-૩-૩-૩-૧	૩-૩-૧-૩-૧
૩-૧-૩-૩	૧-૧-૩-૧-૩	૧-૩-૩-૩-૩	૩-૩-૧-૩-૩
૩-૩-૧-૧	૧-૧-૩-૩-૧	૩-૧-૧-૧-૧	૩-૩-૩-૧-૧
૩-૩-૧-૩	૧-૧-૩-૩-૩	૩-૧-૧-૧-૩	૩-૩-૩-૧-૩
૩-૩-૩-૧	૧-૩-૧-૧-૧	૩-૧-૧-૩-૧	૩-૩-૩-૩-૧
૩-૩-૩-૩	૧-૩-૧-૧-૩	૩-૧-૧-૩-૩	૩-૩-૩-૩-૩

પણ સમજી લેવુ. આ કોષ્ટકોમા અનેકને સ્થાને ત્રણ મૂકવામાં આવ્યા છે

ભાગાની સંખ્યા વધારે હોવાથી પચ સયોગી સુધીના ભાગા બતાવ્યા છે. ષટ્ સયોગી વગેરે ભાગા ઉપજાવી કાઢવા તે આ પ્રમાણે- ષટ્ સયોગી ભાગા ૬૪ છે તેમા પહેલી લાઇનમાં ૩૨ એકડા ૩૨ ત્રગડા મૂકવા, બીજીમા ૧૬ એકડા ૧૬ ત્રગડા અનુક્રમે મૂકવા, ત્રીજીમા ૮ એકડા આઠ ત્રગડા ક્રમે લેવા, ચોથીમા ચાર એકડા ચાર ત્રગડા અનુક્રમે લેવા, પાચમીમાં બે એકડા બે ત્રગડા ક્રમે લેવા અને છઠ્ઠી લાઇનમા એક એકડો એક ત્રગડો અનુક્રમે મૂકવો; એટલે ષટ્ સયોગી ૬૪ ભાગા થશે. એ પ્રમાણે સપ્ત સયોગી ૧૨૮ ભાંગામાં પહેલી લાઇનમાં ૬૪ એકડા ૬૪ ત્રગડા અને પછીની લાઇનોમાં અરધા અરધા એકડા અને અરધા અરધા ત્રગડા અનુક્રમે મૂકવા. અષ્ટ સંયોગી ૨૫૬ ભાગામાં પહેલી લાઈનમાં ૧૨૮ એકડા ૧૨૮ ત્રગડા અને પછીની લાઇનોમાં અરધા અરધા એકડા અને અરધા અરધા ત્રગડા અનુક્રમે મૂકવા.

પાંચ ભાવનું વર્ણન.

ઉવસમખયમીસોદય,–પરિણામા દુનવ ટ્ઠાર ઇગવીસા;
તિઅભેઅ સન્નિવાઇઅ, સમ્મં ચરણં પઢમભાવે ॥૬૪॥

ઉવસમ–ઔપશમિકભાવ	**અ**–બે, નવ, અઢાર, એકવીશ અને ત્રણ ભેદો.
ખય-ક્ષાયિક ભાવ	**સન્નિવાઇઅ**-સાન્નિપાતિક
મીસ–મિશ્ર (ક્ષાયોપશમિક) ભાવ	**સમ્મં**–સમ્યક્ત્વ
ઉદય-ઔદયિક ભાવ	**ચરણં**–ચારિત્ર
પરિણામા–પારિણામિક ભાવ	**પઢમભાવે**–પ્રથમ ઔપશમિકભાવમાં (બે ભેદ જાણવા)
દુનવટ્ઠારઇગવીસાતિઅભે-	

અર્થ:—ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક એ પાંચ ભાવના (અનુક્રમે) બે, નવ, અઢાર, એકવીશ અને ત્રણ ભેદો છે છઠ્ઠો સાંનિપાતિકભાવ. સમ્યક્ત્વ અને ચારિત્ર એ પ્રથમ ભાવને વિષે જાણવા. ૬૪

વિવેચન—૧ ઔપશમિક ભાવ, ૨ ક્ષાયિક ભાવ, ૩ મિશ્ર તે ક્ષાયોપશમિક ભાવ, ૪ ઔદયિક ભાવ અને ૫ પારિણામિક ભાવ. હવે એ પાંચ ભાવના ઉત્તર ભેદ કહે છે- ઔપશમિક બે ભેદે, ક્ષાયિક નવ ભેદે, ક્ષાયોપશમિક અઢાર ભેદે, ઔદયિક ૨૧ ભેદે અને પારિણામિક ૩ ભેદે; એ પ્રકારે ૫૩ ભેદ જાણવા. જ્યાં ૨, ૩, ૪, ૫, ભાવ ભેગા થાય તે સાંન્નિપાતિક ભાવ જાણવો. હવે પહેલે ઔપશમિક ભાવે ૧ ઉપશમ સમ્યક્ત્વ અને ૨ ઉપશમ ચારિત્ર એ બે ભેદ

હોય. પ્રથમ સમ્યકત્વ પ્રાપ્તિ વેળાએ તથા ઉપશમ શ્રેણિએ સાત પ્રકૃતિનો ઉપશમ હોય તે ઉપશમ ભાવ[1] કહીએ. ૬૪.

બીએ કેવલજુઅલં, સમ્મં દાણાઇલદ્ધિ પણ ચરણં;
તઇએ સેસુવઓગા, પણ લદ્ધી સમ્મવિરઇદુગં ॥૬૫॥

બીએ–બીજા ક્ષાયિક ભાવમાં
કેવલજુઅલં–કેવલ યુગલ (જ્ઞાન તથા દર્શન)
સમ્મં–સમ્યકત્વ
દાણાઇ–દાનાદિ
લદ્ધિપણ–લબ્ધિ પાંચ
ચરણં–ચારિત્ર
તઇએ–ત્રીજાક્ષાયોપશમિકભાવે
સેસુવઓગા–બાકીના દશ ઉપયોગો
પણલદ્ધી–પાંચ લબ્ધિ
સમ્મ–ક્ષાયોપશમિકસમ્યકત્વ
વિરઇદુગં–વિરતિદ્વિક (દેશ-વિરતિ, સર્વવિરતિ)

અર્થ:—બીજા (ક્ષાયિક) ભાવમાં કેવળદ્વિક, સમ્યકત્વ, દાનાદિ પાંચ લબ્ધિ અને ચારિત્ર (એ નવ ભેદ) જાણવા. ત્રીજા (ક્ષાયોપશમિક) ભાવને વિષે બાકીના (દશ) ઉપયોગ, પાંચ લબ્ધિ, સમ્યકત્વ, વિરતિદ્વિક,–૬૫

વિવેચન—બીજે ક્ષાયિક ભાવે કેવળ યુગળ એટલે ૧ કેવળ જ્ઞાન,* ૨ કેવળ દર્શન, ૩ ક્ષાયિક સમ્યકત્વ,[2] અને

---

૧ વિપાક અને પ્રદેશરૂપપણાએ બને પ્રકારના ઉદયના ઉપશમથી પ્રગટયો જે જીવસ્વભાવ તે **ઔપશમિક ભાવ.**

* કેવળ જ્ઞાનાવરણીય અને કેવળ દર્શનાવરણીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થાય તે ક્ષાયિક **કેવળ જ્ઞાન** અને ક્ષાયિક **કેવળ દર્શન.**

૨ દર્શન મોહનીય કર્મની સાત પ્રકૃતિ (ચાર અનતાનુબંધી કષાય અને ત્રણ મોહનીય) નો ક્ષય થવાથી આત્માને ઉત્પન્ન થએલ તત્વરૂચી ગુણ તે **ક્ષાયિક સમ્યકત્વ.**

૧ દાન, ૨ લાભ, ૩ ભોગ, ૪ ઉપભોગ અને ૫ વીર્ય એ પાંચની પૂર્ણલબ્ધિ[1] અને ક્ષાયિક ચારિત્ર;[2]એ નવ ભેદ હોય. કર્મના અત્યંતક્ષયે ઉપજે તે માટે ક્ષાયિક ભાવ કહીએ. હવેત્રીજે ક્ષાયોપશમિક ભાવે કેવળદ્વિક ટાળીને શેષ ઉપયોગ તે ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન અને ૩ દર્શન, એ દશ ઉપયોગ, દાનાદિક પાંચ લબ્ધિ,[3] ક્ષયોપશમિક સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વવિરતિ ચારિત્ર એ ૧૮ ભેદ હોય. કર્મના ક્ષયોપશમને વિચિત્રપણે કરીને કોઇકને ઉપજે તે માટે ક્ષાયોપશમિક[4] ભાવ કહીએ ॥ ૬૫ ॥

અન્નાણમસિદ્ધત્તા,-સંજમલેસાકસાયગઇવેયા;
મિચ્છં તુરિએ ભવ્વા,-ભવ્વત્તજિઅત્ત પરિણામે.॥૬૬॥

અન્નાણં-અજ્ઞાન	મિચ્છં-મિથ્યાત્વ
અસિદ્ધત્તા-અસિદ્ધત્વ	તુરિએ-ચોથાઔદયિકભાવમાં
અસંજમ-અસંયમ	ભવ્વાભવ્વત્ત-ભવ્યત્વ, અભવ્યત્વ
લેસા-લેશ્યા (છ)	
કસાય-કષાય (ચાર)	જિઅત્ત-જીવત્વ
ગઇ-ગતિ (ચાર)	
વેઆ-વેદ [ત્રણ]	પરિણામે-પારિણામિકભાવમાં

૧ પાચ પ્રકારના અતરાય કર્મના ક્ષય થવાથી ઉત્પન્ન થાય તે દાનાદિ પાચ લબ્ધિ જાણવી.

૨ ચારિત્ર મોહનીયના ક્ષયથી ઉત્પન્ન થયેલ યથાખ્યાત ચારિત્ર.

૩ આ દાનાદિ પાંચ લબ્ધિ છદ્મસ્થને હોય.

૪ ઉદય આવેલા કર્મનો ક્ષય અને નહિ ઉદયમાં આવેલ કર્મના રસને ઉપશમાવવે પ્રગટ્યો જે જીવ સ્વભાવ તે ઔપશમિક ભાવ.

અર્થ—અજ્ઞાન, અસિદ્ધત્વ, અસંયમ, છ લેશ્યા, ચાર કષાય, ચારગતિ, ત્રણ વેદ અને મિથ્યાત્વ (એ ૨૧ ભેદો) ચોથા (ઔદયિક) ભાવને વિષે જાણવા. ભવ્યત્વ, અભવ્યત્વ અને જીવત્વ (એ ત્રણ ભેદ) પારિણામિકભાવને વિષે હોય છે.૬૬

વિવેચન—અજ્ઞાનપણું, અસિદ્ધપણું, અસંયમ તે અવિરતિપણું, ૬ લેશ્યા, ૪ કષાય, ૪ ગતિ, ત્રણ વેદ અને મિથ્યાત્વ એ એકવીશ ભેદ ઔદયિક ભાવના જાણવા. આઠ કર્મના ઉદયથકી એ હોય. ઉપલક્ષણ થકી નિદ્રાપંચક, સાતા, અસાતા અને હાસ્યાદિક પણ ઔદયિક ભાવે જાણવા. અહીંયા ૨૧ ભેદ કહ્યા તે પૂર્વ શાસ્ત્રના અનુસારે જાણવા. હવે ૧ ભવ્યપણું, ૨ અભવ્યપણું અને ૩ જીવપણું એ ત્રણ પારિણામિક ભાવના ભેદ છે, એ સદાય એમજ પરિણમે; ભવ્ય તે અભવ્ય ન થાય, અભવ્ય તે ભવ્ય ન થાય, જીવ તે અજીવ ન થાય અને અજીવ તે જીવ ન થાય તે માટે ॥ ૬૬ ॥

સાન્નિપાતિક ભાવના ભેદો.

ચઉ ચઉગઇસુ મીસગ,-પરિણામુદએહિં ચઉ સખઇએહિં,
ઉવસમજુએહિં વા ચઉ,કેવલિ પરિણામુદયખઇએ. ॥૬૭॥

ચઉ—ચાર ભેદ	ઉવસમજુએહિં—ઉપશમ સમકિત યુક્ત
ચઉગઇસુ—ચાર ગતિઆશ્રયી	વા—અથવા
મીસગ—મિશ્ર ભાવે	ચઉ—ચાર ભેદ
પરિણામુદએહિં—પારિણામિક તથા ઔદયિક ભાવે	કેવલિ—કેવળજ્ઞાની
ચઉ—ચાર ભેદ	પરિણામુદયખઇએ—પારિણામિક, ઔદયિક અને ક્ષાયિકભાવે (હોય.)
સખઇએહિં—ક્ષાયક ભાવે સહિત	

અર્થ—ક્ષાયોપશમિક, પારિણામિક અને ઔદયિકભાવ વડે (ત્રિસંયોગી સાંનિપાતિક ભાવના) ચાર ગતિ આશ્રયી ચાર ભેદ હોય. ક્ષાયિક ભાવે સહિત (ચતુસંયોગી સાંનિપાતિક ભાવના) ચાર ભેદ જાણવા. અથવા ઔપશમિક ભાવે સહિત (ચતુસંયોગી સાંનિપાતિક ભાવના) ચાર ભેદ હોય. પારિણામિક, ઔદયિક અને ક્ષાયિકભાવવડે ત્રિસંયોગી સાંનિપાતિક ભાવને વિષે કેવળી હોય. ૬૭

વિવેચન—હવે ઔપશમિકાદિક પાંચ ભાવના દ્વિસંયોગી ૧૦, ત્રિસંયોગી ૧૦, ચતુસંયોગી ૫ અને પંચસંયોગી ૧, એ ૨૬ ભેદ સાંનિપાતિકના થાય, તે માંહેલા ૬ ભેદ જીવને વિષે હોય, શેષ ૨૦ નો તો સંભવ ન હોય. હવે જે ૬ નો સંભવ છે તે માંહેલા ત્રણના ૪ ગતિ આશ્રયી ૧૨ ભેદ અને ત્રણ બીજા, એવં ૧૫ ભેદ હોય તે કહે છે- ૪ ગતિને વિષે ક્ષાયોપશમિક, પારિણામિક અને ઔદાયિક ભાવે કરીને ત્રિક સંયોગી હોય. ત્યાં ક્ષાયોપશમિકે ઇંદ્રિયાદિક, પારિણામિકે જીવત્વાદિક, ઔદયિકે ગત્યાદિક; એ પ્રકારે ચાર ગતિને વિષે હોય તેથી ૪ ભેદ તથા તેજ ત્રણ ભાવ ક્ષાયિક સમ્યકત્વ સહીત હોય ત્યારે ચતુઃસંયોગી સાંનિપાતિક ભાવ થાય. તે પણ ચાર ગતિમાં હોવાથી ૪ ભેદ હોય અથવા તેજ ત્રણ ભાવ ઉપશમ સમ્યક્ત્વ સહિત હોય ત્યારે પણ ચતુઃસંયોગી સાંનિપાતિક ભાવ હોય તે પણ ચાર ગતિમાં હોવાથી ૪ ભેદ હોય. એ પ્રકારે ૧૨ ભેદ થયા. તથા પારિણામિક ભાવે જીવપણું, ઔદયિકે મનુષ્ય ગતિ, ક્ષાયિકભાવે જ્ઞાનાદિક, એ ત્રિસંયોગી સાનિપાતિક ભાવ ભવસ્થ કેવળીને હોય. ॥ ૬૭ ॥

ખયપરિણામિ સિદ્ધા, નરાણ પણજોગુવસમસેઢીએ;
ઇઅ પનર સન્નિવાઇઅ, ભેયા વીસં અસંભવિણો ॥૬૮॥

ખય–ક્ષાયિક ભાવે
પરિણામિ–પારિણામિકભાવે
સિદ્ધા-સિદ્ધના જીવો
નરાણ–મનુષ્યને
પણજોગ–પચ સંયોગિક (સાન્નિપાતિક)
ઉવસમસેઢીએ-ઉપશમ શ્રેણીએ
ઇઅ પનર–એ પંદર
સન્નિવાઇય–સાન્નિપાતિક
ભેઆ–ભેદો
વીસં–વીશ ભેદ
અસંભવિણો–અસંભવી, શૂન્ય.

અર્થ—ક્ષાયિક અને પારિણામિકભાવરૂપ દ્વિક સંયોગી સાંનિપાતિક ભાવે સિધ્ધો વર્તે છે. મનુષ્યોને પંચ સંયોગી સાંનિપાતિક ભાવ ઉપશમ શ્રેણીને વિષે હોય છે. એ પ્રકારે પંદર સાંનિપાતિક ભેદો સંભવી જાણવા અને બાકીના ૨૦ ભેદો અસંભવી જાણવા. ૬૮

વિવેચન—ક્ષાયિકભાવે જ્ઞાન, દર્શન તથા સમ્યક્ત્વ અને પારિણામિક ભાવે જીવપણું એ દ્વિસંયોગી સાન્નિપાતિકભાવ સિદ્ધને છે. તથા ૧ ઔપશમિકે ચારિત્ર, ૨ ક્ષાયિકે સમ્યક્ત્વ, ૩ ક્ષાયોપશમિકે ઇંદ્રિય, ૪ ઔદયિકે મનુષ્ય ગતિ અને ૫ પારિણામિકે જીવપણું એ પંચસંયોગી સાન્નિપાતિકભાવ ઉપશમ શ્રેણિએ વર્તતા મનુષ્યને હોય એટલે એક દ્વિકસંયોગા, બે ત્રિક સંયોગા, બ ચતુ સંયોગી અને એક પંચસંયોગી; એવં ૬ મૂળ ભેદ હોય અને તે માહેલા ૩ ભાવ ચાર ગતિએ વિવક્ષ્યા એટલે ૧૫ ભેદ સાંનિપાતિક ભાવના થયા, તે જીવ માંહે સંભવે અને શેષ ૨૦ સાન્નિપાતિક ભાવ રહ્યા તે જીવ માંહે ન હોય તે માટે અસંભવી છે. ॥ ૬૮ ॥

સાંનિપાતિક ભાવના ભાંગાનું યંત્ર.

૧	ઉપશમ, ક્ષાયિક૰	૧૪	ઉપ૦, મિશ્ર૦, આદ૦
૨	ઉપ૦, મિશ્ર-ક્ષાયોપશમિક.	૧૫	ઉપ૦, મિશ્ર૦, પારિણામિક૰
૩	ઉપશમ, ઔદયિક.	૧૬	ઉપ૦, ઔદ૦, પારિ.
૪	ઉપશમ, પારિણામિક.	૧૭	ક્ષા૦, મિશ્ર, ઔદ૦.
૫	ક્ષાયક, મિશ્ર.	૧૮	ક્ષા૦, મિશ્ર, પારિ૦.
૬	ક્ષા૦, ઔદયિક	૧૯	ક્ષા૦, ઔદ૦, પારિ૦[2]
૭	ક્ષા૦, પારિણામિક.[1]	૨૦	મિશ્ર૦, ઔદ૦, પાાર૦[3].
૮	મિશ્ર૦, ઔદયિક	૨૧	ઉપ૦, ક્ષા૦, મિશ્ર, ઔદ૦
૯	મિશ્ર૦, પારિણામિક.	૨૨	ઉપ૦, ક્ષા૦, મિશ્ર, પારિ૦
૧૦	ઔદ૦, પારિણામિક	૨૩	ઉપ૦, ક્ષા૦, ઔદ૦, પારિ૦.
૧૧	ઉપ૦, ક્ષાયિક, મિશ્ર.	૨૪	ઉપ૦, મિશ્ર, ઔદ૦, પારિ૦[4].
૧૨	ઉપ૦, ક્ષા૦, ઔદ૦	૨૫	ક્ષા૦, મિશ્ર, ઔદ૦ પારિ૦[5].
૧૩	ઉપ૦ ક્ષા૦, પારિણામિક	૨૬	ઉપ૦, ક્ષા૦, મિશ્ર, ઔદ,[6] પારિ૦

આઠ કર્મને વિષે ભાવો.

મોહે વ સમો મીસો, ચઉઘાઇસુ અટ્ઠકમ્મસુ અ સેસા;
ધમ્માઇ પારિણામિઅ,–ભાવે ખંધા ઉદઇએ વિ ॥૬૯॥

મોહેવ–મોહનીયને વિષેજ
સમો–ઉપશમ (હોય)
મીસો–ક્ષયોપશમ
ચઉઘાઇસુ–ચાર ઘાતિ કર્મને વિષે
અટ્ઠકમ્મસુ–આઠ કર્મને વિષે
અ–વળી
સેસા–શેષ રહ્યા તે–ઔદયિક, ક્ષાયિક અને પારિણામિક ભાવ

---

૧ આ ભાગો સિદ્ધોને હોય.

૨ આ ભાંગો કેવળીને હોય.

૩—૪—૫ આ ત્રણ ભાંગા ચારે ગતિના જીવને હોય.

૬ આ ભાગો ઉપશમ શ્રેણીએ ચડેલા મનુષ્યોને હોય.

ધમ્માઇ—ધર્માસ્તકાયાદિ પાંચ દ્રવ્ય.
પારિણામિઅભાવે—પારિણામિક ભાવે
ખંધા—સ્કંધો
ઉદઇએ વિ—ઔદયિક ભાવે પણ હોય.

અર્થ—મોહનીય કર્મનોજ ઉપશમ થાય, ચાર ઘાતિ કર્મને વિષે ક્ષયોપશમ થાય અને આઠ કર્મને વિષે બાકીના (ઔદયિક, ક્ષાયિક અને પારિણામિક) ભાવો હોય. ધર્માસ્તિકાયાદિ (પાંચ અજીવ દ્રવ્યો) પારિણામિક ભાવે હોય. સ્કંધો (અનંત પરમાણુવાળા) ઔદયિકભાવે પણ હોય. ૬૯

વિવેચન—ઔપશમિક ભાવ મોહનીય કર્મને વિષેજ હોય અન્યત્ર નહીં; મોહનીયને ઉપશમેજ ઔપશમિક કહેવાય. ક્ષાયોપશમિક ભાવ ચાર ઘાતિ કર્મને વિષે હોય; જ્ઞાનાવર્ણીય, દર્શનાવર્ણીય, મોહનીય અને અંતરાય, એનો જ ક્ષયોપશમ કહેવાય અને શેષ ત્રણ ક્ષાયિક, ઔદયિક અને પારિણામિક ભાવ આઠે કર્મને વિષે હોય. ધર્માસ્તિકાયાદિ પાંચ અજીવ દ્રવ્ય પોતપોતાને ભાવેજ પરિણમ્યાં છે પણ પરભાવે પરિણમતાં નથી તે માટે તે પારિણામિક ભાવે છે અને પુદ્ગળના દ્વિપ્રદેશી ત્રિપ્રદેશી યાવત્ અનંતપ્રદેશી સ્કંધ કર્મવર્ગણાદિક એ સર્વ ઔદયિક ભાવે હોય; સ્કંધપણું છાંડે, ઘટે, વધે તે માટે. ॥ ૬૯ ॥

ગુણઠાણાને વિષે ભાવો.

સમ્માઇચઉસુ તિગ ચઉ, ભાવા ચઉ પણુવસામગુવસંતે;
ચઉ ખીણાપુવ્વે તિન્નિ,સેસ ગુણઠાણગેગજિએ ॥૭૦॥

સમ્માઇ–અવિરતિ સમ્યક્ત્વાદિ
ચઉસુ–ચાર ગુણઠાણાને વિષે
તિગ ચઉ ભાવા–ત્રણ અથવા ચાર ભાવ (હોય)
ચઉ પણ–ચાર કે પાચ
ઉવસામગ–નવમે તથા દશમે ગુણઠાણે
ઉવસંતે–ઉપશાંતમોહે
ચઉ–ચાર ભાવ
ખીણ–ક્ષીણમોહે
અપુવ્વે–અપૂર્વકરણે
તિન્નિ–ત્રણ ભાવ
સેસગુણઠાણગે-શેષ પાંચ ગુણઠાણે
એગજિએ–એક જીવને વિષે

અર્થ:—અવિરત સમ્યગ્ દ્રષ્ટિ આદિ ચાર ગુણઠાણાને વિષે ત્રણ અથવા ચાર ભાવો હોય. ચાર અથવા પાંચ ભાવ ઉપશામક (નવમું, દશમું) અને ઉપશાંતમોહ ગુણઠાણાને વિષે હોય. ક્ષીણમોહ અને અપૂર્વકરણ ગુણઠાણાને વિષે ચાર ભાવ હોય. અને બાકીના ગુણઠાણાને વિષે ત્રણ ભાવ હોય. આ પ્રકારે કહેલા ભાવો એક જીવને વિષે જાણવા. ૭૦

વિવેચન—એક જીવને સમ્યકત્વાદિ (૪-૫-૬ ૭) ચાર ગુણઠાણે ૩ અથવા ૪ ભાવ હોય. ૧ પારિણામિક ભાવે જીવ, ૨ ઔદયિકે ગત્યાદિ, ૩ ક્ષાયોપશમિક ભાવે ઇંદ્રિય અને સમ્યક્ત્વ પણ ક્ષાયોપશમિકે જ હોય, ત્યારે ત્રણ ભાવ હોય અને ઔપશમિક અથવા ક્ષાયિક સમ્યકત્વ હોય ત્યારે ૪ ભાવ હોય અને સર્વ જીવ આશ્રયી તો પાંચ ભાવ હોય. ઉપશામક તે ૯-૧૦ મુ અને ઉપશાંત તે ૧૧ મું એ ત્રણ ગુણઠાણે ચાર અથવા પાંચ ભાવ હોય. ૧ પારિણામિકે જીવ, ૨ ઔદાયિકે ગત્યાદિ, ૩ ક્ષાયોપશમિકે ઇંદ્રિય અને ૪ ઔપશમિકે સમ્યક્ત્વ અને ચારિત્ર એ ચાર ભાવ હોય અને ક્ષાયિક સમ્યકત્વ તથા ઔપશમિક ચારિત્ર હોય ત્યારે પાંચ ભાવ હોય. ક્ષીણમોહ ગુણઠાણે ત્રણ ભાવ પૂર્વવત્ અને ક્ષાયિક સમ્યક્ત્વ અને

ચારિત્ર, એ ચાર ભાવ હોય. અપૂર્વકરણ ગુણઠાણે ત્રણ ભાવ પૂર્વવત્ અને ઔપશમિક અથવા ક્ષાયિક સમ્યક્ત્વ એ ચાર ભાવ હોય. શેષ પાંચ (૧-૨-૩-૧૩-૧૪) ગુણઠાણે ત્રણ ત્રણ ભાવ હોય. ત્યાં ૧-૨-૩ ગુણઠાણે ૧ ઔદાયિક, ૨ પારિણામિક અને ૩ ક્ષાયોપશમિક એ ત્રણ હોય અને સયોગી તથા અયોગી એ બે ગુણઠાણે ૧ ઔદયિક, ૨ પારિણામિક અને ૩ ક્ષાયિક એ ત્રણ ભાવ હોય. એ પ્રમાણે એક જીવ આશ્રયી ગુણઠાણે ભાવ કહ્યા નાના જીવો આશ્રયી તો પાંચે ભાવો હોય.* ॥ ૭૦ ॥

---

* ઔપશમિકાદિ ભાવોના ઉત્તર ભેદની સંખ્યા ગુણઠાણે કહે છે – પ્રથમ ઔપશમિક ભાવના ભેદો આ પ્રમાણે–સમ્યક્ત્વ ચોથાથી અગ્યારમા ગુણઠાણા પર્યંત હોય અને ચારિત્ર ૯—૧૦—૧૧ એ ત્રણ ગુણઠાણે હોય

ક્ષાયિક ભાવના ઉત્તર ભેદ આ પ્રમાણે–ચોથાથી અગ્યારમા ગુણઠાણા સુધી સમ્યક્ત્વ હોય. બારમે ગુણઠાણે સમ્યક્ત્વ અને ચારિત્ર હોય તેરમે તથા ચૌદમે ગુણઠાણે સમ્યક્ત્વ, ચારિત્ર, જ્ઞાન, દર્શન અને પાચ લબ્ધિ હોય.

ક્ષાયોપશમિક ભાવના ઉત્તરભેદ આ પ્રમાણે—પહેલા બે ગુણઠાણે ત્રણ અજ્ઞાન, ચક્ષુ–અચક્ષુદર્શન, અને પાચ લબ્ધિ હોય. ત્રીજે ગુણઠાણે ત્રણ મિશ્રજ્ઞાન, ત્રણ દર્શન, પાચ લબ્ધિ અને મિશ્રમોહનીય એ બાર ભેદ હોય ચોથે ગુણઠાણે મિશ્ર મોહનીય શિવાયના ૧૧ ભેદ અને સમ્યક્ત્વ એ બાર ભેદ હોય. પાંચમે ગુણઠાણે દેશવિરતિ સહિત તેર ભેદ હોય. છટ્ઠે સાતમે ગુણઠાણે મનઃપર્યવ જ્ઞાન સહિત ચોદ હોય ૮—૯—૧૦ એ ત્રણ ગુણઠાણે સમ્યક્ત્વ વિના તેર ભાવ હોય અગ્યારમે તથા બારમે ગુણઠાણે ચારિત્ર વિના બાર ભાવ હોય તેરમે ચૌદમે ગુણઠાણે ઘાતી કર્મનો ક્ષય થવાથી મિશ્ર ભાવ હોય નહિ.

ગુણસ્થાનેષુ ઔપશમિકાદિભાવાનાં‡ યંત્રકમ્.

	ગુણઠાણાના નામ	એકજીવે ભાવ. ૫	સર્વજીવે ભાવ ૫	ઔપશમિક ૨	ક્ષાયિક ૯	ક્ષાયોપશમિક. ૧૮	ઔદયિક. ૨૧	પારિણામિક. ૩	કુલ ઉત્તર ભેદ. ૫૩
૧	મિથ્યાત્વે	૩	૩	૦	૦	૧૦	૨૧	૩	૩૪
૨	સાસ્વદને	૩	૩	૦	૦	૧૦	૨૦	૨	૩૨
૩	મિશ્રે	૩	૩	૦	૦	૧૨	૧૯	૨	૩૩
૪	અવિરતિ સમ૦	૩–૪	૫	૧	૧	૧૨	૧૯	૨	૩૫
૫	દેશવિરતે	૩–૪	૫	૧	૧	૧૩	૧૭	૨	૩૪
૬	પ્રમત્ત સયતે	૩–૪	૫	૧	૧	૧૪	૧૫	૨	૩૩
૭	અપ્રમત્ત સયતે	૩–૪	૫	૧	૧	૧૪	૧૨	૨	૩૦
૮	અપૂર્વકરણે	૪	૫	૨	૧	૧૩	૧૦	૨	૨૮
૯	અનિવૃત્તિ બાદરે	૪–૫	૫	૨	૧	૧૩	૧૦	૨	૨૮
૧૦	સૂક્ષ્મ સપરાયે	૪–૫	૫	૨	૧	૧૩	૪	૨	૨૨
૧૧	ઉપશાતમોહે	૪–૫	૫	૨	૧	૧૨	૩	૨	૨૦
૧૨	ક્ષીણમોહે	૪	૪	૦	૨	૧૨	૩	૨	૧૯
૧૩	સયોગી કે૦	૩	૩	૦	૯	૦	૩	૧	૧૩
૧૪	અયોગી કે૦	૩	૩	૦	૯	૦	૨	૧	૧૨

‡ આ યત્રમા ગુણસ્થાનકે ભાવોના ઉત્તર ભેદ બતાવ્યા છે તે સર્વ જીવ આશ્રયી જાણવા

સંખ્યાતાદિના ભેદો.

સંખિજ્જેગમસંખં, પરિત્તજુત્તનિયપયજુયં તિવિહં;
એવમણંતં પિ તિહા, જહન્નમજ્ઝુક્કસા સવ્વે ॥ ૭૧ ॥

ઔદયિક ભાવના ઉત્તરભેદ આ પ્રમાણે—મિથ્યાત્વ ગુણઠાણે ચાર ગતિ. ચાર કષાય, ત્રણ વેદ, છ લેશ્યા, અજ્ઞાન, અસિદ્ધત્વ, અવિરતિ અને મિથ્યાત્વ એ ૨૧ ભેદ હોય. બીજે ગુણઠાણે મિથ્યાત્વ

સંખિજ્જજેગં–સંખ્યાતુ એક
અસંખં–અસંખ્યાતુ
પરિત્ત–પ્રત્યેક અસંખ્યાતુ
જુત્ત–યુક્ત અસંખ્યાતુ
નિઅપયજુઅં–પોતાના
પદ યુક્ત (અસંખ્યાત
અસંખ્યાતું)
તિવિહં–ત્રણ પ્રકારે
એવં–એ રીતે
અણંતં પિ–અનંતું પણ
તિહા–ત્રણ પ્રકારે
જહન્ન–જઘન્ય
મજ્ઝ–મધ્યમ
ઉક્કસા–ઉત્કૃષ્ટ
સવ્વે–સર્વે (સાતે)

વિના ૨૦ ભાવ હોય. ત્રીજે ચોથે ગુણઠાણે અજ્ઞાન વિના ૧૯ ભાવ હોય પાચમે ગુણઠાણે નરક ગતિ અને દેવ ગતિ વિના ૧૭ ભાવ હોય છઠ્ઠે ગુણઠાણે તિર્યંચ ગતિ અને અસયમ વિના ૧૫ ભાવ હોય. સાતમે ગુણઠાણે પ્રથમની ત્રણ લેશ્યા શિવાય બાકીના ૧૨ ભાવ હોય. આઠમે નવમે ગુણઠાણે પદ્મ અને તેજો લેશ્યા વિના ૧૦ ભાવ હોય દશમે ગુણઠાણે ત્રણ વેદ અને ત્રણ કષાય વિના ચાર ભાવ હોય. ૧૧–૧૨–૧૩ એ ત્રણ ગુણઠાણે લોભ વિના મનુષ્ય ગતિ, શુક્લ લેશ્યા અને અસિદ્ધત્વ એ ત્રણ ભાવ હોય. ચૌદમે ગુણઠાણે અસિદ્ધત્વ અને મનુષ્ય ગતિ એ બે ભાવ હોય.

પારિણામિક ભાવના ઉત્તરભેદ આ પ્રમાણે–

મિથ્યાત્વ ગુણઠાણે ભવ્યત્વ, અભવ્યત્વ અને જીવત્વ એ ત્રણ ભેદ હોય બીજાથી બારમા ગુણઠાણા સુધી ભવ્યત્વ અને જીવત્વ એ બે ભેદ હોય તેરમે ચૌદમે ગુણઠાણે આસન્ન સિદ્ધાવસ્થા ભણી તથા ઘાતીકર્મ ખપાવ્યા તેથી કે બીજા કોઇ કારણે ભવ્યત્વને પૂર્વાચાર્યે વિવક્ષ્યુ નથી તેથી જીવત્વ પારિણામિક ભાવે હોય. એમ ગુણઠાણે જેટલા જેટલા ઉત્તર ભાવના ભેદ છે તેને સંબંધે બનતા સાન્નિપાતિક ભેદો યથાસંભવ વિચારી લેવા.

અર્થ:—સંખ્યાતુ એક હોય; અસંખ્યાતુ પરીત્ત, યુક્ત અને નિજપદ યુક્ત એમ ત્રણ પ્રકારે હોય; એ રીતે અનંતુ પણ ત્રણ પ્રકારે જાણવું એ સર્વે (સાત ભેદો) જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદવાળા છે. ૭૧

વિવેચન—હવે સંખ્યાતાદિકનો વિચાર કહે છે—મૂળ ભેદની અપેક્ષાએ સંખ્યાતુ એકજ હોય: અસંખ્યાતુ ત્રણ ભેદે હોય, તે આ પ્રમાણે-૧ પરિત્ત અસંખ્યાતુ, ૨ યુક્ત અસંખ્યાતુ અને ૩ નિજપદયુત એટલે અસંખ્યાતાસંખ્યાતુ; એવી રીતે અનંતુ પણ ત્રણ ભેદે હોય, તે આ પ્રમાણે-૧ પરિત્તાનંતુ, ૨ યુક્તાનંતુ અને ૩ અનંતાનંતુ; એવં સાત ભેદ થયા. તે દરેક જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ ભેદ હોય, તેથી સાતને ત્રણે ગુણતાં એકવીશ ભેદ હોય. ॥ ૭૧ ॥

સંખ્યાતાદિના ભેદો.

૧	જઘન્ય સંખ્યાતુ	૧૨	ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાતુ
૨	મધ્યમ સંખ્યાતુ	૧૩	જઘન્ય પરિત્ત અનંતુ
૩	ઉત્કૃષ્ટ સંખ્યાતુ	૧૪	મધ્યમ પરિત્ત અનંતુ
૪	જઘન્ય પરિત્તઅસંખ્યાતુ	૧૫	ઉત્કૃષ્ટ પરિત્ત અનંતુ
૪	મધ્યમ પરિત્ત અસ૦	૧૬	જઘન્ય યુક્ત અનંતુ
૬	ઉત્કૃષ્ટ પરિત્ત અસ૦	૧૭	મધ્યમ યુક્ત અનંતુ
૭	જઘન્ય યુક્ત અસ૦	૧૮	ઉત્કૃષ્ટ યુક્ત અનંતુ
૮	મધ્યમ યુક્ત અસ૦	૧૯	જઘન્ય અનંતાનંતુ
૯	ઉત્કૃષ્ટ યુક્ત અસ૦	૨૦	મધ્યમ અનંતાનંતુ
૧૦	જઘન્ય અસંખ્યાત અસંખ્યાતુ	૨૧	ઉત્કૃષ્ટ અનંતાનંતુ
૧૧	મધ્યમ અસંખ્યાત અસંખ્યાતુ		

સંખ્યાતાદિનું સ્વરૂપ.

લહુસંખિજ્જં દુચ્ચિઅ,અઓ પરં મજ્ઝિમં તુ જા ગુરૂઅં;
જંબુદ્દીવપમાણય, ચઉપલ્લપરૂવણાઇ ઇમં ॥ ૭૨ ॥

લહુસંખિજ્જં-જઘન્ય સંખ્યાતુ	**જંબુદ્દીવપમાણય**-જંબૂદ્વીપ પ્રમાણના
દુચ્ચિઅ-બેજ	**ચઉપલ્લ**-ચાર પાલાની
અઓ પરં-એ ઉપરાંત	**પરૂવણાઇ**-પ્રરૂપણાએ કરીને
મજ્ઝિમં તુ-મધ્યમ સંખ્યાતુ વળી	**ઇમં**-આ-ઉત્કૃષ્ટ સંખ્યાતુ કહીશુ
જા ગુરૂઅં-યાવત્ ઉત્કૃષ્ટા સુધી	

અર્થ:—જઘન્ય સંખ્યાતુ બેજ હોય. એ (બે) ઉપરાંત યાવત્ ઉત્કૃષ્ટ સંખ્યાતા સુધી મધ્યમ સંખ્યાતુ જાણવું. જંબુદ્વીપ પ્રમાણના ચાર પાલાની પ્રરૂપણાએ કરીને આ ઉત્કૃષ્ટ સંખ્યાતુ વક્ષ્યમાણ સ્વરૂપ જાણવુ. ૭૨

વિવેચન—હવે સખ્યાતાદિકનો વિચાર કહે છે-એક તો સંખ્યા રહિત છે-એકની સંખ્યા હોય નહીં, માટે બેને જઘન્ય સંખ્યાતુ કહીએ બે ઉપરાંત ત્રણ થકી માંડીને જયાં લગે ઉત્કૃષ્ટ સંખ્યાતુ ન થાય, ત્યાં લગે સર્વ મધ્યમ સંખ્યાતુ કહીએ. હવે ઉત્કૃષ્ટ સંખ્યાતુ તો જંબુદ્વીપ જેવડા ચાર પાલાની પ્રરૂપણાએ કરીને જાણવું, તે પ્રરૂપણા કહે છે. ॥ ૭૨ ॥

પલ્લાણવટ્ઠિઅસલાગ-પડિસલાગમહાસલાગખ્ખા;
જોઅણસહસોગાઢા, સવેઇઅંતા સસિહભરિઆ ॥ ૭૩ ॥

પલ્લા–પ્યાલા	**જોયણસહસ**–હજાર જોજન
અણવટ્ઠિય–અનવસ્થિત (પ્યાલો)	**ઓગાઢા**–ઉંડા
સલાગ–શલાકા (પ્યાલો)	**સવેઇઅંતા**–વેદિકાના અંત સહિત
પડિસલાગ–પ્રતિશલાકા	**સસિહ**–શિખા (ટોચ) સુધી
મહાસલાગખ્ખા–મહાશલાકા નામના	**ભરિઆ**–ભરેલા (કરવા)

અર્થ—અનવસ્થિત, શલાકા, પ્રતિશલાકા અને મહાશલાકા નામના પાલા કલ્પીએ. એક હજાર યોજન ઉંડા અને વેદિકાના અંત સહિત (એવા તે પાલા) શિખા સુધી (સરસવે કરી) ભરેલા કરવા-ભરવા. ૭૩

વિવેચન—અસત્કલ્પનાએ ૪ પાલા કલ્પીએ, તેના નામ-૧ અનવસ્થિત, ૨ શલાકા, ૩ પ્રતિશલાકા અને ૪ મહાશલાકા. તે ચારે પાલા જંબૂદ્વીપ જેવડા લાખ જોજન લાંબા પહોળા વૃત્તાકારે અને રત્નપ્રભાનો ખરકાંડ એક હજાર યોજનનો છે એટલા ઉંડા, ૮ યોજન ઊંચી જગતી અને તે ઉપર બે ગાઉ ઉંચી પદ્મવર વેદિકા છે, તેટલા ઊંચા હોય. ત્યાં પહેલો પાલો સરસવે કરીને શિખા સહિત ભરીએ. ॥ ૭૩ ॥

તો દીવુદહિસુ ઇક્કિક્ક,સરિસવં ખિવિઅ નિટ્ઠિએ પઢમે;
પઢમંવ તદંતં ચિય,પુણ ભરિએ તંમિ તહ ખીણે ॥૭૪॥

તો–તે પછી	તદંતંચિય–તે (અવસ્થિત ખાલી થયો હોય તે દ્વીપ) ના અંત સુધી નિશ્ચે
દીવુદહિસુ દ્વીપ સમુદ્રને વિષે	પુણભરિએ–વળી ભરીએ
ઈક્કિક્ક–એક એક	તંમિ–તે પાલાને પણ
સરિસવં–સરસવને	તહ–તેમજ મૂકતે છતે
ખિવિઅ–નાંખીને	ખીણે–ખાલી થયે છતે,
નિટ્ઠિએ પઢમે–પહેલો ખાલી થયે છતે	
પઢમંવ–પેહેલા પાલાની પેઠે	

અર્થ:—તે પછી (તે પાલો ઉપાડીને) દ્વીપ સમુદ્રને વિષે એક એક સરસવ નાંખીને પહેલો પાલો ખાલી થયે છતે, તે (અવસ્થિત પાલો ખાલી થયો હોય તે દ્વીપ) ના અંત જેવડો નિશ્ચે પહેલા પાલાની પેઠે વળી (સરસવે) ભરીએ; તેપણ તેવીજ રીતે (બાકીના દ્વીપ, સમુદ્રે એક એક નાખતાં) ખાલી થયે છતે.—૭૪

વિવેચન—ત્યાર પછી તે (ભરેલ પાલો) ઉપાડીને તે માંહેથી એકેક સરસવ દરેક દ્વીપ અને સમુદ્રને વિષે મૂકીએ. તે મૂકતાં પહેલો પાલો જ્યારે નીઠે (ખાલી થાય) ત્યારે બીજા શલાકામાં સરસવ નાંખીએ નહીં, કારણ કે તે પહેલો પાલો તો શલાકા જેવડોજ છે–અનવસ્થિત નથી પણ અવસ્થિત છે તે માટે. બીજી વાર જે પાલો કલ્પીએ તે [1]અનવસ્થિત કહીએ. તે આ પ્રમાણે–જ્યાં તે પહેલો પાલો ખાલી થયો તે દ્વીપ અથવા સમુદ્ર જેવડો પાલો કલ્પીએ, તે અનવસ્થિત જાણવો. તે વળી શિખા સહિત સરસવે ભરીએ. પછી તે અનવસ્થિત પાલાને ઉપાડીને દ્વીપ સમુદ્રે એકેકો સરસવ મૂકતાં પૂર્વલી પેઠ ખાલી થાય ત્યારે. ॥ ૭૪ ॥

ખિપ્પઇ સલાગપલ્લેગુ, સરિસવો ઇઅ સલાગખવણેણું;
પુણ્ણો બીઓ અ તઓ, પુવ્વંપિ વ તંમિ ઉદ્ધરિએ.૭૫

ખિપ્પઇ–નાંખીએ	**પુણ્ણો**–પૂર્ણ
સલાગપલ્લે–શલાકાપાલાને વિષે	**બીઓ**–બીજો પાલો
એગુ સરિસવો–એક સરસવ	**તઓ**–તે વાર પછી
ઇય–એ પ્રકારે	**પુવ્વંપિ વ**–પૂર્વની પેરે
સલાગ–શલાકા (સરસવ)	**તમ્મિ**–તેને
ખવણેણં–નાખવાવડે	**ઉદ્ધરિએ**–લેતાં

અર્થ.—શલાકાપાલાને વિષે એક સરસવ નાંખીએ; એ પ્રકારે શલાકા નાખવા વડે બીજો પાલો પૂર્ણ થાય. તે પછી પૂર્વની પેઠે તેને લઇને–૭૫

વિવેચન—એક અનેરો સરસવનો દાણો શલાકા પાલા માંહે મૂકીએ. વળી તે (જે દ્વીપ કે સમુદ્રે પાલો ખાલી થયો હોય તે) દ્વીપ કે સમુદ્રના અંત લગે તેટલી ભૂમિ ખણીને તેવડો અનવસ્થિત પાલો કરીએ–કલ્પીએ. એમ અનવસ્થિત પાલા જેમ જેમ ખાલી થતા જાય તેમ તેમ શલાકા માંહે અકેક સરસવ મુકતાં જઇએ અને તે તે દ્વીપ સમુદ્ર પર્યંત ભૂમિ ખણીને અનવસ્થિત કલ્પતા જઇએ; એમ વારંવાર કરીએ. એમ વારંવાર કરતાં જ્યારે બીજો શલાકા પાલો ભરાય ત્યારે પૂર્વલી પેરે (અનવસ્થિતની પેરે)

---

૧ આ પાલો આગળ જતા ક્રમે ક્રમે વધતો જશે માટે તેનુ પરિમાણ અનિયમિત હોવાથી તેનુ નામ અનવસ્થિત જાણવું. આ પાલાની ઉંડાઇ અને ઉંચાઇ દરેક ઠેકાણે અવસ્થિત પાલા જેટલીજ હોય.

શલાકા પાલો ઉપાડીને ત્યાંથી આગળના દ્વીપ સમુદ્રે એકેક સરસવ મૂકીએ. ॥ ૭૫ ॥

ખિણે સલ્લાગ તઇએ, એવં પઢમેહિં બીઅયં ભરસુ;
તેહિં તઇઅં તેહિ ય, તુરિઅં જા કિર ફુડા ચઉરો.૭૬

ખિણે-શલાકા પ્યાલો ખાલી થયે છતે
સલાગ-શલાકા (સરસવ)
તઇએ-ત્રીજામાં
એવં-એ રીતે
પઢમેહિં-પહેલાવડે
બીઅયં-બીજો શલાકા
ભરસુ-ભરવો
તેહિં તઇઅં-તેવડે ત્રીજો
તેહિ ય તુંરિઅં—તેવડે વળી ચોથો
જા-યાવત્
કિર-નિશ્ચે
ફુડા-સ્ફુટ (શિખા સહિત ભરેલા)
ચઉરો-ચાર (પાલા હોય.)

અર્થ:—તે ખાલી થયે છતે ત્રીજા પાલામાં શલાકા (સરસવ) નાંખીએ. એ રીતે પહેલાવડે બીજો પાલો ભરવો, તે [બીજા] વડે ત્રીજો અને તે (ત્રીજા) વડે ચોથો પાલો ભરવો. યાવત્ નિશ્ચે શિખા સહિત ભરેલા ચારે પાલા હોય. ૭૬

વિવેચન—એમ કરતાં શલાકા પાલો ખાલી થાય, ત્યારે ત્રીજા પ્રતિશલાકા પાલામાં અનેરો એક સરસવ મૂકીએ. વળી ત્યાં અનવસ્થિત કલ્પીએ, એમ(એ રીતે)પહેલા અનવસ્થિત પાલાએ કરીને બીજો શલાકા પાલો ભરીએ. તે શલાકા પાલે કરીને ત્રીજો પ્રતિશલાકા

પાલો ભરીએ. અને તે પ્રતિશલાકા પાલે કરીને ચોથો મહાશલાકા ભરીએ તે મહાશલાકા ભર્યા પછી પ્રતિશલાકા ભરીએ. તે પછી શલાકા ભરીએ અને તે ત્રણે જ્યાં ભરાઈ રહ્યા તે દ્વીપ સમુદ્ર જેટલી ભૂમિ ખણીને તેવડો અનવસ્થિત પાલો કલ્પીને તેને સરસવે ભરીએ એટલે ચારે પાલા પૂર્ણ ભરાણા. ॥ ૭૬ ॥

પઢમતિપલ્લુદ્ધરિઆ, દીવુદહી પલ્લચઉસરિસવા ય;
સવ્વો વિ [1]એગરાસી, રૂવૂણો પરમસંખિજ્જં. ॥૭૭॥

પઢમતિપલ્લ–પહેલા ત્રણ પાલે કરી.	**સવ્વોવિ એગરાસી**–સર્વે એક રાશી–સમૂહ
ઉદ્ધરિઆ–ઉદ્ધર્યા.	**રૂવૂણો**–એકરૂપે ઉણો (તે)
દિવુદહી–દ્વીપ તથા સમુદ્ર.	**પરમસંખિજ્જં**–ઉત્કૃષ્ટ સંખ્યાતુ (થાય),
પલ્લચઉ–ચાર પાલાના	
સરિસવા–સરસવો.	

અર્થ:—પહેલા ત્રણ પાલાવડે ઉદ્ધરેલા દ્વીપસમુદ્ર અને ચાર પાલાના સરસવો એ સર્વનો એકરાશી તે એકરૂપે ઉણો ઉત્કૃષ્ટ સંખ્યાતુ થાય. ૭૭

વિવેચન—હવે પહેલા ૩ પાલાવડે ઉદ્ધર્યા જે દ્વીપ સમુદ્ર તેના સરસવ અને ચાર પાલા ભર્યા છે તેના સરસવ એ સર્વ રાશી–સરસવનો સમૂહ એકત્ર કરીએ. તેમાંથી એક સરસવ ઉણો કરીએ તે ઉત્કૃષ્ટ સંખ્યાતુ કહીએ. ॥ ૭૭ ॥

---

૧ એસ (એ પૂર્વોક્ત) ઇતિ પાઠાન્તરે.

રૂવજુઅંતુ પરિત્તા,-સંખં લહુ અસ્સ રાસિઅબ્ભાસે;
જુત્તાસંખિજ્જં લહુ, આવલિઆસમયપરિમાણ ॥૭૮॥

રૂવ- (એક) રૂપ	કરતા
જુઅં તુ-યુક્ત વળી	જુત્તાસંખિજ્જં લહુ-જઘન્ય યુક્ત અસંખ્યાતુ થાય
પરિત્તા-પ્રત્યેક	આવલિયા-આવલિકાના
ડસંખં-અસંખ્યાતુ	સમય-સમયનું
લહુ-જઘન્ય	પરિમાણું-પ્રમાણ
અસ્સ-એને	
રાસિઅબ્ભાસે-રાશીઅભ્યાસ	

અર્થ—ઉત્કૃષ્ટ સંખ્યાતુ એકરૂપ યુક્ત તે વળી પરિત્ત અસંખ્યાતુ લઘુ જાણવું. એનો રાશી અભ્યાસ કરતાં યુક્ત અસંખ્યાતુ જઘન્ય થાય, તે આવલિકાના સમયનું પરિમાણ જાણવું. ૭૮

વિવેચન— અને તે એક સરસવ યુક્ત કરીએ તે જઘન્ય પરિત્ત અસંખ્યાતુ થાય; એ પહેલું અસંખ્યાતુ. એ જઘન્ય પરિત્ત અસંખ્યાતુ એકાદિકે યુક્ત કરતાં જ્યાંસુધી ઉત્કૃષ્ટ ન થાય ત્યાંસુધી સર્વ મધ્યમ પરિત્ત અસંખ્યાતુ કહીએ અને એજ જઘન્ય પરિત્ત અસંખ્યાતાની રાશીનો અભ્યાસ કરીએ તે જઘન્ય યુક્ત અસંખ્યાતુ થાય. અભ્યાસ એટલે તે રાશીમાં જેટલા સરસવ હોય તેટલા (તેટલી સંખ્યાના) અને તેવડા (રાશી જેવડા) ઢગલા કરીએ, તે કરાને તેને પરસ્પર માંહો માંહે ગુણીએ તે અભ્યાસ કહેવાય. અહીંયા અસત્કલ્પનાએ તે ઢગલાના સરસવ પાંચ કલ્પીએ,ત્યારે પાંચ પાંચ સરસવના પાંચ ઢગલા કરીએ; તેને પરસ્પર ગુણીએ

એટલે પહેલો બીજા સાથે ગુણતાં ૨૫ થાય, તેને ત્રીજા સાથે ગુણતાં ૧૨૫ થાય, તેને ચોથા સાથે ગુણતાં ૬૨૫ થાય અને તેને પાંચમા સાથે ગુણતાં ૩૧૨૫ થાય. એ અભ્યાસ નામા ગણિત જાણવું. એ જઘન્ય યુક્ત અસંખ્યાતુ તે આવલિકાના સમયનું પરિમાણ છે. એક આવળિકાના એટલા સમય હોય. ॥ ૭૮ ॥

બિતિચઉપંચમગુણણે,કમા સગાસંખ પઢમચઉસત્તા;
ડણ તા તે રૂવજુઆ, મજ્ઝા રૂવૂણ ગુરૂપચ્છા ॥ ૭૯ ॥

બિ–બીજા
તિ–ત્રીજા
ચઉ–ચોથા
પંચમ–પાંચમાનો
ગુણણે–રાશીઅભ્યાસ કરતાં
કમા–અનુક્રમે
સગાસંખ–સાતમું અસંખ્યાતુ (જઘન્ય અસંખ્યાત અસંખ્યાતુ)
પઢમ–પહેલું (જઘન્ય પ્રત્યેક) અનંતુ
ચઉ–ચોથું (જઘન્યયુક્ત) અનંતુ
સત્તાણંતા–સાતમું અનંતુ (જઘન્ય અનંતાનંતુ)
તે રૂવજુઆ–તે એકરૂપસહિત
મજ્ઝા–મધ્યમ થાય
રૂવૂણ–એકરૂપ ઊણુ કરતાં
ગુરૂપચ્છા–પાછલું ઉત્કૃષ્ટ થાય.

અર્થઃ—(મૂળભેદની અપેક્ષાએ) બીજા, ત્રીજા, ચોથા અને પાંચમાનો રાશી અભ્યાસ કરતાં અનુક્રમે સાતમું અસંખ્યાતુ; પહેલું ચોથું અને સાતમું અનંતુ થાય. તેને એકરૂપ સહિત કરતાં મધ્યમ અને એકરૂપ ઊણું કરતાં પાછળનું ઉત્કૃષ્ટ થાય. ૭૯

વિવેચન—તે જઘન્ય યુક્ત અસંખ્યાતાનો બીજો, ત્રીજો, ચોથી અને પાંચમી વાર અભ્યાસ કરતાં અનુક્રમે સગાડસલ્લ અસંખ્યાતઅસંખ્યાતુ તથા પહેલું, ચોથું, સાતમું અનંતુ થાય; તે આ પ્રમાણે–જઘન્ય યુક્ત અસંખ્યાતાની રાશીનો અભ્યાસ કરીએ ત્યારે જઘન્ય અસંખ્યાતઅસંખ્યાતુ થાય. તેનો વળી અભ્યાસ કરીએ તે પહેલું જઘન્ય પરિત્ત અનંતુ થાય, તેનો વળી અભ્યાસ કરીએ તે ચોથુ જઘન્ય યુક્ત અનંતુ થાય, તેનો વળી અભ્યાસ કરીએ તે જઘન્ય અનંતાનંતુ સાતમું થાય. ત્રણ અસંખ્યાતા અને ત્રણ અનંતા એ છ જઘન્યને એકાદિકે યુક્ત કરતાં જ્યાં સુધી ઉત્કૃષ્ટાં ન થાય ત્યાં સુધી એ ૬ મધ્યમ કહીએ અને એ ૬ એકે ઉણાં કરીએ ત્યારે પાછલા ઉત્કૃષ્ટા થાય અને ઉત્કૃષ્ટું અનંતાનંતુ તો નથી. " उक्कोसय अणताण तय नत्थि " इति अनुयोगद्वारसूत्रवचनात् ॥ ૭૯ ॥

ઇઅ સુત્તુત્તં અન્ને, વગ્ગિઅમિક્કસિ ચઉત્થયમસંખં;
હોઇ અસંખાસંખં, લહુ રૂવજુઅં તુ તં મજ્ઝં ॥ ૮૦ ॥

ઇયસુત્તુત્તં–એ સૂત્રોક્ત (જાણવુ)	**હોઇ**–હોય
અન્ને–બીજા આચાર્ય (કહેછે.)	**અસંખાસંખંલહુ**–જઘન્ય અસંખ્યાતાસખ્યાતુ
વગ્ગિઅ–વર્ગ કરતાં	**રૂવજુઅં**–એક રૂપયુક્ત
ઇક્કસિ–એકવાર	**તુ તં**–તો તે
ચઉત્થયં–ચોથા	**મજ્ઝં**–મધ્યમ અસંખ્યાતાસંખ્યાતુ
અસંખં–અસંખ્યાતાને	

અર્થ:—એ પ્રકારે [1]સૂત્રોક્ત જાણવું. એક આચાર્ય કહે છે કે-ચોથા અસંખ્યાતાને એકવાર વર્ગ કરતાં જઘન્ય અસંખ્યાતઅસંખ્યાતુ થાય. તે એકરૂપ યુક્ત કરતાં વળી મધ્યમ અસંખ્યાતઅસંખ્યાતુ થાય. ૮૦

વિવેચન—એ અનુયોગદ્વાર સૂત્રોક્ત વિધિ કહ્યો-સૂત્રમાં એ રીતે કહ્યું છે. અનેરા આચાર્ય વળી આ પ્રકારે કહે છે, તે પ્રકારાંતરે કહીએ છીએ. ચોથું જઘન્ય યુક્ત અસંખ્યાતુ એકજ વાર વર્ગિએ "तद्गुणो वर्ग" इतिवचनात् એટલે જઘન્ય યુક્ત અસંખ્યાતાનો જે રાશી તેને તેજ રાશી સાથે ગુણીએ, જેમ પાંચને પાંચે ગુણતાં ૨૫ થાય; તે જઘન્ય અસંખ્યાતઅસંખ્યાતુ સાતમું થાય તે રૂપાદિકે યુક્ત કરતાં જ્યાં સુધી ઉત્કૃષ્ટ ન થાય, ત્યાં સુધી મધ્યમ અસંખ્યાતઅસંખ્યાતુ આઠમું કહીએ ॥ ૮૦ ॥

રૂવૂણમાઇમં ગુરૂ, તિવગ્ગિઉં તત્થિમે દસક્ખેવે;
લોગાગાસપએસા, ધમ્માડધમ્મેગજિઅદેસા ॥ ૮૧ ॥

રૂવૂણં—એક રૂપહીન
આઇમં—પહેલું
ગુરૂ—ઉત્કૃષ્ટ
તિવગ્ગિઉં—ત્રણવેળા વર્ગ કરીને
તત્થિમે—તેમા આ
દસ—દશ (વસ્તુ)
ખેવે—નાખીએ
લોગાગાસ—લોકાકાશના
પએસા—પ્રદેશ
ધમ્મા—ધર્માસ્તિકાયના,
અધમ્મ—અધર્માસ્તિકાયના,
એગજિઅ—એક જીવના
દેસા—પ્રદેશો

---

[1] અનુયોગદ્વાર સૂત્રમા કહેલુ છે.

અર્થ—તે (જઘન્ય અસંખ્યાતાસંખ્યાતુ)એકરૂપ હીન કરતાં પહેલાનું ઉત્કૃષ્ટ (યુક્ત અસંખ્યાતુ) થાય. તેને ત્રણ વખત વર્ગ કરીને તેમાં આ દશ વસ્તુ નાખીએ. લોકાકાશના પ્રદેશો, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને એક જીવના પ્રદેશ; ૮૧

વિવેચન—જઘન્ય અસંખ્યાતઅસંખ્યાતુ એકરૂપે ઉણું કરીએ ત્યારે પાછલું છઠ્ઠું ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાતુ થાય. હવે તે જઘન્ય અસંખ્યાતઅસંખ્યાતુ ત્રણવાર વર્ગીએ તદ્ગુણો વર્ગ એ રીતે ત્રણવાર વર્ગ કરીને તે રાશીમાંહે આ દશ ક્ષેપક ભેળવીએ. તે દશના નામ કહે છે. ૧ લોકાકાશના પ્રદેશ, ૨ ધર્માસ્તિકાયના પ્રદેશ, ૩ અધર્માસ્તિકાયના પ્રદેશ, ૪ એક જીવના પ્રદેશ. ॥ ૮૧ ॥

ઠિઇબંધજ્ઝવસાયા, અણુભાગા જોગછેઅપલિભાગા;
દુણ્હ ય સમાણ સમયા, પત્તેઅ નિગોઅએ ખિવસુ ૮૨

ઠિઇબંધ—સ્થિતિબંધનાં
અજ્ઝવસાયા—અધ્યવસાય (સ્થાનક
અણુભાગા—અનુભાગ બંધના સ્થાનો
જોગ—યોગ (મન, વચન, કાયાની શક્તિ) ના
છેઅપલિભાગા—છેદપલિભાગ (નિર્વિભાજ્ય ભાગ)
દુણ્હ—બેના
સમાણ—કાળ (ઉત્સર્પિણિ, અવસર્પિણી) ના
સમયા—સમયો
પત્તેઅ—પ્રત્યેક શરીરવાળા જીવો
નિગોઅએ—નિગોદો (સૂક્ષ્મ બાદર અનંતકાયના શરીરો)
ખિવસુ—નાંખો—ક્ષેપવો.

અર્થ:—સ્થિતિ બંધના અધ્યવસાયસ્થાનો, અનુભાગ (રસ) બંધના અધ્યવસાયસ્થાનો, યોગના નિર્વિભાજ્ય ભાગો, ઉત્સાર્પિણી અવસાર્પિણીના સમયો, પ્રત્યેક શરીરવાળા જીવો અને નિગોદો (એ દશ) નાંખીએ. ૮૨

વિવેચન—૫ સ્થિતિ બંધના અધ્યવસાયસ્થાનો, ૬ અનુભાગ બંધના અધ્યવસાય સ્થાનો, ૭ યોગ તે મન, વચન, કાયાનું વીર્ય તેના છેદ પ્રતિભાગ તે સૂક્ષ્મ નિર્વિભાજ્ય ભાગ, ૮ ઉત્સાર્પિણી અવસર્પિણી એ બે કાળના સમય, ૯ પ્રત્યેક જીવના શરીર અને ૧૦ નિગોદ—સાધારણ વનસ્પતિકાયના શરીર; એ દશ ભેળવીએ અને પછી. ॥ ૮૨ ॥

પુણ તંમિ તિવગ્ગિઅએ, પરિત્તણંતલહુ તસ્સ રાસીણં;
અબ્ભાસે લહુજુત્તા,—ણંતં અભવ્વજિઅમાણં ॥૮૩॥

પુણ તંમિ—વળી તે રાશીને	રાસીણં અબ્ભાસે—રાશીનો અભ્યાસ કરતાં
તિવગ્ગિઅએ—ત્રણ વખત વર્ગ કરતાં	લહુ—લઘુ, જઘન્ય
પરિત્તણંતલહુ—જઘન્ય પ્રત્યેકાનંતુ	જુત્તાઅણંત—યુક્તાનંતુ
	અભવ્વ—અભવ્ય
તસ્સ—તે	જિઅમાણં—જીવનું માન

અર્થ:—ફરી વળી તે (રાશી) ને ત્રણ વખત વર્ગ કરતાં જઘન્ય પરિત્ત અનંતુ થાય. તેની રાશીનો અભ્યાસ કરતાં જઘન્ય યુક્ત અનંતુ થાય. તે અભવ્યજીવનું પરિમાણ જાણવું. ૮૩

વિવેચન—વળી તે રાશી ત્રણવાર વર્ગીએ ત્યારે તે પહેલુ જઘન્ય પરિત્ત અનંતુ થાય. તેમાંથી એક ઓછો કરીએ ત્યારે ઉત્કૃષ્ટ અસંખ્યાતઅસંખ્યાતુ થાય. તે જઘન્ય પરિત્ત અનંતાની રાશીનો અભ્યાસ પૂર્વે જે રીતે કરવા કહ્યોછે તેમ કરીએ ત્યારે ચોથું જઘન્ય યુક્ત અનંતુ થાય; એ અભવ્ય જીવનું માન જાણવું. અર્થાત્ અભવ્ય જીવ એટલા છે. ૮૩

તવ્વગ્ગે પુણ જાયઇ, ણંતાણંત લહુ તં ચ તિખ્ખુત્તો;
વગ્ગસુ તહવિ ન તં હોઇ, ણંતખેવે ખિવસુ છ ઇમે ૮૪

તવ્વગ્ગે-તેનો વર્ગ કરતાં	તહવિ-તોપણ
પુણ-વળી	ન તં હોઇ-ન તે (ઉત્કૃષ્ટ અનંતાનંતું) હોય
જાયઇ-થાય	ણંત-અનંતાં
ણંતાણંતલહુ-જઘન્ય અનંતાનંતુ	ખેવે-ક્ષેપવવાનાં
તંચ-તને વળી	ખિવસુ-મેળવો
તિખ્ખુત્તો-ત્રણવાર	છઇમે-આ (કહીશું તે) છ
વગ્ગસુ-વર્ગીએ	

અર્થ—તે (જઘન્ય યુક્તાનંત) નો વળી વર્ગ કરતાં જઘન્ય અનંતાનંતુ થાય. તેને વળી ત્રણ વખત વર્ગ કરીએ તોપણ તે (ઉત્કૃષ્ટ અનંતાનંતુ) ન થાય. તેમાં કહીશું તે છ અનંતા ક્ષેપવવાનાં ક્ષેપવો. ૮૪

વિવેચન—તે જઘન્ય યુક્ત અનંતાનો વર્ગ કર્યેથકે વળી સાતમું જઘન્ય અનંતાનંતુ થાય. તે જઘન્ય અનંતાનં-

તની રાશીને ત્રણવાર વર્ગીએ તોપણ ઉત્કૃષ્ટુ અનંતાનંતુ ન થાય. ત્યારે તેમાં છ અનંતા ક્ષેપક ભેળવીએ, તે કહે છે. ॥૮૪॥

સિદ્ધા નિગોઅજીવા, વણસ્સઇ કાલ પુગ્ગલા ચેવ,
સવ્વમલોગનહં પુણ, તિવગ્ગિઉં કેવલદુગંમિ ॥ ૮૫ ॥

સિદ્ધા-સિદ્ધના જીવો	અલોગનહં-અલોકાકાશ
નિગોઅજીવા-નિગોદના જીવો	પુણ-વળી
વણસ્સઇ-વનસ્પતિકાય જીવો	તિવગ્ગિઉ-ત્રણ વખત વર્ગ કરીને
કાલ-ત્રણેકાળ (ના સમય)	કેવલદુગંમિ-કેવળદ્વિકના પર્યાય
પુગ્ગલા-સર્વ પુદ્ગલપરમાણુ	
સવ્વં-સર્વ	

અર્થ—સિદ્ધો, નિગોદ જીવો, વનસ્પતિ જીવો, કાળ (અતીત, અનાગત અને વર્તમાન) ના સમયો, પુદ્ગલ પરમાણુઓ, સર્વ અલોકાકાશના પ્રદેશો (એ નાંખીને) વળી ત્રણ વાર વર્ગ કરીને કેવળજ્ઞાન અને કેવળદર્શનના પર્યાયો; ૮૫

વિવેચન—૧ સિદ્ધના જીવ ૨, નિગોદિયા જીવ, ૩ વનસ્પતિ કાયના જીવ, ૪ સર્વ અતીત અનાગત કાળના સમય, ૫ સર્વ પુદ્ગળ પરમાણું નિશ્ચે વળી ૬ સર્વ અલોકાકાશના પ્રદેશ; એ છ ભેળવીને વળી ત્રણવાર વર્ગીએ, ત્યાર પછી કેવળજ્ઞાન અને કેવળદર્શનના પર્યાય ભેળવીએ; જ્ઞેય પર્યાય અનંતા માટે જ્ઞાનના પર્યાય અનંતા છે, છ અનંતા કહ્યાં તે થકી પણ તે અનંતગુણા છે. ॥ ૮૫ ॥

ખિત્તેડણંતાણંતં, હવેઇ જિટ્ઠં તુ વવહરઇ મજ્ઝં;
ઇઅ સુહુમત્થવિઆરો, લિહિઓ દેવિંદસૂરીહિં ॥૮૬॥

ખિત્તે-ક્ષેપવે થકે	ઇય-એ પ્રકારે
ણંતાણંતં-અનંતાનંતુ	સુહમત્થ-સૂક્ષ્મ અર્થનો
હવઇ-હોય	વિઆરો-વિચાર
જિટ્ઠં-ઉત્કૃષ્ટું	લિહિઓ-લખ્યો
વવહરઇ-વ્યવહારમાં આવે	દેવિંદસૂરીહિં-શ્રીદેવેન્દ્ર
મજ્ઝં-મધ્યમ અનંતું	સૂરિએ

અર્થ—ક્ષેપવે છતે ઉત્કૃષ્ટ અનંતાનંતુ થાય. પણ મધ્યમ અનંતાનંત વ્યવહારમાં આવે. એ પ્રકારે સૂક્ષ્મ અર્થનો વિચાર દેવેંદ્રસૂરિએ લખ્યો. ૮૬

વિવેચન—તે ભેળવ્યે થકે ઉત્કૃષ્ટ અનંતાનંતુ નવમું થાય; એ થકી અધિક વસ્તુ લોકાલોક માંહે કોઈ નથી તે માટે. પણ મધ્યમ અનંતાનંતુ જ વ્યવહારમાં પ્રવર્તે છે. લોકાલોક માંહે જેટલા પદાર્થ છે તે સર્વ મધ્યમ અનંતાનંતેજ છે. ઉત્કૃષ્ટુ અનંતાનંતુ કહ્યું પણ નિષ્પ્રયોજન છે, તે માટે જ સિદ્ધાંતે ના કહી. એ સૂક્ષ્મ અર્થનો વિચાર તપાગચ્છાધિરાજ શ્રી દેવેન્દ્રસૂરિએ લખ્યો અર્થાત્ પૂર્વગ્રંથને અનુસારે પુસ્તક ન્યાસ કર્યો.

એ ષડશીતિ નામે ચોથો કર્મગ્રંથ સંપૂર્ણ થયો, તે ૮૬ ગાથાનો છે તે માટે ષડશીતિક એવે નામે જાણવો. ॥૮૬॥

श्रीमत्कर्मग्रंथे, स्तबकार्थो वृत्तितः सुगमरीत्या;
बुधजीवविजयविहितः, षडशीतिकनामकस्य पूर्त्तिमगात् ॥१॥

ઇતિ ષડશીતિકાખ્યશ્ચતુર્થઃ કર્મગ્રંથઃ સંપૂર્ણઃ

अथ शाश्वताशाश्वतजिनस्तवनम्

नित्ये श्रीभुवनाधिवासभुवनव्राते मणिद्योतिते, कोट्यः सप्तजिनौकसां द्विकयुता लक्षास्तथा सप्ततिः । प्रत्येकं भुवनादिषु प्रतिगृहं स्तूपत्रयं शाश्वतं, तत्र श्रीऋषभादयो जिनवराः कुर्वन्तु वो मङ्गलम् ॥ १ ॥ रम्ये व्यन्तरभौमसत्कनगरव्यूहे सुरत्नोज्ज्वले, श्रीसिद्धायतनानि सन्ति गणनातीतानि नित्यानि च । तेभ्यः संख्यगुणानि चैत्यभवनान्यन्तः सदा ज्योतिषां, तत्र० ॥ २ ॥ सौधर्मादिविमानराजिषु तथा ग्रैवेयकानुत्तरे, स्वर्गेष्वस्ति सहस्र-सप्तनवतिः शुद्धा त्रयोविंशतिः । चैत्यानामभितश्चतुर्भिरधिका-शीतिश्च लक्षाः सदा, तत्र० ॥ ३ ॥ वैताढ्येषु शतं च सप्ततियुतं नित्यं तथा विंशतिः, चैत्यानां गजदन्तकेषु नवतिः कुर्वद्रिपेषु स्थिता । त्रिंशद्वर्षधरेषु मेरुषु तथाऽशीतिश्च पञ्चाधिका, तत्र० ॥ ४ ॥ प्रत्येकं रुचकेषु मानुषनगे चत्वारि सत्कुण्डले, चत्वार्या-यतनानि सन्ति सततं सर्वेषुकाराद्रिषु । वक्षस्कारगिरिष्वशीति-रनघा नंदीश्वरे विंशतिः, तत्र० ॥ ५ ॥ ख्यातोऽष्टापदपर्वतो गजपदः सम्मेतशैलाभिधः, श्रीमान् रैवतकः प्रसिद्धमहिमा शत्रु-ञ्जयो मण्डपः । वैभारः कनकाचलोर्बुदगिरिश्रीचित्रकूटादयः, तत्र० ॥ ६ ॥ वैताढ्ये रथनूपुरादिनगरीस्तोमो विदेहेष्वपि, क्षे-मादिर्नगरीव्रजोऽस्ति भरतेऽयोध्या तथैरावते । सौर्यं कुण्डपुरी-पुरं गजपुरं चंपा च वाराणसी, तत्र० ॥ ७ ॥ अस्त्यानन्दपुरं फलवर्द्धिनगरी श्रीसत्यनाम्ना पुरं, नाशिक्यं भृगुकच्छमङ्गदपुरं सोपारकं विश्रुतम् । मोढेरं मथुराऽणहिल्लनगरं श्रीस्तम्भनं पाव-नम्, तत्र० ॥ ८ ॥ देवाः श्रीऋषभादयो प्रभृतयः श्रीपुण्डरी-

कादयः, श्रीमन्तो भरतेश्वरप्रभृतयः श्रीबाहुबल्यादयः । श्री सद्रामयुधिष्ठिरप्रभृतयः प्रद्युम्नशाम्बादयः, श्रीमद्गौतममुख्य-साधुयतयः कुर्वन्तु वो मङ्गलम् ॥ ९ ॥ यस्मात्तीर्थमिदं प्रवृत्ति-मगमत् स श्रीसुधर्मागुरु–र्धन्यो धन्यमुनिः सुकोशलमुनिः श्री शालिभद्राभिधः मेतार्योऽथदृढप्रहार सुयतिर्मेघो दशार्णाभिधः, श्रीमन्तः करकण्डुमुख्ययतयः कुर्वन्तु वो मङ्गलम् ॥ १० ॥ श्रीजम्बूप्रभवः प्रभुर्गतभवः शय्यम्भवः श्रीयशो–भद्राख्यश्रुतकेवली च चरमः श्रीभद्रबाहुर्गुरुः । शीलस्वर्णकषोपलः सविमलः श्री स्थूलभद्रप्रभुः, सर्वेऽप्यार्यमहागिरिप्रभृतयः कुर्वन्तु वो मङ्गलम् ॥ ११ ॥ श्यामाचार्य समुद्रमङ्गुसमिताः श्रीभद्रगुप्तादयः, श्रीमान् सिंहगिरिस्तथा धनगिरिस्वामी च वज्राभिधः । श्रीवैरो मुनिरार्य-रक्षितगुरुः पुष्पो गुरुस्कंदिलः, श्रीदेवर्द्धिपुरस्सराः श्रुतधराः कुर्वन्तु वो मङ्गलम् ॥ १२ ॥ ब्राह्मी चन्दनबालिका भगवती राजीमती द्रौपदी, कोशल्या च मृगावती च सुलसा सीता सुभद्रा शिवा । कुन्ती शीलवती नलस्य दयिता चूला प्रभावत्यथो, पद्मावत्यपि सुन्दरी दिनमुखे कुर्वन्तु वो मङ्गलम् ॥ १३ ॥ तीतानागतवर्त्तमानविषयास्सर्वेऽपि तीर्थंकराः, सिद्धाः सूरिवराश्च वाचकवराः सर्वेऽपि सत्साधवः । धर्म्मश्रीजिनपुङ्गवैर्निगदितो ज्ञानादिरत्नत्रयं, श्रीमन्तो जिनसिद्धसाध्वतिशयाः कुर्वन्तु वो मङ्गलम् ॥ १४ ॥ शाश्वता शाश्वतान्येवं, तीर्थानि पुरुषोत्तमाः । भव्येभ्यो मङ्गलं दद्युः, स्तुताः श्रीधर्मसूरिभिः ॥ १५ ॥

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૩	૨૨	હિ્કુતા	હિકું'તા
૨૦	૨૩	પ્રતિપાતિ	અપ્રતિપાતિ
૬૩	૧૩	તગં	તિગં
૮૮	૩	જીણઇ૦	જીણાઇ૦
૯૦	૨	ગુણઠાણસુ	ગુણઠાણેસુ
૯૦	૧૮	તર	તર-
૯૧	૧૦	લબ્ધત્રાત્મ૦	લબ્ધાત્મ૦
૧૧૭	૧૪	માયાનીય	માયા,
૧૨૨	૧૯	અચરિમિ	ચારિમિ
૧૪૦	૨૨	૮	૦
૧૪૦	૨૪	૮	૦
૧૫૫	૨	૧	૨૧
૧૬૩	૬	૩૧	૨૨
૧૭૬	૯	દેવમણ	દેવમણુ
૧૭૭	૧૭	બં ય	બંધાય
૧૯૮	૧૨	મૂલ	મૂલ
૨૦૮	૧૩	પૂર્વકોડી	દેશઉણીપૂર્વકોડિ
૨૨૦	૭	કાાયે	કષાયે
૨૩૩	૪	લખ્ખણ૦	લખ્ખણુ૦